# ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના
# જનરલ ફંડના હિસાબોનો
# સને ૨૦૦૬–૨૦૦૭ ના વર્ષનો
# અન્વેષણ અહેવાલ....

પ્રતિ,
રજીસ્ટ્રાર
~~કુલસચિવ~~ શ્રી
ગુજરાત યુનિવર્સિટી
નવરંગપુરા
અમદાવાદ.

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના જનરલ ફંડના સને ૨૦૦૬-૦૭ ના અન્વેષણ અહેવાલની અનુક્રમણિકા.....


| ક્રમ નંબર | ફકરા નંબર | ફકરાની વિગત | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૧ | હોદ્દેદારોની માહિતી. | ૧ |
| ૨ | ૨ | વિભાગ-૨ પૂર્વ અન્વેષણ. | ૨ |
| ૩ | ૩ | ખાદ્યવાળું અંદાજપત્ર બનાવવા તેમજ અંદાજપત્રિય અનિયમિતતા બાબત. પરિશિષ્ટ-૧(૧) તથા ૧(૨) | ૭ |
| ૪ | ૪ | નાણાંકીય સ્થિતિ બાબત. | ૧૩ |
| ૫ | ૫ | વાર્ષિક હિસાબોની વિગતમાં હિસાબોની અનિયમિતતા. પરિશિષ્ટ-૨(૧) તથા ૨(૨) | ૧૭ |
| ૬ | ૬ | વાર્ષિક હિસાબમાં "પરિશિષ્ટ-એ બીજા ફંડોમાં" માં દર્શાવેલ ફંડની આવક-ખર્ચના હિસાબો રજૂ કરવા અંગે તથા તફાવત બાબતે સ્પષ્ટતા થવા અંગે. | ૨૬ |
| ૭ | ૭ | વાર્ષિક હિસાબ અને ગ્રાંટ રજીસ્ટરમાં દર્શાવેલ રકમમાં આવતો આવક-ખર્ચનો તફાવત દૂર કરવા બાબત. પરિશિષ્ટ-૩(૧)(૨)(૩)(૪) | ૨૯ |
| ૮ | ૮ | ઘસારાફંડનું રોકાણ કરવા અંગેની જોગવાઈ બાબત. પરિશિષ્ટ-૪ | ૩૫ |
| ૯ | ૯ | એજ્યુકેશન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડનો આવક-ખર્ચનો હિસાબ મળવા બાબતે તથા હવાલા નોંધ બાબતે. | ૩૮ |
| ૧૦ | ૧૦ | સસ્પે.એકા.ની રકમો લાંબા સમયથી સરભર નહીં કરવા બાબત તથા ખોટા સદરે આવક-ખર્ચના હવાલા પાડવા બાબત. | ૪૧ |

| ક્રમ નંબર | ફકરા નંબર | ફકરાની વિગત | પાના નંબર |
|---|---|---|---|
| ૧૧ | ૧૧ | ચોરી, આગ, લૂંટફાટ, છળકપટ તથા ઉચાપત વગેરે બનાવોની માહિતી આપવા બાબત. | ૪૩ |
| ૧૨ | ૧૨ | એમ.ફીલ/ પી.એચ.ડી.ની પદવી ધરાવનારને આપેલ અગ્રીમ ઈજાફા રદ કરી નવેસરથી પગારબાંધણી કરવા અંગે. | ૪૪ |
| ૧૩ | ૧૩ | પી.એસ.ટુ વી.સી. શ્રી એમ.ડી.માંકડને પરીક્ષા નિયામક તરીકેનો ચાર્જ સોંપવા અંગે. | ૪૭ |
| ૧૪ | ૧૪ | મંજુર મહેકમ સિવાય હંગામી કર્મચારી/ રીટાયર્ડ કર્મચારીની નિમણુંકનો આર્થિક બોજો તથા ઓવર ટાઈમ પરીક્ષા ભથ્થાના આર્થિક બોજાની સમીક્ષા થવા અંગે. પરિશિષ્ટ–૫ | ૪૯ |
| ૧૫ | ૧૫ | યુનિવર્સિટીની મંજૂર થયેલ જગ્યા– ખાલી જગ્યા અને વધુ ભરેલ જગ્યાની માહિતી બાબત. પરિશિષ્ટ–૬ | ૫૫ |
| ૧૬ | ૧૬ | નિવૃત કર્મચારીઓને પુનઃ નિમણુંક આપવા અંગેનું રેકર્ડ રજૂ થવા બાબત. | ૬૬ |
| ૧૭ | ૧૭ | અંદાજપત્રની કામગીરી માટે માનદ્ પુરસ્કાર ચૂકવવા અંગે વા.નં.૮૧૬/૫–૫–૦૬ રૂા. ૯,૦૦૦/– | ૬૮ |
| ૧૮ | ૧૮ | અલગ અલગ કારણ દર્શાવી પગાર ભથ્થા ઉપરાંતની ચૂકવણી કરવા બાબતની અનિયમિતતા બાબત. પરિશિષ્ટ–૭(૧થી૪) | ૭૦ |
| ૧૯ | ૧૯ | લોકલ ફંડ ઓડીટ સિવાય અન્ય સંસ્થા દ્વારા થયેલ ઓડીટ તથા ઈન્ટરનલ ઓડીટના રિપોર્ટ રજૂ થવા અંગે. | ૮૦ |
| ૨૦ | ૨૦ | વિવિધ હિસાબી રજીસ્ટરોની અનિયમિતતા તેમજ | ૮૨ |

| | | | |
|---|---|---|---|
| | | એડવાન્સની બાકી સિલકની એડવાન્સ રજીસ્ટર અને લેજર મુજબ તફાવતનું મેળવણું નહીં થવા બાબત.... પરિશિષ્ટ–૮ | |
| ૨૧ | ૨૧ | હિસાબો નિભાવવામાં જણાતી અનિયમિતતા બાબત. | ૮૯ |
| ૨૨ | ૨૨ | E.C. દ્વારા નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને સોંપવા બાબત તથા E.C.ની સભામાં વારંવાર/ હંમેશ ગેરહાજર રહેનાર સભ્યોની ગેરહાજરી બાબત. | ૯૦ |
| ૨૩ | ૨૩ | કોલેજ અને યુનિવર્સિટીની ફીકસ ડીપોઝીટની રકમ કાચી મુદૃતે વટાવતા જણાયેલ નુકશાન બાબતે. પરિશિષ્ટ–૯ (૧ થી ૪) | ૯૨ |
| ૨૪ | ૨૪ | હિસાબોમાં ભૂલ સુધારણાના હવાલાઓથી જણાતી હિસાબોની વિસંગતતા બાબત. | ૧૧૨ |
| ૨૫ | ૨૫ | ઘણાં લાંબા સમયની એડવાન્સની રકમ સરભર થયા વગરની આગળ ખેંચવા બાબતની અનિયમિતતા. કોડ નંબરઃ ૯૩૦૧૦૦૧ તથા ૯૩૫૧૦૫૯ પરિશિષ્ટ–૧૧ | ૧૧૫ |
| ૨૬ | ૨૬ | ટાઈમબાર ચેકો બાબત. | ૧૧૭ |
| ૨૭ | ૨૭ | ચૂકવણું કરવા માટે પાકતી મુદૃત પહેલાં ફીકસ ડીપોઝીટ વટાવી જે તે હેતુ માટે ખર્ચ નહીં થવા બાબત. | ૧૨૧ |
| ૨૮ | ૨૮ | ડીપોઝીટ રજીસ્ટર નિભાવવામાં જણાયેલ અનિયમિતતા. | ૧૨૪ |
| ૨૯ | ૨૯ | સંસ્થામાં ડીપોઝીટ કરાવવામાં આવતી રકમની અસલ પહોંચ મેળવ્યા વગર તે રકમ પરત કરવા બાબત. (પરિશિષ્ટ–૧૨) | ૧૨૮ |
| ૩૦ | ૩૦ | કોરી પહોંચબુકોનું સ્ટોક રજીસ્ટર નહીં રાખવા બાબત. | ~~[illegible]~~ 129 |
| ૩૧ | ૩૧ | કેશ કાઉન્ટર, હિસાબી પ્રકાશન કાઉન્ટર, એમ.ઓ.કલેકશનની બાકી પહોંચ રજૂ કરવા બાબત. પરિશિષ્ટ–૧૩ (૧ થી ૨) | ૧૩૩ |
| ૩૨ | ૩૨ | લખેલી પહોંચ રદ કરવા બાબત. | ૧૩૭ |

| | | | |
|---|---|---|---|
| ૩૩ | ૩૩ | આવકની પહોંચોમાં જણાયેલી અનિયમિતતા બાબતે. | ૧૩૯ |
| ૩૪ | ૩૪ | સંસ્થાના ગ્રંથાલય વિભાગના કર્મચારીઓને ઓવરટાઈમ ભથ્થાની અનિયમિત ચૂકવણી કરવા બાબત(વન ડે સેલેરી) કોડ નં. ૨૧૨૨૦૦૫ (પરિશિષ્ટ–૧૪) | ૧૪૨ |
| ૩૫ | ૩૫ | સ્કૂલ ઓફ સાયન્સ વિભાગોની અનિયમિતતા. | ૧૪૫ |
| ૩૬ | ૩૬ | યુનિવર્સિટીના જુદા જુદા ભવનોની પેટીકેશ તથા ખર્ચના વાઉચરોની ચકાસણી કરતાં જણાયેલ પરચુરણ અનિયમિતતા. | ૧૪૯ |
| ૩૭ | ૩૭ | પ્રકાશન વિભાગ દ્વારા બિનજરૂરી વધુ પ્રમાણમાં ફોર્મ્સ તથા પુસ્તકો સ્ટોકમાં રાખી નાણાંનું રોકાણ કરી રાખવા બાબત. પરિશિષ્ટ–૧૫(૧ થી ૨) | ૧૫૨ |
| ૩૮ | ૩૮ | કાગળ સ્ટોક રજીસ્ટરની અનિયમિતતા બાબત. | ૧૫૮ |
| ૩૯ | ૩૯ | પ્રશ્નપત્રનો છપામણી ખર્ચ નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંત વિરૂધ્ધનો તથા યુનિવર્સિટી પ્રેસની આવકના પ્રમકાણમાં ખર્ચ વધુ હોવા બાબતે. | ૧૫૯ |
| ૪૦ | ૪૦ | ઉતરવહી અને પુરવણીની વહેંચણી તથા પરત જમા થયેલ સ્ટોકના હિસાબોમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૧૬૩ |
| ૪૧ | ૪૧ | રાજ્ય સરકારના માહીતી ખાતા મારફત જાહેરાત નહીં આપવા અંગે | ૧૬૬ |
| ૪૨ | ૪૨ | કાનુની ખર્ચ કરવા બાબત તેમ જ તે અંગેનું રેકર્ડ રજુ કરવા અંગે | ૧૬૮ |
| ૪૩ | ૪૩ | વા.નં.૬૬૦૪/૭–૩–૨૦૦૭ રૂા. ૨૫૦૦૦/– લીગલ ચાર્જ અંગેની અનિયમિતતા | ૧૭૦ |
| ૪૪ | ૪૪ | લીગલ ચાર્જીસના ચુકવણામાં જણાયેલ અનિયમિતતા અંગે | ૧૭૨ |
| ૪૫ | ૪૫ | યુનિવર્સિટી સ્પોર્ટસ ફીની આવક તથા ખર્ચ અંગેના હિસાબો બાબત | ૧૭૪ |

| | | | |
|---|---|---|---|
| ૪૬ | ૪૬ | યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમને માટે ફી પેટે મળેલી આવક અને તેના ખર્ચ પેટે જણાયેલ અનિયમિતતા અંગે | ૧૭૬ |
| ૪૭ | ૪૭ | એન્ડોવમેન્ટ ફંડના ફીકસ ડીપોઝીટ રજીસ્ટરની અનિયમિતતા અંગે. પરિશિષ્ટ–૧૭ | ૧૭૮ |
| ૪૮ | ૪૮ | એન્ડોવમેન્ટ ફંડની રકમો લાંબા સમયથી વણવપરાયેલ બતાવવા બાબત. પરિશિષ્ટ–૧૮ | ૧૮૪ |
| ૪૯ | ૪૯ | પરીક્ષા દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતી ટેક્ષી જેવા વાહનોના ચુકવણામાં જણાયેલ અનિયમિતતા | ૧૮૫ |
| ૫૦ | ૫૦ | પરીક્ષાની આવક મર્યાદા કરતાં પરીક્ષા ખર્ચ વધુ થવા બાબત. | ૧૮૧ |
| ૫૧ | ૫૧ | ગુણ ચકાસણી અને પુનઃ મૂલ્યાંકન ફીની આવકમાં મળેલ અરજીઓના સંદર્ભે તફાવત તથા પરિણામો અને ગુણ સુધારતા કરવાની વસુલાત બાબત. | ૧૮૩ |
| ૫૨ | ૫૨ | ઉત્તરવહીઓની ગુણ ચકાસણી અને પુનઃ મૂલ્યાંકનમાં ધ્યાને આવેલ ભૂલો માટે દંડનીય રકમ વસુલ કરવા બાબત. | ૧૮૫ |
| ૫૩ | ૫૩ | કુલપતિશ્રીના નિવાસસ્થાને એલ.સી.ડી ટી.વી. ખરીદી અંગેની અનિયમિતતા અંગે | ૧૮૭ |
| ૫૪ | ૫૪ | ટેક્ષીકાર ઈજારદારના ચૂકવાયેલ એડવાન્સના હિસાબોમાં જણાયેલ અનિયમિતતા બાબત. પરિશિષ્ટ–૨૦ | ૧૮૮ |
| ૫૫ | ૫૫ | ઈજારદાર પાસેથી નિયમોનુસાર ડીપોઝીટ જમા નહીં લેવા અંગે તથા નિયમ કરતાં ઓછી રકમના સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરવા અંગે. પરિશિષ્ટ–૨૧ | ૨૦૫ |
| ૫૬ | ૫૬ | સાફ સફાઈ અંગેનો કોન્ટ્રાકટ આપવામાં તેમ જ સફાઈ ખર્ચના ચુકવણામાં જણાયેલ અનિયમિતતા બાબત | ૨૦૭ |
| ૫૭ | ૫૭ | ખાનગી સીકયુરીટીનો ખર્ચ મંજુર કરવા બાબતે તેમજ એસ્ટેટ વિભાગના જનરલ વર્ક રજીસ્ટરમાં દર્શાવેલ | ૨૧૧ |

| | | | |
|---|---|---|---|
| | | અનિયમિત ખર્ચ બાબતે. | |
| ૫૮ | ૫૮ | યુનિવર્સિટીની દુકાનો- મકાનો ભાડે આપવા અંગે તથા વાહનોની લોગબુક-હીસ્ટ્રીશીટ રજૂ થવા અંગે. | ૨૧૪ |
| ૫૯ | ૫૯ | ત્રણ ભાવપત્રક મેળવ્યા સિવાય કરવામાં આવેલ ખર્ચ-ખરીદીની અનિયમિતતા બાબત. પરિશિષ્ટ-૨૨ | ૨૧૬ |
| ૬૦ | ૬૦ | વિગતવાર ખર્ચના વાઉચર સાધનિક રેકર્ડ રજુ નહી થવા બાબત | ૨૨૨ |
| ૬૧ | ૬૧ | લાઈટબીલની ચૂકવણીમાં જણાયેલ અનિયમિતતા. | ૨૨૪ |
| ૬૨ | ૬૨ | વાઉચરમાં જણાયેલી અનિયમિતતા બાબતે. | ૨૨૬ |
| ૬૩ | ૬૩ | એસ્ટેટ વિભાગ તરફથી રૂબરૂમાં માંગવામાં આવેલ રેકર્ડ સમય મર્યાદામાં નહીં રજૂ થવા બાબત . | ૨૨૮ |
| ૬૪ | | પ્રમાણપત્રો. | ૨૩૪ |

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનો સને ૨૦૦૬-૦૭ ના વર્ષનો જનરલ ફંડનો

અન્વેષણ અહેવાલ....

---

નંબર: એલ/એ.એમ.ડી/ગુ.યુનિ/જનરલ ફંડ/૨૦૦૬-૦૭/

જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી,
સ્થાનિક ભંડોળ હિસાબ,
છઠ્ઠો માળ, જિલ્લા પંચાયત બિલ્ડીંગ,
લાલદરવાજા, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
તારીખ: - -૨૦૧૧.

**પ્રેષક:**

નિરીક્ષકશ્રી,
સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ,
"વિમા અનેલેખા ભવન"
સેકટર-૧૦-બી, ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

પ્રતિ,
કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
જિ. અમદાવાદ.

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના જનરલ ફંડના હિસાબોનું સને ૨૦૦૬-૦૭ ના વર્ષનું અન્વેષણ નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ દ્વારા ગુજરાત યુનિવર્સિટી એકટ-૧૯૪૯ ના નિયમ-(૪૯) અન્વયે તા.૧૩-૯-૧૦ થી ૨૮-૨-૧૧ દરમ્યાન હાથ ધરી પૂર્ણ કરેલ હતું.

અન્વેષણ વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના મુખ્ય હોદ્દેદારો નીચે પ્રમાણે હતા.

| અ.નં. | હોદ્દેદાર | હોદ્દેદારનું નામહોદ્દો | સમયગાળો. |
|---|---|---|---|
| ૧ | ઈ.ચા.કુલપતિશ્રી | ડો.પી.એમ.ત્રિવેદી | તા.૧૫-૨-૦૬ થી ૨૬-૬-૦૬ |
| ૨ | કુલપતિશ્રી | ડો.પી.એમ.ત્રિવેદી | તા.૨૭-૬-૦૬ થી |
| ૩ | કુલસચિવશ્રી | શ્રી એ.વી.ભંડારી | તા.૩૧-૧-૨૦૦૭ થી |

ફકરા નંબરઃ ૨ પૂર્વ અન્વેષણ– બાકી ફકરાઓની વિગત.

---

અગાઉના વર્ષોના અન્વેષણના પૂર્તતા બાકી રહેલ ફકરાઓની વર્ષવાર માહિતી દર્શાવતું પત્રક...

| અ. નં. | ઓડીટ વર્ષ | વર્ષની શરૂઆતના બાકી ફકરા. | ચાલુ ઓડીટ દરમ્યાન નિકાલ કરેલ ફકરા. | વર્ષના અંતે બાકી ફકરા. | ફકરા નંબર |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | ૧૯૬૮–૬૯ | ૩ | --- | ૩ | ૪(અ) થી ૭(૨) ૧૮ |
| ૨ | ૧૯૬૯–૭૦ | ૩ | --- | ૩ | ૧૪,૨૯(૨),૩૨ |
| ૩ | ૧૯૭૦–૭૧ | ૯ | --- | ૯ | ૪થી ૮, ૧૩,૧૮,૨૧, ૨૨(૩) |
| ૪ | ૧૯૭૧–૭૨ | ૫ | --- | ૫ | ૨૦,૨૬,૩૪,૩૮(૧) (૨)(૩), ૪૩. |
| ૫ | ૧૯૭૨–૭૩ | ૪ | --- | ૪ | ૪૧,૩૬,૩૭,૩૮. |
| ૬ | ૧૯૭૩–૭૪ | ૧૦ | --- | ૧૦ | ૪ એ.જી.એફ., ૬ એ.બી.સી., ૮બી, ૯થી ૧૫ |
| ૭ | ૧૯૭૪–૭૫ | ૩૪ | --- | ૩૪ | ૪થી૭, ૯,૧૦,૧૨ થી ૧૭,૧૯ થી ૨૯, ૩૧, ૩૩ થી ૪૦(૧),૪૧, ૪૩. |
| ૮ | ૧૯૭૫–૭૬ | ૩ | --- | ૩ | ૪,૫(૨), ૧૨ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
|---|---|---|---|---|---|
| ૯ | ૧૯૭૬-૭૭ | ૧૮ | ---- | ૧૮ | ૪,૫,૬,૧૦(૧),૧૨,૧૫, ૧૭, ૧૯, ૨૦,૨૩ થી ૨૯,૩૧,૩૩. |
| ૧૦ | ૧૯૭૭-૭૮ | ૨૧ | ---- | ૨૧ | ૩ થી ૬, ૭(અ)(બ)(ક),૮,૯, ૧૦ (અ) (બ),૧૧ થી ૧૬,૧૮, ૨૦, ૨૧, ૨૪,૨૫,૨૬,૨૮,૩૧, ૩૩. |
| ૧૧ | ૧૯૭૮-૭૯ | ૨૦ | ---- | ૨૦ | ૪થી ૭(૨), ૮ થી ૧૧, ૧૩ થી ૧૫(૧)(૨), ૧૭ થી ૨૧. ૨૫ થી ૨૮. |
| ૧૨ | ૧૯૭૯-૮૦ | ૨૪ | ---- | ૨૪ | ૪થી ૭(૨), ૮ થી ૧૧, ૧૩ થી ૧૫(૨)(૪), ૧૭(૨), ૧૮(૨) (૩), ૨૦(૧)(૨), ૨૧ થી ૨૩(૨), ૨૫ થી ૨૭(૬), ૨૮ થી ૩૧(એ). |
| ૧૩ | ૧૯૮૦-૮૧ | ૮ | ---- | ૮ | ૪,૭,૮,૧૦,૧૧,૧૩,૧૬,૧૭. |
| ૧૪ | ૧૯૮૧-૮૨ | ૨૫ | ---- | ૨૫ | ૪ થી ૮, ૧૦, ૧૧(૨), ૧૪ થી ૧૯,૨૪ થી ૨૭,૨૯,૩૦,૩૧, ૩૪, ૩૫, ૩૬,૩૭. |
| ૧૫ | ૧૯૮૨-૮૩ | ૧૭ | ---- | ૧૭ | ૧ થી ૧૭ |
| ૧૬ | ૧૯૮૩-૮૪ | ૩૦ | ---- | ૩૦ | ૪ થી ૧૦, ૧૩, ૧૫ થી ૨૫, ૨૭(૫), ૨૬,૩૦, ૩૨, ૩૪, ૩૬, ૩૭,૩૮,૩૯,૪૦,૪૧. |
| ૧૭ | ૧૯૮૪-૮૫ | ૩૩ | ---- | ૩૩ | ૫ થી ૮, ૧૧ થી ૧૪, ૧૬ થી ૨૭, ૩૦ થી ૩૩, ૩૫,૩૬,૩૯, ૪૦, ૪૨ થી ૪૬. |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
|---|---|---|---|---|---|
| ૧૮ | ૧૯૮૫–૮૬ | ૨૯ | ---- | ૨૯ | ૫(૧)(૩), ૬,૭,૧૦ થી ૧૨, ૧૬ થી ૨૪, ૨૭, ૨૯, ૩૦,૩૧,૩૩,૩૫, ૩૭,૩૮,૪૦,૪૧,૪૨,૪૮,૫૦,૫૧, ૫૨. |
| ૧૯ | ૧૯૮૬–૮૭ | ૩૨ | --- | ૩૨ | ૨,૬,૮,૯,૧૦,૧૩(બ),૧૪ થી ૧૮, ૨૨ થી ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬,૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૮, ૫૦, ૫૧, ૫૨. |
| ૨૦ | ૧૯૮૭–૮૮ | ૬૧ | --- | ૬૧ | ૧ થી ૬૧ |
| ૨૧ | ૧૯૮૮–૮૯ | ૫૬ | --- | ૫૬ | ૧ થી ૫૬ |
| ૨૨ | ૧૯૮૯–૯૦ | ૭૦ | --- | ૭૦ | ૧ થી ૭૦ |
| ૨૩ | ૧૯૯૦–૯૧ | ૮૦ | --- | ૮૦ | ૧ થી ૮૦ |
| ૨૪ | ૧૯૯૧–૯૨ | ૪૩ | --- | ૪૩ | ૧ થી ૪૩ |
| ૨૫ | ૧૯૯૨–૯૩ | ૭૦ | --- | ૭૦ | ૧ થી ૭૦ |
| ૨૬ | ૧૯૯૩–૯૪ | ૬૯ | ---- | ૬૯ | ૧ થી ૬૯ |
| ૨૭ | ૧૯૯૪–૯૫ | ૧૦૫ | --- | ૧૦૫ | ૧ થી ૧૦૫ |
| ૨૮ | ૧૯૯૫–૯૬ | ૭૮ | --- | ૭૮ | ૧ થી ૭૮ |
| ૨૯ | ૧૯૯૬–૯૭ | ૮૪ | --- | ૮૪ | ૧ થી ૮૪ |
| ૩૦ | ૧૯૯૭–૯૮ | ૮૩ | ---- | ૮૩ | ૧ થી ૮૩ |
| ૩૧ | ૧૯૯૮–૯૯ | ૯૨ | ---- | ૯૨ | ૧ થી ૯૨ |
| ૩૨ | ૧૯૯૯–૦૦ | ૧૦૩ | ---- | ૧૦૩ | ૧ થી ૧૦૩ |
| ૩૩ | ૨૦૦૦–૦૧ | ૧૦૧ | -- | ૧૦૧ | ૧ થી ૧૦૧ |
| ૩૪ | ૨૦૦૧–૦૨ | ૧૦૬ | ---- | ૧૦૬ | ૧ થી ૧૦૬ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
|---|---|---|---|---|---|
| ૩૫ | ૨૦૦૨–૦૩ | ૮૦ | ---- | ૮૦ | ૧ થી ૮૦ |
| ૩૬ | ૨૦૦૩–૦૪ | ૩૬ | ---- | ૩૬ | ૧ થી ૩૬ |
| ૩૭ | ૨૦૦૪–૦૫ | ૭૫ | ---- | ૭૫ | ૧ થી ૭૫ |
| ૩૮ | ૨૦૦૫–૦૬ | ૩૯ | ---- | ૩૯ | ૧ થી ૩૯ |
| | કુલ....... | ૧૭૫૯ | | ૧૭૫૯ | |

આમ ઉપરની વિગત જોતાં પાછળના ઓડીટ અહેવાલના ફકરાઓ કેટલા વર્ષ જુના અને કેટલા વખતના કેટલા ફકરા પડતર રહેવા પામેલ છે તેની વિગતો નીચે પ્રમાણે જોવા મળેલ છે.

(૧) ૨૦ વર્ષથી વધુ સમયના બાકી ફકરા... ૩૩૦
(૨) ૧૫ વર્ષથી વધુ સમયના બાકી ફકરા... ૩૧૦
(૩) ૧૦ વર્ષથી વધુ સમયના બાકી ફકરા... ૪૦૬
(૪) ૫ વર્ષથી વધુ સમયના બાકી ફકરા... ૬૭૪
(૫) છેલ્લા વર્ષના બાકી ફકરા... ૩૯

કુલ... ૧૭૫૯

આમ, ઉપરોકત વિગત જોતાં સ્પષ્ટ જણાય છે કે, સંસ્થા તરફથી બાકી ફકરાના નિકાલ માટે સદંતર ઉપેક્ષા સેવવામાં આવેલ છે. છેલ્લા પંદર વર્ષના અન્વેષણ અહેવાલ જોતાં આ અહેવાલનો પ્રથમ વખતે જે પૂર્તતા નિયત સમયમાં કરવી જોઈએ તે પણ થવા પામેલ નથી.

સને ૨૦૦૬–૦૭ ના વર્ષના ઓડીટ દરમ્યાન સંસ્થાએ ઓડીટ અહેવાલની પૂર્તતા રજુ કરી નિકાલ કરાવેલ નથી. તો જે તે વિભાગના વડાઓ મારફતે ઓડીટ

ફકરાની પૂર્તતા કરાવી એક ઘનિષ્ટ કાર્યક્રમ હાથ ધરી પાછળના વર્ષના ઓડીટ અહેવાલોના ફકરાઓની પૂર્તતા કરી આગામી ઓડીટમાં ખાત્રી કરાવવામાં આવે તેવો ઓડીટનો અનુરોધ છે.

વધુમાં ઓડીટનો મુખ્ય હેતુ નાણાંકીય બાબતોમાં નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી અને નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો ભંગ ન થાય તે બાબતે ધ્યાન દોરવામાં આવે છે. આ અગાઉના વર્ષોમાં જે ઓડીટ વાંધાઓ લેવામાં આવેલ હોય તેનું પુનરાવર્તન ન થાય તેની તકેદારી રાખવા અને તે મુજબ યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના વડાઓને માર્ગદર્શન તથા સુચનો પાઠવી ધ્યાનમાં લાવવાનો ઓડીટનો અનુરોધ છે. જેથી એકજ પ્રકારના ઓડીટ વાંધાઓનું દર વર્ષે પુનરાવર્તન ન થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવું ઓડીટનું ખાસ સુચન છે. અને તો જ ઓડીટનો હેતુ જળવાઈ રહેશે.

**ફકરા નંબર: ૩** ખાધવાળું અંદાજપત્ર બનાવવા તેમજ અંદાજપત્રિય અનિયમિતતા બાબત...

---

ગુજરાત યુનિવર્સિટી અધિનિયમની કલમ-૪૮(૪) મુજબ યુનિવર્સિટી એકઝીકયુટીવ કાઉન્સિલે આગામી નાણાંકીય વર્ષ માટેનું અંદાજપત્ર તૈયાર કરવાનું રહે છે અને કલમ-૧૮(૮) મુજબ ગુજરાત યુનિવર્સિટી કોર્ટે અંદાજપત્રને ધ્યાને લઈ ઠરાવ પસાર કરવાનો રહે છે. વર્ષ ૨૦૦૬-૦૭ ના અંદાજીત અને પુનઃનિર્મિત બજેટ તેમજ ખરેખર થયેલ ખર્ચ અને આવકની વર્ષ ૨૦૦૬-૦૭ વર્ષના બજેટમાં દર્શાવેલ વિગતોનું પરિશિષ્ટ બનાવી ચકાસણી કરતાં નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

યુનિવર્સિટી કોર્ટ-૨૯/૩૦-૩-૦૬ ની કલમ-૪ મુજબ વર્ષ ૨૦૦૬-૦૭ ની બજેટની જોગવાઈ અને ખરેખર થયેલ આવક અને ખર્ચની વિગત...

| ક્રમ | વિગત | અંદાજીત | ખરેખર થયેલ | તફાવત. |
|---|---|---|---|---|
| (૧) | આવક | ૩૩,૨૨,૮૯,૭૩૦ | ૩૧,૧૧,૮૦,૩૩૫ | ૨,૧૧,૦૯,૩૯૫ |
| (૨) | ખર્ચ | ૩૩,૫૧,૮૦,૭૩૦ | ૩૧,૪૦,૦૫,૪૭૯ | ૨,૧૧,૭૫,૨૫૧ |
| આવક કરતાં ખર્ચનો વધારો. | | (-)૨૮,૯૧,૦૦૦ | (-)૨૮,૨૫,૧૪૪ | (-) ૬૫,૮૫૬ |

ઉપરની વિગતે ખરેખર આવક અને ખર્ચ જોતાં અંદાજપત્રમાં આવક કરતાં ખર્ચ રૂ.૨૮,૯૧,૦૦૦-૦૦ વધુ અંદાજવામાં આવેલ હતો તથા ખરેખર થયેલ આવક અને ખર્ચ જોતાં ખર્ચ રૂાં ૨૮,૨૫,૧૪૪-૦૦ જેટલો વધુ થવા પામેલ હતો. આમ યુનિવર્સિટીએ ખાધવાળું અંદાજપત્ર મંજુર કરેલ હતું.

વર્ષ ૨૦૦૬–૦૭ ના તા.૩૦–૩–૨૦૦૭ ના ઠરાવ નં.૩ થી સુધારેલ અંદાજપત્રમાં દર્શાવેલ વિગતે નીચે મુજબની આવક અને ખર્ચના અંદાજો અને ખરેખર થયેલ આવક અને ખર્ચની વિગત છે.

| ક્રમ | વિગત | અંદાજીત | ખરેખર થયેલ | તફાવત. |
|---|---|---|---|---|
| (૧) | આવક | ૫૨,૫૧,૮૯,૭૨૯ | ૩૧,૧૧,૮૦,૩૩૫ | ૨૧,૪૦,૦૯,૩૯૪ |
| (૨) | ખર્ચ | ૫૨,૭૫,૦૩,૨૬૩ | ૩૧,૪૦,૦૫,૪૭૯ | ૨૧,૩૪,૯૭,૭૮૪ |

ખરેખર આવક અને ખર્ચ જોતાં અંદાજપત્રમાં આવક કરતાં ખર્ચ રૂા.૨૩,૧૩,૫૩૪–૦૦ જેટલો વધુ અંદાજવામાં આવેલ હતો. તથા ખરેખર થયેલ આવક અને ખર્ચ જોતાં ખર્ચ રૂા.૨૮,૨૫,૧૪૪–૦૦ જેટલો વધુ થવા પામેલ હતો. આમ, સુધારેલ અંદાજપત્ર પણ ખાધવાળું બનાવવામાં આવેલ હતું. પરિશિષ્ટ નં.૧ મુજબ સુધારેલ અંદાજોની સામે ખરેખર થયેલ આવક અને ખર્ચના આંકડા જોતાં ઘણો તફાવત આવેલ જણાય છે. અંદાજપત્ર નિયમોનુસાર હંમેશા પુરાંતવાળું બનાવવાનું હોય છે. ખાધવાળું અંદાજપત્ર બનાવવાનું હોય નહીં. આવકના અંદાજની મર્યાદામાં જ ખર્ચની જોગવાઈ કરવાની હોય. તેમ છતાં ખાધવાળું અંદાજપત્ર બનાવી મંજુર કરવા બાબતે સ્પષ્ટતા કરવી ઘટે તેમજ ખાધવાળા અંદાજપત્રની ખાધ કયાંથી મેળવવામાં આવશે તેની વિગતો પણ દર્શાવેલ નથી. તો ઉકત બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

સુધારેલ અંદાજપત્ર યુનિવર્સિટીની કોર્ટની સામાન્ય સભામાં તા.૫–૨–૨૦૦૭ થી મંજુર કરવામાં આવેલ છે. છેલ્લા છ માસના એટલે કે તા.૩૦–૯–૨૦૦૬ સુધીના આવક/ ખર્ચના આધારે તૈયાર કરેલ પુનઃનિર્મિત અંદાજો અને પાછલા વર્ષોના અનુસંધાને તૈયાર કરવામાં આવેલ અંદાજો ખાધવાળા તૈયાર કરવાના કારણે અગાઉના વર્ષોથી ચાલી આવતી ખાધ માટેના નાણાં મેળવવા શી વ્યવસ્થા કરવામાં આવેલ છે તેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

સામેલ પરિશિષ્ટમાં પુનઃનિર્મિત ખર્ચના અંદાજોની સામે ખરેખર થયેલ ખર્ચનો આંકડો રૂા.૨૧,૩૪,૯૭,૭૮૪-૦૦ જેટલો ઓછો છે. જેથી અંદાજવામાં આવેલ કામો થઈ શકેલ નથી. અથવા તો ખર્ચના અનુસંધાને તૈયાર કરેલ અંદાજો અવાસ્તવિક રીતે તૈયાર કરવામાં આવેલ હોવાનું ઓડીટનું માનવું રહે છે. જેનાથી અંદાજપત્રનો મૂળભૂત હેતુ નાણાંકીય શિસ્ત અને નાણાંકીય અંકુશ રહે તે જળવાયેલ નથી. જેથી ઉક્ત બાબત તરફ ચોકસાઈ રાખવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૧૭ નો જવાબ રજૂ કરાયેલ છે. પરંતુ સામેલ પરિશિષ્ટ નં.૧(૧) તથા ૧(૨) ની વિગતોની વિષયવાર ચકાસણી કરતાં અંદાજો અવાસ્તવિક રીતે તૈયાર થયેલ હોવાનું જણાતું હોય આગામી ઓડીટે હવે પછીના અંદાજપત્રમાં સંસ્થા દ્વારા થયેલ વાસ્તવિક બજેટ બનાવવાના પ્રયત્નોની ચકાસણી થતાં સુધી ફકરો ચાલુ રાખવામાં આવે છે.

## પરિશિષ્ટ નંબરઃ ૧(૧)

### જુદા જુદા વિભાગના આવક અને ખર્ચના અંદાજ, પુનઃનિર્મિત અંદાજના અનુસંધાને ખરેખર વધેલ/ઘટેલ આવક અને ખર્ચની વિગત દર્શાવતું પરિશિષ્ટ...

::આવક::

| ક્રમ | આવક | અંદાજ ૨૦૦૬–૨૦૦૭ | પુનઃનિર્મિત અંદાજ ૨૦૦૬–૨૦૦૭ | આવક ૨૦૦૬–૨૦૦૭ | તફાવત સુધારેલ અંદાજના આધારે. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | પરીક્ષા ફીની આવક. | ૬,૦૮,૫૦,૦૦૦ | ૬,૧૦,૦૦,૦૦૦ | ૬,૧૭,૮૬,૭૯૭-૦૦ | ૭,૮૬,૭૯૭ |
| ૨ | અન્ય ફીની આવક. | ૨,૬૯,૦૦,૦૦૦ | ૨,૮૦,૫૦,૦૦૦ | ૨,૫૭,૧૦,૯૩૫-૫૦ | (–) ૨૩,૩૯,૦૬૫ |
| ૩ | પ્રકાશનોની આવક. | ૬૫,૦૦,૦૦૦ | ૬૫,૦૦,૦૦૦ | ૭૩,૮૭,૧૫૬-૬૫ | ૮,૮૭,૧૫૬ |
| ૪ | ગ્રાન્ટસ્ (પરિશિષ્ટ–૧) | ૨૦,૬૪,૭૧,૨૩૦ | ૩૯,૩૧,૯૬,૭૨૯ | ૧૮,૧૭,૦૩,૨૭૪-૭૨ | (–) ૨૧,૧૪,૯૩,૪૫૫ |
| ૫ | પરચુરણ આવક. | ૭૦,૨૫,૦૦૦ | ૭૯,૨૭,૦૦૦ | ૧,૨૫,૫૭,૦૬૯-૧૨ | ૪૬,૩૦,૦૬૯ |
| ૬ | અનુસ્નાતક શિક્ષણકાર્ય. | ૧,૮૩,૭૭,૦૦૦ | ૨,૧૦,૭૯,૦૦૦ | ૧,૬૧,૨૯,૩૧૬-૦૦ | (–) ૪૯,૪૯,૬૮૪ |
| ૭ | આરોગ્ય કેન્દ્રની આવક. | ૨૦,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૩,૨૨૯-૦૦ | (–) ૬,૭૭૧ |
| ૮ | અતિથિગૃહની આવક. | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ | ૯,૭૦૦-૦૦ | (–) ૪૦,૩૦૦ |
| ૯ | યુનિવર્સિટી છાત્રાલયો (પરિશિષ્ટ–૩) | ૫,૫૫,૦૦૦ | ૮,૦૫,૦૦૦ | ૬,૭૩,૨૩૯-૦૦ | (–) ૧,૩૧,૭૩૧ |
| ૧૦ | જમીનની આવક. | ૮,૦૦,૦૦૦ | ૧૫,૦૦,૦૦૦ | ૨૮,૩૨,૩૬૦-૦૦ | ૧૩,૩૨,૩૬૦ |
| ૧૧ | યુનિવર્સિટી મુદ્રણાલય (પરિશિષ્ટ–૪) | ૨૦,૪૦,૦૦૦ | ૨૦,૫૦,૦૦૦ | ૬,૫૪,૯૪૬-૬૦ | (–) ૧૩,૯૫,૦૫૪ |
| ૧૨ | યુનિવર્સિટી ગ્રંથાલય (પરિશિષ્ટ–૫) | ૨,૦૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦ | ૪,૬૨,૦૦૪-૦૦ | ૬૨,૦૦૪ |
| ૧૩ | ગ્રંથાલયશાસ્ત્ર ભવન (પરિશિષ્ટ–૧૩) | ૯૫,૦૦૦ | ૧,૯૩,૦૦૦ | ૩,૪૮,૧૭૦-૦૦ | ૧,૫૫,૧૭૦ |
| ૧૪ | યુનિ. કોમ્પ્યુટર સેન્ટરની આવક. (પરિશિષ્ટ–૧૪) | ૮,૯૨,૦૦૦ | ૯,૧૨,૦૦૦ | ૪,૮૮,૭૧૩-૦૦ | (–) ૪,૨૩,૨૮૭ |
| ૧૫ | પ્રોફેશનલ તાલીમ સેન્ટરની આવક. (પરિશિષ્ટ–૧૫) | ૫,૨૦,૦૦૦ | ૬,૧૦,૦૦૦ | ૨,૭૮,૫૪૫-૦૦ | (–) ૩,૩૧,૪૫૫ |
| ૧૬ | ડેવલપમેન્ટ કોમ્યુનીકેશન (પરિશિષ્ટ–૧૬) | ૧૫,૦૦૦ | ૧૬,૦૦૦ | ૬,૭૮૫-૦૦ | (–) ૯,૨૧૫ |
| ૧૭ | પત્રકારત્વ વિભાગ (પરિશિષ્ટ–૧૭) | ૧,૭૯,૫૦૦ | ૧,૮૧,૦૦૦ | ૫૨,૨૦૦-૦૦ | (–) ૧,૨૮,૮૦૦ |
| ૧૮ | આઈ.એ.એસ.તાલીમવર્ગ આવક. | ------- | ------- | ------- | ------- |
| ૧૯ | માસ્ટર ઓફ ફીઝીકલ એજ્યુકેશન. | ૮,૦૦,૦૦૦ | ૭,૦૦,૦૦૦ | ૮૫,૮૬૫-૦૦ | (–) ૬,૧૪,૧૩૫ |
| | કુલ | ૩૩,૨૨,૮૯,૭૩૦ | ૫૨,૫૧,૮૯,૭૨૯ | ૩૧,૧૧,૮૦,૩૩૫-૫૯ | - ૨૧,૪૦,૦૯,૩૯૪ |

## પરિશિષ્ટ નંબર: ૧(૨) ::ખર્ચ::

જુદા જુદા વિભાગના આવક અને ખર્ચના અંદાજ, પુનઃનિર્મિત અંદાજના અનુસંધાને ખરેખર વધેલ/ ઘટેલ આવક અને ખર્ચની વિગત દર્શાવતું પરિશિષ્ટ.....

| ક્રમ | ખર્ચ | અંદાજ ૨૦૦૬-૨૦૦૭ | પુનઃનિર્મિત અંદાજ ૨૦૦૬-૨૦૦૭ | ખરેખર ખર્ચ ૨૦૦૬-૨૦૦૭ | તફાવત સુધારેલ અંદાજના આધારે. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | કર્મચારી વર્ગ ખર્ચ. | ૪,૭૩,૦૦,૦૦૦ | ૪,૪૩,૦૦,૦૦૦ | ૩,૨૧,૨૦,૨૨૯-૪૮ | (–) ૧,૨૧,૭૯,૭૭૧ |
| ૨ | કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના કાર્યાલય ખર્ચ. | ૧,૯૫,૦૦૦ | ૧,૯૫,૦૦૦ | ૬૯,૯૩૨-૦૦ | (–) ૧,૨૫,૦૬૮ |
| ૩ | પરીક્ષા ખર્ચ. | ૭,૪૧,૫૦,૦૦૦ | ૯,૧૧,૨૫,૦૦૦ | ૬,૭૩,૬૬,૮૭૧-૦૨ | (–) ૨,૩૭,૫૮,૧૨૯ |
| ૪ | મુસાફરી ભથ્થા. | ૧૪,૮૬,૦૦૦ | ૧૫,૩૬,૦૦૦ | ૭,૩૯,૪૬૪-૦૦ | (–) ૭,૯૬,૫૩૬ |
| ૫ | મુદ્રણ, લેખનસામગ્રી તથા ટપાલખર્ચ. | ૨૭,૦૦,૦૦૦ | ૨૪,૫૦,૦૦૦ | ૧૨,૨૬,૮૨૮-૨૦ | (–) ૧૨,૨૩,૧૭૨ |
| ૬ | સંશોધન માટેની ગ્રાંટ, શિષ્યવૃતિ વગેરે. | ૧૫,૦૦૦ | ૧૫,૦૦૦ | | (–) ૧૫,૦૦૦ |
| ૭ | રમતગમત અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ ખર્ચ. | | | | |
| | (અ)રમતગમત વ્યા.શિ.પ્ર.ખર્ચ | ૨૩,૫૦,૦૦૦ | ૨૫,૫૫,૦૦૦ | ૪,૦૭,૦૬૩-૫૦ | (–) ૨૧,૪૭,૯૩૭ |
| | (બ)યુવક કલ્યાણ પ્રવૃતિ ખર્ચ | ૯,૮૫,૫૦૦ | ૯,૯૦,૦૦૦ | ૮૬,૪૭૯-૫૩ | (–) ૯,૦૩,૫૨૧ |
| | (ક)રાષ્ટ્રીય સેવા યોજના | ૩૦,૦૦,૦૦૦ | ૩૦,૦૦,૦૦૦ | ૫,૧૬,૯૦૪-૦૦ | (–) ૨૪,૮૩,૦૯૬ |
| | (ડ)યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર ખર્ચ. | ૪૧,૦૧,૦૦૦ | ૩૯,૮૫,૦૦૦ | ૨૩,૭૩,૭૫૪-૯૮ | (–) ૧૬,૧૧,૨૪૬ |
| | (ઈ)અભ્યાસેતર શિક્ષણપૂરક પ્રવૃત્તિ યુનિવર્સિટી સપ્તાહ વગેરે. | ૨,૧૦,૦૦૦ | ૨,૧૦,૦૦૦ | ૧,૭૯,૧૨૨-૦૦ | (–) ૩૦,૮૭૮ |
| ૮ | યુનિવર્સિટી પ્રકાશન તથા તે માટેની ગ્રાંટ. | ૧૧,૫૨,૦૦૦ | ૧૧,૫૨,૦૦૦ | ૫,૮૬,૫૨૧-૦૦ | (–) ૫,૬૫,૪૭૯ |
| ૯ | વીમા, અન્ય કર કાનુની ખર્ચ. | ૫૯,૦૦,૦૦૦ | ૪૯,૦૦,૦૦૦ | ૩૫,૮૭,૩૭૪-૪૪ | (–) ૧૩,૧૨,૬૨૬ |
| ૧૦ | બીજા કાર્યાલય ખર્ચ. | ૧,૬૨,૩૫,૦૦૦ | ૧,૭૪,૮૭,૦૦૦ | ૧,૩૩,૩૦,૨૪૦-૫૧ | (–) ૪૧,૫૬,૭૬૦ |
| ૧૧ | બીજી સંસ્થાઓની સભાસદ ફી. | ૨,૬૦,૦૦૦ | ૨,૬૦,૦૦૦ | ૯૮,૭૦૦-૦૦ | (–) ૧,૬૧,૩૦૦ |
| ૧૨ | યુનિવર્સિટી શિક્ષણ તથા સંશોધન. | ૧૦,૦૨,૪૪,૫૦૦ | ૯,૪૭,૨૧,૫૦૦ | ૭,૧૦,૧૪,૪૬૮-૧૬ | (–) ૨,૩૭,૦૭,૦૩૨ |
| ૧૩ | યુનિવર્સિટી જમીન જાયદાદ. | ૬૭,૨૦,૦૦૦ | ૭૧,૭૦,૦૦૦ | ૬૬,૫૪,૬૨૧-૦૦ | (–) ૫,૧૫,૩૭૯ |
| ૧૪ | યુનિવર્સિટી છાત્રાલયો (પરિશિષ્ટ–૩) | ૧૮,૮૧,૦૦૦ | ૧૬,૩૫,૦૦૦ | ૧૩,૯૨,૦૯૩-૭૭ | (–) ૨,૪૨,૯૦૭ |
| ૧૫ | ગ્રાંટમાંથી ખર્ચ (પરિશિષ્ટ–૨) | ૨,૯૩,૬૮,૨૩૦ | ૨૧,૩૮,૦૬,૨૬૩ | ૮,૬૮,૮૧,૮૯૭-૭૨ | (–) ૧૨,૬૯,૨૪,૩૬૬ |
| ૧૬ | યુનિવર્સિટી મુદ્રણાલય (પરિશિષ્ટ–૪) | ૬૭,૭૫,૦૦૦ | ૭૦,૪૦,૦૦૦ | ૪૫,૨૬,૭૧૧-૯૯ | (–) ૨૫,૧૩,૨૮૯ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૧૭ | ઈનામો, શિષ્યવૃતિ, ચંદ્રકો વગેરેનું ખર્ચ. | ૧૦,૦૦૦ | ૧૦,૦૦૦ | --- | (–) ૧૦,૦૦૦ |
| ૧૮ | યુનિવર્સિટી ગ્રંથાલય ખર્ચ. (પરિશિષ્ટ–૫) | ૮૬,૧૫,૦૦૦ | ૬૭,૧૫,૦૦૦ | ૪૭,૮૦,૭૯૧-૬૮ | (–) ૧૯,૩૪,૨૦૯ |
| ૧૯ | ગ્રંથાલયશાસ્ત્ર ભવન ખર્ચ. (પરિશિષ્ટ–૧૩) | ૧૨,૨૦,૦૦૦ | ૧૧,૩૬,૦૦૦ | ૬,૭૦,૯૩૭-૨૬ | (–) ૪,૬૫,૦૬૩ |
| ૨૦ | યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટર ખર્ચ. (પરિશિષ્ટ–૧૪) | ૭૭,૨૦,૦૦૦ | ૬૫,૭૫,૦૦૦ | ૪૫,૩૩,૩૦૩-૯૨ | (–) ૨૦,૪૧,૬૯૭ |
| ૨૧ | પ્રોફેશનલ તાલીમ સેન્ટર ખર્ચ. (પરિશિષ્ટ–૧૫) | ૮,૦૨,૫૦૦ | ૭,૬૭,૫૦૦ | ૬,૩૪,૪૬૬-૨૫ | (–) ૧,૩૩,૦૩૪ |
| ૨૨ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન (પરિશિષ્ટ–૧૬) | ૭,૧૭,૦૦૦ | ૬,૮૨,૦૦૦ | ૫,૫૫,૮૧૯-૫૯ | (–) ૧,૨૬,૧૮૧ |
| ૨૩ | પત્રકારત્વ વિભાગ (પરિશિષ્ટ–૧૭) | ૮,૧૮,૦૦૦ | ૭,૩૫,૦૦૦ | ૪,૭૫,૦૨૮-૯૦ | (–) ૨,૫૯,૯૭૨ |
| ૨૪ | આઈ.એ.એસ.તાલીમવર્ગનું ખર્ચ. | ૪,૦૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ | ૪,૫૦,૧૮૧-૭૫ | (–) ૪૯,૮૧૯ |
| ૨૫ | પેન્શન/ ગ્રેજયુઈટી/ રજાનું રોકડમાં રૂપાંતર વગેરે. | ૮૦,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦,૦૦૦ | ૭૯,૬૨,૬૯૪-૦૦ | (–) ૨૦,૩૭,૩૦૬ |
| ૨૬ | જનશિક્ષણ સંસ્થાનનો ખર્ચ. | ૭,૦૦,૦૦૦ | ૭,૦૦,૦૦૦ | | (–) ૭,૦૦,૦૦૦ |
| ૨૭ | પ્રૌઢ શિક્ષણખર્ચ. | ૪,૦૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦ | ૧,૨૬,૨૭૧-૦૦ | (–) ૨,૭૩,૭૨૯ |
| ૨૮ | એસ.ટી.એસ.સી. સેલ. | ૭,૫૦,૦૦૦ | ૭,૫૦,૦૦૦ | ૬,૫૬,૭૦૮-૦૫ | (–) ૯૩,૨૯૨ |
| ૨૯ | ઈ.એમ.આર.સી. | ------- | | | |
| ૩૦ | ભૂકંપ અંગે મકાન રીપેરીંગ ખર્ચ. | ------- | | | |
| | સુધારેલ અંદાજ કરતાં ઓછો થયેલ ખર્ચ.. | | | | ૨૧,૩૪,૯૭,૭૮૪ |
| | કુલ ખર્ચ...... | ૩૩,૫૧,૮૦,૭૩૦ | ૫૨,૭૫,૦૩,૨૬૩ | ૩૧,૪૦,૦૫,૪૭૯-૭૦ | |
| . | આવકનો વધારો..... | | | ૨૧,૩૪,૯૭,૭૮૪-૦૦ | |
| | કુલ.............. | ૩૩,૫૧,૮૦,૭૩૦ | ૫૨,૭૫,૦૩,૨૬૩ | ૩૧,૪૦,૦૫,૪૭૯-૭૦ | |

<u>ફકરા નંબર:૪</u> નાણાંકીય સ્થિતિ બાબત... (હિસાબી શાખા)

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદની છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ આવક અને સરેરાશ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | આવક. રૂા. | ખર્ચ.રૂા. | ખર્ચમાં વધારો. રૂા. | આવકમાં વધારો. રૂા. |
|---|---|---|---|---|
| ૨૦૦૪–૦૫ | ૨૩,૯૨,૪૩,૬૮૨ | ૨૪,૦૬,૬૯,૬૨૧ | ૧૪,૨૫,૯૩૯ | ----- |
| ૨૦૦૫–૦૬ | ૨૪,૭૧,૭૬,૮૪૩ | ૨૪,૯૦,૨૩,૫૨૪ | ૧૮,૪૬,૬૮૧ | ----- |
| ૨૦૦૬–૦૭ | ૩૧,૧૧,૮૦,૩૩૫ | ૩૧,૪૦,૦૫,૪૭૯ | ૨૮,૨૫,૧૪૪ | ----- |
| કુલ... | ૭૯,૭૬,૦૦,૮૬૦ | ૮૦,૩૬,૯૮,૬૨૪ | ૬૦,૯૭,૭૬૪ | ----- |
| <u>સરેરાશ....</u> | ૨૬,૫૮,૬૬,૯૫૩ | ૨૬,૭૮,૯૯,૫૪૧ | ૨૦,૩૨,૫૮૮ | ----- |

ઓડીટ વર્ષમાં આવક કરતાં ખર્ચમાં રૂા.૨૮,૨૫,૧૪૪–૦૦નો વધારો છે. વર્ષ ૨૦૦૬–૦૭ ના આવક અને ખર્ચના આંકડા જોતાં જણાય છે કે, યુનિવર્સિટીની કુલ આવક રૂા. ૩૧,૧૧,૮૦,૩૩૫–૦૦ સામે ખર્ચ રૂા.૩૧,૪૦,૦૫,૪૭૯–૦૦ થયો છે. જેથી રૂા.૨૮,૨૫,૧૪૪–૦૦ જેટલો ખર્ચમાં વધારો થયાનું જણાય છે. તેમજ ફંડ અને દેવા તેમજ મિલ્કત અને લેણાં જોતાં યુનિવર્સિટીની નાણાંકીય પરિસ્થિતિ નાજુક કહી શકાય.

(૧) યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમાં પાકા સરવૈયામાં મિલ્કત–લેણાં બાજુ રૂા.૩૧૭.૧૭ લાખ જેટલી મોટી રકમ આવક–ખર્ચ ખાતાની બાકી તરીકે બતાવેલ છે. એટલે કે નાણાંકીય વર્ષના અંતે ગુજરાત યુનિવર્સિટી ખાધમાં રહેલ છે. યુનિવર્સિટી દ્વારા પ્રતિવર્ષ ખાધવાળું બજેટ બનાવવાના કારણે, આવકની મર્યાદામાં જ ખર્ચનું આયોજન ન કરવાના કારણે ખાધ ઉત્તરોત્તર વધેલ છે. જેનાથી યુનિવર્સિટીની આર્થિક સ્થિતિ કથળેલ છે.

(૨) વણ વપરાયેલી સરકારી ગ્રાંટની રકમ રૂા.૧૦,૨૨,૬૪,૪૪૮–૩૬ યુનિવર્સિટીની જવાબદારી છે. જે રકમ સરકારમાં પરત જમા કરવાપાત્ર હોઈ વધારાની વપરાયા વગરની ગ્રાંટ પરત કરવામાં આવે અથવા તો સરભર કરવામાં આવે તો નાણાંકીય પરિસ્થિતિ અત્યંત ગંભીર બને તેમ છે.

(૩) વર્ષ ૨૦૦૬–૦૭ ના વાર્ષિક હિસાબોમાં એડવાન્સ અને બીજા ખાતાઓના રૂા.૧૧,૩૫,૧૮,૦૨૫–૩૨ મિલ્કત લેણાં બાજુ દર્શાવવાના કારણે હકીકતમાં પેશગીઓ સમયસર સરભર ન થવાના કારણે પેશગી સ્વરૂપે થયેલ ખર્ચ ગણવાપાત્ર થાય છે. જે ઓછું દર્શાવવાના કારણે આવક કરતાં ખર્ચ ઓછું દર્શાવવામાં આવેલ છે. આ ખાતા સરભર થયેથી ખર્ચમાં એટલો વધારો ગણવાનો થાય. જેથી ઉપર દર્શાવ્યા મુજબ ખર્ચમાં તેટલો વધુ વધારો ગણવાનો થાય તે સ્વાભાવિક છે.

(૪) વાર્ષિક હિસાબોમાં ઘસારાફંડ તથા ડીપોઝીટ ખાતા અને અનપેઈડ જેવા ખાતાની ઉધારબાકી દર્શાવવાના કારણે હિસાબો ખામીયુકત જણાયેલ છે. આના કારણે આર્થિક પરિસ્થિતિનું ચિત્ર સારૂં દેખાય છે. પરંતુ હકીકતમાં આવક કરતાં ખર્ચ વધુ હોઈ ગંભીર નાણાંકીય પરિસ્થિતિમાંથી બહાર નીકળવા અન્ય ઉપાયો તરીકે આવક વધારવા તેમજ ખર્ચ ઘટાડવા યુનિવર્સિટીએ પ્રયત્નો કરવા જોઈએ.

(૫) અગાઉના વર્ષોમાં ઓડીટ રિપોર્ટમાં યુનિવર્સિટીની આર્થિક પરિસ્થિતિ ઉત્તરોત્તર કથળતી રહેતી હોવાનું અને તેને રોકવા યોગ્ય ઉપાયો કરવાનું સૂચવવા છતાં યુનિવર્સિટી દ્વારા કોઈ નકકર પગલાં ભરવામાં આવ્યા હોવાની ઓડીટને ખાત્રી થયેલ નથી. પરિણામે આર્થિક પરિસ્થિતિ ઉત્તરોત્તર નબળી થતી રહેલ છે.

ઉપરોકત ખોટ સત્વરે પૂરી કરવા અને યુનિવર્સિટીની આર્થિક પરિસ્થિતિ સધ્ધર બનાવવા જરૂરી ત્વરીત પગલાં લેવા અનુરોધ છે. આ અંગે નીચે મુજબના સૂચનો ધ્યાને લેવા ઘટે.

(૧) આવકની મર્યાદામાં રહીને જ ખર્ચ કરવું. નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોને અનુલક્ષીને કરકસરયુકત ટેન્ડર પ્રક્રિયા– ત્રણ ભાવપત્રક મંગાવી નિયમોનુસાર વહીવટી ખર્ચ કરવો.

(૨) પરીક્ષા ખર્ચમાં ઘટાડો કરવો. બિનશૈક્ષણિક કર્મચારીને પરીક્ષાભથ્થું ૭.૫% તથા પુરસ્કારના નામે ચૂકવાતા ઓવરટાઈમની નિયમ વિરૂધ્ધની ચૂકવણી બંધ કરવી.

(૩) વિદ્યોત્તેજન દાન મેળવવા પ્રયત્નો કરવા.

(૪) યુનિવર્સિટી પ્રેસની આવક વધારી, ખર્ચ ઘટાડી, પ્રેસની ખોટ ઘટાડવી. પરીક્ષાની તમામ કામગીરી પ્રેસમાં જ કરવી.

(૫) નિભાવ ગ્રાંટ ફાળવણી અંગેની શરતોનું પાલન કરવું. અમાન્ય ખર્ચ બંધ કરવા.

(૬) સરકારશ્રીની મંજુરી સિવાય વધારાના મહેકમની નિયુકિત કરવી નહીં. નિવૃત કર્મચારીને ફીકસ પગારથી કે રોજમદારની કે અન્ય હંગામી મહેકમની નિમણુંક કરવી નહીં. કોમ્પ્યુટરની કામગીરી વધતા માનવશકિત અને સમયની ઘણીજ બચત થયેલ હોઈ બિનજરૂરી હંગામી મહેકમ વધારવા કરતાં કર્મચારીની કાર્યક્ષમતા વધે અને કામના કલાકો પ્રમાણે કામગીરીની સમીક્ષા કરી કોમ્પ્યુટરની કામગીરી થતાં સમય અને શકિતની બચતનો લાભ કર્મચારી પાસેથી અન્ય કામગીરી માટે લેવો.

(૭) ફોર્મ્સ સંશોધન પ્રકાશિત થયેલ પુસ્તકો, લેખોનું વેચાણ તેમજ પરીક્ષાને લગતા અન્ય પ્રકાશનોના વેચાણ દ્વારા આવક ઉભી કરવી.

(૮) લાંબા સમયથી હેતુ પૂર્ણ થવા છતાં વસુલ ન આવેલ લોન અને પેશગીઓ એકજ હપ્તામાં વસુલ લેવી અને એક પેશગી સરભર ન થાય ત્યાંસુધી બીજી પેશગી મંજૂર કરવી નહીં તેમજ પાર્ટી–ઓન એકાઉન્ટ પ્રથા સદંતર બંધ કરવી.

(૯) બહારની એજન્સી– ખાનગી પ્રેસ પાસે ખાનગી પ્રિન્ટીંગ કે પરીક્ષા અંગેનું કામ બંધ કરાવવું, પોતીકી માલિકીના પ્રેસ તથા કોમ્પ્યુટર કેન્દ્ર મારફતે પરીક્ષાની સંપૂર્ણ કામગીરી કરાવવી જોઈએ.

(૧૦) સરકારશ્રીના કરકસરના પગલાંના ઠરાવના આધારે તમામ ખર્ચા કરી, ફી, ટેલિફોન, સેમીનાર પાછળનો ખર્ચ, કન્ટીજન્સી ખર્ચ જેવા કે ઝેરોક્ષ, ચા–પાણી, નાસ્તા ખર્ચ, મીટીંગ અંગેના ખર્ચ વિગેરેમાં કરકસરયુકત પગલાં લેવા.

(૧૧) ખાલી કવાર્ટર, હોલ વગેરે ભાડે આપી, આવક ઉભી કરવી. તેવી જ રીતે યુનિવર્સિટી કંપાઉન્ડમાં ઉગી નીકળેલ ઘાસ, સૂકાઈ ગયેલ વૃક્ષોનું વેચાણ કરી આવક ઉભી કરવી તેમજ અગાઉ ભાડે આપેલ યુનિવર્સિટીની માલિકીના મકાનો, દુકાનો વગેરેના ભાડામાં વધારો કરી આવક ઉભી કરવી જોઈએ.

ગુજરાત યુનિવર્સિટી એકટ–૧૯૪૯ ના કાયદાની જોગવાઈ મુજબ ગુજરાત યુનિવર્સિટી કાયદા દ્વારા અસ્તિત્વમાં આવેલી એક સ્વાયત્ત સંસ્થા છે. જેને પોતાના આંતરિક નિયમન/ સંચાલન માટે પોતાના ખાસ નિયમો બનાવવાની અનુમતી છે. જે ધ્યાને લઈ સંસ્થાએ પોતાની કામગીરી તેમજ કાર્યક્ષેત્રને ધ્યાને રાખી, કાયદા દ્વારા પ્રસ્થાપિત કાર્યપ્રણાલી અનુસરીને યોગ્ય નિયમોનું ઘડતર કરવું જોઈએ અને જયાંસુધી સંસ્થા પોતાના નિયમો ન બનાવે ત્યાંસુધી સંસ્થાએ સરકારશ્રીના તમામ નિયમોની જોગવાઈઓનું પાલન કરવું જોઈએ. ઓડીટ રિપોર્ટમાં દર્શાવેલ ખામીઓ/ અનિયમિતતા પૈકી ઘણીબધી અનિયમિતતા લાંબા સમયથી ચાલી આવતી હોવાછતાં ચાલુ ઓડીટ વર્ષ દરમ્યાન પણ તેનું પુનરાવર્તન થતું જોવા મળેલ છે. જે બાબતે તાત્કાલિક કાર્યવાહી કરવા ઓડીટનો અનુરોધ છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં.૨૨ નો જવાબ રજૂ થયેલ છે. પરંતુ ફકરા નં. (૧) થી (૫) ના ખામીયુકત હિસાબો બાબતે સ્પષ્ટતા થયેલ ન હોઈ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

ફકરા નંબરઃ ૫ વાર્ષિક હિસાબોની વિગતમાં હિસાબોની અનિયમિતતા...

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબોમાં દ્વિનોંધી નામાપધ્ધતિ અનુસાર સદરવાર આવક–ખર્ચ દર્શાવી વર્ષના અંતે પાકું સરવૈયું બનાવી તા.૩૧–૩–૨૦૦૭ ની સ્થિતિ દર્શાવવામાં આવેલ છે. જેની ચકાસણી કરતાં નીચે મુજબની ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૧) યુનિવર્સિટીને રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને યુનિવર્સિટી ગ્રાંટ કમિશન દ્વારા જુદા જુદા હેતુઓ માટે ગ્રાંટ ફાળવવામાં આવે છે. જેની વિગત આ સાથેના પત્રકમાં દર્શાવવામાં આવેલ છે.

ગ્રાંટના હિસાબો અલગ ગ્રાંટ રજીસ્ટરમાં નિભાવેલ છે. રજીસ્ટરના આધારે ગ્રાંટપત્રક તૈયાર કરી ગ્રાંટના રિપોર્ટ સાથે યુટીલાઈઝેશન સર્ટીફીકેટ કુલસચિવશ્રીની સહી સાથેના આપવામાં આવેલ છે. આ પત્રકોની વાર્ષિક હિસાબ સાથે ચકાસણી કરતાં આ સાથે સામેલ પરિશિષ્ટ–૨ માં દર્શાવેલ વિગતે તા.૩૧–૩–૨૦૦૭ ની સ્થિતિએ ગુજરાત સરકારની હિસાબોની બંધ સિલકમાં રૂા. (–) ૫.૭૦ લાખ, કેન્દ્ર સરકારની હિસાબોની બંધ સિલકમાં રૂા. ૧૪.૫૯ લાખ, યુ.જી.સી.ની હિસાબોની બંધ સિલકમાં રૂા. ૫૩.૮૮ લાખ અને અન્ય ફાળવેલ ગ્રાંટની હિસાબોની બંધ સિલકમાં રૂા. (–)૧૨.૨૦ લાખ જેટલો મોટો તફાવત આવે છે. આ અંગેની નીચેની વિગતે સ્પષ્ટતા સહ પૂર્તતા થવી ઘટે.

૧(૧).....ઉપર જણાવેલ તફાવતના કારણો જણાવવા તથા વાર્ષિક હિસાબ સાથે ગ્રાંટના પત્રકોનું મેળવણું કરી સુધારેલ ગ્રાંટ પત્રકો ઓડીટમાં રજૂ થવા ઘટે. (પરિશિષ્ટ નંબરઃ ૨(૨) )

૧(૨)..... યુનિવર્સિટીના પ્રમાણિત થયેલા વાર્ષિક હિસાબો ઓડીટ દ્વારા પ્રમાણિત કરવાના રહેતા હોઈ ગ્રાંટના પત્રકોમાં મોટો તફાવત વાર્ષિક હિસાબો સાથે સરખાવતાં આવતો હોઈ ગ્રાંટ પત્રકો અને વાર્ષિક હિસાબો

ઓડીટમાં માન્ય રાખી શકાય નહીં. જેથી સત્વરે તફાવતના કારણો અને સ્પષ્ટતા સહ હિસાબોની અનિયમિતતા તથા તફાવત દૂર કરી ઓડીટને સુધારેલ હિસાબો રજૂ થવા ઓડીટ અનુરોધ છે.

(૨) દ્વિનોંધી નામાપધ્ધતિના સિધ્ધાંતો મુજબ વણવપરાયેલ ગ્રાંટ મુડી–દેવાં બાજુ જવાબદારી તરીકે અને મળેલ ગ્રાંટ કરતાં થયેલ વધારાનો ખર્ચ (માયનસ સિલક) મિલ્કત–લેણાં બાજુ મેળવવાની બાકી ગ્રાંટ તરીકે લેણાં તરીકે દર્શાવવી જોઈએ. જ્યારે યુનિવર્સિટી દ્વારા તૈયાર કરેલ વાર્ષિક હિસાબો સાથેના પરિશિષ્ટ–બી,સી,ડી,ઈ માં કુલ જમા રકમમાંથી કુલ ઉધાર રકમ બાદ કરીને ચોખ્ખી જમા રકમ સરકારી ગ્રાંટ બાકી તરીકે મુડી અને દેવાં બાજુ દર્શાવવામાં આવેલ છે. આમ નીચે દર્શાવેલ વિગત મુજબ.

| | |
|---|---|
| (૧) યુ.જી.સી.ની ગ્રાંટ પૈકી કુલ ૨૧ યોજનાની માયનસ સિલક. | રૂા. ૮૮,૨૩,૫૭૨–૩૭ |
| (૨) ભારત સરકારની ગ્રાંટ પૈકી કુલ ૬ યોજનાની માયનસ સિલક. | રૂા. ૧૬,૪૭,૦૯૫–૦૫ |
| (૩) રાજ્ય સરકારની ગ્રાંટ પૈકી કુલ ૧૯ યોજનાની માયનસ સિલક. | રૂા. ૮,૬૮,૧૫,૧૭૩–૯૫ |
| (૪) અન્ય ભારત સરકારની ગ્રાંટ પૈકી ૮ યોજનાની માયનસ સિલક. | રૂા. ૪૧,૧૫૪–૮૪ |
| આમ કુલ–૫૪ યોજનામાં | રૂા. ૯,૭૩,૨૬,૯૯૬–૨૧ |

અંકે રૂપિયા નવ કરોડ તોંતેર લાખ છવ્વીસ હજાર નવસો છન્નું પુરા માયનસ સિલક જમા સિલકમાંથી બાદ કરી દર્શાવવામાં આવેલ છે અને તેથી તેટલા અંગે જવાબદારી ઓછી દર્શાવેલ છે અને મિલ્કત–લેણાં બાજુ લેણું પણ ઓછું દર્શાવેલ છે. જેથી વાર્ષિક હિસાબ ખામીયુક્ત ગણી શકાય. વણવપરાયેલ ગ્રાંટ તાત્કાલિક સરકારશ્રી/ સંસ્થાને પરત કરવા અથવા તો પછીના વર્ષની મળનારી ગ્રાંટ સામે સરભર કરવાના સરકારશ્રી/ સંસ્થાના આદેશો મેળવી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે. જ્યારે કરવામાં આવેલ વધુ

ખર્ચ બાબતે પણ સરકારશ્રી/ સંસ્થા પાસેથી મંજુરી હુકમો મેળવી તેને વિનિયમિત કરાવવા ઘટે.

(૩) યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમાં વર્ષાન્તે બાકી રહેલ એડવાન્સ અને બીજા ખાતાના રૂા. ૧૧,૩૫,૧૮,૦૨૫–૩૨ મિલ્કત–લેણાં બાજુ દર્શાવેલ છે. આમ આટલી મોટી રકમ જે તે કામ હેતુ જેવા કે પરીક્ષાની કામગીરી માટે, ભવનોમાં થતી વિવિધ ખરીદી માટે, કોલેજોની પરીક્ષાની કામગીરી તથા અન્ય કામગીરી માટે તેમજ કર્મચારીઓને ચોકકસ કામગીરી માટે આપેલ એડવાન્સ પૈકી હિસાબમેળ/ સરભર થયા વગરના બાકી ખેંચાયેલ છે. હિસાબમેળ થયેલ ન હોવાથી જે તે ખર્ચ ખાતે ઉધાર થયેલ નથી. અને પરિણામે યુનિવર્સિટી દ્વારા દર્શાવેલ કુલખર્ચ રૂા.૩૧,૪૦,૦૫,૪૭૯–૧૧ માં ઉકત સરભર થયા વગરના એડવાન્સ જેટલો ખર્ચ વર્ષના અંત સુધીમાં પણ થયેલ છે અને તેટલા અંશે ઓછો દર્શાવેલ ગણાય. વર્ષ દરમ્યાન રૂા.૩૧,૪૦,૦૫,૪૭૯–૧૧ ના ખર્ચ સામે રૂા.૧૧,૩૫,૧૮,૦૨૫–૩૨ બાકી રહેલ એડવાન્સની રકમ કુલ ખર્ચનાં ૩૬.૧૫% જેટલી થાય છે. જે બાકી એડવાન્સની ઘણી મોટી રકમ ગણાય.

આ ઉપરાંત જો ઉપરોકત રકમ પૈકી વર્ષના અંત સુધીમાં થયેલ ખર્ચ એડવાન્સ સામે સરભર કરી ખર્ચ ખાતે ઉધારવાં આવેલ હોય તો તે ખર્ચમાં વધારો જે રૂા.૨૮,૨૫,૧૪૪–૧૧ દર્શાવેલ છે. તેના બદલે ખર્ચની રકમમાં વધારો થયો હોત અને તેટલા અંશે આવક ખર્ચના હિસાબો ક્ષતિયુકત ગણી શકાય.

(૪) યુનિવર્સિટીના વાર્ષિક હિસાબોમાં કાયમી મિલ્કતો તરીકે નીચે મુજબની વિગત દર્શાવેલ છે.

| | |
|---|---|
| ઉઘડતી સિલક | રૂા. ૧૫,૬૧,૯૬,૭૧૨–૭૬ |
| વર્ષ દરમ્યાન ઉમેરો | રૂા. ૩,૦૪,૯૦૭–૦૦ |
| કુલ.. | રૂા. ૧૫,૬૫,૦૧,૬૧૯–૭૬ |
| બાદ ઘસારાના.. | રૂા. ૭,૩૬,૧૫,૨૪૧–૧૨ |
| બંધ સિલક... | રૂા. ૮,૨૮,૮૬,૩૭૮–૬૪ |

(અ)..... યુનિવર્સિટીની કુલ મિલ્કતો કે જેમાં યુનિવર્સિટીના મકાનો, જમીન, ફર્નિચર, વૈજ્ઞાનિક સાધન સામગ્રીઓ અને પુસ્તકોનો સમાવેશ થાય છે. તેમાં ચાલુ નાણાંકીય વર્ષના અંતે રૂા.૧૫,૬૫,૦૧,૬૧૯–૭૬ ની મિલ્કતો સામે કુલ ઘસારો રૂા. ૭,૩૬,૧૫,૨૪૧–૧૨ (પ્રોગ્રેસીવ રકમ) બાદ કરી ચોખ્ખી મિલ્કતો રૂા.૮,૨૮,૮૬,૩૭૮–૬૪ દર્શાવેલ છે. આ ઘસારાની રકમ મિલ્કતમાંથી બાદ કરેલ છે. પરંતુ આ માટે અલગ ફંડ રાખી કોઈ રોકાણો કરવામાં આવેલ નથી. તો આ રીતે અલગફંડ રાખ્યા સિવાય, કોઈ રોકાણો કર્યા સિવાય ફકત ઘસારો ગણી મિલ્કતો ઓછી બતાવવાનું કોઈ તાર્કિક કારણ સ્પષ્ટ થતું નથી. તેમજ સરકારશ્રી દ્વારા યુનિવર્સિટીની મિલ્કતોની જાળવણી અને મરામત માટે અલગ ગ્રાંટ પણ ફાળવેલ છે. તેથી આ રીતે ઘસારો કયા હેતુ માટે ગણવામાં આવે છે તે બાબતે આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

(બ)....... દ્વિનોંધી નામાપધ્ધતિના સામાન્ય સિધ્ધાંતો મુજબ મિલ્કતો કોઈરૂપે ઘસાઈ જાય/ બિનઉપયોગી બની જાય ત્યારે નવી મિલ્કત ઉભી કરી શકાય તે હેતુથી મિલ્કતો ઉપર ઘસારો ગણી ખર્ચ દર્શાવી અલગફંડ ઉભું કરવામાં આવે છે અને તેનું રોકાણ કરવામાં આવે છે. જેથી જયારે નવી મિલ્કતી ઉભી કરીવાની જરૂરીયાત ઉપસ્થિત થાય ત્યારે ફંડ/ રોકાણમાંથી નવી મિલ્કત ઉભી કરી શકાય. પરંતુ યુનિવર્સિટી દ્વારા આવું અલગ ફંડ રાખેલ નથી કે રોકાણ કરેલ નથી. અને આમ, મિલ્કતોની પુનઃ ખરીદી કરવા માટેની કોઈ વ્યવસ્થા નથી. તેથી ઘસારો બાદ કરવાનો કોઈ અર્થ રહેતો નથી. વધુમાં ધ્યાન ખેંચતી બાબત એ છે કે, કુલ મિલ્કતો સામે ૪૭.૦૪% (૭,૩૬,૧૫,૨૪૧–૧૨ X ૧૦૦ - ૧૫,૬૫,૦૧,૬૧૯–૭૬) ઘસારો ગણી મિલ્કતો ઓછી આકારેલ છે. એટલે કે ૪૭.૦૪% મિલ્કતો ઘસાઈ ગઈ છે. પરંતુ નવી મિલ્કતો ઉભી કરવા કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી કે કોઈ ફંડ ઉપલબ્ધ નથી. તો આ

માટે જોગવાઈ ન કરવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.

(ક).... યુનિવર્સિટીની મિલ્કતો યુનિવર્સિટી ગ્રાંટ કમિશન, રાજ્ય સરકાર તથા દાતાઓ પાસેથી મળેલ દાનમાંથી ઉભી કરવામાં આવેલ છે. યુ.જી.સી. અને રાજ્ય સરકાર દ્વારા આવી મિલ્કતો અંગે અલગ રજીસ્ટર રાખવા અને તે મિલ્કતો અન્ય કોઈને તબદીલ કરવાનો અધિકાર પોતાની પાસે સુરક્ષિત રાખવામાં આવતો હોય છે. તો આવી અન્યની માલિકીની મિલ્કતો અંગે ઘસારો ગણવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.

ઉપરોક્ત (અ)(બ) અને (ક)ની વિગતો જોતાં યુનિવર્સિટીના વાર્ષિક હિસાબ તેટલા અંશે ખામીયુક્ત હોઈ સ્પષ્ટતા થવી ઘટે.

(૫) વાર્ષિક હિસાબમાં પાના નં.૨૯ માં જનરલફંડની રકમ રૂ. ૧,૦૧,૯૭,૯૦૨–૦૯, કેપીટલફંડની રકમ રૂ.૬,૬૫,૭૪,૮૦૯–૬૬ તથા પુસ્તકફંડની રકમ રૂ.૫૧,૭૦,૫૯૯–૮૬ મળી કુલ રૂ.૮,૧૯,૪૩,૩૧૧–૬૧ દર્શાવેલ છે. જ્યારે સદર રકમ પરિશિષ્ટ–એફ પાના નં. ૫૮ ઉપર રૂ.૮,૨૮,૮૬,૩૭૮–૬૪ દર્શાવેલ છે. આમ, તફાવત રૂ.૯,૪૩,૦૬૭–૦૩ અંગે પણ સ્પષ્ટતા થવી ઘટે.

(૬) યુનિવર્સિટી દ્વારા વર્ષ દરમ્યાન ઘસારા ખાતે ઉધારેલ રકમ રૂ.૭,૩૬,૧૫,૨૪૧–૧૨ સામે જનરલફંડમાંથી રૂ. ૧૩,૪૩,૮૧૪–૦૦, કેપીટલફંડમાંથી રૂ. ૬,૧૬,૭૫૧–૦૦ તથા પુસ્તકફંડમાંથી રૂ.૭,૮૦,૧૧૦–૦૦ તેમજ બીજા ફંડોમાંથી રૂ.૩,૫૪,૭૭,૭૪૮–૭૫ મળી કુલ રૂ.૩,૮૨,૧૮,૪૨૩–૭૫ ઉપરોક્ત ફંડમાંથી બાદ કરવામાં આવેલ છે. આ અંગે નીચેની વિગતે સ્પષ્ટતા થવી ઘટે.

(અ) વાર્ષિક હિસાબમાં મિલ્કત–લેણાં બાજુ કાયમી મિલ્કતોમાંથી

અત્યારસુધીનો કુલ ઘસારો રૂા.૭,૩૬,૧૫,૨૪૧–૧૨ દર્શાવવામાં આવેલ છે. જ્યારે મૂડી–દેવાં બાજુ ઉપર જણાવ્યા મુજબ ફકત એકજ વર્ષનો ઘસારો બાદ કરી દર્શાવવામાં આવેલ છે. તો મિલ્કતોમાં અગાઉના વર્ષો સહીતનો ઘસારો કયા કારણસર દર્શાવવામાં આવે છે તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(બ) ઉપર દર્શાવ્યા મુજબ યુનિવર્સિટીમાં મિલ્કતો ઉપરનો ઘસારો મિલ્કતમાંથી બાદ કરવાની અને તેની બીજી અસર જનરલફંડ, કેપીટલફંડ અને પુસ્તકફંડમાંથી બાદ કરવાની પ્રથા છે. કાયમી મિલ્કતો ઉપરનો કુલ ઘસારો રૂા.૭,૩૬,૧૫,૨૪૧–૧૨ છે. જ્યારે ઉપર દર્શાવેલ ચારેય ફંડનો સરવાળો (૧૩,૪૩,૮૧૪ + ૬,૧૬,૭૫૧ + ૭,૮૦,૧૧૦ + ૩,૫૪,૭૭,૭૪૮–૭૫)૩,૮૨,૧૮,૪૨૩–૭૫ થાય છે. જે કુલ ઘસારાની કુલ રકમ કરતાં રૂા.૩,૫૩,૯૬,૮૧૭–૩૭ જેટલો ઓછો છે. તો આ ઘસારાની રકમ કરતાં ઉપરોક્ત ચારેય ફંડનો સરવાળો ઓછો થવાના કારણોની સ્પષ્ટતા થવી ઘટે.

આમ, વાર્ષિક હિસાબમાં મિલ્કતોમાંથી અત્યાર સુધીનો એકત્રિત ઘસારો બાદ કરી દર્શાવી અને જુદા જુદા ફંડમાંથી ઘસારાની રકમ દરેક વર્ષની વર્ષ પૂરતી જ બાદ કરી દર્શાવવાની અલગ પધ્ધતિ કયા હેતુથી રાખવામાં આવેલ છે. તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે અને આમ ન થવાથી વાર્ષિક હિસાબ ઉપરથી ઘસારાની સ્થિતિનું સાચું ચિત્ર સ્પષ્ટ થતું નથી.

(૭) સામાન્ય ભવિષ્યનિધિના પી.એફ.ના વ્યાજ પેટે રજીસ્ટરની ચકાસણી કરતાં સને ૨૦૦૫–૦૬ અંતિત વ્યાજની રકમ રૂા. ૧૧,૩૫,૦૭૯ વધુ મળેલ દર્શાવેલ છે. જેમાં સને ૨૦૦૬–૦૭ ના વર્ષમાં વધુ મળેલ વ્યાજની રકમ રૂા. ૧૨,૮૫,૧૧૮ ઉમેરતાં કુલ રૂા.૨૪,૨૦,૧૯૭–૦૦ આવે છે. તે સામે સને ૨૦૦૬–૦૭ના વાર્ષિક હિસાબમાં રૂા.૧,૦૯,૧૪,૩૬૫–૦૦ લેવાતાં તફાવત રૂા.૮૪,૯૪,૧૬૮–૦૦ આવે છે.

તેમજ પ્રો.ફંડના વાર્ષિક હિસાબમાં લેણાં ખાતે રૂા.૧૩,૧૫,૦૫૨–૦૦ ગુજરાત યુનિવર્સિટી જનરલફંડ ખાતે દર્શાવેલ રકમ કયા હિસાબમેળની છે તે સ્પષ્ટ થતું ના હોઈ આ બાબતે આધારસહ હિસાબમેળ કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

(૮) લેજરમાં દર્શાવેલ પાર્ટી ઓન એકાઉન્ટ તરીકે ચૂકવાયેલ સરભર થયા વગરની રકમ રૂા.૯,૩૫,૫૭,૩૨૩–૦૦ છે. પાર્ટીઓ દ્વારા ખર્ચ સમયસર સરભર ન થવાને કારણે વાર્ષિક હિસાબોમાં રકમ સરભર ન થતાં વાર્ષિક હિસાબો સાચા ન હોવાનું નકારી શકાય નહીં. જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

ગુજરાત યુનિવર્સિટી એક્ટ–૧૯૪૯ ની કલમ–૪૯ તેમજ ૫૦ ની જોગવાઈ મુજબ સંસ્થાના અંદાજો તેમજ વાર્ષિક હિસાબો સેનેટ (કોર્ટ) પાસે મંજુર કરાવવાના રહેતા હોવા છતાં, વાર્ષિક વહીવટી અહેવાલમાં દર્શાવ્યા મુજબ સેનેટ (કોર્ટ) દ્વારા ફકત અંદાજો તેમજ સુધારેલ અંદાજો મંજુર કરવામાં આવે છે. એટલે કે વાર્ષિક હિસાબો મંજુરી અર્થે સેનેટ સમક્ષ રજૂ થતા ન હોવાનું અને તે રીતે કાયદાકીય દ્રષ્ટિકોણથી મંજુર થયા વગરના વાર્ષિક હિસાબો રજુ થતા હોવાનું ઓડીટ મંતવ્ય છે. તો સંસ્થાએ તાત્કાલિક ધોરણે સેનેટ (કોર્ટ) સમક્ષ વાર્ષિક હિસાબો મંજુર કરાવવા જોઈએ તેમજ તેની ઓડીટને આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

ઉપરોકત તમામ મુદ્દાઓ જોતાં યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ આવક–ખર્ચની સાચી માહિતી અને પાકું સરવૈયું તા. ૩૧–૩–૨૦૦૭ નારોજની યુનિવર્સિટીની નાણાંકીય સ્થિતિનું વાસ્તવિક ચિત્ર રજુ કરતાં નથી.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૨૪ નો જવાબ રજૂ થયેલ નથી.

## પરિશિષ્ટ નંબર: ૨(૧)

ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબના પત્રકમાં અને ગ્રાંટ પત્રકમાં દર્શાવેલ ઉઘડતી સિલક, મળેલ ગ્રાંટ, થયેલ ખર્ચ અને બંધ સિલકમાં આવતા તફાવતની વિગત દર્શાવતું પત્રક સને ૨૦૦૬–૨૦૦૭

| ક્રમ | ગ્રાંટનો પ્રકાર | હિસાબી વિગતનો પ્રકાર | ઉઘડતી સિલક. રૂા. | મળેલ ગ્રાંટ .રૂા. | કુલ ગ્રાંટ.રૂા. | થયેલ ખર્ચ.રૂા. | બંધસિલક. રૂા. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાત સરકાર | વાર્ષિક હિસાબ મુજબ | ૧,૮૦,૪૧,૯૨૭-૦૦ | ૧૦,૧૧,૭૨,૮૦૬-૬૭ | ૧૧,૯૨,૧૪,૭૩૩-૬૭ | ૧૦,૪૫,૪૬,૯૩૮-૬૭ | ૧,૪૬,૬૭,૭૯૫-૯૬ |
| | | ગ્રાંટ રજીસ્ટર મુજબ. | ૫,૭૦,૫૧,૯૭૮-૬૪ | ૧૦,૧૧,૭૨,૮૦૬-૬૭ | ૪,૪૧,૨૦,૮૨૮-૦૩ | (–) ૧૧,૫૮,૧૦,૦૩૩-૦૦ | (–) ૭,૧૬,૮૯,૨૦૫-૩૯ |
| | | તફાવત. | (–) ૩,૯૦,૧૦,૦૫૧-૬૪ | ------- | ૭,૫૦,૯૩,૯૦૫-૬૪ | ૧,૧૨,૬૩,૦૯૪-૭૫ | (–) ૫,૭૦,૨૧,૪૦૯-૪૩ |
| ૨ | કેન્દ્ર સરકાર | વાર્ષિક હિસાબ મુજબ | ૬૩,૧૪,૬૩૪-૮૯ | ૧,૫૧,૧૩,૫૭૫-૩૩ | ૨,૧૪,૨૮,૨૧૦-૩૧ | ૮,૫૦,૯૯૮-૩૩ | ૨,૦૫,૭૭,૨૧૧-૯૭ |
| | | ગ્રાંટ રજીસ્ટર મુજબ. | ૪૯,૨૧,૮૫૩-૫૨ | ૧,૫૧,૧૩,૩૮૫-૬૩ | ૨,૦૦,૩૫,૬૧૮-૫૫ | ૮,૫૧,૧૮૮-૦૩ | ૧૪,૫૯,૩૩૪-૪૬ |
| | | તફાવત. | ૧૩,૯૨,૭૮૧-૪૬ | (–) ૧૮૯-૭૦ | ૧૩,૯૨,૫૯૧-૭૬ | ૯,૧૮૯-૦૦ | ૧૪,૫૯,૩૩૪-૪૬ |
| ૩ | યુ.જી.સી. | વાર્ષિક હિસાબ મુજબ | ૧૧,૦૨,૪૧,૭૭૭-૨૬ | ૨,૮૪,૧૫,૯૪૫-૦૦ | ૧૩,૮૬,૫૭,૭૨૨-૨૬ | ૭,૫૪,૭૩,૭૭૨-૭૨ | ૬,૩૧,૮૩,૯૪૯-૫૪ |
| | | ગ્રાંટ રજીસ્ટર મુજબ. | ૧૦,૪૮,૭૫,૫૬૮-૨૨ | ૨,૮૪,૧૫,૯૪૫-૦૦ | ૧૩,૩૨,૯૧,૫૧૩-૨૨ | ૭,૫૪,૯૫,૮૭૧-૭૨ | ૫,૭૭,૯૫,૬૪૧-૫૦ |
| | | તફાવત. | ૫૩,૩૬,૨૦૯-૦૪ | ------- | ૫૩,૬૬,૨૦૯-૦૪ | (–) ૨૨,૦૯૯-૦૦ | ૫૩,૮૮,૩૦૮-૦૪ |
| ૪ | અન્ય | વાર્ષિક હિસાબ મુજબ | ૨૨,૯૦,૪૫૩-૮૮ | ૨૯,૧૧,૪૦૧-૦૦ | ૫૨,૦૧,૮૫૪-૮૮ | ૧૩,૪૪,૨૬૫-૦૦ | ૩૮,૫૭,૫૮૯-૮૮ |
| | | ગ્રાંટ રજીસ્ટર મુજબ. | ૨૨,૯૦,૪૫૩-૮૮ | ૪૧,૩૧,૪૦૧-૮૮ | ૬૪,૨૧,૮૫૪-૮૮ | ૧૩,૪૪,૨૬૫-૦૦ | (–) ૫૦,૭૭,૫૮૯-૮૮ |
| | | તફાવત. | ------- | (–) ૧૨,૨૦,૦૦૦-૦૦ | ૧૨,૨૦,૦૦૦-૦૦ | ------- | (–) ૧૨,૨૦,૦૦૦-૦૦ |

## પરિશિષ્ટ નંબરઃ ૨(૨)

વાર્ષિક હિસાબો અને ગ્રાંટના પત્રક મુજબ ગ્રાંટની આવક– ખર્ચના હિસાબો... સને ૨૦૦૬–૦૭

**વાર્ષિક હિસાબો મુજબ**

| | આવક | ખર્ચ. | આવકનો વધારો. |
|---|---|---|---|
| રાજય સરકાર | ૧૦,૪૫,૪૨,૬૪૮-૬૭ | ૧,૦૦,૫૨,૨૭૨-૦૦ | ૯,૪૪,૯૦,૩૭૬-૬૭ |
| મઘ્યસ્થ સરકાર | ૮,૫૦,૯૯૮-૩૩ | ૫,૪૯,૪૭૧-૦૦ | ૩,૦૧,૫૨૭-૩૩ |
| યુ.જી.સી. | ૭,૪૯,૬૫,૩૬૨-૭૨ | ૭,૪૯,૩૫,૮૮૯-૭૨ | ૨૯,૪૭૩-૦૦ |
| અન્ય | ૧૩,૪૪,૨૬૫-૦૦ | ૧૩,૪૪,૨૬૫-૦૦ | ------- |
| કુલ....રૂા... | ૧૮,૧૭,૦૩,૨૭૪-૭૨ | ૮,૬૮,૮૧,૮૯૭-૭૨ | ૯,૪૮,૨૧,૩૭૭-૦૦ |

**ગ્રાંટ રજીસ્ટર મુજબ**

| | આવક | ખર્ચ. | આવક કરતાં ખર્ચનો વધારો. |
|---|---|---|---|
| રાજય સરકાર | ૧૦,૧૧,૭૨,૮૦૬-૬૭ | ૧૧,૫૮,૧૦,૦૩૩-૪૨ | ૧,૪૬,૩૭,૨૨૬-૭૫ |
| યુ.જી.સી. | ૨,૮૪,૧૫,૯૪૫-૦૦ | ૭,૫૪,૯૫,૮૭૧-૭૨ | ૪,૭૦,૭૯,૯૨૬-૭૨ |
| મઘ્યસ્થ સરકાર | ૧,૫૧,૧૩,૩૮૫-૬૩ | ૮,૫૧,૧૮૮-૦૩ | આવકનો વધારો ૧,૪૨,૬૨,૧૯૭-૬૦ |
| અન્ય | ૪૧,૩૧,૪૭૧-૦૦ | ૧૩,૪૪,૨૬૫-૦૦ | આવકનો વધારો ૨૭,૮૭,૧૩૬-૦૦ |

**ફકરા નંબરઃ ૬** **વાર્ષિક હિસાબમાં પરિશિષ્ટ–એ બીજા ફંડોમાં દર્શાવેલ ફંડનાં આવક–ખર્ચના હિસાબો રજૂ થવા અંગે તથા તફાવત બાબતે સ્પષ્ટતા થવા અંગે...**

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬--૦૭ ના વર્ષના હિસાબોના અન્વેષણ દરમ્યાન મૂડી–દેવા બાજુ બીજા ફંડના સદરે રૂા.૧૮,૨૯,૦૭,૪૧૭–૦૦ સિલક તરીકે દર્શાવેલ છે. વાર્ષિક હિસાબી સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ વિગત ચકાસતાં નીચે દર્શાવેલ ઓડીટનોંધની પૂર્તતા થવી ઘટે.

(૧) આ ફંડો યુનિ.એકટ કે નિયમની કઈ જોગવાઈને આધારે મેળવવામાં આવે છે? ફંડ ઉભું કરવાનો હેતુ તથા કયા કયા આવકના સાધનો દ્વારા ફંડ ઉભું કરવામાં આવેલ છે તેની આધારસહ વિગત રજૂ કરવી ઘટે.

(૨) ફંડ કયાંથી મેળવવામાં આવે? કેવી રીતે ફંડ મેળવવું? આ બાબતે સત્તામંડળ દ્વારા કોઈ ઠરાવ કરાવેલ હોય તો તેની પ્રમાણિત નકલ રજૂ થવી ઘટે.

(૩) ઉકત ફંડમાંથી કેવા પ્રકારનો ખર્ચ કરવામાં આવે છે. જમીન વિકાસ ફંડ, એમ.સી.એ.ફંડ, ગ્રંથાલય ડેવલપમેન્ટ ફંડ, યુનિ. એજયુ.રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડમાં કરાયેલ ખર્ચ માટે બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે કે કેમ? બજેટ સિવાયના ખર્ચ –વહીવટી મંજુરી સાથેના ખર્ચા કરવામાં આવેલ છે કે કેવા પ્રકારના ખર્ચ કરવામાં આવેલ છે? તેની વિગત જણાવવા વિનંતી છે.

(૪) ઈયર માર્કેટફંડ ઉભું કરવા માટેના હેતુ– ફંડ મેળવ્યાનો હિસાબ રજુ થવો ઘટે તેમજ ફંડ ઉભું કરવા છતાં કોઈ પ્રકારનો ખર્ચ થયેલ નથી ત્યારે આ

ફંડની જરૂરીયાત હતી કે કેમ તેની ચકાસણી કરી જો ઉકત ફંડની જરૂરીયાત ના જણાતી હોય તો ફંડ કલોઝ કરી યુનિવર્સિટી ફંડ ખાતે રકમ જમા લઈ યુનિવર્સિટીની કુલ ખોટ ઓછી કરવામાં હિસાબોની ખોટ ઘટાડવામાં યુનિવર્સિટી અસરકારક પગલું ભરી શકે તેવું ઓડીટનું માનવું છે.

(૫) જે હેતુ માટે ફંડ ઉભું કરવામાં આવે તે હેતુ પૂર્ણ કરવા જયારે નાણાંની જરૂર પડે ત્યારે તે ફંડનું જો અલગ ખાતું ખોલી રોકાણ કરવામાં આવેલ હોત તો જે તે ફંડના નાણાંનું વ્યાજ તથા મુદ્દલમાંથી ખર્ચ કરી શકાય. પરંતુ યુનિવર્સિટી દ્વારા આ માટે કોઈ અલગ બેંક ખાતું હોવાનું ઓડીટને જાણવા મળેલ નથી સ્પષ્ટતા થવી ઘટે.

(૬) (અ)...પરિશિષ્ટ–એચ પાના નં.૬૦ વાર્ષિક હિસાબમાં બી.એડ.ફંડમાં રૂા.૮૯,૮૮,૧૫૮ જમા બાકી દર્શાવેલ છે.

(બ)...પરિશિષ્ટ–એ માં બી.એડ.ફંડની ઓપનીંગ બેલેન્સ રૂા. ૧,૦૬,૦૭,૮૬૬ અને કલોઝીંગ બેલેન્સ રૂા.૧,૦૬,૦૭,૮૬૬ છે. વર્ષ દરમ્યાન આવક–ખર્ચ દર્શાવેલ નથી. આટલી બધી વિસંગતતા બાબતે સ્પષ્ટતા થવી ઘટે. તેમજ ફંડની આવકની વિગત નીચે દર્શાવેલ વિગતે ઓડીટને રજૂ થવી ઘટે.

| ક્રમ.નં. | કોલેજનું નામ | નાણાં મળ્યા તારીખ ચેક નંબર | રકમ. રૂા. | ફંડ મેળવવાનો હેતુ અને ઉપયોગની વિગત. |
|---|---|---|---|---|

(ક)... ઉપર દર્શાવેલ વિગત પ્રમાણે "અ" અને "બ" ના તફાવતની સ્પષ્ટતા તથા પત્રકની વિગતવાર માહિતી પ્રમાણિત કરી ઓડીટને રજૂ કરવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૩૫ નો જવાબ રજૂ થયેલ છે. પરંતુ પ્રા.વાંધાના ફકરા નં. ૧ થી ૬ માં દર્શાવેલ વિગતોની આધારસહ પૂર્તતા કરાયેલ નથી. તેમજ રેકર્ડ આધારીત ખાત્રી પણ કરાવેલ ના હોઈ ફકરો ચાલુ રાખવામાં આવે છે તેમજ હિસાબોની પારદર્શકતાની ખાત્રી માટે ઓડીટને રેકર્ડ આધારીત ખાત્રી આગામી ઓડીટે થવી ઘટે.

**<u>ફકરા નંબરઃ ૭</u>** **વાર્ષિક હિસાબ અને ગ્રાંટ રજીસ્ટરમાં દર્શાવેલ રકમમાં આવતો આવક–ખર્ચનો તફાવત દૂર કરવા બાબત...**

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના વર્ષ ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન ગ્રાંટ રજીસ્ટર અને વાર્ષિક હિસાબની ચકાસણી કરતાં સામેલ પરિશિષ્ટ–૩ માં દર્શાવેલ વિગતે મોટા પ્રમાણમાં આવકની વિગતમાં તફાવત જોવા મળેલ છે. જે બાબતે નીચે મુજબની ઓડીટને સ્પષ્ટતા થવી ઘટે.

રાજય સરકાર, કેન્દ્ર સરકાર, યુનિવર્સિટી ગ્રાંટસ્ કમિશન તરફથી તથા અન્ય ગ્રાંટની આવકની વિગત ગ્રાંટ રજીસ્ટરમાં દર્શાવવામાં આવેલ છે. વર્ષાન્તે, વર્ષ દરમ્યાન થયેલ ખર્ચ અને રહેલ બચતની વિગત દર્શાવતું સ્ટેટમેન્ટ પણ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવે છે.

ઉપર મુજબ વાર્ષિક હિસાબમાં પણ ગ્રાંટની આવકની વિગત દર્શાવવામાં આવે છે. બંને હિસાબ સત્તાધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવતા હોવા છતાં જયારે ઓડીટ દ્વારા ઉકત હિસાબોની ચકાસણી દરમ્યાન આ સાથેના પરિશિષ્ટમાં વાર્ષિક હિસાબમાં દર્શાવેલ આવકની સામે ગ્રાંટ રજીસ્ટરમાં દર્શાવેલ આવકની વિગત દર્શાવી તફાવત કાઢેલ છે. જેની વિગતની ચકાસણી કરતાં વાર્ષિક હિસાબમાં કોઈ વિગતમાં રકમ વધુ છે તો કોઈ રકમ ઓછી છે તથા કોઈ રકમ ગ્રાંટ સ્ટેટમેન્ટમાં વાર્ષિક હિસાબ કરતાં વધુ છે. તો કોઈ રકમ ઓછી દર્શાવેલ છે. આમ, હિસાબોની પારદર્શકતા તથા સાતત્યની ખરાઈ થઈ શકે તે માટે તફાવતનાં કારણોની આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૪૯ નો જવાબ રજૂ થયેલ નથી.

## <u>પરિશિષ્ટ નંબર: ૩(૧)</u>

### તા.૧–૪–૨૦૦૬ થી તા.૩૧–૩–૨૦૦૭ સુધીના આવક–ખર્ચના હિસાબો.

### ગ્રાંટમાંથી આવક તથા ખર્ચ <u>(રાજ્ય સરકાર તરફથી)</u>

| ક્રમ | ગ્રાંટની વિગત | વાર્ષિક હિસાબ મુજબ રૂા. | ગ્રાંટ રજીસ્ટર મુજબ. રૂા. | તફાવત રૂા. વધુ/ ઓછા |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | આર્થિક પછાતવર્ગ શિષ્યવૃતિ કાયદાશાસ્ત્ર ભવન. | ૭,૪૬૦-૦૦ | ૭,૪૬૦-૦૦ | ----- |
| ૨ | આર્થિક પછાતવર્ગ શિષ્યવૃતિ ગ્રંથાલય શાસ્ત્ર ભવન. | ૯,૪૫૦-૦૦ | ૧૭,૬૭૫-૦૦ | – ૮,૨૨૫-૦૦ |
| ૩ | આર્થિક પછાતવર્ગ શિષ્યવૃતિ ભાષાસાહિત્ય ભવન. | ૪,૦૪,૬૦૦-૦૦ | ૫,૩૯,૬૫૫-૦૦ | – ૧,૩૫,૦૫૫-૦૦ |
| ૪ | આર્થિક પછાતવર્ગ શિષ્યવૃતિ વિજ્ઞાન ભવન. | ૧,૪૬,૭૭૫-૦૦ | ૫૧,૪૧૦-૦૦ | ૯૭,૩૬૫-૦૦ |
| ૫ | સમાજવિદ્યા ભવન | ૧,૫૬,૦૫૦-૦૦ | ૧,૯૫,૩૯૦-૦૦ | – ૩૯,૩૪૦-૦૦ |
| ૬ | આવર્તક ગ્રાંટ. | ૯,૪૨,૭૫,૦૦૦-૦૦ | ૯,૪૨,૭૫,૦૦૦-૦૦ | ----- |
| ૭ | ગુજ. કોષ્ટ પ્રોજેક્ટ ડો.એમ.બી.રાવ | ૭૭,૩૦૦-૦૦ | ----- | ૭૭,૩૦૦-૦૦ |
| ૮ | ગુજ.કોષ્ટ પ્રોજેક્ટ સેન્ટર ફોર એક્સેલન્ટ ડો.યુ.સી.પાંડયે. | ૫,૫૦,૦૦૦-૦૦ | ૫,૫૦,૦૦૦-૦૦ | ----- |
| ૯ | ગ્રાંટ ફોર ઓનલાઈન. | ૨૯,૦૧,૪૦૬-૦૦ | ----- | ૨૯,૦૧,૪૦૬-૦૦ |
| ૧૦ | નેશનલ મેરીટ સ્કોલરશીપ ભાષાસાહિત્ય ભવન. | ૧૧,૫૨૦-૦૦ | ૧૪,૯૬૦-૦૦ | – ૩,૪૪૦-૦૦ |
| ૧૧ | નેશનલ મેરીટ સ્કોલરશીપ મનોવિજ્ઞાન ભવન. | ----- | ૨૨,૫૦૦-૦૦ | ૨૨,૫૦૦-૦૦ |
| ૧૨ | નેશનલ મેરીટ સ્કોલરશીપ વાણિજ્ય વિદ્યાભવન. | ----- | ૮,૯૪૦-૦૦ | – ૮,૯૪૦-૦૦ |
| ૧૩ | નેશનલ મેરીટ સ્કોલરશીપ વિજ્ઞાનવિદ્યા ભવન. | ૨૨,૭૪૦-૦૦ | ૧,૨૨,૬૦૦-૦૦ | – ૯૯,૮૬૦-૦૦ |
| ૧૪ | નેશનલ મેરીટ સ્કોલરશીપ સમાજવિદ્યા ભવન. | ૧૦,૩૮૦-૦૦ | ૧૮,૩૮૦-૦૦ | – ૮,૦૦૦-૦૦ |
| ૧૫ | પછાતવર્ગ શિષ્યવૃત્તિ કોમ્પ્યુટરસેન્ટર. | ૪૭,૬૫૬-૦૦ | ૫૧,૭૭૬-૦૦ | – ૪,૧૨૦-૦૦ |
| ૧૬ | પછાતવર્ગ શિષ્યવૃત્તિ ભાષાસાહિત્ય ભવન. | ૧૧,૪૬,૧૩૧-૦૦ | ૧૦,૬૯,૬૫૦-૦૦ | ૭૬,૪૮૧-૦૦ |
| ૧૭ | પછાતવર્ગ શિષ્યવૃત્તિ સમાજવિદ્યા ભવન. | ૧૦,૯૬,૦૦૫-૦૦ | ૧૦,૫૨,૭૮૦-૦૦ | ૪૩,૨૨૫-૦૦ |
| ૧૮ | પછાતવર્ગ શિષ્યવૃત્તિ કાયદાશાસ્ત્ર ભવન. | ૨૩,૯૦૦-૦૦ | ૨૩૯૦૦-૦૦ | ----- |
| ૧૯ | પછાતવર્ગ શિષ્યવૃત્તિ ગ્રંથાલયશાસ્ત્ર ભવન. | ૧૨,૧૩૦-૦૦ | ----- | ૧૨,૧૩૦-૦૦ |
| ૨૦ | પછાતવર્ગ શિષ્યવૃત્તિ જર્નાલિઝમ વિભાગ. | ૫,૭૦૦-૦૦ | ૫,૭૦૦-૦૦ | ----- |
| ૨૧ | પછાતવર્ગ શિષ્યવૃત્તિ બી.એમ.એસ. | ૮,૭૮૦-૦૦ | ----- | ૮,૭૮૦-૦૦ |
| ૨૨ | પછાતવર્ગ શિષ્યવૃત્તિ મનોવિજ્ઞાન ભવન. | ૨૮,૪૫૦-૦૦ | ૬૨,૮૫૦-૦૦ | – ૩૪,૪૦૦-૦૦ |
| ૨૩ | પછાતવર્ગ શિષ્યવૃત્તિ વાણિજ્ય ભવન. | ૩૩,૬૨૦-૦૦ | ૧૭,૧૮૦-૦૦ | ૧૬,૪૪૦-૦૦ |
| ૨૪ | પછાતવર્ગ શિષ્યવૃત્તિ વિજ્ઞાનવિદ્યા ભવન. | ૨,૯૬,૭૯૫-૦૦ | ૨,૧૦,૪૭૦-૦૦ | ૮૬,૩૨૫-૦૦ |
| ૨૫ | ફેલોશીપ રાજ્ય સરકાર તરફથી. | ----- | ----- | ------ |
| ૨૬ | આર્થિક પછાત શિષ્યવૃતિ વાણિજ્ય ભવન. | ૫૩,૧૭૦-૦૦ | ૮૫,૬૫૦-૦૦ | – ૩૨,૪૮૦-૦૦ |
| ૨૭ | રાષ્ટ્રીય સેવા યોજના. | ૨,૪૫,૩૭૬-૬૭ | ૬,૬૬,૬૬૬-૬૭ | – ૪,૨૧,૨૯૦-૦૦ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
|---|---|---|---|---|
| ૨૮ | રાષ્ટ્રીય સેવા યોજના શિબિરો. | ----- | ૬,૨૫,૦૦૦-૦૦ | – ૬,૨૫,૦૦૦-૦૦ |
| ૨૯ | શારીરિક અશકત અપંગ વિદ્યાર્થી માટે શિષ્યવૃતિ. | ----- | ----- | ----- |
| ૩૦ | સર્વ શિક્ષણ અભિયાન ગ્રાંટ. | ૧,૭૬,૮૭૩-૦૦ | ૧,૭૩,૮૭૩-૦૦ | ----- |
| ૩૧ | હાયર એકજ્યુકેશન સ્કોલરશીપ. | ૭,૨૮,૪૮૧-૦૦ | ૭,૩૬,૬૮૧-૦૦ | – ૮,૨૦૦-૦૦ |
| ૩૨ | જી.એસ.બી.ટી.એમ.પ્રોજેકટ ડૉ.એસ.દવે. | ૨૦,૯૯,૯૦૦-૦૦ | ૫,૨૫,૦૦૦-૦૦ | ૧૫,૭૪,૯૦૦-૦૦ |
| | કુલ આવક...રૂા................. | ૧૦,૪૫,૪૨,૬૪૮-૬૭ | ૧૦,૧૧,૩૧,૧૪૬-૬૭ | ૩૪,૧૧,૫૦૨-૦૦ |

## <u>પરિશિષ્ટ નંબર: ૩(૨)</u>

### તા.૧–૪–૨૦૦૬ થી તા.૩૧–૩–૨૦૦૭ સુધીના આવક–ખર્ચના હિસાબો.

### ગ્રાંટમાંથી આવક તથા ખર્ચ <u>(મધ્યસ્થ સરકાર તરફથી)</u>

| ક્રમ | ગ્રાંટની વિગત | વાર્ષિક હિસાબ મુજબ રૂા. | ગ્રાંટ રજીસ્ટર મુજબ. રૂા. | તફાવત રૂા. વધુ/ ઓછા |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | M.Sc. બાયોટેકનોલોજી D.S.T. કેમેસ્ટ્રી વિભાગ ડો.એસ.આર.દવે. | ૨૯,૩૮૦-૦૦ | ----- | ૨૯,૩૮૦-૦૦ |
| ૨ | ડી.એ.સ.ટી.રીસર્ચ પ્રોજેકટ ડો.એસ.કે.મેનન કેમેસ્ટ્રી વિભાગ. | ૧૦,૩૨૭-૦૦ | ૩,૦૩,૬૪૨-૦૦ | – ૨,૯૩,૩૧૫-૦૦ |
| ૩ | ડી.એસ.ટી.રીસર્ચ પ્રોજેકટ ડો.પ્રણવ શ્રીવાસ્તવ કેમેસ્ટ્રી વિભાગ. | ----- | ----- | ----- |
| ૪ | ડી.બી.ટી.સી.રીસર્ચ પ્રોજેકટ ડો.એસ.આર.દવે માઈક્રો વિભાગ–૧ | ૩,૫૩,૧૭૦-૦૦ | ----- | ૩,૫૩,૧૭૦-૦૦ |
| ૫ | ડી.બી.ટી.સી.રીસર્ચ પ્રોજેકટ ડો.એસ.આર.દવે માઈક્રો વિભાગ–૨ | ૧,૫૬,૫૯૪-૦૦ | ----- | ૧,૫૬,૫૯૪-૦૦ |
| ૬ | પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ કોર્સના વિદ્યાર્થીઓ માટે. | ----- | ૧,૬૦૦-૦૦ | – ૧,૬૦૦-૦૦ |
| ૭ | મીનીસ્ટ્રી ઓફ લેબર અને ઈ.એન.પી.વિભાગ. | ----- | ----- | ----- |
| ૮ | રાષ્ટ્રીય સેવા યોજના. | ૩,૦૧,૫૨૭-૩૩ | ૯,૩૩,૩૩૩-૩૩ | – ૬,૩૧,૮૦૬-૦૦ |
| ૯ | રાષ્ટ્રીય સેવા યોજના શિબિરો. | ----- | ૮,૭૫,૦૦૦-૦૦ | – ૮,૭૫,૦૦૦-૦૦ |
| | કુલ આવક.....રૂા.................... | ૮,૫૦,૯૯૮-૩૩ | ૨૧,૧૩,૫૭૫-૩૩ | – ૧૨,૬૨,૫૭૭-૦૦ |

## પરિશિષ્ટ નંબર: ૩(૩)

### તા.૧–૪–૨૦૦૬ થી તા.૩૧–૩–૨૦૦૭ સુધીના આવક–ખર્ચના હિસાબો.

### ગ્રાંટમાંથી આવક તથા ખર્ચ (યુનિ.ગ્રાંટ કમિશન તરફથી)

| ક્રમ | ગ્રાંટની વિગત | વાર્ષિક હિસાબ મુજબ રૂા. | ગ્રાંટ રજીસ્ટર મુજબ. રૂા. | તફાવત રૂા. વધુ/ ઓછા |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | ઈ.એમ.આર.સી.પ્રિ.સ્કુલ ટી.વી.પ્રોગ્રામ. | ----- | ----- | ----- |
| ૨ | ઈન્ડો બ્રીટીશ ટી.વી. | ----- | ----- | ----- |
| ૩ | ઈન્ફોનેટ પ્રોગ્રામ. | ૨,૯૯,૦૧૪-૦૦ | ----- | ૨,૯૯,૦૧૪-૦૦ |
| ૪ | એકેડેમીક સ્ટાફ કોલેજ (આવર્તક તથા અનાવર્તક) કોમ્પ્યુ.લેબ. | ૧૭,૬૪,૧૯૮-૮૯ | ૪૫,૯૬,૮૧૮-૦૦ | – ૨૮,૩૨,૬૧૯-૧૧ |
| ૫ | એજ્યુકેશન મીડીયા રીસર્ચ સેન્ટર (આવર્તક તથા અનાવર્તક) | ૨,૭૧,૭૭,૧૭૯-૮૩ | ૧,૪૦,૦૯,૮૮૨-૦૦ | ૧,૩૧,૬૭,૨૯૭-૧૭ |
| ૬ | એસ.એ.પી. પ્રોગ્રામ ફેસ–૧ કેમેસ્ટ્રી વિભાગ. | ----- | ૩,૪૯,૨૬૫-૦૦ | – ૩,૪૯,૨૬૫-૦૦ |
| ૭ | કોમ્પ્યુટર અપગ્રેડેશન યોજના કેમ્પસ નેટવર્કીંગ | ૪,૬૭,૯૮૩-૦૦ | ૨૨,૮૦,૧૩૬-૦૦ | – ૧૮,૧૨,૧૫૩-૦૦ |
| ૮ | જુનીયર રીસર્ચ ફેલોશીપ. | ----- | ----- | ----- |
| ૯ | દસમી યોજના પુસ્તક ખરીદી વૈ.સાધનસામગ્રી. | ૬,૯૪,૪૩૫-૦૦ | ૬૪,૩૫,૦૦૦-૦૦ | – ૫૭,૪૦,૫૬૫-૦૦ |
| ૧૦ | નેશનલ લેવલ સેન્ટર. | ૧,૯૦,૦૦૦-૦૦ | ૨,૨૧,૬૦૦-૦૦ | – ૩૧,૬૦૦-૦૦ |
| ૧૧ | પ્રિપરેશન ઓફ ઓડીયો વિડીયો. | ----- | ----- | ----- |
| ૧૨ | બિલ્ડીંગ ગ્રાંટ નવમી યોજના. | ૧,૫૭,૭૯૨-૦૦ | ----- | ૧,૫૭,૭૯૨-૦૦ |
| ૧૩ | મેજર રીસર્ચ પ્રોજેક્ટ ડો.એમ.વી.રાવ. | ૧,૩૮,૦૬૫-૦૦ | ૧૧,૭૦૦-૦૦ | ૧,૨૬,૩૬૫-૦૦ |
| ૧૪ | મેજર રીસર્ચ પ્રોજેક્ટ ડો.આર.જે.વર્મા | ૧,૯૦,૨૩૦-૦૦ | ૨,૩૪,૩૪૪-૦૦ | – ૪૪,૧૧૪-૦૦ |
| ૧૫ | મેજર રીસર્ચ પ્રોજેક્ટ ડો.મીનુ શરાફ. | ૮૦,૭૯૬-૦૦ | ૧,૯૭,૨૦૦-૦૦ | – ૧,૧૬,૪૦૪-૦૦ |
| ૧૬ | યુનિ.બિલ્ડીંગ ભૂકંપ દરમ્યાન થયેલ નુકશાન અંગેની ગ્રાંટ. | ૪,૩૩,૯૭,૪૯૪-૦૦ | ----- | ૪,૩૩,૯૭,૪૯૪-૦૦ |
| ૧૭ | માઈનોર રીસર્ચ પ્રોજેક્ટ ડો.આર.બી.જોગાટિયા. | ૩૦,૦૦૦-૦૦ | ૩૦,૦૦૦-૦૦ | ----- |
| ૧૮ | સામાન્ય સશક્ત સ્પીકીંગ કોર્સ. | ----- | ----- | ----- |
| ૧૯ | સ્પેશીયલ આસી.પ્રોગ્રામ ડો.એસ.કે.મેનન. | ૩,૭૮,૧૭૫-૦૦ | ----- | ૩,૭૮,૧૭૫-૦૦ |
| | | ૭,૪૯,૬૫,૩૬૨-૭૨ | ૨,૮૩,૬૫,૯૪૫-૦૦ | ૪,૬૫,૯૯,૪૧૬-૨૮ |

## <u>પરિશિષ્ટ નંબર: ૩(૪)</u>

### તા.૧–૪–૨૦૦૬ થી તા.૩૧–૩–૨૦૦૭ સુધીના આવક–ખર્ચના હિસાબો.

### ગ્રાંટમાંથી આવક તથા ખર્ચ <u>(અન્ય ગ્રાંટની આવક)</u>

| ક્રમ | ગ્રાંટની વિગત | વાર્ષિક હિસાબ મુજબ રૂા. | ગ્રાંટ રજીસ્ટર મુજબ. રૂા. | તફાવત રૂા. વધુ/ ઓછા |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | સી.એસ.આઈ.આર.ગ્રાંટ. | ૯,૮૯,૫૯૪-૦૦ | ૯૮,૭૦૦-૦૦ | – ૧૦૬-૦૦ |
| ૨ | નેશનલ બોર્ડ ફોર હાયર મેથ્સ લાયબ્રેરી ગ્રાંટ. | ૧,૭૩,૮૫૪-૦૦ | ૧,૬૬,૨૦૧-૦૦ | ૭,૬૫૩-૦૦ |
| ૩ | એ.આઈ.સી.ટી.ઈ.મીટીંગ એન આઈ.આ.પી.સી. | ૨,૩૯,૮૧૭-૦૦ | ----- | ૨,૩૯,૮૧૭-૦૦ |
| ૪ | વર્કશોપ ઓન એનવાયરમેન્ટ એન્ડ પોલ્યુશન. | ----- | ----- | ----- |
| ૫ | આઈ.સી.એમ.આર.ફેલો. ડો.નેહા પી.ત્રિવેદી | ----- | ----- | ----- |
| ૬ | જેમ્સ રેઈની કેનેડીયન સ્ટડી સેન્ટર. | ૮૦,૯૪૧-૦૦ | ૧,૦૪,૦૦૦-૦૦ | – ૫૩,૦૫૯-૦૦ |
| ૭ | સી.એસ.આઈ.આર. પ્રોજેક્ટ ડો.વી.કે.જૈન | ૪,૦૦,૭૯૩-૦૦ | ૫,૮૨,૦૦૦-૦૦ | ૧,૮૧,૨૦૭-૦૦ |
| ૮ | ભાભા એ.રીસર્ચ સેન્ટર ભૌતિક વિજ્ઞાન ડો.જોષી | ૧,૭૯,૪૩૪-૦૦ | ૪,૮૫,૦૦૦-૦૦ | – ૩,૦૫,૫૬૬-૦૦ |
| ૯ | આઈ.સી.પી.આર. જુરી ફે. ભાલસોડ ઉમિલા | ૭૦,૫૦૦-૦૦ | ૭૦,૫૦૦-૦૦ | ----- |
| ૧૦ | એ.આઈ.સી.ટી.ઈમોડરેબ સ્કિમ ડો.સવિતા ગાંધી. | ૧,૦૩,૫૪૫-૦૦ | ----- | ૧,૦૩,૫૪૫-૦૦ |
| ૧૧ | ગુજરાત ઈકોનોમિક ટ્રસ્ટ ડો.પોળકીયા. | ૨૬,૭૮૭-૦૦ | ----- | ૨૬,૭૮૭-૦૦ |
| | | ૧૩,૪૪,૨૬૫-૦૦ | ૧૫,૦૬,૪૦૧-૦૦ | – ૧,૬૨,૧૩૬-૦૦ |

ફકરા નં૭.૨: ૮ ઘસારાફંડનું રોકાણ કરવા અંગેની જોગવાઈ બાબત...

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના વાર્ષિક હિસાબની ચકાસણી કરતાં તા.૩૧–૩–૨૦૦૭ ના સરવૈયાના સ્ટેટમેન્ટની ચકાસણી કરતાં ફંડ તથા દેવા બાજુ (૧) જનરલફંડ ખાતામાં ફર્નિચર, ઓફીસ ઈકવીપમેન્ટસ, વાસણો, પ્રેસ, મશીનરી, લેબ. ઈકવીપમેન્ટ વગેરેના ઘસારા પેટે રૂા.૧૩,૪૩,૮૧૪–૦૦ (૨) કેપીટલ ફંડ ખાતે ઘસારાના રૂા. ૬,૧૬,૭૫૧–૦૦ (૩) પુસ્તકફંડ ખાતે ઘસારાના રૂા.૭,૮૦,૧૧૦–૦૦ અને (૪) બીજા ફંડોમાં ઘસારાના/ ચૂકવ્યા ઈત્યાદી રૂા.૩,૫૪,૭૭,૭૪૮–૦૦ રકમ મળી કુલ રકમ રૂા. ૩,૮૨,૧૮,૪૨૩–૦૦ ઘસારાફંડ દર્શાવેલ છે.

ક્રમ નં. (૪) બીજાફંડોમાં ઘસારાના ચૂકવ્યા ઈત્યાદી વિષય હેઠળ રકમ દર્શાવેલ છે. જેથી સ્પષ્ટ ઘસારો બીજા ફંડોનો કેટલો છે તે વિગત જાણી શકાતી નથી. ફીકસ એસેટ ઉપર ઘસારાફંડ માટે યુનિવર્સિટીના સિન્ડીકેટની તા.૧૧–૮–૧૯૭૬ ની સભામાં બાબત ક્રમાંક: ૩૮ અન્વયે કાયમી મિલ્કતો જેવી કે (૧) મકાનો માટે ૨% (૨) ફર્નિચર માટે ૧૦% (૩) ઈકવીપમેન્ટ માટે ૧૨% (૪) પુસ્તકો માટે ૧૫% તથા પાણીના બોર માટે ૧૫% લેખે ઘસારાફંડની જોગવાઈ કરવાનું ઠરાવેલ છે. તેમજ ઘસારાફંડની રકમનું સરકારશ્રીની જામીનગીરીઓમાં રોકાણ કરી યુનિવર્સિટીની આવક ઉભી કરી યુનિવર્સિટીની જવાબદારીમાં ઘટાડો કરવાની જોગવાઈ કરેલ છે.

વર્ષ ૨૦૦૬–૦૭ ના વર્ષની કાયમી મિલ્કતો રૂા.૧૫,૬૫,૦૧,૬૧૯–૦૦ માંથી ઘસારા પેટે રૂા.૭,૩૬,૧૫,૨૪૧–૦૦ બાદ કરવામાં આવેલ છે. જેની કપાત ૪૭% ઉપરની ઘસારાની કર્યાનું જણાય છે. આ બાબતે નીચે મુજબની ઓડીટનોંધની સ્પષ્ટતા તાકીદે કરવા ઓડીટ અનુરોધ છે.

૧:૧ ક્રમ નં.(૪) બીજા ફંડોમાં ઘસારાના/ ચૂકવ્યા ઈત્યાદી કોલમ હેઠળ ઘસારાખર્ચ બતાવેલ હોવાથી ઘસારાની ચોખ્ખી રકમ જાણી શકાતી નથી. અલગ રીતે ઘસારાની રકમ નહીં દર્શાવવા બાબતે આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

૧:૨ બીજાફંડોમાં સામેલ પરિશિષ્ટ–૪ ની વિગત પ્રમાણે કુલ–૧ થી ૧૮ ફંડોનો સમાવેશ થયેલ છે. જેની કુલ રકમ રૂા. ૧૮,૨૯,૦૭,૪૧૭–૦૦ થાય છે. ઉકત ફંડોનો ઘસારો હોઈ શકે નહીં. ફીકસ એસેટ ઉપર ઘસારો હોઈ શકે તો ઉકત ક્રમ નં. (૪) રૂા.૩,૫૪,૭૭,૭૪૮–૦૦ માં ઘસારાખર્ચનો સમાવેશ કેવી રીતે કરાયેલ છે તેની સ્પષ્ટતા થવી ઘટે.

(૨) ઉપર દર્શાવેલ ઘસારાની રકમ ઘસારાફંડ ખાતે તબદીલ કરી ઘસારાની રકમનું સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરેલ છે કે બેંકમાં બાંધી મુદ્દતની થાપણોમાં રોકાણ કરવામાં આવેલ છે. તેની વિગત સાથે આધારસહ માહિતી ઓડીટને રજૂ થવી ઘટે. ઘસારાફંડનું રોકાણ કરી યુનિવર્સિટીની જવાબદારીઓમાં કરાયેલ ઘટાડાની વિગતવાર માહિતી ઓડીટને સત્વરે રજૂ થવી ઘટે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૧૬ નો જવાબ રજૂ કરાયેલ છે. જેમાં પ્રા.વાંધાના ફકરા નં.(૨) ના જવાબમાં સંસ્થાએ જણાવેલ છે કે, "સરકારશ્રી તરફથી આ અંગે કોઈ ગ્રાંટ અલગથી યુનિવર્સિટીને મળતી હોવાથી તેનું રોકાણ સરકારી જામીનગીરીમાં કરવામાં આવતું નથી. સરકારશ્રી તરફથી ગ્રાંટ મળવાપાત્ર થયેથી ઘસારાફંડ ખાતે તબદીલ કરેલ રકમનું રોકાણ કરવામાં આવશે. " ઉપરોકત જવાબથી ઓડીટે ઉપસ્થિત કરેલ મુદ્દાની યોગ્ય પૂર્તતા થતી ન હોઈ ગ્રાહય રાખી શકાય તેમ નથી. સંસ્થાના હિસાબો તે રીતે યોગ્ય રીતે નિભાવેલ ન હોવાનું તેમ ઓડીટનું માનવું હોઈ આગામી ઓડીટે વાંધામાં દર્શાવેલ વિગતોની રેકર્ડ આધારીત સ્પષ્ટતા થતાં સુધી ફકરો ચાલુ રાખવામાં આવે છે.

# પરિશિષ્ટ નંબર: ૪

## ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના તા.૧–૪–૨૦૦૬ થી ૩૧–૩–૨૦૦૭ વાર્ષિક હિસાબો..
## ઘસારાફંડમાં ક્રમ નં. (૪) બીજા ફંડોમાં ઘસારાના/ચૂકવ્યા ઈત્યાદીની વિગત દર્શાવતું પરિશિષ્ટ....

| ક્રમ | તા.૧–૪–૨૦૦૬ થી તા.૩૧–૩–૨૦૦૭ બીજા ફંડો. | છેલ્લા હિસાબ મુજબ રૂા. | વર્ષ દરમ્યાન ઉમેરો. રૂા. | બાદ: વર્ષ દરમ્યાન ચૂકવ્યા/ રોકયા. રૂા. | કુલ રકમ. રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | ગ્રેજ્યુઈટી ફંડ. | ૬,૪૩,૬૯૮-૪૨ | ---- -- | ------- | ૬,૪૩,૬૯૮-૪૨ |
| ૨ | ગરીબ વિદ્યાર્થી રાહતનિધિ ફંડ. | ૩૦,૭૦૪-૪૨ | ---- -- | ૩૦-૦૦ | ૩૦,૬૭૪-૪૨ |
| ૩ | શિક્ષકોને પુસ્તક ખરીદી માટે આર્થિક સહાય. | ૮,૭૯૪-૧૯ | ------- | ------- | ૮,૭૯૪-૧૯ |
| ૪ | શિક્ષકોને સંશોધનકાર્ય માટે આર્થિક સહાય. | ૩૫,૦૫૨-૪૪ | ------- | ------- | ૩૫,૦૫૨-૪૪ |
| ૫ | વિદ્યાર્થી સાંસ્કૃતિક પ્રવૃત્તિ ફંડ. | ૧,૪૫,૧૩૧-૦૯ | ------- | ------- | ૧,૪૫,૧૩૧-૦૯ |
| ૬ | ઈયર માર્ક ફંડ. | ૨,૨૨,૫૨,૮૩૬-૯૩ | ------- | ------- | ૨,૨૨,૫૨,૮૩૬-૯૩ |
| ૭ | બેક બિલ્ડીંગ ફંડ. | ૭૦,૮૧૬-૭૯ | ------- | ------- | ૭૦,૮૧૬-૭૯ |
| ૮ | જમીન વિકાસ ફંડ. | ૫૬,૮૧,૧૯૯-૬૦ | --- --- | ૫,૯૨,૦૦૦-૦૦ | ૫૦,૮૯,૧૯૯-૬૦ |
| ૯ | જમીનના બહારના ભાગના વિકાસ અંગેનું ફંડ. | ૩૦,૭૩,૫૦૧-૦૦ | --- --- | ------- | ૩૦,૭૩,૫૦૧-૦૦ |
| ૧૦ | બી.બી.એ. ફંડ. | ૭૯,૫૪,૬૬૦-૭૧ | --- --- | ------- | ૭૯,૫૪,૬૬૦-૭૧ |
| ૧૧ | યુનિ.એજ્યુ.રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ વ્યાજ. | ૯,૪૬,૦૭,૧૦૨-૬૧ | ૬,૭૮,૭૨,૩૩૯-૫૦ | ૩,૩૮,૦૧,૩૨૧-૭૫ | ૧૨,૮૬,૭૮,૧૨૦-૩૬ |
| ૧૨ | બી.એડ.ફંડ. | ૧,૦૬,૦૭,૮૬૬-૦૦ | ------- | ------- | ૧,૦૬,૦૭,૮૬૬-૦૦ |
| ૧૩ | એમ.સી.એ. ફંડ. | ૧૩,૪૭,૨૯૯-૫૦ | --- --- | ૩,૨૪,૪૭૦-૦૦ | ૧૦,૨૨,૮૨૯-૫૦ |
| ૧૪ | એમ.બી.એ.ફંડ. | ૨૬,૨૫,૦૫૬-૦૦ | --- ---- | ------- | ૨૬,૨૫,૦૫૬-૦૦ |
| ૧૫ | ગ્રંથાલય ડેવલપમેન્ટ ફંડ. | ૪,૭૭,૭૨૨-૦૦ | ૩,૬૩,૨૧૫-૦૦ | ૭,૫૯,૮૨૭-૦૦ | ૮૧,૦૧૦-૦૦ |
| ૧૬ | ગ્રંથાલયશાસ્ત્ર ભવન ડેવલપમેન્ટ ફંડ. | ૨,૪૯,૦૦૦-૦૦ | -- ---- | ------- | ૨,૪૯,૦૦૦-૦૦ |
| ૧૭ | ભૂકંપ રીલીફ ફંડ કાઉન્ટ. | ૨,૭૫,૮૦૦-૦૦ | -- ---- | ------- | ૨,૭૫,૮૦૦-૦૦ |
| ૧૮ | સ્પોર્ટ ડેવલપમેન્ટ ફંડ. | ૬૩,૩૮૦-૦૦ | -- ---- | ------- | ૬૩,૩૮૦-૦૦ |
| | | ૧૫,૦૧,૪૯,૬૧૧-૭૦ | ૬,૮૨,૩૫,૫૫૧-૫૦ | ૩,૫૪,૭૭,૭૪૮-૭૫ | ૧૮,૨૯,૦૭,૪૧૦-૪૫ |

<u>ફકરા નંબરઃ ૯</u> એજયુકેશન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડનો આવક–ખર્ચનો હિસાબ મળવા બાબતે તથા હવાલાનોંધ બાબતે...

---

ગુજરાત યુનિવર્સિટીના વર્ષ ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબ તથા લેજર કોડ નંબરઃ ૭૭૧૨૦૦૦ જોતાં વાર્ષિક હિસાબમાં એજયુકેશન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડમાં વર્ષની શરૂઆતમાં રૂા.૯,૪૬,૦૭,૧૦૨–૦૦ બેલેન્સ હતું. વર્ષ ૨૦૦૬–૦૭ માં રૂા.૬,૭૮,૭૨,૩૩૯–૦૦ ની આવક થયેલ છે. જે બાબત ચકાસતાં સંસ્થા દ્વારા ઉઘરાવેલ યુનિ.ડેવલપમેન્ટ ફંડની રકમ ઉકત કોડ નીચે સંસ્થા કે અન્ય પાર્ટી પાસેથી મેળવવામાં આવેલ છે. જે બાબતે નીચે મુજબની ઓડીટનોંધની આધારસહ સ્પષ્ટતા થવા ઓડીટ અનુરોધ છે.

(૧) યુનિ. ડેવલપમેન્ટ ફંડ યુનિ. એકટ અથવા સરકારશ્રીના જે નિયમોના આધારે મેળવવામાં આવે છે તેના આધારની પ્રમાણિત નકલ રજૂ થવી ઘટે.

(૨) યુનિ.ડેવલપમેન્ટ ફંડ કેટલી માત્રામાં કઈ કઈ સંસ્થા કે અન્ય પાર્ટી દ્વારા મેળવવાની જોગવાઈ નકકી કરાયેલ છે? સત્તા મંડળ દ્વારા કોઈ ઠરાવ કરાયેલ હોય તો તેની પ્રમાણિત નકલ રજૂ થવી ઘટે.

(૩) જે સંસ્થા કે અન્ય પાર્ટી દ્વારા જે હેતુસર ઉકત કોડ નીચે ફંડ મેળવી જમા કરવામાં આવેલ છે તે તથા કેટલી રકમ જમા કરવાપાત્ર થતી હતી અને પાર્ટીએ કેટલી રકમ જમા કરાવેલ છે તેની વિગત દર્શાવતું પત્રક "અ" અને જે પાર્ટી દ્વારા જે રકમ જમા કરવામાં આવેલ નથી તેની વિગત દર્શાવતું પત્રક "બ" ઓડીટને રજૂ થવું ઘટે. ઉકત ફંડ જે જે સંસ્થા દ્વારા મેળવવામાં આવેલ હોય તે અને જે સંસ્થાએ ફંડ જમા કરાવેલ ના હોય તેની વિગત દર્શાવતું રજીસ્ટર નિભાવેલ હોય તો ઓડીટને રજૂ થવું ઘટે. જે સેલ્ફ

ફાયનાન્સ કોલેજે ઉકત ફંડમાં રકમ જમા કરેલ છે અને જે કોલેજ કે સંસ્થા દ્વારા ફંડ જમા કરવામાં આવેલ નથી તેની સંપૂર્ણ વિગત તથા કારણો અને તે બાબતે કરાયેલ આગળની કાર્યવાહીની વિગત દર્શાવતું સ્ટેટમેન્ટ રજૂ કરવું ઘટે.

(૪) વર્ષ ૨૦૦૬–૦૭ ના ઉકત ફંડ જમા લીધેલ કોડ નં. ૭૭૧૨૦૦૦ માં લેજરની ચકાસણી કરતાં ફંડ જમા ઉધારની એન્ટ્રી ભૂલમાં જમાના બદલે ઉધારમાં કરાયેલ હોઈ રીવર્સ એન્ટ્રી ડબલ જમામાં દર્શાવી હિસાબ સરભર કરવામાં આવેલ છે. દા.ત. તા.૩૧–૮–૦૬ વા.નં.૨૮૫૯ રૂા.૩૬,૯૫,૮૭૩/– ડેબીટ એન્ટ્રી છે. જ્યારે તા.૩૦–૯–૨૦૦૬ વા.નં.૩૪૫૫/૩૪૫૬ માં રૂા. ૩૬,૯૫,૮૭૩/– ની બે વખત ક્રેડીટ એન્ટ્રી છે. જેથી વાર્ષિક ફીગરમાં ખર્ચ અને આવક બંનેમાં રકમ વધુ જોવા મળે છે. જેથી આવક અને ખર્ચની ખરેખર રકમ જાણી શકાય નહીં. જેથી ફકરા નં.૩ માં દર્શાવેલ પત્રક–અ અને બ તથા વર્ષ દરમ્યાન ખરેખર થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક–ક ઓડીટને રજૂ થવું ઘટે.

(૫) યુનિ.ના બજેટમાં ઉકત આવકની ગણત્રી દર્શાવવામાં આવેલ છે કે કેમ? વર્ષ ૨૦૦૬–૦૭ ના બજેટમાં ઉકત કોડ હેઠળ મળવાપાત્ર રકમની ગણત્રી કરેલ હોય તો તેની વિગત ઓડીટને રજૂ થવા ઓડીટ અનુરોધ છે. બજેટમાં ઉકત આવકની ગણત્રી ધ્યાને લીધેલ ના હોય તો તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે. કારણકે, સરકારી ગ્રાંટ મેળવવા અંગેની રજૂઆતમાં સંભવિત યુનિવર્સિટીની આવકની ગણત્રી કરી રકમ દર્શાવવાની રહેતી હોઈ આ બાબતે થયેલ કાર્યવાહીની વિગત જણાવવી ઘટે.

(૬) ડેવલપમેન્ટફંડ ઉઘરાવવાની નકકી કરાયેલ નીતિ અને બાદમાં કોઈ કરાયેલ ફેરફાર હોય તો જે આધારે તે ફેરફાર કરાયેલ હોય તેની પ્રમાણિત નકલ ઓડીટને રજૂ થવી ઘટે.

(૭) ડેવલપમેન્ટ ફંડ સંસ્થા દ્વારા ચૂકવવા બાબતે અથવા તો વસુલાત નહીં થવા બાબતે સંસ્થા દ્વારા કે યુનિવર્સિટી દ્વારા કોઈ રજૂઆત/ ફરીયાદ થયેલ હોય તો તેની વિગતની પ્રમાણિત નકલ ઓડીટને રજૂ થવી ઘટે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૩૩ નો જવાબ રજૂ થયેલ નથી. હિસાબોની અનિયમિતતા તથા ઓડીટ પેરાના જવાબો આપવામાં દાખવેલ ઉદાસિનતાના કારણે હિસાબોની ચકાસણી પારદર્શક રીતે થઈ શકેલ ન હોઈ આગામી ઓડીટે દરેક ફકરાની આધારસહ પૂર્તતા થવી ઘટે.

**ફકરા નંબર: ૧૦** **સસ્પેન્સ એકા.ની રકમો લાંબા સમયથી સરભર નહીં કરવા બાબત તથા ખોટા સદરે આવક–ખર્ચના હવાલા પાડવા બાબતે...**

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબો અને સસ્પેન્સ કોડના હિસાબોની ચકાસણી કરતાં વાર્ષિક હિસાબના પાના નં. ૨૯ ઉપર સસ્પે.એકા.હિસાબોનાં ફંડ તથા દેવા બાજુએ રૂા.(–)૨૭,૯૭,૩૬૮–૭૧ (માયનસ) સરભર થયેલ ન હોવાનું જણાયેલ છે. તા.૩૧–૩–૨૦૦૭ નારોજ સસ્પેન્સ કોડમાં નીચે દર્શાવેલ વિગતે બેલેન્સ હતું.

(૧) ૮૧૦૧૦૦૧ જનરલ ફંડ રૂા.૨૯,૦૩,૪૭૧–૨૬ ડેબીટ.
(૨) ૮૧૦૧૦૦૩ લાયબ્રેરી રૂા. ૨,૦૭,૧૨૧–૮૫ ક્રેડીટ.
(૩) ૮૧૦૧૦૦૪ એકા.નં.૨ રૂા. ૧,૦૧,૦૧૯–૩૦ ડેબીટ.

જે બાબતે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) ગત વર્ષના વાર્ષિક હિસાબમાં રૂા.૨,૬૪,૦૦૩–૨૯ ની રકમ સરભર કરવાની બાકીમાં હતી. જે રકમ સરભર કરવાને બદલે તેના વર્ષ ૨૦૦૬–૦૭ ના ઓડીટ વર્ષમાં રૂા.(–)૨૭,૯૭,૩૬૮–૭૧ જેટલી રકમ સસ્પે.એકાઉન્ટમાં દર્શાવેલ. આમ સંસ્થાએ રકમને સરભર કરવા અંગે ઉદાસિન વલણ અપનાવેલ છે. જે બાબત ગંભીર ગણી શકાય. આ બાબતે વધુ વિલંબ નહીં કરતાં ઉપલક રકમની રકમ વહેલી તો સરભર કરી ઓડીટને તેની ખાત્રી કરાવવી ઘટે.

(૨) કોડ નં. ૮૧૦૧૦૦૧ જનરલફંડમાં લેજરની અંદર ડેબીટ એન્ટ્રી

રૂા.૫૭,૭૧,૬૯૯–૦૦ ની અને ક્રેડીટ એન્ટ્રી રૂા.૨૮,૬૮,૨૨૭–૭૪ દર્શાવેલ છે. તેમજ બેલેન્સ રૂા.૨૯,૦૩,૪૭૧–૨૬ દર્શાવેલ છે. જે ડેબીટ તરીકે દર્શાવેલ છે. ખરેખર રૂા.(–) ૨૯,૦૩,૪૭૧–૯૩ માયનસ બેલેન્સ હોઈ ડેબીટ તરીકે દર્શાવવા બાબતે આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

(૩) આવક–ખર્ચના વર્ગીકરણની સ્પષ્ટતા ના થયેલ હોય ત્યારે સસ્પેન્સ એકા.માં આવક–ખર્ચનો હવાલો પાડવામાં આવે છે. પરંતુ આવા હવાલાનું દર માસે મેળવણું કરી વર્ષના અંતે દરેક ખાતા સરભર કરી સસ્પેન્સ એકાઉન્ટનું ખાતું નીલ કરવાનું રહે છે. ઘણાં મોટા પ્રમાણમાં ખોટા સદરે આવક–ખર્ચના હવાલા પાડવામાં આવેલ છે અને પછી તેની હવાલાનોંધ મોટા પ્રમાણમાં આપવામાં આવે છે. આમ સંસ્થા દ્વારા યોગ્ય તકેદારી રાખવામાં આવતી નથી તથા હિસાબો સરભર નિયમિત નહીં થવાના કારણે વધુ વિલંબ થવાથી ઉપરોક્ત રકમની સાચી પરિસ્થિતિ મેળવવી અતિ કઠીન બને છે તેમજ હવાલાનોંધો વધુ પ્રમાણમાં હોવાથી હિસાબોનું ઓડીટ, ખર્ચ વર્ગીકરણની દ્રષ્ટિએ સાચી રીતે થઈ શકાતું નથી. જેથી જે આવક–ખર્ચની હવાલા નોંધ થાય છે તેનું નિયંત્રણ કરતાં અધિકારીશ્રીએ ખાસ કાળજી લઈ બને ત્યાંસુધી ખોટા હવાલે આવક–ખર્ચની ખતવણી ન થાય તેના માટે કાળજી લેવા ઓડીટ અનુરોધ છે. તેમજ સસ્પેન્સ એકાઉન્ટમાં જે રકમ આગલા વર્ષથી ખેંચાતી આવે છે તેના હિસાબો પણ વહેલી તકે સરભર કરવા અંગત રસ લઈ ઉધારમેળ કરવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૪૩/૭૩ નો જવાબ રજૂ કરાયેલ છે પરંતુ સસ્પેન્સ એકા.ની રકમ હાલ ઓડીટ ચાલુ છે ત્યાંસુધીમાં એડજસ્ટ થયાની કોઈ આધારસહ માહિતી ઓડીટને રજૂ કરવામાં આવેલ નથી. જેથી ફકરો ચાલુ રાખવામાં આવેલ છે.

**ફકરા નંબર:૧૧** **ચોરી, આગ, લૂંટફાટ,છળકપટ તથા ઉચાપત વગેરે બનાવોની માહિતી આપવા બાબત....**

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદનું સને ૨૦૦૬–૦૭ ના વર્ષનું અન્વેષણ તા.૧૪–૯–૨૦૧૦ નારોજથી શરૂ થયેલ હોઈ સદરહુ વર્ષમાં ચોરી, આગ, લૂંટફાટ, છળકપટ તથા ઉચાપત વગેરે બનાવો બનવા પામેલ હોય તો તેની માહિતી રજૂ કરવા જણાવેલ હતું.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૨ નો જવાબ રજૂ થયેલ નથી. ઓડીટ વર્ષમાં ઉપરોકત કોઈ બનાવ બનવા પામેલ હોય તો તે અંગેની માહિતી તથા વર્ષ દરમ્યાન કોઈ પોલિસ કેસ અથવા અન્ય તપાસ સંસ્થા દ્વારા કે સંસ્થાની થયેલ હોય તો તે અંગેની માહિતી આગામી ઓડીટે રજૂ થવી ઘટે, નહીં રજૂ થવા બદલ જવાબદારે સ્પષ્ટતા પણ કરવી.

**<u>ફકરા નંબરઃ ૧૨</u>** **એમ.ફીલ/ પી.એચ.ડી.ની પદવી ધરાવનારને આપેલ અગ્રીમ ઈજાફા રદ કરી નવેસરથી પગારબાંધણી કરવા અંગે...**

---

સને ૨૦૦૬–૦૭ ના વર્ષના ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના અન્વેષણ દરમ્યાન નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર/૧૦૨૦૦૦/૧/વ તા.૨૬–૪–૨૦૦૦ માં અગ્રીમ ઈજાફાની યોજના રદ કરવા જણાવેલ હતું. ઠરાવનું ક્લેરીફીકેશન ઉ.શિ.કમિ.ના પત્ર ક્રમાંકઃ ડીપી/૦૬–૦૭/૪૨૩૮/૪૬૩૭ તા.૨૫–૫–૨૦૦૬ થી થયેલ છે. પત્રમાં જણાવ્યાનુસાર જેઓના કિસ્સામાં એમ.ફીલ/પી.એચ.ડી.ની પદવી ધરાવતા હોવાને કારણે અગ્રીમ ઈજાફા આપી પગાર નિયત કરવામાં આવેલ છે. તે રદ થતાં તેઓના પગાર ફરીથી નિયત કરી તા.૨૬–૪–૨૦૦૦ પછી વધુ ચૂકવાયેલ પગાર ભથ્થાની રકમ વસુલ કરવા કાર્યવાહી હાથ ધરવા આદેશ કરેલ છે. આ બાબતે નીચે દર્શાવેલ ઓડીટનોંધની પૂર્તતા સત્વરે કરવા ઓડીટ અનુરોધ છે.

૧(૧) ઉપર જણાવેલ ઠરાવ અને પત્ર બાબતે જે કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની આધારસહ વિગત ઓડીટને રજૂ થવી ઘટે.

૧(૨) જે કર્મચારીને અગ્રીમ ઈજાફા આપેલ હોય તેમને કયારથી અગ્રીમ ઈજાફા આપેલ છે તેમજ પગાર ફરીથી નિયત કરવામાં આવેલ હોય તો તેની વિગત ઓડીટને રજૂ થવી ઘટે.

૧(૩) ફરી નિયત કરાયેલ પગારની પગારચકાસણી એકમ પાસે ચકાસણી કરાવેલ છે કે કેમ? આધારસહ વિગત ઓડીટને રજૂ થવી ઘટે.

૧(૪) ઉ.શિ.કમિ.શ્રીના પત્રમાં જણાવ્યાનુસાર ઉપરોક્ત લાભ પરત લેવાના કારણે જે શૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં વસુલાત કરવાની થાય છે. તે કર્મચારીઓના પગાર પુનઃનિયત કરી વસુલાતની રકમ નક્કી કરી જાણ કરવા આદેશ કરેલ છે. તો આ બાબતે શી કાર્યવાહી થયેલ છે તેની આધારસહ જાણ ઓડીટને કરવા ઓડીટ અનુરોધ છે.

૨(૧) ઉપરોક્ત ઠરાવ અને પત્રના અનુસંધાને વહીવટ શાખા દ્વારા રજૂ થયેલ ફાઈલની ચકાસણી કરવામાં આવેલ છે. ફાઈલમાં સામેલ વિગત જોતાં નીચેની વિગતે તા.૨૬–૪–૨૦૦૦ પછીની વસુલાતનું પત્રક બનાવેલ છે. પરંતુ કર્મચારીને ઈજાફો કયારે મંજુર કરાયેલ છે? તેની વિગત તથા પુનઃનિયત કરાયેલ પગાર અને વસુલાતની રકમ બાબતે ચૂકવેલ/ચૂકવવાપાત્ર અને તફાવતની રકમ વસુલ કરાયેલ છે કે કેમ? તે બાબતે કરેલ કાર્યવાહીની વિગતો ફાઈલમાં નથી જેથી તે અંગેની જાણ ઓડીટને કરવી ઘટે.

| ક્રમ. નં. | સર્વિસબુક નંબર | નામ | ચૂકવવાપાત્ર પગાર. રૂા. | વસુલાત કરવા અંગેની રકમ.રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ૧૫૪૬ | શ્રી ડી.આર.તિવરે | ૯,૧૦૦ | ૨૨,૮૨૮ |
| ૨ | ૧૫૧૯ | શ્રી એસ.એમ.વ્યાસ | ૯,૧૦૦ | ૨૨,૫૩૯ |
| ૩ | ૧૫૧૫ | શ્રી ડી.ડી.ઝાલા | ૯,૧૦૦ | ૨૨,૬૮૦ |
| ૪ | ૧૫૨૯ | શ્રી એસ.કે.પટેલ | ૯,૧૦૦ | ૧૭,૬૩૮ |
| ૫ | ૧૨૫૪ | દિપ્તી ત્રિપાઠી | ૧૪,૫૨૦ | ૧,૬૫૧ |
| ૬ | ૧૩૦૮ | અર્ચના માંકડ | ૧૪,૫૨૦ | ૧,૬૫૧ |
| ૭ | ૧૩૦૧ | શ્રી ડો.સી.ડી.ભાવસાર | ૧૪,૫૨૦ | ૩,૩૩૯ |
| ૮ | ૧૩૫૪ | શ્રી ડી.જી.ત્રિવેદી | ૧૪,૫૨૦ | ૧૩,૪૬૭ |
| | | | | ૧,૦૫,૭૯૩ |

૨(૨) ઠરાવમાં જણાવ્યાનુસાર તા.૨૬–૪–૨૦૦૦ પછી અગ્રીમ ઈજાફા જે અગાઉ મંજુર થયેલ હોય તેનાં ચૂકવણાની વસુલાત કરવાની થાય છે. તેમજ ઠરાવ તારીખ પછી કોઈને ઈજાફા મંજુર કરવાના રહેતા નથી. તેમછતાં ઓડીટના ધ્યાને આવેલ છે કે, તા.૨૬–૪–૨૦૦૦ પછી અગ્રીમ ઈજાફા અપાયેલ છે અને જે ચૂકવણું કરાયેલ છે તે ઈજાફા રદ કરવા

અંગેની કાર્યવાહી હાથ ધરવા સહી વગરની નોંધ–પત્રક ફાઈલમાં જોવા મળેલ છે. પરંતુ ઠરાવ અને ઉ.શિ.કમિ.શ્રીના પત્રમાં જણાવ્યાનુસાર અગ્રીમ ઈજાફાની યોજના રદ કરવા બાબતની હોઈ ઓડીટનું માનવું છે કે, ઠરાવની તારીખ અગાઉ પણ આ અગ્રીમ ઈજાફાની યોજનાનો લાભ જે કર્મચારીને અપાયેલ હોય તેમનો પગાર પુનઃનિયત કરી તા.૨૬–૪–૨૦૦૦ પછીથી વધુ ચૂકવાયેલ રકમની વસુલાત કરવાની થાય. તો આ બાબતે ઠરાવને ઘણો લાંબો સમય થયેલ હોઈ તા.૨૬–૪–૨૦૦૦ ના ઠરાવની અમલવારી કર્યા અંગેની આધારસહ જાણ ઓડીટને કરવા ઓડીટ અનુરોધ છે. તેમજ વાંધામાં જણાવેલ વિગત મુજબ રૂા.૧,૦૫,૭૯૩/– ની વસુલાતની કાર્યવાહી કરવા તેમજ અન્ય કર્મચારી જેઓને ઉકત લાભ આપાયેલ છે અને વસુલાત કરવાની બાકી છે. તેમની વસુલાત કરી ઓડીટને સત્વરે આ બાબતે જાણ કરવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૭ નો જવાબ થયેલ નથી. ફાઈલના આધારે સહી વગરના સ્ટેટમેન્ટ દર્શાવેલ વિગતે રૂા. ૧,૦૫,૭૯૩/– ની વસુલાત તથા તે સિવાયની કરવાપાત્ર વસુલાતની ખાત્રી કરી ઓડીટને તે અંગેની આગામી ઓડીટે આધારસહ પૂર્તતા થવી ઘટે.

વસુલાતની રકમ રૂા. ૧,૦૫,૭૯૩/–

**ફકરા નંબર: ૧૩** પી.એસ.ટુ વી.સી.શ્રી એમ.ડી.માંકડની પરીક્ષા નિયામક તરીકેનો ચાર્જ સોંપવા અંગે...

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન એકઝીકયુટીવ કમિટીની તા.૨૫–૧–૨૦૦૬ થી તા.૨૪–૧૦–૨૦૦૭ ની કાર્યવાહી નોંધનો અભ્યાસ કરતાં બા.ક્ર.૩(૧૦૯) માં જણાવેલ વિગત મુજબ...

" પી.એસ.ટુ વી.સી. શ્રી એમ.ડી.માંકડની ગુજરાત યુનિવર્સિટી એકટની કલમ–૧૧(૪)એ હેઠળ કાર્યકારી પરીક્ષા નિયામકશ્રીનો ચાર્જ સોંપતાં શ્રી માંકડની ખાલી પડેલ જગ્યા એકેડેમીક/પીજી/જનરલ વિભાગનો ચાર્જ સંભાળવા અને તે માટે નિયમોનુસારનું ચાર્જ એલા. મંજુર કર્યું." આ બાબતે નીચે મુજબની સ્પષ્ટતા અને પૂર્તતા સહ ઓડીટ મુદ્દાના તાત્કાલિક જવાબ સાથે જરૂરી રેકર્ડ ઓડીટને રજૂ થવું ઘટે.

(૧) શ્રી માંકડને પરીક્ષા નિયામકશ્રીનો ચાર્જ સોંપલ છે કે પરીક્ષા નિયામક તરીકે નિમણુંક આપેલ છે તે સ્પષ્ટ થતું નથી. સ્પષ્ટતા થવી ઘટે.

(૨) એકેડેમીક/ પીજી/ જનરલ વિભાગનો ચાર્જ સંભાળવા કોનું ચાર્જ એલા. મંજુર થયું? કયારથી કયાં સુધીનું? કુલ કેટલું ચૂકવણું કરવામાં આવેલ છે તેની આધારસહ માહિતી રજૂ થવી ઘટે.

(૩) શ્રી માંકડની સેવાપોથી તથા ખર્ચની ફાઈલ ઓડીટને રજુ થવી ઘટે.

(૪) પરીક્ષા નિયામકની જગા કયા કારણથી કયારથી ખાલી પડેલ હતી તેમજ કયાં સુધી શ્રી માંકડે ઉકત જગાનો ચાર્જ સંભાળેલ હતો. તેની વિગત રજુ થવી ઘટે. તેમજ ચાર્જ સોંપ્યા અંગેના હુકમની પ્રમાણિત નકલ રજુ થવી ઘટે. શ્રી માંકડને પોતાની ફરજ ઉપરાંત વધારાની સોંપાયેલ ફરજની માહિતી રજૂ થવી ઘટે.

(૫) બા.ક્ર.૩(૧૦૯) ની વિગત અસ્પષ્ટ જણાતી હોઈ E.C. દ્વારા અપાયેલ

મંજુરી નિયમોનુસાર છે કે કેમ તેની ચકાસણી ઓડીટને થઈ શકેલ નથી. ઓડીટને આધારીત ખાત્રી કરાવવામાં ન આવે ત્યાં સુધી ચુકવેલ ચાર્જ એલાઉન્સની રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

શ્રી એમ.ડી.માંકડને આપેલ ચાર્જ એલાવન્સની વિગત નીચે મુજબ છે:

| કઈ જગ્યા માટે ચાર્જ આપેલ. | ચાર્જનો સમયગાળો. | રકમ. રૂા. | ચેક નંબર/ તારીખ. |
|---|---|---|---|
| પી.જી તથા એલીજીબીલીટી વિભગના D.R. તરીકેનો ચાર્જ. | ૧૫-૬-૨૦૦૭ થી ૩૧-૭-૨૦૦૭ | ૧,૭૮૩-૦૦ | ૧૧૮૯૯૯/ ૨૩-૮-૨૦૦૭ |
| --"-- | ૧-૮-૨૦૦૭ થી ૩૧-૮-૨૦૦૭ | ૧,૧૬૩-૦૦ | ૧૧૯૧૫૪/ ૧૦-૦૯-૨૦૦૭ |
| --"-- | ૧-૯-૨૦૦૭ થી ૩૦-૯-૨૦૦૭ | ૧,૧૬૩-૦૦ | ૧૨૦૧૧૭/ ૮-૧૦-૨૦૦૭ |
| --"-- | ૧-૧૦-૨૦૦૭ થી ૩૧-૧૦-૨૦૦૭ | ૧,૧૬૩-૦૦ | ૧૨૨૩૯૨/ ૫-૧૧-૨૦૦૭ |
| --"-- | નવેમ્બર–૨૦૦૭ | ૧,૦૪૭-૦૦ | ૧૨૩૦૩૪/ ૭-૧૨-૨૦૦૭ |
| --"-- | ડીસેમ્બર–૨૦૦૭ | ૧,૧૬૩-૦૦ | ૭૧૫૯૫૩/ ૯-૧-૨૦૦૮ |
| --"-- | જાન્યુઆરી–૨૦૦૮ | ૧,૧૬૩-૦૦ | ૭૧૬૮૨૮/ ૧૧-૨-૨૦૦૮ |
| | | ૮,૬૪૫-૦૦ | |

સંસ્થા દ્વારા ઓડીટરે મૌખિક રીતે અને પ્રા.વાંધા નં. ૫૦ થી ઉપરોક્ત માહિતી માંગવા છતાં, કોઈ માહિતી ઓડીટરને આપવામાં આવેલ નથી તે માટે ઘટીત ચકાસણી કરી જરૂરી કાર્યવાહી થવા ઓડીટ અનુરોધ છે.

વાંધા હેઠળરકમ રૂા.૮૬૪૫/–

<u>ફકરા નંબર: ૧૪</u> મંજુર મહેકમ સિવાય હંગામી કર્મચારી/ રીટાયર્ડ કર્મચારીની નિમણુંકનો આર્થિક બોજો તથા ઓવરટાઈમ પરીક્ષા ભથ્થાના આર્થિક બોજાની સમીક્ષા થવા અંગે...

---

<u>(અ)</u> ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન રજૂ કરાયેલ રેકર્ડની ચકાસણી કરતાં (૧) હિસાબ–૧/મહેકમ શાખાની તા.૧૬–૫–૦૬ ની નોંધમાં નિવૃત કર્મચારી શ્રી એન.આર.પટેલ તથા અન્ય હંગામી કર્મચારીશ્રીઓને નિમણૂંક આપી આ સાથે સામેલ પરિશિષ્ટ–૫ મુજબની વિગતે દર માસે લગભગ રૂા.૩,૫૪,૮૪૭–૦૦ નો આર્થિક બોજો મંજુર મહેકમ સિવાય યુનિ. કાર્યાલય ભોગવે છે. (૨) હિસાબ–૧/મહેકમ શાખા તા.૧–૬–૦૫ ની નોંધમાં પરીક્ષાભથ્થું તથા ઓવરટાઈમ મંજુર કરવા બાબતે માંગણી મૂકવામાં આવેલ છે. જેના અનુસંધાને નીચે મુજબ ઓડીટનોંધની આધારસહ પૂર્તતા કરવા ઓડીટ અનુરોધ છે.

(૧) ચોથા પગારપંચથી સરકારે ઓવરટાઈમ અપનાવવાની પ્રથા બંધ કરેલ છે. યુનિ. ના કર્મચારીએ સરકારી કર્મચારીની માફક ચોથા પગારપંચ અને ત્યારબાદના પગારપંચો સ્વિકારેલ હોઈ પગારપંચ સાથે જોડાયેલી શરતો પણ યુનિ.ના કર્મચારીને લાગુ પડે છે. આવા સંજોગોમાં "પુરસ્કાર" કે અન્ય કોઈપણ નામે નિયમ અનુસાર મળવાપાત્ર પગાર ભથ્થા ઉપરાંત અન્ય કોઈપણ પ્રકારની વધારાની રકમ યુનિ.ના કર્મચારીને તેની ફરજ મુજબ કરવાપાત્ર કામગીરી માટે વધારાની રકમની ચૂકવણી કરી શકાય નહીં. આ પ્રમાણેની વધારાની ચૂકવણી તાત્કાલિક અસરથી બંધ કરી ભૂતકાળના સમયે ચૂકવાયેલ રકમો સંબંધિત કર્મચારી પાસેથી વસુલ કરી ઓડીટને આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

(૨) "બ" ની નોંધમાં ખુદ વી.સી.શ્રીએ વર્કલોડ ૬૦% ઘટી ગયાનો ઉલ્લેખ કરેલ છે. તેઓશ્રીની નોંધમાં સુચનાનુસાર કર્મચારીની ૧૦.૩૦ થી ૬.૧૦ સુધીની

કામગીરી + ઓવરટાઈમની કામગીરીનો રેકર્ડ નિગાહ પર લેવો તેમજ દરેક કર્મચારીના વર્કશીટના રેકર્ડ તા.૩૦–૬–૨૦૦૫ સુધીમાં રજુ કરવા જણાવેલ છે. તેમજ સ્થાયી સમિતિની રચના અને મંજુરી લેવા જણાવેલ હોઈ આ બાબતે થયેલ કાર્યવાહીની ઓડીટને આધારસહ માહિતી રજૂ થવી ઘટે.

(૩) કર્મચારીની કામગીરીના અગાઉના નોર્મ્સ અને કોમ્પ્યુટર કામગીરી મોટાભાગે જ્યારે થવા લાગેલ છે કામગીરીનાં ભારણની ખાત્રી કરવા સારૂ કોઈ ટેબલ ઈન્સ્પેકશન– કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવે છે કે કેમ? તેની આધારસહ માહિતી ઓડીટને રજૂ થવી ઘટે.

(૪) પુરસ્કાર– ટેમ્પરરી સ્ટાફની નિમણુંક– પીસરેટનું ચૂકવણું ખાસ અસાધારણ સંજોગોમાં કરવામાં આવેલ છે.– વધારાની ઈન્કમ તરીકે કોઈપણ બહાના હેઠળ કર્મચારીને પગારભથ્થા તથા પરીક્ષાભથ્થા સિવાય ચૂકવણું કરવામાં આવેલ નથી તેની ખાત્રી માટે દર્શાવેલ મુદ્દા અને વાઈસ ચાન્સેલરશ્રીની નોંધના અનુસંધાને કર્મચારીની કચેરી સમય દરમ્યાનની હાજરી– કરાયેલ કામગીરીની સમીક્ષા– કાર્યક્ષમતાનું અવલોકન અને નબળી કામગીરી બાબતે જરૂરી કાર્યવાહી તેમજ કર્મચારીની કાર્યનિષ્ઠામાં વધારો થવા માટે કરવામાં આવતી કામગીરીનો અહેવાલ ઓડીટને રજુ થવા ઓડીટ અનુરોધ છે.

શિક્ષણ વિભાગના તા.૨૯–૧–૧૯૮૩ ના ઠરાવની જોગવાઈ મુજબ ઠરાવની તારીખથી કોઈપણ પ્રકારની નિમણૂંક સરકારશ્રીની પૂર્વમંજુરી સિવાય કરી શકાતી ન હોઈ બાંધ્યા પગારે અથવા અન્ય કોઈ પ્રકારે નિવૃત્ત કર્મચારી /અન્ય વ્યક્તિની નિમણૂંક કરતા પૂર્વે સરકારશ્રીની મંજુરી મેળવેલ હતી કે કેમ? તે બાબતે પણ ઓડીટને આધારસહ ખાત્રી કરાવવી ઘટે. વર્ષ ૨૦૦૬–૦૭ દરમ્યાન મહેકમ શાખા દ્વારા મળેલ માહિતી અનુસાર ૭૪૬ કર્મચારીને ફીક્સ પગારથી નિમણુંક આપેલ હતી. જેનો વાર્ષિક ખર્ચ રૂા.૧૯,૦૯,૫૯૬–૦૦ સંસ્થાએ ભોગવેલ છે જે રકમ વસુલાતપાત્ર ગણવામાં આવે છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૩૧ નો જવાબ રજૂ થયેલ નથી.

વસુલાતપાત્ર રકમ રૂા. ૧૯,૦૯,૫૯૬–૦૦

(બ) હિસાબી સદર ૩૫૩૨૦૦૮ હેઠળ રૂા.૭૬,૯૬,૨૨૫–૦૦ નો ખર્ચ પરીક્ષા ભથ્થા હેઠળ કરવામાં આવેલ છે. જયારે પરીક્ષા ઓવરટાઈમ માટે રૂા. ૧૦,૫૨,૫૫૮–૦૦ નો ખર્ચ હિસાબી સદર ૩૫૩૨૦૦૭ હેઠળ કરવામાં આવેલ છે. જે બાબતે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૧) સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૩–૭–૮૯ ના ઠરાવ ક્રમાંકઃ પવસ/ ૧૦૮૯/૨૭૨૫/બ અને છેલ્લા સુધારા ઠરાવ તા. ૫–૭–૯૧ ની શરતો મુજબ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ હોય તેવા કર્મચારીઓ પૈકીના વધુમાં વધુ ૨૫% કર્મચારીઓને સદર ભથ્થાની ચૂકવણી કરી શકાય. તેમ છતાં તમામ બિન–શૈક્ષણિક કર્મચારીઓને પગારની સાથે પરીક્ષા ભથ્થાની નિયમ વિરૂધ્ધ ચૂકવણી કરવામાં આવી રહેલ છે. તો આ બાબતે જવાબદારશ્રીની જવાબદારી નકકી થવી ઘટે. સરકારી ગ્રાંટ માટે ઉકત કરાયેલ ખર્ચ વસુલાત પાત્ર ગણવાપાત્ર હોઈ રૂા.૫૭,૭૨,૧૬૯–૦૦ ૨૫% કરતાં વધુ ચૂકવાયેલ પરીક્ષા ભથ્થાની રકમની વસુલાત કરી સરકારશ્રીની ગ્રાંટના સદરે રકમ જમા કરાવવી ઘટે.

(૨)(અ) બિન–શૈક્ષણિક કર્મચારીઓને નિયમ વિરૂધ્ધ પરીક્ષા ભથ્થું ચૂકવવામાં આવતું હોવા છતાં પરીક્ષા ઓવરટાઈમ હિસાબી સદર ૩૫૩૨૦૦૭ હેઠળ રૂા.૧૦,૫૨,૫૫૮–૦૦ નો ખર્ચ કરવામાં આવેલ છે. આ બાબતે પરીક્ષા ભથ્થું કયા હેતુ માટે ચૂકવવાપાત્ર છે અને પરીક્ષા ઓવરટાઈમ પરીક્ષા ભથ્થું ચૂકવાતું હોવા છતાં કયા કાણોસર કયા નિયમના આધારે ચૂકવવાપાત્ર બને નહીં એકજ પ્રકારની કામગીરી માટે બે પ્રકારના ભથ્થા ચૂકવી શકાય નહીં જેથી ચૂકવાયેલ રકમ રૂા.૧૦,૫૨,૫૫૮–૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(બ) એકઝીકયુટીવ કાઉન્સીલની તા.૨૩–૫–૯૯ ના રોજ મળેલી મીટીંગમાં કર્મચારીઓને તેઓની ફરજના કલાકો ઉપરાંત વધારાના સમય

માટે ચૂકવવાપાત્ર દરમાં સુધારો કરેલ છે. જેમાં ઓવરટાઈમના બદલે પુરસ્કાર શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે. તેમજ વાર્ષિક મર્યાદા વર્ગ–૪ માટે રૂા. ૭,૫૦૦–૦૦ અને અન્ય વર્ગ–૨,૩ ના કર્મચારીઓ માટે રૂા.૧૦,૦૦૦–૦૦ વધુમાં વધુ ચૂકવણું કરવાની નકકી કરવામાં આવેલ છે. પરંતુ ઓવરટાઈમ ચૂકવણાં રજી.માં જોતાં ઉકત મર્યાદા કરતાં વધુ રકમનું ચૂકવણું પણ કરવામાં આવેલ હોઈ આ બાબતે જવાબદારશ્રી દ્વારા નીચે જણાવેલ મુદ્દાની સ્પષ્ટતા થવી ઘટે.

ઉપર જણાવેલ વાંધાની પૂર્તતા થતાં સુધી વર્ષ ૨૦૦૬–૦૭ માં વધુ ચૂકવાયેલ પરીક્ષા ભથ્થું રૂા. ૫૭,૭૨,૧૬૯–૦૦ વસુલાત તરીકે તેમજ પરીક્ષા ઓવરટાઈમ રૂા.૧૦,૫૨,૫૫૮–૦૦ નું ચૂકવણું વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૯ નો જવાબ રજૂ થયેલ નથી.

વસુલાતની રકમ રૂા. ૫૭,૭૨,૧૬૯–૦૦
વાંધા હેઠળ રકમ રૂા. ૧૦,૫૨,૫૫૮–૦૦

## પરિશિષ્ટ–૫

### નિયમિત મહેકમ સિવાય વધારાના કર્મચારીનો ચૂકવાતો ખર્ચ

| ક્રમ | કર્મચારી | એક વ્યકિત દીઠ | કર્મચારીની સંખ્યા. | કુલ આર્થિક બોજો. રૂા. |
|---|---|---|---|---|
| ૧ | નિવૃત કર્મચારી | ૩,૭૦૦–૦૦ | ૯ | ૩૩,૩૦૦–૦૦ |
| ૨ | જોબ ટ્રેની | ૧,૭૫૦–૦૦ | ૪૭ | ૮૨,૨૫૦–૦૦ |
| ૩ | જોબ ટ્રેની | ૧,૭૫૦–૦૦ | ૮ | ૧૪,૦૦૦–૦૦ |
| ૪ | હંગામી નેટવર્ક એડમીનીસ્ટ્રેટર (રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર) | ૫,૦૦૦–૦૦ | ૨ | ૧૦,૦૦૦–૦૦ |
| ૫ | હંગામી કોમ્પ્યુટર ઓપરેટર (૬ રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર, ૨ હિસાબ વિભાગ, ૧ પરીક્ષા વિભાગ) | ૩,૦૦૦–૦૦ | ૯ | ૨૭,૦૦૦–૦૦ |
| ૬ | નેટવર્ક એડમીનીસ્ટ્રેટર (કોમ્પ્યુટર સાયન્સ) | ૭,૦૦૦–૦૦ | ૧ | ૭,૦૦૦–૦૦ |
| ૭ | પીસ રેઈટ કલાર્ક(૨) + ટાઈપીસ્ટ (૩) = ૫ | ૨,૫૦૦–૦૦ | ૫ | ૧૨,૫૦૦–૦૦ |
| ૮ | હંગામી સ્વીપર/પ્યુન. | ૧,૫૦૦–૦૦ | ૨ | ૩,૦૦૦–૦૦ |
| ૯ | હંગામી સ્વીપર/ પ્યુન– ૧ ટાઈપીસ્ટ. | ૧,૨૫૦–૦૦ | ૧૯ | ૨૩,૭૫૦–૦૦ |
| ૧૦ | કોમ્પ્યુટર માર્કશીટ પીસરેઈટ (પરીક્ષા વિભાગ) | ૧ માર્કશીટ દીઠ રૂા.૧–૫૦ પૈસા. | ૨ | ૩,૨૬૩–૦૦ (ફેબ્રુઆરી/માર્ચ) |
| ૧૧ | હંગામી પ્રિ.એકઝામ કોમ્પ્યુટર ઓપરેટર(રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર) | પ્રિ.એકઝામ રૂા.૦.૩૫ અને પોસ્ટ એકઝામ ૦.૪૦ વિદ્યાર્થીદીઠ. | ૨ | ૩૧,૬૨૯–૦૦ |
| ૧૨ | ટેકનીકલ આસીસ્ટન્ટ(કોમ્પ્યુટર સાયન્સ) | દિવસના રૂા. ૧૭૫/– અને ૪૦૦૦ થી વધુ નહીં. | ૨ | ૮,૦૦૦–૦૦ |
| ૧૩ | લેબ.ટેકનીશીયન (હેલ્થ સેન્ટર) | દિવસના રૂા. ૭૫/– | ૧ | ૧,૬૫૦–૦૦ |
| ૧૪ | એસ.સી.ટી.સેલ આંબેડકર | ઉચ્ચક રૂા. ૧૦૦૦/– રૂા.૨૧૦૦/– | ૨ | ૩,૧૦૦–૦૦ |
| ૧૫ | એસ.સી.ટી.સેલ બી.એટ | ઉચ્ચક રૂા. ૭૦૦/– | ૧ | ૭૦૦–૦૦ |
| ૧૬ | પ્રેસ ટેમ્પરરી સ્ટાફ | ––– | ૧૪<br>૧૦ પ્રિન્ટીંગ/પેકીંગ<br>૪ કોમ્પ્યુટર ઓપરેટર. | ૫૦,૧૦૮–૦૦ |

| ક્રમ | કર્મચારી | એક વ્યકિત દીઠ | કર્મચારીની સંખ્યા. | કુલ આર્થિક બોજો. રૂા. |
|---|---|---|---|---|
| ૧૭ | બી.એડ.સેલ | --- | ૧૦ ૯<br>કલાર્ક ૧ પ્યુન. | ૨૬,૦૯૭-૦૦ |
| ૧૮ | ઝૂલોજી પ્રોજેકટ. | | | |
| | પ્રોજેકટ ફેલો. | ફીકસ રૂા. ૬,૦૦૦/- | ૧ | ૬,૦૦૦-૦૦ |
| | પ્રોજેકટ આસી. | ફીકસ રૂા. ૩,૬૦૦/- | ૩ | ૧૦,૮૦૦-૦૦ |
| | મેડીકલ કન્સલ્ટન્ટ. | ફીકસ રૂા. ૩૫૦/- | ૨ | ૭૦૦-૦૦ |
| | | | કુલ રકમ. રૂા..... | ૩,૫૪,૮૪૭-૦૦ |

**<u>ફકરા નંબર: ૧૫</u>** **યુનિવર્સિટીની મંજુર થયેલ જગ્યા–ખાલી જગ્યા અને વધુ ભરેલ જગ્યાની માહિતી બાબત...**

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન વર્ષ ૨૦૦૬–૦૭ નો વાર્ષિક અહેવાલ જોતાં મહેકમની વિગતમાં કુલ ૩૭૯ જગ્યા ખાલી છે અને ૨૭ જગ્યા વધુ ભરવામાં આવેલ છે. જેની વિગત સામેલ પરિશિષ્ટ–૬ માં દર્શાવેલ છે. તો તે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૧)(અ)..... વિવિધ વિભાગમાં કુલ–૨૭ જગ્યા વધુ ભરવામાં આવેલ છે. તે કઈ સત્તાના આધારે, કોના દ્વારા, કયારે ભરવામાં આવેલ છે. તેની વિગતવાર માહિતી આધારસહ ઓડીટને રજૂ કરવી ઘટે. સરકારશ્રી તરફથી મંજુર થયેલ મહેકમ ઉપરાંતની કોઈપણ જગ્યા ભરવાની ખાસ સત્તા યુનિવર્સિટીને મળેલ હોય તો ઓડીટને તે અંગેની ખાત્રી થવી ઘટે અને ઓડીટ વર્ષ દરમ્યાન ચુકવાયેલ પગાર ભથ્થાની રકમ રૂ.૫૦૮૦૫૭૨/– ઉકત બાબતે સ્પષ્ટતા સુધી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(૧)(બ)..... ઉપરોકત જે વધારાની જગ્યા ભરવામાં આવેલ છે તે જે સત્તાના આધારે જયારથી ભરવામાં આવેલ હોય તેની વિગત તથા નિમણુંકની પ્રક્રિયાની વિગત ઓડીટને રજૂ કરવી ઘટે. તેમજ વધારાની જગ્યાનો ખર્ચ કયા સદરે પાડવામાં આવેલ છે તે દર્શાવવું ઘટે.

(૨) વર્ષ ૨૦૦૬–૦૭ માં કુલ–૩૭૯ જગ્યા વાર્ષિક અહેવાલમાં ખાલી બતાવવામાં આવેલ છે. ઉકત ખાલી જગ્યા કયારથી કયા કારણોસર ખાલી છે તેની વિગત ઓડીટને આપવી ઘટે.

GCSR પગાર નિયમ–૪૯(૩)(૩) ની જોગવાઈ અનુસાર કોઈપણ જગ્યા ૧ વર્ષ સુધી ખાલી રહે તો તે જગ્યા સ્થગિત થવાપાત્ર રહે છે. તેમજ ત્રણ વર્ષ સુધી કોઈપણ જગ્યા ખાલી રહે તો તે આપોઆપ રદ થાય છે. જે જગ્યા ખાલી દર્શાવેલ છે તે જગ્યા સરકારશ્રીના કરકસરના નિયમોનુસાર ૨૦% કાપ સિવાયની છે કે કેમ? તેમજ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી હોય તો આપોઆપ જગ્યા રદ થાય છે. આવી જગ્યાનો ખાલી જગ્યા તરીકે દર્શાવવાની રહે નહીં.

(૩) યુનિવર્સિટીની કુલ કેડરવાર કેટલી જગ્યા કયારથી સરકારશ્રીના કયા નંબર, તારીખના હુકમથી મંજુર થયેલ છે , તેમજ ૨૦% કરકસરના નિયમો હેઠળ જે જગ્યા રદ થયેલ હોય તે તેમજ તે સિવાયની કુલ જગ્યાની માહિતી દર્શાવતું રજીસ્ટરનું સમયાંતરે રીવ્યુ કરવામાં આવે છે કે કેમ? ઓડીટને ખાત્રી થવી ઘટે.

(૪) વાર્ષિક અહેવાલમાં હિન્દી વિભાગમાં કુલ ૧ પ્રોફેસર, ૨ રીડર અને ૩ લેકચરરની જગ્યા મંજુર થયાનું દર્શાવેલ છે. જેમાં ૧ પ્રોફેસરની જગ્યા ખાલી દર્શાવેલ છે. જયારે શાખાના કર્મચારી અંજનાબેન અર્ગડેનો પ્રોફેસર તરીકે પગાર ચુકવાતો હોવાનું ઓડીટને પગારબીલના આધારે જાણવા મળેલ હોઈ પ્રોફેસરની જગ્યા ખાલી દર્શાવવા અંગે સ્પષ્ટતા થવી ઘટે. તેમજ પ્રોફેસરની કઈ જગ્યા ઉપર અંજના અર્ગડેને નિમણુંક આપેલ છે તેની આધારસહ ઓડીટને સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૮ નો મુદ્દાવાર જવાબ રજૂ થયેલ નથી.

વાંધા હેઠળરકમ રૂ.૫૦૮૦૫૭૨/–

## પરિશિષ્ટ નંબરઃ ૬

મંજુર થયેલ મહેકમ પૈકી ખાલી જગ્યા અને વધુ ભરેલ જગ્યાની વિગત દર્શાવતું પત્રકઃ....

| ક્રમ.નં. | વિભાગ | જગ્યાનું નામ | ખાલી જગ્યા | વધુ ભરેલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | નાણાં અને હિસાબ | (૧) કુલ સચિવ | ૧ | |
| | વિભાગ (ઓડીટ | (૨) એકાઉન્ટસ્ ઓફીસર | ૧ | |
| | વિભાગ સહીત) | (૩) સેકશન ઓફીસર. | ૧ | |
| | | (૪) એકાઉન્ટન્ટ | ૧ | |
| | | (૫) હેડકલાર્ક. | ૧ | |
| | | (૬) સીનીયર કલાર્ક. | ૦ | ૧ |
| | | (૭) જુનીયર કલાર્ક. | ૬ | |
| ૨ | એકેડેમીક, સામાન્ય અને અનુસ્નાતક વિભાગ | | | |
| | એકેડેમીક વિભાગ. | (૧) સીનીયર કલાર્ક. | ૧ | |
| | | (૨) જુનીયર કલાર્ક. | ૪ | |
| | સામાન્ય વિભાગ | (૧) મદદનીશ કુલ સચિવ | ૧ | |
| | | (૨) સીનીયર કલાર્ક. | ૧ | |
| | | (૩) જુનીયર કલાર્ક. | ૩ | |
| | અનુસ્નાતક વિભાગ | (૧) સેકશન ઓફીસર | ૦ | ૧ |
| | | (૨) હેડકલાર્ક. | ૧ | |
| | | (૩) સીનીયર કલાર્ક. | ૧ | |
| | | (૪) જુનીયર કલાર્ક. | ૪ | |
| ૩ | ટાઈપીંગ વિભાગ | (૧)સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ | ૨ | |
| | | (૨) સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩ | ૨ | |
| ૪ | પ્રકાશન વિભાગ | (૧) જુનીયર કલાર્ક. | ૧ | |
| | | (૨) પટાવાળા | ૧ | |

| ક્રમ.નં. | વિભાગ | જગ્યાનું નામ | ખાલી જગ્યા | વધુ ભરેલી જગ્યા |
|---|---|---|---|---|
| ૫ | પરીક્ષા વિભાગ | (૧)સેકશન ઓફીસર. | ૦ | ૧ |
| | | (૨) હેડકલાર્ક. | ૦ | ૩ |
| | | (૩) સીનીયરકલાર્ક. | ૦ | ૨ |
| ૬ | આરોગ્ય ભવન | (૧) જુનીયર કલાર્ક. | ૧ | |
| | | (૨) સફાઈ કામદાર | ૨ | |
| | | (૩) સીનીયર કલાર્ક. | ૦ | ૧ |
| ૭ | યુનિ.છાત્રાલય માટેના | (૧) જુનીયર કલાર્ક. | ૨ | |
| | કર્મચારીઓનું પત્રક. | (૨) પટાવાળા | ૨ | |
| | | (૩) ચોકીદાર | ૧ | |
| | | (૪) સફાઈ કામદાર | ૧ | |
| ૮ | વ્યાયામ શિક્ષણ અને યુવક | (૧) આસી.ડી.પી.ઈ. | ૧ | |
| | કલ્યાણ પ્રવૃત્તિઓ. | (૨) કોચ | ૧ | |
| | | (૩) જુનીયર કલાર્ક. | ૧ | |
| | | (૪) ડીસ્પેચ રાઈડર | ૧ | |
| | | (૫) પટાવાળા | ૪ | |
| | | (૬) ગ્રાઉન્ડમેન-કમ-વોચમેન. | ૧ | |
| ૯ | બાંધકામ વિભાગ | (૧) ના.એન્જી. (સિવિલ) | ૧ | |
| | | (૨) જુનીયર કલાર્ક. | ૧ | |
| | | (૩) જુ.સુથાર | ૧ | |
| | | (૪) ચોકીદાર | ૧૧ | |
| | | (૫) માળી | ૧૩ | |
| | | (૬) સફાઈ કામદાર | ૫ | |
| | | (૭) ડીસ્પેચ રાઈડર | ૧ | |
| | | (૮) હેલ્પર | ૨ | |
| | | (૯) પ્લમ્બર | ૨ | |
| | | (૧૦) કૂક-કમ-કેરટેકર | ૧ | |
| | | (૧૧) ડ્રાયવર | ૨ | |

| ક્રમ.નં. | વિભાગ | જગ્યાનું નામ | ખાલી જગ્યા | વધુ ભરેલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧૦ | કોમ્પ્યુટર સેન્ટર | (૧) ડાયરેક્ટર | ૧ | |
| | | (૨) સિસ્ટમ એન્જીનીયર. | ૧ | |
| | | (૩) સિસ્ટમ એનાલીસ્ટ. | ૧ | |
| | | (૪) પ્રોગ્રામર. | ૨ | |
| | | (૫) સિ.કોમ્પ્યુટર ઓપરેટર. | ૧ | |
| | | (૬) જુ.કોમ્પ્યુટર ઓપરેટર. | ૩ | |
| | | (૭) કોમ્પ્યુટર ઓપરેટર. | ૧ | |
| | | (૮) હેડક્લાર્ક. | ૧ | |
| | | (૯) સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩ | ૧ | |
| | | (૧૦) ટેપડીસ્ક લાયબ્રેરીયન. | ૧ | |
| | | (૧૧) પટાવાળા. | ૧ | |
| | | (૧૨) ટ્રેઈની પ્રોગ્રામર. | ૧ | |
| | | (૧૩) ટ્રેઈની ઓપરેટર. | ૨ | |
| ૧૧ | રોલવાલા કોમ્પ્યુટર | (૧) રીડર | ૧ | |
| | સાયન્સ સેન્ટર. | (૨) લેક્ચરર. | ૩ | |
| ૧૨ | એમ.સી.એ. | (૧) પ્રોફેસર. | ૧ | |
| | | (૨) રીડર | ૧ | |
| | | (૩) લેક્ચરર. | ૩ | |
| ૧૩ (અ) | મનોવિજ્ઞાન,શિક્ષણશાસ્ત્ર અને તત્વજ્ઞાન વિદ્યાભવનના શિક્ષકવર્ગ કર્મચારીગણ | (૧) રીડર<br>(૨) પ્રોફેસર | ૨<br>૧ | |
| ૧૩ બ | બિન–શિક્ષકવર્ગના | (૧) સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ | ૧ | |
| | કર્મચારી. | (૨) સીનીયર કલાર્ક. | ૧ | |
| ૧૪ | શિક્ષણ અને વ્યવસાયલક્ષી | (૧) રીડર | ૨ | |
| | માર્ગદર્શન વિભાગ. | | | |
| ૧૫ | તત્વજ્ઞાન વિભાગ. | (૧) રીડર | ૧ | |
| ૧૬ | IAS ટ્રેનીંગ સેન્ટર. | (૧) ડે.ડાયરેક્ટર. | ૧ | |

| ક્રમ.નં. | વિભાગ | જગ્યાનું નામ | ખાલી જગ્યા | વધુ ભરેલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧૭ અ | ભાષા સાહિત્યભવનશિક્ષક વર્ગના કર્મચારી | | | |
| | ગુજરાતી. | (૧) પ્રોફેસર | ૧ | |
| | | (૨) રીડર | ૨ | |
| | | (૩) લેકચરર. | ૧ | |
| | વિભાગ. | (૧) પ્રોફેસર. | ૧ | |
| | અંગ્રેજી વિભાગ | (૧) પ્રોફેસર | ૧ | |
| | | (૨) રીડર | ૨ | |
| | હિન્દી વિભાગ | (૧) પ્રોફેસર | ૧ | |
| | | (૨) રીડર | ૧ | |
| | | (૩) લેકચરર | ૧ | |
| | સંસ્કૃત વિભાગ | (૧) રીડર | ૧ | |
| | | (૨) લેકચરર | ૧ | |
| | પ્રાકૃત વિભાગ. | (૧) રીડર | ૦ | ૧ |
| | ઉર્દૂ વિભાગ | (૧) લેકચરર. | ૧ | |
| | | (૨) રીડર. | ૦ | ૧ |
| | પર્શિયન વિભાગ | (૧) લેકચરર. | ૧ | |
| ૧૭ બ | બિનશિક્ષક વર્ગના કર્મચારી | (૧) હેડકલાર્ક. | ૧ | |
| | ભાષા સાહિત્ય ભવન. | (૨) સીનીયર કલાર્ક. | ૧ | |
| | | (૩) જુનીયર કલાર્કસ | ૩ | |
| | | (૪) ડીસ્પેચરાઈડર | ૧ | |
| | | (૫) પટાવાળા/ વોટરબેરર. | ૩ | |
| ૧૮–અ | સમાજવિદ્યા ભવન, શિક્ષકવર્ગ. | | | |
| | અર્થશાસ્ત્ર વિભાગ. | (૧) પ્રોફેસર | ૨ | |
| | | (૨) રીડર | ૩ | |
| | | (૩) લેકચરર | ૧ | |
| | | (૪) સંશોધન મદદનીશ. | ૨ | |

| ક્રમ.નં. | વિભાગ | જગ્યાનું નામ | ખાલી જગ્યા | વધુ ભરેલી જગ્યા |
|---|---|---|---|---|
| | મજુર કલ્યાણ વિભાગ | (૧) લેકચરર. | ૨ | |
| | ઈતિહાસ વિભાગ | (૧) પ્રોફેસર. | ૧ | |
| | રાજયશાસ્ત્ર વિભાગ. | (૧) પ્રોફેસર. | ૧ | |
| | | (૨) રીડર | ૨ | |
| | | (૩) લેકચરર. | ૧ | |
| | સમાજશાસ્ત્ર વિભાગ. | (૧) રીડર | ૨ | |
| ૧૮ બ | સમાજવિદ્યાભવનના બિન– | (૧) ડોકયુમેન્ટેશન ઓફીસર કમ–રીસર્ચ એસોસીએટસ્. | ૧ | |
| | શિક્ષકવર્ગના કર્મચારી. | (૨) સીનીયર કલાર્ક. | ૦ | ૧ |
| | | (૩) જુનીયર કલાર્ક. | ૩ | |
| | | (૪) ડીસ્પેચ રાઈડર. | ૧ | |
| | | (૫) પટાવાળા | ૮ | |
| | | (૬) સફાઈ કામદાર. | ૩ | |
| ૧૯ અ | વિજ્ઞાન ભવન શિક્ષકવર્ગ | | | |
| | માઈક્રોબાયોલોજી વિભાગ. | (૧) લેકચરર | ૧ | |
| | ભૂગોળ વિભાગ | (૧) પ્રોફેસર | ૧ | |
| | | (૨) લેકચરર | ૧ | |
| | રસાયણ વિજ્ઞાન | (૧) રીડર | ૨ | |
| | | (૨) લેકચરર | ૨ | |
| | વનસ્પતિવિજ્ઞાન વિભાગ. | (૧) રીડર | ૩ | |
| | ગણિતશાસ્ત્ર વિભાગ | (૧) પ્રોફેસર | ૧ | |
| | | (૨) રીડર | ૨ | |
| | | (૩) લેકચરર | ૩ | |
| | આંકડાશાસ્ત્ર વિભાગ | (૧) પ્રોફેસર | ૧ | |
| | | (૨) લેકચરર. | ૧ | |
| | ભૌતિક વિજ્ઞાનવિભાગ તેમજ | (૧) પ્રોફેસર ૨+૨= ૪ | ૩ | |
| | સ્પેસ સાયન્સીસ એન્ડ | (૨) રીડર ૩+૬= ૯ | ૩ | |
| | એપ્લીકેશન સેન્ટર. | (૩) લેકચરર ૨+૩=૫ | ૧ | |

| ક્રમ.નં. | વિભાગ | જગ્યાનું નામ | ખાલી જગ્યા | વધુ ભરેલી જગ્યા |
|---|---|---|---|---|
| | | ૧ લેકચરર (એટમોસ્કેટિક) | ૧ | |
| | પ્રાણીવિજ્ઞાન વિભાગ | (૧) પ્રોફેસર. | ૨ | |
| | | (૨) લેકચરર | ૨ | |
| | લાઈફ સાયન્સ વિભાગ. | (૧) રીડર | ૧ | |
| | સેન્ટ્રલ લાયબ્રેરી વિભાગ | (૧) લેકચરર | ૧ | |
| | સર્વિસ ઈન્સ્ટ્રુમેન્ટેશન સેન્ટર. | (૧) પ્રિન્સીપાલ સાયન્ટીફીક | | |
| | | ઓફીસર. | ૧ | |
| | | (૨) સીનીયર સાયન્ટીફીક ઓફીસર. | ૧ | |
| | | (૩) ટેકનીશીયન મીકેનીકલ. | ૬ | |
| | | (૪) સી.ટેકનીકલ આસી. | ૧ | |
| | | (૫) કલાર્ક. | ૧ | |
| | | (૬) સ્ટોરકીપર. | ૧ | |
| ૧૯ બ | બિનશિક્ષક વર્ગના કર્મચારી. | (૧) કાર્ટોગ્રાફર. | ૧ | |
| | | (૨) ટેકનીકલ આસી. (ઈલેકટ્રોનીકસ) | ૧ | |
| | | (૩) સીનીયર કલાર્ક. | ૧ | |
| | | (૪) જુનીયર કલાર્ક. | ૭ | |
| | | (૫) સ્ટોરકીપર. | ૨ | |
| | | (૬) આર્ટીસ્ટ. | ૧ | |
| | | (૭) ગ્લાસ બ્લોઅર. | ૧ | |
| | | (૮) મીકેનીકલ– કમ– | | |
| | | ઈન્સ્ટ્રુમેન્ટ રીપેરર. | ૧ | |
| | | (૯) વર્કશોપ મીકેનીક. | ૧ | |
| | | (૧૦) માળી | ૨ | |
| | | (૧૧) ડીસ્પેચ રાઈડર. | ૧ | |
| | | (૧૨) સફાઈ કામદાર. | ૩ | |

| ક્રમ.નં. | વિભાગ | જગ્યાનું નામ | ખાલી જગ્યા | વધુ ભરેલી જગ્યા |
|---|---|---|---|---|
| | | (૧૩) પટાવાળા/વોટર બેરર | ૦ | ૬ |
| | | (૧૪) સી. ટેકનીશીયન. | ૧ | |
| | | (૧૫) જુ. ટેકનીશીયન. | ૧ | |
| | | (૧૬) એનિમલ એટેન્ડન્ટ. | ૧ | |
| | | (૧૭) પ્લમ્બર. | ૧ | |
| ૨૦ | ગ્રંથાલય કર્મચારીઓનું | (૧) મદદનીશ ગ્રંથપાલ. | ૧ | |
| | પત્રક. | (૨) પ્રોફેશનલ આસી. | ૨ | |
| | | (૩) હેડક્લાર્ક. | ૨ | |
| | | (૪) સીનીયર કલાર્ક. | ૩ | |
| | | (૫) જુનીયર કલાર્ક. | ૧૧ | |
| | | (૬) સેન્ટ્રલ રેપોગ્રાફી કમ– | | |
| | | લેબો.ટેકનીશીયન. | ૧ | |
| | | (૭) ડીસ્પેચ રાઈડર. | ૩ | |
| | | (૮) પટાવાળા. | ૨ | |
| | | (૯) સફાઈ કામદાર. | ૦ | ૧ |
| | | (૧૦) ચોકીદાર. | ૧ | |
| | ગ્રંથાલય ભવન. | (૧) લેકચરર | ૧ | |
| ૨૧ | એન.એસ.એસ.વિભાગ | (૧) કો–ઓર્ડીનેટર. | ૧ | |
| | | (૨) સીનીયર કલાર્ક. | ૦ | ૧ |
| | | (૩) જુનીયર કલાર્ક. | ૨ | |
| | | (૪) પટાવાળા. | ૧ | |
| | | (૫) ડીસ્પેચ રાઈડર. | ૦ | ૧ |
| ૨૨ અ | બિઝનેસ મેનેજમેન્ટ | (૧) પ્રોફેસર | | |
| | વિભાગના શિક્ષક વર્ગના | (૨) ટીચીંગ રીસર્ચ | ૧ | |
| | કર્મચારી. | એસોસીએટસ. | ૧ | |
| ૨૨ બ | બિન શિક્ષક વર્ગનાકર્મચારી | (૧) પ્લેસમેન્ટ ઓફીસર. | ૧ | |
| | | (૨) સીનીયર કલાર્ક. | ૧ | |

| ક્રમ.નં. | વિભાગ | જગ્યાનું નામ | ખાલી જગ્યા | વધુ ભરેલી જગ્યા |
|---|---|---|---|---|
| | | (૩) જુનીયર કલાર્ક. | ૨ | |
| | | (૪) કોમ્પ્યુટર ઓપરેટર | ૧ | |
| | | (જુનીયર) | | |
| | | (૫) સફાઈ કામદાર. | ૧ | |
| | | (૬) હેડકલાર્ક. | ૦ | ૧ |
| ૨૩ અ | વાણિજ્ય વિદ્યાભવન | (૧) પ્રોફેસર. | ૧ | |
| | શિક્ષકવર્ગ. | | | |
| ૨૩ બ | બિન–શિક્ષક વર્ગ. | (૧) સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ | ૧ | |
| | | (૨) જુનીયર કલાર્ક. | ૪ | |
| | | (૩) પટાવાળા. | ૧ | |
| | | (૪) સફાઈ કામદાર. | ૧ | |
| | | (૫) હેડકલાર્ક. | ૦ | ૧ |
| | | (૬) ડીસ્પેચ રાઈડર. | ૦ | ૧ |
| ૨૪ અ | કાયદા વિદ્યાભવન– | (૧) પ્રોફેસર. | ૧ | |
| | શિક્ષકવર્ગ. | | | |
| ૨૪ બ | બિન–શિક્ષક વર્ગ. | (૧) જુનીયર કલાર્ક. | ૨ | |
| | | (૨) હેડકલાર્ક. | ૦ | ૧ |
| | | (૩) સીનીયર કલાર્ક. | ૦ | ૧ |
| ૨૫ | ડેવલપમેન્ટ કોમ્યુનીકેશન | (૧) રીડર | ૧ | |
| | સેન્ટર. | (૨) લેકચરર | ૧ | |
| | | (૩) કો–ઓર્ડીનેટર. | ૧ | |
| | | (૪) જુનીયર કલાર્ક. | ૨ | |
| | | (૫) સીનીયર કલાર્ક. | ૦ | ૧ |
| ૨૬ | કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સીલ | (૧) ડાયરેકટર | ૧ | |
| | | (૨) સ્ટેનોગ્રાફર ગ્રેડ–૧ | ૧ | |
| ૨૭ | મુદ્રણાલયના કર્મચારીઓ. | (૧) આસી.પ્રેસ મેનેજર | ૧ | |
| | | (૨) પ્રુફ રીડર. | ૩ | |

| ક્રમ.નં. | વિભાગ | જગ્યાનું નામ | ખાલી જગ્યા | વધુ ભરેલી જગ્યા |
|---|---|---|---|---|
| | | (૩) સીનીયર કલાર્ક(સ્ટોર્સ) | ૧ | |
| | | (૪) જુનીયર કલાર્ક. | ૧ | |
| | | (૫) પ્રુફ રીડર "સી" | ૨ | |
| | | (૬) કંપોઝ ઓવરશીયર. | ૧ | |
| | | (૭) કંપોઝ ફોરમેન. | ૪ | |
| | | (૮) આસી.કંપોઝ ફોરમેન. | ૨૪ | |
| | | (૯) કંપોઝર. | ૬ | |
| | | (૧૦) ગેલીમેન–કમ–એટેન્ડન્ટ. | ૨ | |
| | | (૧૧) મશીનમેન. | ૭ | |
| | | (૧૨) મનીનમેન "બી" | ૧ | |
| | | (૧૩) મશીનમેન "સી" | ૫ | |
| | | (૧૪) હેડ બાઈન્ડર. | ૧ | |
| | | (૧૫) આસી. બાઈન્ડર | ૨ | |
| | | (૧૬) જુ.બાઈન્ડર. | ૩ | |
| | | (૧૭) મોનો ઓપરેટર. | ૧ | |
| | | (૧૮) મોનો કાસ્ટર. | ૨ | |

**<u>ફકરા નંબર: ૧૬</u>** **નિવૃત કર્મચારીઓને પુનઃ નિમણૂંક આપવા અંગેનું રેકર્ડ રજૂ થવા બાબત...**

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના વર્ષના અન્વેષણ દરમ્યાન વાઉચરોની ચકાસણી કરતાં કોડ નંબરઃ ૧૧૨૫૦૦૦ સામે વા.નં.૩૦૨૮/૬–૯–૨૦૦૬ થી રૂા. ૩,૭૦૦–૦૦ નો ખર્ચ કરેલ છે. જેની નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૧) નિવૃત કર્મચારી શ્રી જી.જી.મહેતાને ઉચ્ચક પગારથી એક માસ માટે સ્ટોરકીપરની ખાલી જગ્યા પર નિમણુંક આપેલ છે. તેમની તા.૨૩–૬–૨૦૦૬ નારોજ મુદ્દત પૂરી થતાં તેમને વધુ ત્રણ માસ માટે પુનઃ નિમણુંક આપેલ છે. (ફીકસ પગાર રૂા. ૩,૭૦૦/–) રૂા.૧૧,૧૦૦–૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(૨) નિવૃત કર્મચારી શ્રી માણેકલાલ જોષીને પ્રેસ વિભાગમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે તેમને તા.૨૮–૬–૦૬ થી ત્રણ માસ માટે એટલે કે ૨૭–૯–૦૬ સુધી ફીકસ પગાર રૂા. ૩,૦૦૦–૦૦ થી નિમણૂંક આપેલ છે. (કોડ નંબરઃ ૩૫૩૩૦૦૦) રૂા.૯,૦૦૦–૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(૩) નિવૃત કર્મચારી શ્રી એમ.ડી.વાઘેલા તથા શ્રી ડી.પી.પટેલ (નિવૃત મદદનીશ ગ્રંથપાલ તથા નિવૃત એસ.ઓ.) ને રૂા. ૩,૭૦૦/– ફીકસ રેઈટથી ત્રણ માસ માટે નિમણુંક આપેલ છે. (કોડ નંબરઃ૨૧૨૩૦૦૦) ગ્રંથપાલ તરીકે નિમણુંક આપેલ છે. રૂા.૨૨,૨૦૦–૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

ઉપરોકત નિવૃત કર્મચારીઓને શિક્ષણ વિભાગના તા.૨૯–૧–૮૩ ના

ઠરાવથી પ્રતિબંધ હોવા છતાં સરકારશ્રીની પૂર્વમંજુરી સિવાય ઉચ્ચક પગારથી નિમણૂંક આપેલ છે. જે સરકારશ્રીના કયા નિયમના આધારે તથા જે રેઈટ નકકી કરવામાં આવેલ છે તે કયા નિયમથી નકકી કરેલ છે. તેની સ્પષ્ટતા થવી ઘટે.

ગુજરાત યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૦૬–૦૭ દરમ્યાન નિવૃત કર્મચારીને પુનઃનિયુકિત આપવા નકકી કરાયેલ ટર્મ્સ એન્ડ કંડીશનની નકલ બીલ સાથે સામેલ રાખવી ઘટે તથા પુનઃ નિમણુંકને લગતી ફાઈલ– રજીસ્ટર તેમજ મંજુરી આદેશ ઓડીટને સત્વરે રજૂ થવા ઘટે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૧૫ નો જવાબ રજૂ થયેલ નથી. દરેક વિભાગના અલગ અલગ લેઝરકોડમાં આ પ્રકારનો ખર્ચ ઉધારવાના કારણે કુલ કેટલા કર્મચારીને પીસરેટથી નિમણૂંક આપવામાં આવે છે તથા કેટલો ઓવરટાઈમ ચૂકવવામાં આવે છે તેમજ કેટલું પરીક્ષાભથ્થું ચૂકવવામાં આવે છે તેની ચોકકસ માહિતી ઓડીટને મળવામાં નથી. લેજરમાં તેમજ વાર્ષિક હિસાબોમાં રજૂ કરાતી માહિતીની સંલગ્ન રેકર્ડ સાથે ચકાસણી કરવાપાત્ર રેકર્ડ નિભાવેલ ના હોય ઓડીટને રજૂ થઈ શકેલ નથી. હિસાબી પધ્ધતિ કયા નિયમોને આધીન સંસ્થા દ્વારા અપનાવેલ છે. તેની ચકાસણી ઓડીટને થઈ શકેલ નથી. તો આ બાબતે આગામી ઓડીટે રેકર્ડ આધારીત જરૂરી સ્પષ્ટતાસહ ખાત્રી થવી ઘટે.

વાંધા હેઠળ રકમ રૂા. ૪૨,૩૦૦–૦૦

<u>ફકરા નંબરઃ ૧૭</u> અંદાજપત્રની કામગીરી માટે માનદ્‌ પુરસ્કાર ચૂકવવા અંગે..

---

(વા.નં. ૮૧૬/ તા.૫–૫–૨૦૦૬ રૂા. ૯,૦૦૦/–)

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના ઓડીટ દરમ્યાન નીચે જણાવેલ કર્મચારીને અંદાજપત્રની કામગીરી કરવા માટે માનદ પુરસ્કાર ચૂકવવામાં આવ્યાની વિગત ધ્યાને આવેલ હોઈ નીચે દર્શાવેલ મુદ્દાની પૂર્તતા થવી ઘટે.

| ક્રમ.નં. | સર્વિસબુક નંબર | કર્મચારીનું નામ | રકમ. રૂા. |
|---|---|---|---|
| ૧ | ૨૯ | શ્રી કે.જે.મહેતા | ૧,૫૦૦–૦૦ |
| ૨ | ૬૫૧ | શ્રી જી.પી.પટેલ | ૧,૫૦૦–૦૦ |
| ૩ | ૩૦૦ | શ્રી આર.જે.શેઠ | ૧,૫૦૦–૦૦ |
| ૪ | કોમ્પ્યુટર | શ્રી અંજનાબેન ચાવડા | ૧,૫૦૦–૦૦ |
| ૫ | ૧૨૮૨ | શ્રી નીલાબેન જોષી | ૧,૫૦૦–૦૦ |
| ૬ | ૧૫૦૦ | શ્રી રૂપલબેન શાહ | ૧,૦૦૦–૦૦ |
| ૭ | ૧૧૯૨ | શ્રી વિનોદ સોલંકી. | ૫૦૦–૦૦ |
| | | કુલ રકમ. રૂા.... | ૯,૦૦૦–૦૦ |

(૧) અંદાજપત્રની કામગીરી દર વર્ષે કરવાની રહેતી હોઈ નિયમિત કામગીરી ગણી શકાય તેને અસાધારણ કામગીરી કહી શકાય નહીં. આવી નિયમોનુસાર કરવાની કામગીરી પેટે પુરસ્કારની જોગવાઈ કયા નિયમો હેઠળ થયેલ છે? આધાર રજૂ કરવો ઘટે.

સરકારશ્રીના ચોથા પગારપંચથી ઓવરટાઈમ સદંતર બંધ કરવામાં આવેલ હોઈ માનદ્‌ પુરસ્કારની કોઈ જોગવાઈ સરકારી નિયમોનુસાર પગારભથ્થા મેળવતા કર્મચારીને ચૂકવવા અંગેની ના હોઈ ઉકત ચૂકવણું અમાન્ય ગણી ચૂકવણાંની રકમ વસુલ કરવાપાત્ર રહેતી હોઈ સદરહુ

ચૂકવણું નિયમોનુસાર થયાનો આધાર રજૂ થવો ઘટે અન્યથા ચૂકવણાંની વસુલાત કરી ઓડીટને જાણ થવી ઘટે.

સંસ્થા દ્વારા રજૂ કરાયેલ જવાબમાં ગુજરાત સરકારના નાણાં વિભાગમાં અંદાજપત્રની કામગીરી માટે પુરસ્કાર રૂપે ઉચ્ચક મહેનતાણું આપવામાં આવે છે તે જોતાં યુનિવર્સિટીના કર્મચારીઓને ચૂકવણું કરાયેલ છે તેમ જણાયેલ છે, જે નિયમોનુસાર જવાબ ગણી શકાય નહીં. યુનિવર્સિટી કર્મચારીને સાઈડ ઈન્કમ તરીકે પગારભથ્થા સિવાય પરીક્ષાભથ્થું તથા વધારાની કામગીરી પેટે ચૂકવાતા પુરસ્કારના નામે ઓવરટાઈમની રકમ બાબતે સરકારશ્રીની મંજુરી મેળવેલ હોય તો આધાર રજૂ કરવો ઘટે અન્યથા નિયમ વિરૂધ્ધ કરાયેલ ચૂકવણાંની વસુલાત કરી ઓડીટને તે અંગેની આગામી ઓડીટે ખાત્રી કરાવવી રહે.

વસુલાતની રકમ. રૂા. ૯,૦૦૦–૦૦

**<u>ફકરા નંબર: ૧૮</u>** **અલગ–અલગ કારણ દર્શાવી પગારભથ્થા ઉપરાંતની ચૂકવણી કરવા બાબતની અનિયમિતતા બાબત...**

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન વાઉચરો તથા લેજર તેમજ અન્ય રેકર્ડની ચકાસણી કરતાં Code No. 2931000 M.P.E Admission સામે રૂા.૩,૦૧,૨૬૬–૦૦ નો ખર્ચ કરવામાં આવેલ છે. જે પૈકી નમૂનારૂપ વાઉચરમાં ખર્ચની ચકાસણી કરતાં નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૧) વા.નં. ૨૬૭૧/ તા.૧૧–૮–૨૦૦૬ માં રૂા. ૩૬,૦૦૦–૦૦ નો ખર્ચ M.P.E. ની કામગીરીને મહેનતાણા અંગેનો દર્શાવેલ છે. તથા વાઉચર સાથે સામેલ રાખેલ નોંધમાં જણાવ્યા મુજબ વર્ગ–૩ તથા વર્ગ–૪ ના કર્મચારીઓ તથા કો.ઓડીનેટરશ્રીને પ્રતિમાસ વેતન પ્રમાણે ચૂકવણું મંજૂર કરવામાં આવે છે. કોડ નં.૨૯૩૧૦૦૦ હેઠળ દર્શાવેલ ખર્ચ આ પ્રમાણે જ પગારભથ્થા ઉપરાંતનો ચૂકવણી માટે ઉગવેલ છે.

(૨) સરકારી કર્મચારી/ અધિકારી ૨૪ કલાક પોતાની ફરજ માટે સરકારશ્રીમાં બંધાયેલા છે અને તેની ફરજ બજાવવાની કામગીરી માટે જ તેને પગારભથ્થા ચૂકવવામાં આવે છે. જ્યારે યુનિવર્સિટીમાં પરીક્ષાની કામગીરી, ફોર્મની કામગીરી, બજેટની કામગીરી, પગાર ભથ્થાની કામગીરી પગાર ફીકસેશનની કામગીરી, ફાઈલો વગેરે રેકર્ડ ગોઠવવાની કામગીરી કે અન્ય કામગીરી કોઈ માહિતી અંગેની કામગીરી માટે અલગ અલગ પગાર ભથ્થા ઉપરાંત મહેનતાણા ચૂકવવામાં આવે છે. તો આવા ચૂકવણાં કરવા માટે સરકારશ્રીના ઠરાવો/ આધારો ઓડીટે રજૂ થવા ઘટે. સરકારશ્રી તરફથી ૧–૧–૮૭ પછી સદંતર ઓવરટાઈમનું ચૂકવણું બંધ થયેલ હોવાછતાં યુનિવર્સિટી દ્વારા એક અથવા અન્ય બહાના હેઠળ ઓવરટાઈમ–

ગુજરાત તિજોરી નિયમ-૨૦૦૦ ના નિયમ-૩૮૧ થી ૩૮૫ માં કરવામાં આવેલ જોગવાઈ પ્રમાણે જયારે કોઈ વ્યકિત કે સંસ્થા ટેન્ડર અથવા કરારના કારણે કે અન્ય કોઈ કારણસર અનામત પેટે કે ઈ.એમ.ડી. તરીકે સંસ્થામાં રકમ જમા કરાવે ત્યારે તેટલી રકમની પહોંચ (પાવતી) અથવા ચલણ આપવામાં આવે છે અને કરારની કે ટેન્ડરની શરતો મુજબ રકમ પરત કરવાની થાય ત્યારે અસલ પહોંચ મેળવી તેના પર રકમ પરત કર્યાની તારીખ અને કેન્સલનો શેરો મારી રદ કરવાની થતી હોય છે. જેથી કરીને ભવિષ્યમાં તે રકમનું પુનઃચૂકવણું ન થાય. આમ, સદરહુ જોગવાઈ હોવા છતાં સંસ્થાએ સામેલ નમૂનારૂપ કિસ્સાઓમાં પહોંચની અસલ નકલ મેળવ્યા વગર ડીપોઝીટની રકમ પરત કરેલ છે. જે બાબતે જરૂરી સ્પષ્ટતા કરી જે તે વ્યકિત પાસેથી મૂળ નકલ મેળવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે. ખાત્રી કરાવતાં સુધી પરત કરેલ ડીપોઝીટની રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૭૫ નો જવાબ રજુ થયેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા. ૩૮,૪૪,૪૨૨-૦૦

<u>ફકરા નંબરઃ ૩૦</u> કોરી પહોંચબુકોનું સ્ટોક રજીસ્ટર નહીં રાખવા બાબત...

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના વર્ષનાં હિસાબોના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં સંસ્થાએ વર્ષ દરમ્યાન પરીક્ષા ફીની આવક પેટે રૂા. ૬,૧૭,૮૬,૭૯૭–૦૦ અન્ય ફીની આવક રૂા.૨,૫૭,૧૦,૯૩૫–૦૦ પ્રકાશનોની આવક રૂા.૭૩,૮૭,૧૫૬–૦૦ તથા યુનિવર્સિટીનાં કોમ્પ્યુટર સેન્ટરની આવક રૂા. ૪,૮૮,૭૧૩–૦૦ જેવી અનેક પ્રકારની આવકો કાઉન્ટર કલેકશન રજીસ્ટર અને એમ.ઓ.કલેકશન રજીસ્ટરમાં દર્શાવેલ વિગતે પત્રકો મારફતે થયેલ છે.

યુનિવર્સિટી દ્વારા આ આવકો માટે જુદા જુદા ૬૦ પ્રકારની આવકવાર છાપેલી કિંમતની પહોંચબુકોનો ઉપયોગ કરવામાં આવતો હતો. પરંતુ તે અંગેની જરૂરી વિગત તથા કોરી પહોંચબુકોનું સ્ટોક રજીસ્ટર નિભાવેલ છે. તેમાં યોગ્ય ખતવણી થયાનું જણાયેલ નથી. જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૧) યુનિવર્સિટીને છાપેલી કિંમતની પહોંચો દ્વારા ઘણી મોટી આવક થાય છે. પરંતુ આવી પહોંચબુકોની ઉઘડતી સિલક, નવી પહોંચબુકો કયારે છપાવી? પહોંચબુકો જે તે કાઉન્ટર પર કયારે ઈસ્યુ કરી અને તે ક્રમ પ્રમાણે વર્ષવાર તેનો ઉપયોગ થયો હતો કે કેમ? વર્ષ આખરે બંધસિલક કેટલી રહી? કોઈ પહોંચબુક રદ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ હોય તો તે રદ કરેલ છે કે કેમ? વિગેરે વિગતોની નોંધ પહોંચબુક રજીસ્ટરમાં કરવાની હોય છે. પરંતુ રજીસ્ટરમાં આવી કોઈ માહિતી– વિગત દર્શાવેલ નહીં હોવાથી પહોંચબુકના વપરાશની વિગત તથા સ્ટોક અંગેના વ્યાજબીપણાની ખાત્રી ઓડીટને થઈ શકેલ નથી. વધુમાં યુનિવર્સિટીનો વહીવટ મહદઅંશે આવક

## પરિશિષ્ટ-૧૨

અસલ પહોંચ મેળવ્યા વગર ડીપોઝીટની રકમ પરત કરવામાં આવેલ વિગત દર્શાવતું પત્રકઃ કોડ નંબરઃ ૮૧૦૧૦૦૫

| અનુ. નંબર | વાઉચર નંબર | તારીખ | રકમ. રૂા. | વિગત. |
|---|---|---|---|---|
| ૧ | ૧૭૯૯ | ૩-૭-૦૬ | ૧,૧૫,૦૦૦-૦૦ | વહાણવટી સેલ્સ કોર્પોરેશન. |
| ૨ | ૧૯૧૧ | ૭-૭-૦૬ | ૧,૦૦,૦૦૦-૦૦ | વિશાલ કોર્પોરેશન. |
| ૩ | ૪૮૯૧ | ૧૫-૧૨-૦૬ | ૫,૦૦,૦૦૦-૦૦ | જય ટ્રેડર્સ. |
| ૪ | ૫૨૪૫ | ૪-૧-૦૭ | ૩૦,૭૧,૩૨૨-૦૦ | કેળવણી મંડળ સાઘળી. |
| ૫ | ૪૮૧૭ | ૨૨-૧૧-૦૬ | ૫,૦૦૦-૦૦ | મનુભાઈ ભગવાનદાસ જ્વેલર્સ. |
| ૬ | ૬૬૦૮ | ૧૦-૩-૦૭ | ૨,૫૦૦-૦૦ | રાકેશ.જે.વાઘેલા |
| ૭ | ૬૭૮૦ | ૧૫-૩-૦૭ | ૨૫,૬૦૦-૦૦ | આકાર એક્સો પ્રા.લી. |
| ૮ | ૬૭૭૯ | ૧૫-૩-૦૭ | ૨૫,૦૦૦-૦૦ | વિનર્સ એક્સો પ્રા.લી. |
| | | | ૩૮,૪૪,૪૨૨-૦૦ | |

ઉપર નિર્ધારીત હોઈ, આવા આવકનાં આધારસ્થંભ જેવી વિવિધ પ્રવૃત્તિઓમાંથી થતી આવકો પહોંચબુકો મારફત સ્વિકારાતી હોઈ, પહોંચબુકોનું સ્ટોક રજીસ્ટર અદ્યતન રીતે નિભાવવું અતિ આવશ્યક છે. પહોંચબુકોનો હિસાબ નિયમોનુસાર નહીં નિભાવવાને કારણે ઉચાપત/ નાણાંકીય ગેરરીતિની શકયતા નકારી શકાય તેમ નથી. આ પરિસ્થિતિ સુધારવા સક્રિય પગલાં સમયસર ભરવાની ખાસ જરૂર છે. તો આવા અતિ મહત્વના પહોંચોનું સ્ટોક રજીસ્ટર નિયમોનુસાર નિભાવવા અંગે જવાબદારશ્રીથી ઘટીત કાર્યવાહી કરી , અગાઉ જે પહોંચબુકો છપાયેલ છે તેના બીલ ઉપરથી તેમજ વપરાયેલ પહોંચબુકોનાં અડધિયા/ કાઉન્ટર ફોઈલ ઉપરથી પહોંચબુકોનું વિગતવાર રજીસ્ટર તૈયાર કરી ઓડીટમાં રજુ કરવું રહે.

(૨) પહોંચબુકના સ્ટોક રજીસ્ટરમાં સિકકા મારેલ નથી તેમજ તેને સહી–સિકકા રજીસ્ટરે નોંધી–છેલ્લા પાના ઉપર સહી સિકકા રજીસ્ટરના ક્રમ નંબર તથા પાના નંબર દર્શાવી, જવાબદાર અધિકારીશ્રી મારફતે પ્રમાણપત્ર આપેલ નથી.

(૩) કોરી પહોંચબુકો પ્રેસમાંથી છપાઈને આવે એટલે દરેક પહોંચનંબરની ગણત્રી–ચકાસણી કરી, પહોંચબુકના છેલ્લા પાને પહોંચબુકનો ઉપયોગ શરૂ કરતાં પહેલાં પહોંચબુકના નંબર તથા કુલ પહોંચની વિગત દર્શાવી જવાબદાર દ્વારા કરાયેલ નોંધ પ્રમાણિત કરવાની રહે છે. ત્યારબાદ પહોંચબુક સ્ટોક રજીસ્ટરમાં જમા લઈ જરૂર પ્રમાણે ઈસ્યુ કરતી વખતે પહોંચબુકની વિગત તથા નંબર કયાંથી કયાં સુધીના છે? તે દર્શાવી, પહોંચબુક સહી લઈ જે તે કર્મચારીને ઈસ્યુ કરવાની રહે છે.

રજીસ્ટરમાં માસના અંતે, વર્ષાન્તે સ્ટોકની તારીજ કાઢવાની પ્રથા

અપનાવવાથી કઈ પહોંચબુકનો કેટલો વપરાશ તથા કેટલી જરૂરીયાત- ભવિષ્યની રહેશે. તેનો ખ્યાલ આવી શકે અને જરૂરીયાત મુજબ નવી પહોંચબુકોનો ઓર્ડર આપી શકાય. જેથી ઓડીટના સૂચનનો અમલ તાત્કાલિક ધોરણે શરૂ કરી ઓડીટને જાણ થવી ઘટે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં.૨૯ નો જવાબ રજૂ થયેલ નથી.

**ફકરા નંબર: ૩૧** કેશ કાઉન્ટર, હિસાબી પ્રકાશન કાઉન્ટર, એમ.ઓ.કલેકશનની બાકી પહોંચબુકો રજુ કરવા બાબત...

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન રજુ કરેલ કાઉન્ટર કલેકશનની પહોંચબુકોની તેમજ એમ.ઓ.કલેકશનની પહોંચબુકોની ચકાસણી કરતાં આવકની પહોંચોનાં કેશ કાઉન્ટર, હિસાબી પ્રકાશન કાઉન્ટર અને એમ.ઓ.કલેકશનની ઓકટોબર–૨૦૦૬ તેમજ માર્ચ–૨૦૦૭ ના માસની પહોંચબુકોની ચકાસણી કરતાં તેમાં આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ–૧૩ મુજબની પહોંચો રજુ થયેલ નથી. તો બાકી રહેલ પહોંચો આગામી ઓડીટે રજુ કરી જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૪૪ નો જવાબ રજૂ થયેલ નથી. નાણાંકીય ગંભીર ક્ષતિ દર્શાવતા મુદ્દા હોઈ આ બાબતે જવાબદારેથી સ્પષ્ટતા સાથે ઘટીત કાર્યવાહી કરી આગામી ઓડીટે આધારસહ પૂર્તતા કરવી ઘટે.

## પરિશિષ્ટ–૧૩ (૧)

કેશ કાઉન્ટરની બાકી પહોંચોની વિગત દર્શાવતું પત્રક :–

| અ.નં. | બુકનું નામ | પહોંચ નં. | તારીખ | રકમ. રૂા. |
|---|---|---|---|---|
| 1 | FG. | 36905 TO 36910 | 3-10-06 | 1,200-00 |
| | | 36911 TO 36917 | 4-10-06 | 1,400-00 |
| | | 36918 TO 36929 | 5-10-06 | 2,400-00 |
| | | 36930 TO 36939 | 6-10-06 | 2,000-00 |
| | | 36940 TO 36950 | 7-1-06 | 2,200-00 |
| | | 36951 TO 36967 | 9-10-06 | 3,400-00 |
| | | 36968 TO 36984 | 10-10-06 | 3,400-00 |
| 2 | VM | 25501 TO 2554 | 10-10-06 | 700-00 |
| 3 | B.A | 4873 TO 4900 | 10-10-06 | 11,700-00 |
| 4 | V.M.F.F. | 904 TO 911 | 2-3-07 | 40-00 |
| | | 912,913 | 3-3-07 | 10-00 |
| | | 914 TO 917 | 5-3-07 | 20-00 |
| | | 918 TO 923 | 6-3-07 | 30-00 |
| | | 924 TO 930 | 7-3-07 | 35-00 |
| | | 931 TO 957 | 8-3-07 | 135-00 |
| | | 958 TO 970 | 9-3-07 | 65-00 |
| 5 | E.L. | 14440 | 3-3-07 | 110-00 |
| | | 14441 TO 14444 | 6-3-07 | 440-00 |
| | | 14445 TO 14447 | 7-3-07 | 330-00 |
| | | 14448 TO 14454 | 8-3-07 | 770-00 |
| | | 14455 TO 14467 | 9-3-07 | 1,430-00 |
| | | 14468 TO 14475 | 10-3-07 | 880-00 |
| 6 | Mis/Income | 12601 TO 12650 | 3-3-07 | 20,178-00 |
| 7 | ST/ SC | 2184 | 6-3-07 | 1,845-00 |
| | હિસાબ પ્રકાશન કાઉન્ટર. | | | |
| 1 | Pub./ F | 8343-8371 | 2-3-07 | 1,69,701-00 |

## પરિશિષ્ટ–૧૩ (૨)

ચેક/ડી.ડી./એમ.ઓ.ની બાકી પહોંચોની વિગત દર્શાવતું પત્રક :–

| અ.નં. | બુકનું નામ | પહોંચ નં. | તારીખ | રકમ. રૂા. |
|---|---|---|---|---|
| 1 | EL | 8402 | 4-10-06 | 100-00 |
| 2 | D | 30 | 6-10-06 | 80,876-00 |
| 3 | E | 1467<br>1468 | 7-10-06<br>10-10-06 | 1,74,796-00<br>90,818-00 |
| 4 | Misc.Grant | 282 | 10-10-06 | 2,25,427-00 |
| 5 | Mis.Income | 10783-10790<br>10791-10792 | 1-3-07<br>2-3-07 | 52,984-66<br>5,200-00 |
| 6 | Mis.Grant | 351-352 | 2-3-07 | 1,57,56,900-00 |
| 7 | MIG | 1745 | 3-3-07 | 110-00 |
| 8 | YWC | 614-617 | 3-3-07 | 11,727-00 |
| 9 | Sports.C | 580-582 | 3-3-07 | 2,985-00 |
| 10 | Pub./F | 7171 | 3-3-07 | 22,500-00 |
| 11 | D | 45-51 | 3-3-07 | 14,000-00 |
| 12 | Mis.Income | 10793-10798 | 3-3-07 | 72,130-00 |
| 13 | YWC | 618 | 5-3-07 | 12,510-00 |
| 14 | Sports.C | 583<br>584 TO 587 | 5-3-07<br>6-3-07 | 6,255-00<br>13,075-00 |
| 15 | Mis. Income | 10799 TO 10800<br>12701 TO 12702 | 5-3-07<br>6-3-07 | 20,000-00<br>20,000-00 |
| 16 | YWC | 619 TO 622 | 6-3-07 | 26,150-00 |
| 17 | MIG | 1746 | 6-3-07 | 110-00 |
| 18 | VM | 22533-22535 | 7-3-07 | 150-00 |
| 19 | YWC | 623<br>624<br>625-626<br>627 | 7-3-07<br>8-3-07<br>9-3-07<br>10-3-07 | 5,780-00<br>2,840-00<br>12,115-00<br>13,160-00 |

| અ.નં. | બુકનું નામ | પહોંચ નં. | તારીખ | રકમ. રૂા. |
|---|---|---|---|---|
| 20 | Sport.C | 588 | 7-3-07 | 2,890-00 |
| | | 589 | 8-3-07 | 1,420-00 |
| | | 590 | 9-3-07 | 4,225-00 |
| | | 591 | 10-3-07 | 6,580-00 |
| 21 | D | 52 | 7-3-07 | 12,00,000-00 |
| 22 | Mis/Income | 12703-12715 | 7-3-07 | 42,000-00 |
| | | 12716-12717 | 8-3-07 | 270-00 |
| | | 12718-12720 | 9-3-07 | 770-00 |
| | | 12721-12726 | 10-3-07 | 2,937-25 |
| 23 | Misc./Grant. | 353 TO 360 | 8-3-07 | 3,70,610-00 |
| | | 361 | 9-3-07 | 50,00,000-00 |

## પરિશિષ્ટ–૧૩ (૨)

ચેક/ડી.ડી./એમ.ઓ.ની બાકી પહોંચોની વિગત દર્શાવતું પત્રક :–

| અ.નં. | બુકનું નામ | પહોંચ નં. | તારીખ | રકમ. રૂા. |
|---|---|---|---|---|
| 1 | EL | 8402 | 4-10-06 | 100-00 |
| 2 | D | 30 | 6-10-06 | 80,876-00 |
| 3 | E | 1467 | 7-10-06 | 1,74,796-00 |
| | | 1468 | 10-10-06 | 90,818-00 |
| 4 | Misc.Grant | 282 | 10-10-06 | 2,25,427-00 |
| 5 | Mis.Income | 10783-10790 | 1-3-07 | 52,984-66 |
| | | 10791-10792 | 2-3-07 | 5,200-00 |
| 6 | Mis.Grant | 351-352 | 2-3-07 | 1,57,56,900-00 |
| 7 | MIG | 1745 | 3-3-07 | 110-00 |
| 8 | YWC | 614-617 | 3-3-07 | 11,727-00 |
| 9 | Sports.C | 580-582 | 3-3-07 | 2,985-00 |
| 10 | Pub./F | 7171 | 3-3-07 | 22,500-00 |
| 11 | D | 45-51 | 3-3-07 | 14,000-00 |
| 12 | Mis.Income | 10793-10798 | 3-3-07 | 72,130-00 |
| 13 | YWC | 618 | 5-3-07 | 12,510-00 |
| 14 | Sports.C | 583 | 5-3-07 | 6,255-00 |
| | | 584 TO 587 | 6-3-07 | 13,075-00 |
| 15 | Mis. Income | 10799 TO 10800 | 5-3-07 | 20,000-00 |
| | | 12701 TO 12702 | 6-3-07 | 20,000-00 |
| 16 | YWC | 619 TO 622 | 6-3-07 | 26,150-00 |
| 17 | MIG | 1746 | 6-3-07 | 110-00 |
| 18 | VM | 22533-22535 | 7-3-07 | 150-00 |
| 19 | YWC | 623 | 7-3-07 | 5,780-00 |
| | | 624 | 8-3-07 | 2,840-00 |
| | | 625-626 | 9-3-07 | 12,115-00 |
| | | 627 | 10-3-07 | 13,160-00 |

| અ.નં. | બુકનું નામ | પહોંચ નં. | તારીખ | રકમ. રૂા. |
|---|---|---|---|---|
| 20 | Sport.C | 588 | 7-3-07 | 2,890-00 |
| | | 589 | 8-3-07 | 1,420-00 |
| | | 590 | 9-3-07 | 4,225-00 |
| | | 591 | 10-3-07 | 6,580-00 |
| 21 | D | 52 | 7-3-07 | 12,00,000-00 |
| 22 | Mis/Income | 12703-12715 | 7-3-07 | 42,000-00 |
| | | 12716-12717 | 8-3-07 | 270-00 |
| | | 12718-12720 | 9-3-07 | 770-00 |
| | | 12721-12726 | 10-3-07 | 2,937-25 |
| 23 | Misc./Grant. | 353 TO 360 | 8-3-07 | 3,70,610-00 |
| | | 361 | 9-3-07 | 50,00,000-00 |

ફકરા નંબરઃ ૩૨    લખેલી પહોંચ રદ કરવા બાબત...

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન અત્રે ઈસ્યુ કરવામાં આવતી પહોંચબુકોમાં જયારે વિદ્યાર્થી બારીએથી પૈસા ભરે છે અથવા ભરવા આવે છે ત્યારે નામ–સરનામું તથા ફીની રકમ પણ લખી દેવામાં આવે છે. તેમજ તે પહોંચ કાઉન્ટર ફોઈલથી અલગ પણ કરી દેવામાં આવે છે. ત્યારપછી તે પહોંચ રદ કરેલ હોય છે. તે રદ કરવા પાછળનું કારણ દર્શાવવામાં આવતું નથી. રદ કર્યાની વિગત લખી તેમાં શાખા અધિકારી અથવા જવાબદાર અધિકારીની સહીઓ લેવામાં આવતી નથી. તેથી જયારે જયારે પહોંચ રદ કરવાની થાય ત્યારે કારણ દર્શાવવું તેમજ સંબંધિત વ્યકિત પાસેથી પહોંચ પરત મેળવી, બંને પહોંચો ભેગી કરી રદ કરવી અનિવાર્ય જણાય છે. જો તેમ થતું રોકવામાં ન આવે અથવા આવી પ્રથાનો અમલ ન થાય તો ભવિષ્યમાં ઉચાપત થવાનો પૂરેપૂરો સંભવ છે. તેથી આ પ્રથાનો અમલ કરી, ઓડીટને જાણ કરવી ઘટે તેમજ આવી પ્રથાનો અમલ કરવા ઓડીટનું સૂચન છે. નમૂનારૂપ કિસ્સાઓ નીચે પ્રમાણે છે. રદ થયેલ પહોંચો અંગે કારણોસહ સ્પષ્ટતા કરવી.

(૧) MIG– બુક નં.૮૫૦૧ થી ૮૬૦૦ માં પહોંચ નંબર ૮૫૪૨/ તા.૨૭–૯–૦૬ રૂા. ૧૦૦–૦૦ રદ કરેલ છે. (અમરજી એચ.પરમારના નામની છે)

(૨) T.Y.B.A EXT. પહોંચબુક નં.૧૩૦૧ થી ૧૪૦૦ માં પહોંચ નંબરઃ ૧૩૩૭ રૂા.૪૫૦–૦૦ તા.૭–૧૦–૦૬ ના રોજ રદ કરેલ છે. (મીરા પી.રાઠોડના નામની રસીદ છે.)

(૩) F.G.– પહોંચબુક નં.૩૭૧૦૧ થી ૩૭૨૦૦ માં રસીદ નંબરઃ ૩૭૧૫૯ (Liyakant Bser) રૂા. ૨૦૦–૦૦ ની તા.૩૦–૯–૦૬ નારોજ રદ કરેલ છે.

(૪) D– પહોંચબુક નં.૧ થી ૧૦૦ જેમાં રસીદ નંબરઃ૭ તા.૪–૫–૦૬ રદ કરેલ

છે. રસીદ નંબરઃ ૧૨ એ.કે.રાવલ ચેરીટેબલ ટ્રસ્ટ– અમદાવાદની રૂા.૫,૦૦,૦૦૦–૦૦ ની રસીદ તા.૬–૭–૦૬ ની છે જે રદ કરેલ છે. રસીદ નં.૧૯ માં કમલા ચેરીટેબલ ટ્રસ્ટ રૂા.૨૦,૦૦,૦૦૦–૦૦ ની રસીદ તા.૧૭–૮–૦૬ નારોજ રદ કરેલ છે. રસીદ નંબરઃ ૩૦/તા.૬–૧૦–૦૬ નારોજ રદ કરેલ છે. રસીદ નં.૬૨/ સાઈ કેટરર્સ, અમદાવાદ રૂા.૪૫,૦૦૦–૦૦ ની તા.૧૧–૧૨–૨૦૦૭ નારોજ રદ કરેલ છે.

આમ, ઉપરોકત કિસ્સાઓ નમૂનારૂપ રસીદ નંબરો છે, જે રદ કરવામાં આવેલ છે. શકય હોય ત્યાં સુધી પહોંચો રદ ન કરવી પડે તેની કાળજી રાખવી તેવું ઓડીટનું સૂચન છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં.૪૫ નો જવાબ રજૂ થયેલ નથી.

## ફકરા નંબર: ૩૩ આવકની પહોંચોમાં જણાયેલી અનિયમિતતા બાબતે...

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાની આવકની પહોંચોની ચકાસણી કરતાં તેમાં નીચેની વિગતે અનિયમિતતા જણાયેલ છે.

(૧) કેશ કાઉન્ટર રજી.માં Misc./ Income ની પહોંચબુકમાં તા.૫–૩–૦૭ ની પહોંચ નંબર: ૧૨૬૦૧ થી ૧૨૬૫૦ નો સરવાળો કરતાં રૂા.૨૦,૧૧૮–૦૦ થાય છે. જયારે રજીસ્ટરમાં જેમાં રૂા.૨૦,૧૭૮–૦૦ દર્શાવેલ છે. આમ, રજીસ્ટરમાં રૂા. ૬૦–૦૦ વધુ જમા દર્શાવેલ છે.

(૨) કેશ કાઉન્ટર રજી.માં Misc./ Income ની પહોંચબુકમાં તા.૮–૩–૨૦૦૭ પહોંચ નંબર: ૧૨૮૬૧ થી ૧૨૯૦૦ નો સરવાળો કરતાં રૂા.૩૯,૬૩૫–૦૦ થાય છે. જયારે રજીસ્ટરમાં જમા રૂા.૩૯,૧૯૫–૦૦ દર્શાવેલ છે. આમ, રજીસ્ટરમાં જમા રૂા.૪૪૦–૦૦ ઓછા દર્શાવેલ છે. જે ખૂબજ ગંભીર બાબત ગણાય.

(૩) કેશ કાઉન્ટર રજી.માં Misc./ Incomeની પહોંચબુકમાં તા.૪–૧૦–૦૬ માં પહોંચ નં.૭૮૫૦ થી ૭૮૯૦ નો સરવાળો કરતાં રૂા. ૨૭,૦૬૭–૦૦ થાય છે. જયારે રજીસ્ટરમાં જમા રૂા. ૨૭,૧૬૭–૦૦ દર્શાવેલ છે. આમ, રજીસ્ટરમાં જમા રૂા. ૧૦૦–૦૦ વધુ દર્શાવેલ છે.

(૪) M.O.Collection રજીસ્ટરમાં બુક–YWC માં પહોંચ નં.૪૦૧ થી ૪૫૯ માં તારીખ સળંગ છે. ૪૫૯ નંબરની પહોંચમાં તા.૧૫–૧૨–૦૬ છે. અને તેના પછીની પહોંચ નં.૪૬૦ થી ૪૬૨ માં તા.૭–૧૨–૦૬ દર્શાવેલ છે. જે અંગે ઓડીટે સ્પષ્ટતા થવી ઘટે.

(૫) બુક–VM માં પહોંચબુક નં. ૯૦૧ થી ૧૦૦૦ માં પહોંચ નંબર: ૧૦૦૦ છાપેલો નંબર નથી–હાથથી લખેલ છે. પહોંચની રકમ રૂા. ૬૦–૦૦ છે.

(૬) બુક–VM માં પહોંચબુક નંબરઃ ૧૭૦૦૧ થી ૧૮૦૦૦ માં ૧૭૯૯૮ થી ૧૮૦૦૦ માં છાપેલા નંબરમાં કાણાં પડેલ હોઈ ઉપરના ભાગે પેનથી લખેલ છે. સદર બાબતે ઓડીટનો ખુલાસો કરવો ઘટે.
ઉપરનાં જેવાં જ સંજોગો પહોંચ નંબરઃ ૧૪૯૦૧ થી ૧૫૦૦૦ તેમજ પહોંચ નં.૧૪૫૦૦ અને પહોંચ નં.૧૬૦૦૦ માં છે.

(૭) બુક–VM માં પહોંચબુક નં. ૨૫૬૦૧ થી ૨૫૯૦૦ માં પહોંચ નંબરઃ ૨૫૬૯૮ થી ૨૫૭૦૦ અને પહોંચ નંબરઃ ૨૫૮૦૦ માં છાપેલા નંબરો વ્યવસ્થિત નથી. જે અંગે યોગ્ય ખુલાસો થવો ઘટે. ઉકત નંબરો પ્રમાણિત કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

(૮) બુક–St. M.Com. માં પહોંચબુક નં.૮૦૧ થી ૯૦૦ માં પહોંચ નંબરઃ ૮૨૨ થી ૯૦૦ સુધીની વણવપરાયેલ છે. જેને કેન્સલ કરેલ નથી. જે પહોંચબુક રજી.માં પહોંચ નંબરઃ ૮૨૨ થી ૯૦૦ રદ કર્યા અંગેની નોંધ કરી સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરાવી રદ કર્યા અંગેની ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

(૯) બુક–HRB માં પહોંચબુક નંબરઃ ૬૦૧ થી ૭૦૦ માં ૬૦૧ નંબરની પહોંચ નથી. તે બાબતે જરૂરી તપાસ કરી આગળની કાર્યવાહી કરવા ઓડીટનો અનુરોધ છે.

(૧૦) બુક–HRG પહોંચબુક નંબરઃ ૩૦૧ થી ૪૦૦ માં પહોંચનંબરઃ ૩૫૪ થી ૪૦૦ સુધીની વણવપરાયેલ છે. જેને કેન્સલ કરેલ નથી. તો કેન્સલ કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

(૧૧) બુક–"e" પહોંચબુક નં.૩૩૦૧ થી ૩૪૦૦ માં પહોંચ નં.૩૩૯૪ થી ૩૪૦૦ કોરી પહોંચ છે. (વપરાયેલ નથી.) જ્યારે તેના પછીની બુક નં.૩૪૦૧ થી ૩૫૦૦ વપરાયેલ છે. ૩૪૦૧ નંબરની પહોંચ નથી. તે બાબતે જરૂરી તપાસ કરી આગળની કાર્યવાહી કરી ઓડીટને આધારસહ આગામી ઓડીટે ખાત્રી કરાવવી ઘટે.

(૧૨) નીચે દર્શાવેલ પહોંચો વણવપરાયેલ છે. જેને કેન્સલ કરેલ નથી.

| અ.નં. | બુકનું નામ | પહોંચબુકનો પહોંચ નંબર. | વણવપરાયેલ પહોંચોના નંબર. |
|---|---|---|---|
| A) | PO/ Medical | ૫૦૧ થી ૧૦૦૦ | ૮૦૫ થી ૯૦૦ |
| B) | ST/ SCI. | ૨૧૦૧ થી ૨૨૦૦ | ૨૧૮૯ થી ૨૨૦૦ |
| C) | ST/ L | ૨૪૦૧ થી ૨૫૦૦ | ૨૪૪૨ થી ૨૫૦૦ |
| D) | ST/MBA | ૬૦૧ થી ૭૦૦ | ૬૧૨ થી ૭૦૦ |
| E) | ST/ LLM | ૧૦૧ થી ૨૦૦ | ૧૪૮ થી ૨૦૦ |
| F) | FY/SY/TY/BA | ૧૧૨૦૧ થી ૧૧૩૦૦ | ૧૧૨૯૮ થી ૧૧૩૦૦ |

ઉપરોક્ત તમામ વાંધાઓની પૂર્તતા તેમજ જવાબદારેથી સ્પષ્ટતા કરી ઓડીટને રેકર્ડ આધારીત ખાત્રી કરાવવી ઘટે.

| ફકરા.નં. | | વધુ જમા | ઓછા જમા |
|---|---|---|---|
| (૧) | રજી.માં | ૬૦–૦૦ | --- |
| (૨) | રજી.માં | --- | ૪૪૦–૦૦ |
| (૩) | રજી.માં | ૧૦૦–૦૦ | --- |
| | | ૧૬૦–૦૦ | ૪૪૦–૦૦ |

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૪૬ નો જવાબ રજૂ થયેલ નથી.

**ફકરા નંબર: ૩૪** **સંસ્થાના ગ્રંથાલય વિભાગના કર્મચારીઓને ઓવરટાઈમ ભથ્થાની અનિયમિત ચૂકવણી કરવા બાબત...**
**(વન ડે સેલેરી) કોડ નં.૨૧૨૨૦૦૫**

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના ગ્રંથાલયના કર્મચારીઓને પગાર અને ભથ્થા ગુજરાત સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતી ગ્રાંટમાંથી ચૂકવવામાં આવે છે. જેથી આ તમામ કર્મચારીઓને સરકારશ્રીના ધારાધોરણ મુજબ પગાર અને ભથ્થા ચૂકવવાપાત્ર થાય. તેમ છતાં ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન ધ્યાને આવેલ છે કે, E.C. ની તા.૧૭–૯–૭૭ ની મંજુરીથી ગ્રંથાલયના કર્મચારીઓને જાહેર રજાના દિવસે ફરજ ઉપર બોલાવવામાં આવે ત્યારે તેમના મૂળપગાર તથા મોંઘવારી ભથ્થાની રકમની સરેરાશ એક દિવસની રકમ વેતન તરીકે ચૂકવવામાં આવે છે.

યુનિવર્સિટી ગ્રંથાલયના રેગ્યુલર સમયમાં પાળીપ્રથા તથા જાહેર રજામાં આવનાર કર્મચારીની અન્ય દિવસોમાં રજાની ગોઠવણી કરી લાયબ્રેરીની કાર્યવાહી ચલાવવામાં આવતી હોય છે. પરીક્ષા સમયે વધુ સમય સુધી લાયબ્રેરી ચાલુ રાખવા બાબતે પણ કર્મચારીની ગોઠવણ કરવામાં આવતી હોય છે. નિયમોનુસાર પાળી પ્રથા હોવા છતાં જાહેર રજાના દિવસોમાં ઘણી મોટી સંખ્યામાં કર્મચારીઓએ હાજરી આપેલ છે. નિયમો વિરૂધ્ધ ચૂકવવામાં આવતા વન–ડે સેલેરીના લાભ માટે મોટી સંખ્યામાં કર્મચારીઓ હાજર રહેલ છે કે કેમ? આ બાબતે ઉચ્ચ કક્ષાએ ચકાસણી જરૂરી છે.

સરકારી અધિકારી/ કર્મચારી ૨૪ કલાક પોતાની ફરજ માટે બંધાયેલ છે અને જો જાહેર રજામાં ફરજ પર આવે તો તેને વળતર રજા સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર થાય છે. જયારે આ સંસ્થામાં જાહેર રજામાં ફરજ પર આવેલ કર્મચારીને મૂળ પગાર પથા મોંઘવારી ભથ્થાની રકમની સરેરાશ એક

દિવસની રકમ તે વેતન તરીકે ચૂકવવામાં આવે છે. સરકારશ્રીના નિયમોનુસાર તા.૧–૧–૮૭ પછી સદંતર ઓવરટાઈમનું ચૂકવણું બંધ કરેલ હોવા છતાં યુનિવર્સિટી દ્વારા એક અથવા અન્ય બહાના હેઠળ ઓવરટાઈમ તથા વન–ડે સેલેરી યુનિવર્સિટીના કર્મચારીને ચૂકવવામાં આવેલ છે. આ પ્રકારનાં ચૂકવણાં એક સાઈડ ઈન્કમ પેટે ચૂકવવામાં આવી રહેલ હોવાનું ઓડીટનું માનવું છે.

કોઈ વિશિષ્ટ પ્રકારની આકસ્મિક કામગીરી હોય અને વહીવટી મંજુરી મેળવી જાહેર રજામાં કર્મચારીને બોલાવવા જરૂરી હોય તો પણ સરકારશ્રીની મંજુરી સિવાય નિયમ વિરૂધ્ધ આવું ચૂકવણું થઈ શકે નહીં. તો તાત્કાલિક અસરથી વન–ડે સેલેરીની પ્રથા બંધ કરી નિયમ વિરૂધ્ધ કરાયેલ ચૂકવણીની વસુલાત કરી ઓડીટને તે અંગેની જાણ થવી ઘટે. લેજર કોડ નં.૨૧૨૨૦૦૫ માં દર્શાવ્યાનુસાર વર્ષ ૨૦૦૬–૦૭ માં વન–ડે સેલેરીનો ખર્ચ રૂ.૮૦,૩૫૯–૦૦ કરવામાં આવેલ છે. તેની સત્વરે વસુલાત કરી ઓડીટને જાણ કરવી ઘટે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૭૧ નો જવાબ રજુ થયેલ નથી.

વસુલાતની રકમ રૂ. ૮૦,૩૫૯–૦૦

## પરિશિષ્ટ–૧૪

જાહેર રજામાં ગ્રંથાલય ખાતે ફરજ બજાવી વન–ડે સેલેરી ચૂકવેલ કર્મચારીની વિગત દર્શાવતું પરિશિષ્ટ..

| તારીખ | યુનિવર્સિટી | | ખોખરા | | સરસપુર | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | સવાર | સાંજ | સવાર | સાંજ | સવાર | સાંજ | |
| ૬-૪-૦૬ | ૮ | ૮ | ૧ | ૧ | - | ૧ | ૧૯ |
| ૧૧-૪-૦૬ | ૮ | ૮ | ૧ | ૧ | - | ૧ | ૧૯ |
| ૧૪-૪-૦૬ | ૮ | ૭ | ૧ | ૧ | - | ૧ | ૧૮ |
| ૩૦-૪-૦૬ | ૮ | ૮ | ૧ | ૧ | - | ૧ | ૧૯ |
| ૧૫-૮-૦૬ | ૯ | ૭ | - | - | - | ૧ | ૧૭ |
| ૨૦-૮-૦૬ | ૭ | ૯ | - | - | - | ૧ | ૧૭ |
| ૨૮-૮-૦૬ | ૧૦ | ૧૦ | - | - | - | ૧ | ૨૧ |
| ૨-૧૦-૦૬ | ૮ | ૭ | - | ૧ | - | ૧ | ૧૭ |
| ૩૧-૧૦-૦૬ | ૬ | ૫ | ૧ | ૧ | ૧ | ૨ | ૧૬ |
| ૫-૧૧-૦૬ | ૭ | ૭ | ૧ | ૧ | ૧ | ૨ | ૧૯ |
| ૨૩-૧૧-૦૬ | ૭ | ૭ | ૧ | ૧ | ૧ | ૧ | ૧૮ |
| ૨૫-૧૨-૦૬ | ૮ | ૮ | ૧ | ૧ | - | ૧ | ૧૯ |
| ૧-૧-૨૦૦૭ | | | | | | | ૧૭ |
| ૨૬-૧-૦૭ | | | | | | | ૧૯ |
| ૩૦-૧-૦૭ | | | | | | | ૧૮ |
| ૧૬-૨-૦૭ | | | | | | | ૧૮ |
| ૪-૩-૦૭ | | | | | | | ૧૯ |
| ૨૦-૩-૦૭ | | | | | | | ૧૬ |
| ૨૭-૩-૦૭ | | | | | | | ૧૮ |
| ૩૧-૧-૦૭ | | | | | | | ૧૯ |

(**) જાન્યુઆરી–૨૦૦૭ થી માર્ચ–૨૦૦૭ સુધીની યુનિવર્સિટી., ખોખરા , સરસપુર વગેરે કેન્દ્રોની વિગતવાર માહિતી મળેલ નથી. જેથી ઉપરોક્ત જાન્યુઆરી–૦૭ થી માર્ચ–૦૭ સુધીની માહિતી મસ્ટરમાંથી લીધેલ છે.

**<u>ફકરા નંબર: ૩૫</u>** **સ્કૂલ ઓફ સાયન્સ વિભાગની હિસાબોની અનિયમિતતા...**

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન સ્કૂલ ઓફ સાયન્સ વિભાગનું ઓડીટ કરતાં નીચે મુજબની [illegible]ણ ક્ષતિઓ જણાયેલ છે.

(૧) પેટીકેશ રજી.ના પેજ નંબર: ૬૦, ૬૪, ૭૦ ઉપર સક્ષમ સત્તાધિકારીશ્રીની સહી નથી.

(૨) સદર વિભાગનો વર્ષ ૨૦૦૬–૦૭ નો ઝેરોક્ષ અંગેનો ખર્ચ રૂા.૧૫,૦૨૬–૦૦ નો થયેલ છે. યુનિવર્સિટીનાં ઝેરોક્ષ મશીનનો ઉપયોગ ન કરતાં બહારથી ઝેરોક્ષ કરાવવા અંગે જરૂરી આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

(૩) પોષ્ટલ આઉટવર્ડ રજી.ના પેજ નં.૨૪ ઉપર S.O.Audit ની સહી નથી.

(૪) ભૂગોળ વિભાગનાં સ્ટોક રજી.માં જે તે સમયે જે તે સ્ટોક આવેલ હોય તે જમા લેવામાં આવેલ છે. પરંતુ સ્ટોક ઈસ્યુ કર્યાની નોંધ રજીસ્ટરમાં કરવામાં આવેલ નથી. જેથી સદર નોંધ રજીસ્ટરમાં કરીને ઓડીટે રેકર્ડ આધારીત ખાત્રી કરાવવી.

(૫) ફીઝીકસ વિભાગનું રેકર્ડ ઓડીટ સમક્ષ રજૂ કરવામાં આવેલ નથી. જેથી આગામી ઓડીટે રજૂ કરવું ઘટે.

(૬) ઝુલોજી ડીપાર્ટમેન્ટના ફાયનાન્સ સમિતિની સભા તા.૩–૪–૨૦૦૬ નારોજ મળેલ જેમાં રૂા. ૨,૨૩,૨૦૩–૦૦ નો ખર્ચ કરવા માટે મંજુરી મળેલ છે.

પરંતુ તુલનાત્મક ભાવપત્રકો જુના વર્ષના એટલે કે વર્ષ ૨૦૦૫–૦૬ ના સામેલ રાખેલ હતા. નાણાંકીય વર્ષ ૨૦૦૬–૦૭ ના સામેલ રાખેલ નહતા. જેથી આ ખર્ચના પ્રકાર, હેતુ તથા મજૂરી અને પધ્ધતિ બાબતે વિગતે સ્પષ્ટતા થવી ઘટે.

(૭) બોટની વિભાગના ઈન.નં.૦૦૬૭૯ તા.૩–૨–૦૭ રૂા. ૬,૨૩૦–૦૦ રજી. ના પેજ નં.૮૨ ઉપર સ્ટોક જમા લીધાનું સટીફીકેટ આપીને ચેકી નાંખેલ છે. Jintech Computer Care નું બીલ છે. તો સદર આઈટમ કયા રજીસ્ટરમાં જમા લીધેલ છે. જેની સ્પષ્ટતા થવી ઘટે.

(૮) વર્કશોપ વિભાગના (૧) વાય.ડી.કુલકર્ણીને બીલ નં.૧૨૪/ તા.૧૦–૧–૦૭ રૂા. ૫,૧૦૦–૦૦ તથા (૨) યોગેન્દ્ર બી.મકવાણાને રૂા. ૧૨,૧૫૦–૦૦ નું પેમેન્ટ કરેલ છે. પરંતુ બંને પાર્ટી પાસે રેવન્યુ ટીકીટ લગાવ્યા સિવાય રીસીપ્ટ મેળવેલ છે. રૂા.૫,૦૦૦–૦૦ ના પેમેન્ટ ઉપર રૂા. ૧–૦૦ ની રેવન્યુ ટીકીટ લગાવીને રીસીપ્ટ મેળવવાની હોય છે. જે લગાવેલ નથી. જેથી રેવન્યુ ટીકીટવાળી રસીદ મેળવી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

(૯) વર્કશોપ વિભાગમાં ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયના ટાવરની ઘડીયાળને સર્વિસ તથા રીપેરીંગ તેમજ દર અઠવાડીયે ચાવી ભરવા વર્ષ ૨૦૦૬–૦૭ માટે વાય.ડી.કુલકર્ણીને કોન્ટ્રાકટ આપેલ છે. દર માસે રૂા.૧,૨૦૦–૦૦ ચાવી ભરવા માટે (અઠવાડીયે એક વખત) તથા ટાવર કલોકનો મશીનનો વર્ષમાં એકવાર ઓવર ઓઈલીંગ સર્વિસ કરવા રૂા. ૧૫૦૦–૦૦ એમ કુલ ૧૫,૯૦૦–૦૦ વર્ષમાં ચૂકવવામાં આવે છે. પરંતુ ભાવપત્રકો મંગાવવામાં આવતા નથી, આ બાબતે આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

(૧૦) કેમેસ્ટ્રી વિભાગમાં કેમીકલ મંગાવવામાં આવે છે અને તે સ્ટોક રજીસ્ટરમાં જમા લેવા આવે છે. પરંતુ કેમીકલ અધ્યાપક કે વિદ્યાર્થીને તે સ્ટોક આપ્યા અંગેની નોંધ રજીસ્ટરમાં કરવામાં આવેલ નથી. સ્ટોક ઈસ્યુની એન્ટ્રી ન કરતાં તમામ સ્ટોક કેમેસ્ટ્રી વિભાગમાં હાલમાં છે જ એવું ઓડીટનું માનવું છે. તો ત્વરીત સદર સ્ટોક, સ્ટોક રજી.માં ઉધારીને ઓડીટે ખાત્રી કરાવવી ઘટે. સક્ષમ અધિકારી દ્વારા દર વર્ષે ભૌતિક ચકાસણી કરી પ્રમાણપત્ર સ્ટોક રજીસ્ટરમાં આપવામાં આવતું નથી.

(૧૧) કેમીકલ રજી.માં કોઈ અધિકારી/ કર્મચારીની સહી થતી નથી. જેથી સહી વગરનું રેકર્ડ માન્ય રાખી શકાય નહીં.

(૧૨) મેથેમેટીક વિભાગનું પેટી કેશબુક, ખર્ચના વાઉચરો, સ્ટોક રજીસ્ટર વગેરે જેવું ઓડીટપાત્ર રેકર્ડ ઓડીટમાં રજૂ થયેલ નથી. રેકર્ડ રજૂ ન થવાને કારણે તેમાં રહેલ ગેરરીતિ કે અનિયમિતતા ધ્યાને આવી શકે નહીં.

(૧૩) વિભાગમાં નિભાવવામાં આવતા દરેક રજીસ્ટર સહી સિકકા રજીસ્ટરમાં ચઢાવી તે અંગેનું પ્રમાણપત્ર દરેક રજીસ્ટરના છેલ્લા પાને આપી પ્રમાણિત કરવાની પ્રથા અપનાવી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૭૦ નો જવાબ રજૂ થયેલ નથી.

**<u>ફકરા નંબરઃ ૩૬</u>** **યુનિવર્સિટીના જુદા જુદા ભવનોની પેટીકેશ તથા ખર્ચના વાઉચરોની ચકાસણી કરતાં જણાયેલ પરચુરણ અનિયમિતતા...**

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ વર્ષના અન્વેષણ દરમ્યાન જુદા જુદા ભવનોની પેટીકેશ રજીસ્ટર, વાઉચરો તથા અન્ય રેકર્ડની ચકાસણી કરતાં નીચે મુજબની અનિયમિતતા જે તે ભવનમાં જણાયેલ છે તે દર્શાવવામાં આવેલ છે. જેની ક્ષતિપૂર્તતા કરી ઘટીત કાર્યવાહી થયાની ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

**<u>(અ) સમાજવિદ્યા ભવન</u>**

(૧) પેટીકેશ રજીસ્ટરના પેજ નં.૧૭ તા.૨૫–૫–૦૭ માં ડાયરેક્ટરની સહી થયેલ નથી.

(૨) સમાજવિદ્યા ભવનના વર્ષ ૨૦૦૬–૦૭ ના વાઉચરોની ફાઈલ રજૂ થયેલ નથી.

(૩) પેટીકેશ રજીસ્ટરના પેજ નં.૧૮ ઉપર તમામ રકમ વ્હાઈટ ઈન્કથી સુધારેલ છે. પરંતુ સક્ષમ અધિકારીશ્રીની સહીથતી પ્રમાણિત થયેલ નથી તથા પેજ નં.૨૪ ઉપર પેન્સિલથી રકમ લખેલ છે. હિસાબી રજીસ્ટરમાં પેન્સિલનું લખાણ ગ્રાહય રાખી શકાય નહીં.

(૪) પેટીકેશ રજીસ્ટરમાં માસમાં એકવાર તથા છેલ્લી તારીખે કેશની ચકાસણી કરવાની હોય છે. કોઈપણ ભવનમાં પેટીકેશ રજીસ્ટરની ચકાસણી કર્યા અંગેની નોંધ થયેલ નથી. તો સમયાંતરે કેશની ચકાસણી કરી તે અંગેની નોંધ રજીસ્ટરમાં કરવાની પ્રથા અપનાવી ઓડીટને તે અંગેની ખાત્રી કરાવવી ઘટે.

(૫) સમાજવિદ્યા ભવનમાં વર્ષ ૨૦૦૬–૦૭ નો કન્ટીજન્સી ખર્ચ વાર્ષિક હિસાબમાં રૂા. ૨૮,૭૦૪–૦૦ નો દર્શાવેલ છે. પરંતુ સમાજવિદ્યા ભવનમાં

વાર્ષિક હિસાબમાં દર્શાવેલ ખર્ચની કોઈ વિગત ઓડીટને મળેલ નથી. ફકત નમૂનારૂપ સમાજવિદ્યા ભવનનો કિસ્સો દર્શાવેલ છે. દરેક ભવનમાં વાર્ષિક હિસાબમાં જે કન્ટીજન્સી ખર્ચ દર્શાવેલ હોય છે તેની જે તે વિભાગના રેકર્ડમાં ચકાસણી થઈ શકેલ નથી.

(૬) વાર્ષિક હિસાબમાં જે વિભાગનો કન્ટીજન્સી ખર્ચ દર્શાવેલ છે. તેની વિગત જે તે ભવનના રેકર્ડ ઉપર ખાત્રી કરાવવા ખર્ચની વિગત દર્શાવવા જરૂરી કાર્યવાહી થવી ઘટે.

<u>(બ) ભાષા સાહિત્ય ભવન</u>

(૧) પેટા વાઉચરોમાં Passed for Payment ના શેરા લગાવેલ નથી. તમામ ભવનોમાં ખર્ચના વાઉચરમાં સક્ષમ અધિકારી દ્વારા મંજુર કરી "પાસ ફોર પેમેન્ટ"નો શેરો પ્રમાણિત કરવા તથા ચૂકવણાં બાદ "પેઈડ એન્ડ કેન્સલ્ડ"નો સિકકો લગાવવા સૂચના આપવી .

(૨) તમામ ભવનોના રજીસ્ટર સિકકા રજીસ્ટરમાં ચઢાવવામાં આવતા નથી. સંસ્થાના ઉપયોગમાં લેવામાં આવતા દરેક રજીસ્ટર સહીસિકકા રજીસ્ટરમાં ચડાવી ઉપયોગમાં લેવાની પ્રથા અપનાવી ખાત્રી કરાવવી ઘટે.

(૩) ભાષા સાહિત્ય ભવનનો લગભગ ખર્ચ (મહત્તમ) ઝેરોક્ષનો છે.

(૪) રજીસ્ટરમાં વ્હાઈટ ઈન્કથી રકમ સુધારવામાં આવેલ છે. પરંતુ સક્ષમ અધિકારીશ્રીની સહીથી પ્રમાણિત થયેલ નથી. દરેક ચેકચાક પ્રમાણિત કરવી ઘટે.

(૫) લગભગ ભવનોના પેટા વાઉચરોમાં "Passed for Payment"નો શેરો લગાવાતો નથી તથા "Paid and Cancel " નો સિકકો લગાવાતો નથી.

<u>(ક) મનોવિજ્ઞાન ભવન</u>

(૧) પેટીકેશ રજીસ્ટરના પેજ નં.૧૫૮ ઉપર સેકશન ઓફીસરની સહી થયેલ નથી.

(૨) વા.નં.૨૫/૫–૧૦–૦૬ રૂા.૧૧૫૨–૦૦ પેટીકેશ રજીસ્ટરમાં ભવનના પેપર્સ (ઝેરોક્ષ મશીન માટે) A4 સાઈઝના લાવ્યા તેમ દર્શાવેલ છે. જયારે ખરેખર

વાઉચર S.N.Marketingનું ઝેરોક્ષનું છે. જેની સ્પષ્ટતા થવી ઘટે.

(ક) બોયઝ હોસ્ટેલ

(૧) પેટીકેશ વાઉચરમાં પેમેન્ટ કર્યા અંગેની ખરાઈ થતી નથી. રીક્ષાભાડાના વાઉચરમાં કર્મચારીનું નામ, હોદ્દો લખવામાં આવતો નથી તથા કર્મચારીને રીક્ષાભાડાની રકમ ચૂકવ્યા અંગેની ખરાઈ થતી નથી. ચૂકવણું કર્યાની પહોંચ કે નાણાં મેળવનારની સહી મેળવેલ નથી.

(૨) બોયઝ હોસ્ટેલના સ્ટોક રજીસ્ટરમાં ખરીદી કરેલ સ્ટોકની એન્ટ્રી કરવામાં આવે છે. પરંતુ તેની કિંમત કેટલી છે તે દર્શાવવામાં આવેલ નથી. વસ્તુની કિંમત નહીં લખવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૩) પેટીકેશ રજીસ્ટરના પેજ નં.૩૯ ઉપર ચીફ વોર્ડનની સહી નથી.

(૪) વા.નં.૨૫/૧૨–૯–૦૬ રૂા.૧૧૦–૦૦ રીક્ષાભાડાનું વાઉચર છે. પરંતુ રીક્ષામાં કોણે મુસાફરી કરેલ છે તે વાઉચરમાં દર્શાવવામાં આવતું નથી. રીક્ષાભાડું એક દિવસમાં ડી.એ.ની મર્યાદામાં મળવાપાત્ર થાય. પટાવાળાને નિયમોનુસાર રૂા. ૫૫–૦૦ ડી.એ. મળવાપાત્ર હોઈ તેની મર્યાદામાં રીક્ષાખર્ચ મળવાપાત્ર થાય છે. રૂા.૫૫–૦૦ નું વધુ ચૂકવણું કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૫) હોસ્ટેલમાં નિભાવેલ ડીપોઝીટ રજીસ્ટરમાં રકમ લખવામાં આવતી નથી. જેથી કયા વિદ્યાર્થી પાસેથી કેટલી ડીપોઝીટ મેળવેલ છે તેની ખાત્રી ઓડીટમાં થઈ શકેલ નથી. હોસ્ટેલમાં નિભાવવામાં આવતા રજીસ્ટરમાં રકમ નહીં લખવા અંગે સ્પષ્ટતા થવી ઘટે તથા રકમ લખીને ઓડીટે ખાત્રી કરાવવી ઘટે.

(૬) બોયઝ હોસ્ટેલમાં એડવાન્સ ચૂકવવામાં આવેલ છે. પરંતુ તેનું એડવાન્સ રજીસ્ટર નિભાવેલ નથી જેથી કયા વિદ્યાર્થીને કેટલું એડવાન્સ ચૂકવેલ છે તેમજ કયા વિદ્યાર્થીએ કેટલું એડવાન્સ પરત કરેલ છે , કોની પાસે કેટલું એડવાન્સ વસુલ કરવાનું બાકીમાં છે તેના વ્યાજબીપણાની ખાત્રી ઓડીટમાં થઈ શકેલ નથી. જેથી તેનો હિસાબ પરત કર્યા અંગેની ખરાઈ થઈ શકેલ

નથી.

(૭) આર.ટી.આઈ. રજીસ્ટર નિભાવેલ નથી. જયાં આર.ટી.આઈ.ની માહિતી મંગાવવામાં આવતી હોય ત્યાં દરેક ભવનમાં આવું રજીસ્ટર નિભાવવા ઓડીટ સૂચન છે.

(૮) તમામ હોસ્ટેલનાં પેટીકેશ વાઉચરમાં અગાઉ ચૂકવણું નહીં કર્યા અંગેનો શેરો લગાવેલ નથી તથા બીજા ભવનોના વાઉચરોમાં પણ આવો શેરો લગાવેલ નથી.

(૯) વા.નં.૪/૩–૧૨–૦૬ રૂા. ૮૦–૦૦ અંબાલાલ રામજી દરબારના કોન્ટ્રાકટરના કોન્ટ્રાકટ કરારના રૂા. ૮૦–૦૦ નો ખર્ચ સંસ્થાએ ચૂકવેલ છે. જે ખર્ચ જે તે પાર્ટી પાસેથી વસુલ લઈ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

(૧૦) વાસણોનો ભંગાર વેચેલ છે. પરંતુ વાસણ રજીસ્ટરમાં તેની કોઈ નોંધ કરવામાં આવેલ નથી. જેથી વાસણોના ભંગારની કેટલી ઉપજ મેળવેલ છે તેની ખાત્રી ઓડીટમાં થઈ શકેલ નથી. વાસણ રજીસ્ટર નિભાવી મેળવેલ ઉપજની નોંધ રજીસ્ટરમાં જમા લઈ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે. દરેક વિભાગમાં ઉપરોકત વાંધાની નકલ મોકલાવી ઓડીટ સૂચનનો અમલ થવા ઘટીત કાર્યવાહી કરવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધ ાનં. ૫૪ નો ચીફવોર્ડન ગુજરાત યુનિવર્સિટી બોયઝ હોસ્ટેલનો જવાબ રજૂ થયેલ છે. રૂા. ૮૦–૦૦ ની વસુલાત કરેલ છે. અન્ય મુદ્દા તથા અન્ય ભવનમાં પણ ઉપર દર્શાવેલ વિગતે નિયમોનુસાર રેકર્ડની નિભાવણી કરી જવાબદારેથી સ્પષ્ટતા સહ આગામી ઓડીટે ખાત્રી કરાવતાં સુધી ફકરો ચાલુ રાખવામાં આવે છે.

વસુલાત રૂા. ૫૫–૦૦

**ફકરા નંબરઃ ૩૭** પ્રકાશન વિભાગ દ્વારા બિનજરૂરી વધુ પ્રમાણમાં ફોર્મ્સ તથા પુસ્તકો સ્ટોકમાં રાખી નાણાંનું રોકાણ કરી રાખવા બાબત...

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬-૦૭ ના હિસાબોના અન્વેષણ દરમ્યાન પ્રકાશન શાખાનાં સ્ટોક રજીસ્ટરની ચકાસણી કરતાં જુદા જુદા પ્રકારનાં ફોર્મ્સ તથા પુસ્તિકાઓ વગેરે જે તે વર્ષથી વપરાશનાં ધોરણે ખરીદી કે છપાવીને સ્ટોક રજીસ્ટરે નોંધવામાં આવેલ હતા. યુનિવર્સિટીના જુદા જુદા અભ્યાસક્રમો પ્રમાણે ફોર્મ્સની જરૂરીયાત માટે જે તે વર્ષ દરમ્યાન કેટલી પુસ્તિકાઓ તથા ફોર્મ્સની જરૂરીયાત પડશે તેની અગાઉનાં વર્ષોની જરૂરીયાત અને વપરાશનાં આધારે આવી પુસ્તિકાઓ તથા ફોર્મ્સ વિગેરેનું છાપકામ તથા ખરીદી કરવા જરૂરી હોય છે. તેમછતાં યુનિવર્સિટીએ સામેલ રાખેલ પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતો મુજબ (જેની ખરીદકિંમત ઓડીટને મળી શકેલ નથી.) અગાઉના વર્ષોથી ખેંચવામાં આવેલ ફોર્મ્સ તથા પુસ્તિકાઓનો જથ્થો વર્ષનાં અંતે બાકી રહેવા પામેલ છે. આમ, જરૂરીયાતથી વધુ પ્રમાણમાં ફોર્મ્સ છપાવવા- ખરીદવાનાં કારણે બિનજરૂરી રીતે જલ્દી નાશ થાય કે સડી જાય તેવી સ્ટેશનરી પાછળ નાણાંનું રોકાણ થયેલ છે. બિનજરૂરી વધારાનાં ફોર્મ્સ છપામણી/ ખરીદી અને ખર્ચને કારણે મુડી સ્થગિત થઈ જાય અને નિયત કરાયેલ જથ્થા કરતાં વધુ જથ્થો ખરીદવાથી ઘસારાને કારણે ખોટ જાય. જરૂરીયાત કરતાં વધુ ઉપયોગમાં લઈ શકાય તેમ ન હોય એવો ફાજલ કાળગ્રસ્ત જથ્થો રાખવો તે બિનજરૂરી ખરીદીના કારણે સંસ્થાના નાણાંનો ગેરકાયદે વિનિયોગ ગણી શકાય.

ચોપડામાં સિલકમાં દર્શાવેલ જથ્થાની ચકાસણી બાબતમાં સરકારી અધિકારી દ્વારા નિયતકાલિન ધોરણે જથ્થો તપાસવામાં આવેલ છે અને તેની ખરાઈ કરવામાં આવેલ છે. તે અંગેનું પ્રમાણપત્ર સત્તાધિકારીએ આપેલ હોવાનું જણાતું નથી. તો આ

પ્રથા તાત્કાલિક અમલમાં મુકી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

આ સાથે સામેલ રાખેલ પત્રકમાં દર્શાવેલ ફોર્મ્સની વિગતો જોતાં નીચે પ્રમાણે ક્ષતિ માલુમ પડેલ છે.

(૧) મતદારયાદીઓ ક્રમ નં.૧ થી ૬ કે જેની બિલકુલ વપરાશ નજીવી હોવાછતાં બંધ સિલકમાં વધુ જથ્થો રહેલો જણાય છે. સદર ફોર્મ્સનો વપરાશ વર્ષમાં બિલકુલ થવા પામેલ નથી અને બંધ સિલક ખેંચાય આવેલ છે.

(૨) વિજ્ઞાનભવન પ્રવેશફોર્મમાં ૨૨૭૬ ફોર્મ્સ હોવાછતાં ૨૯૭૦ ફોર્મ્સ છપાવેલ છે. જ્યારે વપરાશ માત્ર ૪૪૩ ફોર્મ્સનો થયેલ છે. આમ, ૪૮૦૩ ફોર્મ્સ વપરાશ વિના પડી રહેલ છે. જેની કિંમત રૂા.૧,૨૦,૦૭૫–૦૦ થાય છે.

(૩) કોલેજ વિષય જોડાણ ફોર્મ ૭૮૪ નો જથ્થો હોવાછતાં ૫૧૫ ફોર્મ્સ બીજા છપાવેલ છે. જ્યારે વપરાશ માત્ર ૧૩૬ ફોર્મ્સનો છે. ૧૧૬૩ ફોર્મ્સ વપરાશ વિનાના છે. જેની કિંમત એક ફોર્મના રૂા.૧૫૦૦/–લેખે રૂા.૧૭,૪૪,૫૦૦/– થવા જાય છે.

આમ, ઉપરોક્ત નમૂનારૂપ કિસ્સા જોતાં ખ્યાલ આવે છે કે, જરૂરીયાત કરતાં વધુ પ્રમાણમાં આવો કાગળનો જથ્થો લાંબો સમય પડી રહે તો કાગળ સડી જવા તથા બિનઉપયોગી થઈ જવા સંભવ રહેલ છે. જેથી ભવિષ્યમાં વિવેક અનુસાર સ્ટેશનરી ખરીદવા–છપાવવા તથા સ્ટોક નિભાવવા અંગેનો નિર્ણય લેવા ઓડીટ અનુરોધ છે. જેનાથી બિનજરૂરી–બિનઉપયોગી જથ્થો વર્ષોવર્ષ આગળ ખેંચવો પડે નહીં. ઉપયોગમાં લઈ શકાય નહીં તેવો જુનો જથ્થો માંડવાળ કરી નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તેની વિગત ઓડીટને રજૂ થવી ઘટે.

સામેલ પરિશિષ્ટમાં નમુનારૂપ પુસ્તિકાઓનો જથ્થો અને વિતરણની વિગત જોતાં પુસ્તિકાનું વેચાણ નહીંવત થયેલ છે. પુસ્તિકાઓ જે હેતુ માટે વસાવવામાં આવેલ

છે તે હેતુ સફળ થવા માટે સંસ્થા દ્વારા સંનિષ્ઠ પ્રયત્ન થયેલ હોય અને સ્ટાફમાંથી વિદ્યાર્થીમાં પુસ્તિકાનો લાભ લેવા માટેની જાગૃતિ કેળવવામાં આવે તો જ્ઞાનસભર પુસ્કિાનો લાભ બહોળો વર્ગ મેળવી શકે અને પુસ્તિકાનું વિતરણ વધવા પામે તો આ બાબતે અંગત રસ લઈ વધુમાં વધુ પુસ્તકોનું વેચાણ થાય અને ખરીદાયેલ પુસ્તિકાઓનો વ્યાપ વધે અને વધુમાં વધુ પુસ્તકોનો લાભ બહોળોવર્ગ લઈ શકે તેવી કાર્યવાહી થવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થા દ્વારા પ્રા.વાં.નં.૫૫ નો જવાબ રજૂ થયેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૧૮,૬૪,૫૭૫–૦૦

## પરિશિષ્ટ-૧૫(૧)

વિવિધ પ્રકારની પુસ્તિકાઓ વધુ જથ્થામાં ખરીદી/ છપાવી વિતરણ કરવામાં ઉદાસીનતા દાખવ્યા બાબતની વિગત દર્શાવતું પત્રકઃ-

| અ.નં. | પ્રકાશનનું નામ | ઉઘડતી સિલક. | આવક | જાવક | બંધ સિલક | ફોર્મ્સની કિંમત. | બંધસિલકની વિગતે કુલ કિંમત. |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| ૧ | આયોજન અને અર્થતંત્ર | ૧૧૦૮ | --- | | | | |
| ૨ | અફઘાનિસ્તાન | ૮૦૪ | --- | ૫ | ૭૯૯ | ૧૦ | |
| ૩ | સ્ટડી ઓફ એમ્પ્લોઈ ઈન્સ્યુ. સ્કીમ ઈન અહેમદાબાદ | ૧૦૧૭ | --- | ૧ | ૧૦૧૬ | ૧૦ | |
| ૪ | આંતરરાષ્ટ્રીય કાયદાનો પરિચય. | ૭૨૧ | --- | ૨ | ૭૧૯ | ૨૦ | |
| ૫ | અમેરિકાનીશિક્ષણ વ્યવસ્થા. | ૭૮૬ | --- | ૭ | ૭૭૯ | ૧૫ | |
| ૬ | અર્થશાસ્ત્ર પધ્ધતિ | ૮૫૯ | --- | ૬ | ૮૫૩ | ૧૫ | |
| ૭ | આજના અદ્‌ભુત ઔષધો. | ૫૫૮ | --- | ૧૦ | ૫૪૮ | ૧૫ | |
| ૮ | ઔષધ અભિજ્ઞાન ભાગ-૨ | ૧૦૦૪ | --- | ૫ | ૯૯૯ | ૨૦ | |
| ૯ | આધુનિક ભારતમાં સ્ત્રી જાગૃતિનો ઉદય અને વિકાસ. | ૮૨૬ | --- | ૧૦ | ૮૧૬ | ૨૦ | |
| ૧૦ | The Anatomyc urban Poetry. | ૯૬૪ | --- | --- | ૯૬૪ | ૧૦ | |
| ૧૧ | ઐતિહાસિક સાધનો. | ૧૦૧૩ | --- | ૮ | ૧૦૦૫ | ૨૦ | |
| ૧૨ | ભારતમાં સહકારી પ્રવૃત્તિ. | ૭૧૫ | --- | ૩ | ૭૧૨ | ૩૦ | |
| ૧૩ | ભારતીય સામાજીક સંસ્થાઓ. | ૮૮૬ | --- | ૧૦ | ૮૭૬ | ૧૫ | |
| ૧૪ | ભારતનું બૌધ્ધ સ્થાપત્ય. | ૯૧૯ | --- | ૮ | ૯૧૧ | ૨૦ | |
| ૧૫ | બાળ મનોવિજ્ઞાન. | ૬૦૩ | --- | ૧૩ | ૫૯૦ | ૧૫ | |
| ૧૬ | | ૪૯૯ | --- | ૪ | ૪૯૫ | ૧૫ | |
| ૧૭ | ભારતની પછાત જાતિઓ અને તેનો ઉત્કર્ષ. | ૪૬૭ | --- | ૧૦ | ૪૫૭ | ૫ | |
| ૧૮ | બર્માની ભૂગોળ. | ૬૭૭ | --- | ૪ | ૬૭૩ | ૧૦ | |
| ૧૯ | ભારતનું નાગરિક સ્થાપત્ય. | ૯૯૫ | --- | ૫ | ૯૯૦ | ૧૫ | |
| ૨૦ | ચીનમાં પ્રસરેલી ભારતીય સંસ્કૃતિ | ૭૫૯ | --- | ૭ | ૭૫૨ | ૧૦ | |
| ૨૧ | ચોખ્ખું મરણ. | ૧૦૪૦ | --- | --- | ૧૦૪૦ | ૧૫ | |
| ૨૨ | દશમ સ્કંધ-૧ | ૬૧૭ | --- | ૬ | ૬૧૧ | ૧૦ | |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
|---|---|---|---|---|---|---|---|
| ૨૩ | દશમ સ્કંધ-૨ | ૧૨૨૫ | --- | ૫ | ૧૨૨૦ | ૧૫ | |
| ૨૪ | ધર્મરક્ષક શ્રીકૃષ્ણ. | ૬૨૧ | --- | ૯ | ૬૧૨ | ૧૦ | |
| ૨૫ | ધર્મસ્થાપક શ્રીકૃષ્ણ. | ૬૧૮ | --- | ૬ | ૬૧૨ | ૧૦ | |
| ૨૬ | ધર્મવ્યાધ. | ૭૫૦ | --- | ૭ | ૭૪૩ | ૧૦ | |
| ૨૭ | ધૃતરાષ્ટ્રનું શોક નિવારણ. | ૮૪૯ | --- | ૮ | ૮૪૧ | ૧૦ | |
| ૨૮ | દ્રવ્યમાન સ્પેક્ટ્રોસ્કોપી. | ૧૦૫૦ | --- | ૬ | ૧૦૪૪ | ૨૦ | |
| ૨૯ | ફુગાવો. | ૯૧૫ | --- | ૬ | ૯૦૯ | ૧૫ | |
| ૩૦ | ગુપ્તકાલિન સિધ્ધિઓ. | ૮૭૯ | --- | ૫ | ૮૭૪ | ૨૦ | |
| ૩૧ | ગૃહવિજ્ઞાનની પરિભાષા. | ૮૦૭ | --- | ૪ | ૮૦૩ | ૧૦ | |
| ૩૨ | ગણતરી વિધિયો. | ૧૦૪૫ | --- | ૫ | ૧૦૪૦ | ૧૦ | |
| ૩૩ | ગણિત શિક્ષકોની હાથપોથી. | ૫૭૭ | --- | ૭ | ૫૭૦ | ૧૦ | |
| ૩૪ | ગાંધીજીનું જીવનદર્શન. | ૮૦૫ | --- | ૧૨ | ૭૯૩ | ૧૦ | |
| ૩૫ | ગાંધી કા સત્ય. | ૮૯૬ | --- | ૭ | ૮૮૯ | ૧૦ | |
| ૩૬ | ગાંધારી. | ૫૯૩ | --- | ૭ | ૫૮૬ | ૧૦ | |
| ૩૭ | જીવન નિર્વાહ અને ભાવસપાટી. | ૨૦૯૬ | --- | --- | ૨૦૯૬ | ૧૦ | |
| ૩૮ | જીવનશાસ્ત્ર-પધ્ધતિ. | ૧૦૧૩ | --- | ૨ | ૧૦૧૧ | ૧૦ | |
| ૩૯ | જીવનની આકસ્મિક અથવા નૈમિતિક ઘટનાઓ. | ૧૦૪૭ | --- | ૧ | ૧૦૪૬ | ૧૦ | |
| ૪૦ | જીવાણુ પર વિજય. | ૧૯૪૩ | --- | ૪ | ૧૯૩૯ | ૧૦ | |
| ૪૧ | જંતુઓ અને રોગો. | ૧૯૪૫ | --- | ૪ | ૧૯૪૧ | ૧૦ | |
| ૪૨ | જીવની ઉત્પત્તિ. | ૯૭૬ | --- | ૪ | ૯૭૨ | ૧૦ | |
| ૪૩ | જહોન સ્ટુઅર્ટમિલ. | ૮૭૬ | --- | ૫ | ૮૭૧ | ૧૦ | |
| ૪૪ | જાહેર દેવું. | ૯૯૯ | --- | ૫ | ૯૯૪ | ૧૫ | |
| ૪૫ | કંબોડિયા. | ૮૮૨ | --- | ૩ | ૮૭૯ | ૧૫ | |
| ૪૬ | કાર્યજગત. | ૯૯૨ | --- | ૬ | ૯૮૬ | ૧૫ | |

## પરિશિષ્ટ–૧૫(૨)

પ્રકાશનને લગતા વિવિધ પ્રકારનાં ફોર્મ્સ, વર્કબુક, મતદારયાદી વિગેરે જરૂરીયાત કરતાં વધુ જથ્થામાં છપાવી સ્ટોક બાબત...

| અ.નં. | પ્રકાશનનું નામ | ઉઘડતી સિલક. | આવક | જાવક | બંધ સિલક |
|---|---|---|---|---|---|
| ૧ | મતદારયાદી–૧ | ૫૫૭૬ | | ૧ | ૫૫૭૫ |
| ૨ | પી.જી.નર્સિંગ પ્રવેશ. | ૪૩૯ | ૨૦૭ | ૩૨ | ૬૧૪ |
| ૩ | ડેટા એન્ટ્રી પ્રવેશ ફોર્મ. | ૧૨૦૮ | | ૫ | ૧૨૦૩ |
| ૪ | રજી.એજયુકેશન નોંધણી ફોર્મ્સ. | ૨૯૫૭ | | ૫૩ | ૨૯૦૪ |
| ૫ | પુનઃ મૂલ્યાંકન ફોર્મ્સ. | ૨૬૧૪ | | ૧ | ૨૬૧૩ |
| ૬ | ગુણ ચકાસણી ફોર્મ્સ. | ૪૦૧૫ | | ૧ | ૪૦૧૪ |
| ૭ | પી.જી.ટીચર માન્યતા ફોર્મ. | ૧૧૨૮ | | ૩૪૩ | ૭૮૫ |
| ૮ | વિજ્ઞાનભવન પ્રવેશ ફોર્મ. | ૨૨૭૬ | ૨૯૭૦ | ૪૪૩ | ૪૮૦૩ |
| ૯ | ગ્રંથાલય પ્રવેશ ફોર્મ. | ૪૯૬૯ | ૨૩૭ | ૫૦૦ | ૪૭૦૬ |
| ૧૦ | કોલેજ વિષય જોડાણ ફોર્મ. | ૭૮૪ | ૫૧૫ | ૧૩૬ | ૧૧૬૩ |
| ૧૧ | નોન ટીચીંગ સ્ટાફ એપ્લીકેશન ફોર્મ. | ૨૬૧૧૩ | | ૧ | ૨૬૧૧૨ |

<u>ફકરા નંબર: ૩૮</u> કાગળ ખરીદી ખર્ચનું રેકર્ડ રજુ નહિં કરવા બાબત...

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન કાગળ સ્ટોક રજીસ્ટરની ચકાસણી કરતાં ધ્યાનમાં આવેલ છે કે, રજીસ્ટરમાં ઉઘડતી સિલક, વર્ષ દરમ્યાન વપરાયેલ કાગળની વિગત (જાવકની માહિતી) દર્શાવવામાં આવતી નથી. વર્ષ દરમ્યાન કરવામાં આવેલ ખરીદી સિવાય અન્ય કોઈ વિગત દર્શાવવામાં આવેલ નથી. તેના કારણે વર્ષ દરમ્યાન ખરીદેલ અને અગાઉનો જથ્થો કેટલો હતો? કેટલો વપરાશ થયો? તે જાણી શકાય નહીં અને કાગળનો જથ્થો ગેરવલ્લે થવાની શકયતા નકારી શકાય નહીં. જેના કારણે યુનિવર્સિટીને ઘણું આર્થિક નુકશાન પણ સહન કરવું પડે.

તો આ બાબત ધ્યાને લઈ કાગળ સ્ટોક રજીસ્ટરમાં સંપૂર્ણ વિગતો દર્શાવી અધિકારીશ્રીની સહી સાથે કયારે કયારે કઈ જરૂરીયાત માટે કેટલો કાગળનો વપરાશ થયેલ છે તેની નોંધ પ્રમાણિત કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે. સદર રજીસ્ટર સિકકા રજીસ્ટરે ચડાવેલ નથી. દરેક પાને કચેરીનો રાઉન્ડ સીલ મારેલ નથી. રજીસ્ટરના છેલ્લા પાને અધિકારીશ્રીએ પ્રમાણપત્ર આપેલ નથી. તો આ બાબતે પૂર્તતા કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

ઓડીટ વર્ષ ૨૦૦૬–૦૭ માં કરાયેલ ખરીદી અંગેની ફાઈલ ઓડીટને રજૂ થયેલ નથી. જેથી ખરીદીની વ્યાજબીપણાની ઓડીટને ખાત્રી થઈ શકેલ નથી. અગાઉનો જથ્થો કેરીફોરવર્ડ કરાયેલ નથી. તેમજ વપરાશની વિગત દર્શાવેલ ના હોઈ ખરીદી કરાયેલ જથ્થાની ઉપયોગિતા અને વપરાશના વ્યાજબીપણાની ખાત્રી ઓડીટને થયેલ ના હોઈ લેજર કોડ નં.૯૨૦૧૦૦૦ હેઠળ દર્શાવેલ ખર્ચ રૂા.૧,૨૮,૮૯,૧૭૬–૩૦ વાંધા હેઠળ રાખવામાં આવેલ હોઈ ઉકત વિગતની તાત્કાલિક રેકર્ડ આધારીત ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાંધા નં. ૮૬ નો જવાબ આપેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા. ૧,૨૮,૮૯,૧૭૬–૩૦

ફકરા નંબર: ૩૯ પ્રશ્નપત્રનો છપામણી ખર્ચ નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંત વિરૂધ્ધનો તથા યુનિવર્સિટી પ્રેસની આવકના પ્રમાણમાં ખર્ચ વધુ હોવા બાબતે...

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના વાર્ષિક હિસાબની ચકાસણી કરતાં માલુમ પડેલ છે કે, ઓડીટ વર્ષ દરમ્યાન મુદ્રણાલયની કુલ આવક કરતાં ખર્ચમાં વધારો થયો હતો. છેલ્લા ત્રણ વર્ષની આવક ખર્ચની વિગતો જોતાં.

| વર્ષ | આવક. રૂા. | ખર્ચ.રૂા. |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૨૩,૨૯,૪૩૧-૮૦ | ૪૭,૨૮,૩૫૨-૨૪ |
| ૨૦૦૫-૦૬ | ૩૭,૩૩,૯૪૬-૧૯ | ૪૩,૧૮,૭૫૦-૦૫ |
| ૨૦૦૬-૦૭ | ૬,૫૪,૯૪૬-૬૦ | ૪૫,૨૬,૭૧૧-૯૯ |

(૧) યુનિવર્સિટી મુદ્રણાલયના આવક અને ખર્ચમાં છેલ્લા વર્ષોથી આવકના નજીવા વધારા સામે ખર્ચમાં ઉત્તરોત્તર સતત વધારો થતાં પ્રતિવર્ષ ખોટની રકમમાં વધારો નોંધાયેલ છે. સદર બાબતે યુનિવર્સિટીના જનરલ ફંડનાં હિસાબોના અગાઉના વર્ષનાં ઓડીટ અહેવાલમાં નોંધ આપીને માર્ગદર્શન સુચનાઓ ધ્યાને લેવા જણાવેલ. તેમ છતાં ચાલુ ઓડીટ વર્ષ દરમ્યાન પણ ઉપરોક્ત પરિસ્થિતિમાં સુધારો થવા પામેલ નથી. અગાઉના વર્ષોથી ચાલી આવતી ખાધપૂર્વકની પરિસ્થિતિમાં સુધારો કરવા માટે ઓડીટ સુચનો સામે જે કોઈ પગલાં લેવામાં આવેલ હોય તેની ઓડીટને ખાત્રી કરાવવા અનુરોધ છે.

(૨) (વાઉચર નં.૪૨૪૮ તા.૯–૧૧–૦૬ થી રૂા.૮૯,૧૧,૪૩૩–૦૦) ની પ્રશ્નપત્ર છપામણી ખર્ચની વિગત ચકાસતાં ટેન્ડર પ્રક્રિયા દરમ્યાન મીનીમમ ૫૦૦ કોપીનો ભાવ ચૂકવવા ઠરાવેલ હોવાછતાં મીનીમમ ૧૦૦૦ કોપીનો ભાવ ગણી ઈજારદારને ચૂકવણું કરેલ છે. જે ટેન્ડર પ્રક્રિયામાં નકકી કરેલ

રાખવામાં આવે છે. યુનિવર્સિટીને પોતાનો પ્રેસ હોવાછતાં પેપર છપાવવાનું કામ ખાનગી ધોરણે કરાવવામાં આવે છે. આ કામ પોતાના પ્રેસમાં કરાવવામાં આવે તો પણ ઓછું નુકશાન થાય તેમ જણાય છે.

મુદ્રણાલયની સ્થાપના કરવામાં આવી ત્યારથી સ્વયં સંચાલિતન ધોરણે એટલે કે નહીં નફો કે નહીં નુકશાનના ધોરણે કરવામાં આવેલ હોવાછતાં તેનો મુખ્ય હેતુ જળવાઈ રહેવા પામેલ નથી.

આમ, યુનિવર્સિટીનો આ વિભાગ વ્યાવસાયિક સંસ્થા છે અને તે પોતાની આવક પર નિર્ભર રહે તે યુનિવર્સિટીના હિતમાં ગણાય. આમ, પ્રેસમાં જે કામો કરાવવામાં આવે છે અને તેના બીલો બનાવવામાં આવે છે તે તા.૧૧–૭–૭૯ ની નાણાં સમિતિએ મંજુર કરેલ ભાવો પ્રમાણે બનાવવામાં આવતા હોઈ જે બજારભાવ કરતાં ઘણો ઓછો છે. વળી ઘણાં કામો યુનિવર્સિટી દ્વારા બહારની સંસ્થા પાસે કરાવવામાં આવે છે તે યુનિવર્સિટી મુદ્રણાલયમાં કરવામાં આવે તો ખોટ ઓછી થવા પામે તેવું ઓડીટ સૂચન છે. આ બાબતે લીધેલ પગલાંની જાણ થવી ઘટે.

વધુમાં યુનિવર્સિટીને પોતાનો પ્રેસ હોવાછતાં પેપર છપાવવાનું કામ ખાનગી ધોરણે કરાવવામાં આવે છે. આ કામ પોતાના પ્રેસમાં કરાવવામાં આવે તો પણ ઓછું નુકશાન થાય તેમ જણાય છે.

(૪) ૨૦ થી ૫૦ ની સંખ્યામાં છપાવવાના થતા હતા તેવા ઘણી મોટી સંખ્યામાં પ્રશ્નપત્રોની છપામણી ખર્ચ મીનીમમ ૧૦૦૦ કોપીનો દર ગણી કરવામાં આવેલ છે. તે સદંતર નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંત વિરૂધ્ધનો ખર્ચ કેમ ગણી શકાય નહીં તેની આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

યુનિવર્સિટી પ્રેસની સ્થાપનાનો હેતુ તેમજ અદ્યતન પ્રકારની પ્રેસની પ્રિન્ટીંગ સામગ્રી જંગી નાણાંનું રોકાણ કરી વસાવેલ હોવા છતાં તેનો લાભ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ નથી અને યુનિવર્સિટી પ્રેસની જંગી ખોટ વધવા પામેલ છે અને તેના કારણે બહાર પ્રશ્નપત્ર તથા ઉત્તરવહી છપામણીનો જંગી ખર્ચ કરી ઈજારદારને ફાયદો થાય તે રીતે ચૂકવણું થયેલ હોઈ યુનિવર્સિટી પ્રેસ નિભાવણી ખર્ચ અને વસાવવાનો હેતુ સિધ્ધ થયેલ હોવાનું જણાતું ના હોઈ આ બાબતે જરૂરી આધારસહ સ્પષ્ટતા થતાં સુધી વર્ષ ૨૦૦૬–૦૭ ના વર્ષનો પ્રશ્નપત્ર છપામણી ખર્ચ અને ઉત્તરવહી છપામણી ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે. તો તાત્કાલિક આ બાબતે ઓડીટે આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૭૯ નો જવાબ રજુ થયેલ નથી.

<u>વાંધા હેઠળ</u>

| | |
|---|---|
| (૧) પ્રશ્નપત્ર છપામણી ખર્ચ | રૂા. ૧,૧૨,૭૯,૩૦૪–૦૦ |
| (૨) ઉત્તરવહી છપામણી ખર્ચ | રૂા. ૧,૭૫,૬૦,૦૦૦–૦૦ |
| કુલખર્ચ | રૂા. ૨,૮૮,૩૯,૩૦૪–૦૦ |

**ફકરા નંબર: ૪૦** ઉત્તરવહી અને પૂરવણીની વહેંચણી તથા પરત જમા થયેલ સ્ટોકના હિસાબોમાં જણાયેલ અનિયમિતતા બાબત...

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના ઓડીટ દરમ્યાન પ્રેસમાં નિભાવવામાં આવતા ઉત્તરવહીઓના સ્ટોક રજીસ્ટરની ચકાસણી કરતાં નીચે મુજબની વિગતો જોવા મળેલ હતી.

| અનુ. નંબર | વિગત | મુખ્ય ઉત્તરવહીઓ | | પૂરક ઉત્તરવહીઓ | | ખાખી સ્ટીકર |
|---|---|---|---|---|---|---|
| | | ૩૨ પેજ | ૧૬ પેજ | ૧૨ પેજ | ૪ પેજ | |
| ૧ | ઉઘડતી સિલક | -- | -- | -- | -- | -- |
| ૨ | ખરીદી | ૧૭,૦૦,૦૦૦ | - | ૨૩,૦૦,૦૦૦ | - | ૩૬,૨૭,૦૦૦ |
| ૩ | કોલેજમાંથી પરત આવેલ | ૩,૦૨,૧૫૦ | ૯૧,૭૬૨ | ૨,૭૮,૪૬૪ | ૯૩૫ | ૨,૩૪,૯૨૪ |
| ૪ | કુલ | ૨૦,૦૨,૧૫૦ | ૯૧,૭૬૨ | ૨૫,૭૮,૪૬૪ | ૯૩૫ | ૩૮,૬૧,૯૨૪ |
| ૫ | વપરાશ | ૧૬,૦૧,૮૭૫ | ૧,૦૪,૪૮૮ | ૯,૨૦,૩૩૬ | ૨,૧૭,૨૬૫ | ૩૧,૩૭,૬૨૬ |
| ૬ | બંધ સિલક | ૪,૦૦,૨૭૫ | (–)૧૨,૭૨૬ | ૧૬,૫૮,૧૨૮ | (–) ૨,૧૬,૩૩૦ | ૭,૨૪,૨૯૮ |

યુનિવર્સિટીના સને ૨૦૦૬–૦૭ ના વાર્ષિક અહેવાલમાં પરીક્ષાની વિગતો જોતાં યુનિવર્સિટી સંલગ્ન કુલ ૨૭૨ કોલેજ હતી. જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨,૧૧,૦૬૪ અને એક્ષટર્નલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨,૪૪૧ જેટલી હતી.ફ આમ અહેવાલમાં જણાવેલ વિદ્યાર્થીઓની ૨,૨૩,૫૦૫ જેટલી સંખ્યાના અનુસંધાને ઉત્તરવહીઓના સ્ટોક રજીસ્ટરની ચકાસણી કરતાં નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

(૧) યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ વિવિધ પરીક્ષાઓમાં ઉપસ્થિત રહેલ વિદ્યાર્થીઓની સંખ્યા ૨,૨૩,૫૦૫ હતી. યુનિવર્સિટી દ્વારા કેટલી ઉત્તરવહીઓની વહેંચણી કરેલ હતી તથા ઉત્તરવહીઓ/ પૂરક

ઉત્તરવહીઓની વહેંચણી થયેલ હતી. તે પૈકી બચત રહેલ ઉત્તરવહીઓ અને પૂરક ઉત્તરવહીઓના હિસાબ વ્યવસ્થિત નિભાવવામાં આવેલ નહીં હોવાના કારણે વધેલા સ્ટોકની સંખ્યા ઘણીજ વિસંગત માલુમ પડેલ છે.

(૨) સ્ટોક રજીસ્ટરની ચકાસણી કરતાં તેમાં ઉઘડતી સિલક દર્શાવવામાં આવતી નથી. તેજ પ્રમાણે વહેંચેલ ઉત્તરવહી– પૂરક ઉત્તરવહીઓનો વધેલ જથ્થો કઈ કોલેજ દ્વારા જમા કરાવેલ નથી તેની કોઈ માહિતી મળેલ નથી. કોલેજને ફાળવેલ જથ્થો અને બિન–વપરાયેલ (પરત કરેલ) જથ્થા અંગે તારીજ જેવી કોઈ જ માહિતી ઉપલબ્ધ થતી નથી.

(૩) વળી પ્રેસ પ્રકાશન વિભાગના સંબંધિત કર્મચારીને રૂબરૂ પૂછતાં ઉત્તરવહી –પૂરક ઉત્તરવહીની ફાળવણી કઈ કોલેજને કેટલા પ્રમાણમાં કરવી તે શેના આધારે નકકી કરવામાં આવે છે. તેવી માહિતી માંગતા ઓડીટ સમયના વર્ષનું રેકર્ડ મળતું નથી. તેમ જણાવેલ છે. આમ, વિદ્યાર્થીની સંખ્યાના પ્રમાણમાં જે તે કોલેજને કેટલી ઉત્તરવહી તથા પૂરક ઉત્તરવહીની ફાળવણી તથા કેટલી વપરાઈ, કેટલી પરત કરી જેવી કોઈજ માહિતી ઉપલબ્ધ થતી નથી. જેના કારણે ઉત્તરવહી/ પૂરક ઉત્તરવહીનો ખરેખર વપરાશ અને બચત અંગેની માહિતી મેળવી શકાતી નથી.

(૪) ૧૬ પેજની મુખ્ય ઉત્તરવહીનો વપરાશ ૧,૦૪,૪૮૮ છે. જયારે હાથ પરનો જથ્થો ૯૧,૭૬૨ છે. આમ જથ્થા કરતાં વપરાશ વધુ છે. તે સંદર્ભે ખરીદી કે અગાઉનો જથ્થો જોવા મળેલ નથી. તો સદર વિસંગતતા બાબતે સ્પષ્ટતા થવા વિનંતી છે.

(૫) તે જ પ્રમાણે ૪ પેજની ઉત્તરવહીઓની વપરાશ ૨,૧૭,૨૬૫

છે અને જથ્થો ૯૩૫ છે. તો જથ્થા કરતાં વપરાશ વધુ છે. તે સંદર્ભે ખરીદી કે અગાઉનો જથ્થો જોવા મળે.લ નથી. તો સદર વિસંગતતા બાબતે સ્પષ્ટતા થવા વિનંતી છે.

ઉકત બાબતોએ અગાઉના અન્વેષણમાં વાંધો લઈ ધ્યાન દોરવા છતાં પણ ઓડીટ વર્ષમાં વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જે ઉત્તરવહી– પૂરક ઉત્તરવહીઓની વહેંચણી કરવામાં આવેલ હતી. તેના હિસાબો– અદ્યતન નિભાવેલ નહીં હોવાથી કુલ ઉત્તરવહીનો વપરાશ, વધેલો જથ્થો તથા અગાઉના વર્ષનો જથ્થો જો રજીસ્ટરમાં જો નિયમિત રીતે ખેંચવામાં આવેલ હોત અને કોલેજ દ્વારા વધેલી ઉત્તરવહી અને પૂરક ઉત્તરવહી પરત જમા કરવામાં આવેલ હોત તો સ્ટોક રજીસ્ટરની ચકાસણી બરાબર થઈ શકે તેમજ ભવિષ્યમાં કેટલા જથ્થાની જરૂરીયાત રહેશે તેનો પણ સંસ્થાને અંદાજ મળી શકે. આમ, ઉત્તરવહી અને પૂરક ઉત્તરવહીનું સ્ટોક રજીસ્ટર વ્યવસ્થિત રીતે નિભાવી આગળના વર્ષનું બેલેન્સ તથા કોલેજ દ્વારા પરત કરાયેલ ઉત્તરવહીની નોંધ કરી હિસાબો સુવ્યવસ્થિત રીતે નિભાવેલ હોવાની ઓડીટને ખાત્રી કરાવવી ઘટે. પૂર્તતા થતાં સુધી ખર્ચની રકમ રૂા. ૧,૧૧,૧૩,૦૦૦–૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૮૩ નો જવાબ આપેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા. ૧,૧૧,૧૩,૦૦૦–૦૦

**ફકરા નંબરઃ ૪૧** રાજય સરકારના માહિતી ખાતા મારફત જાહેરાત નહીં આપવા અંગે...

---

સંસ્થાના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન ઓડીટ વર્ષનાં વાઉચરોની ચકાસણી કરતાં સંસ્થા દ્વારા તમામ જાહેરાતો કે.શાહ એન્ડ કું. મારફત વર્તમાનપત્રોમાં આપેલ હતી. આ અંગે પરિશિષ્ટ નં.૧૬ ની વિગતે કુલ રૂા.૧૦,૫૫,૦૪૯–૦૦ નો જાહેરાત અંગે ખર્ચ કરવામાં આવેલ હતો.

ગુજરાત સરકારશ્રીના માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગના તા.૧૨–૧૨–૮૮ ના પરિપત્ર નંબરઃ અસપ–૧૫૮૮–૭૫૬૦–બી મુજબ તમામ જાહેર સાહસો રાજયની તમામ કચેરીઓ તેમજ સ્થાનિક સંસ્થાઓએ કોઈપણ પ્રકારની જાહેરખબર વર્તમાનપત્રોમાં આપવાની થાય ત્યારે માહિતી ખાતા મારફત અથવા જિલ્લા કક્ષાએ આવેલ માહિતી કચેરી મારફતે જ આપવાનું ઠરાવેલ છે. આમછતાં, સંસ્થાએ ઓડીટ વર્ષમાં પરિસ્થિતિની વિગતે રૂા.૧૦,૫૫,૦૪૯–૦૦ નો ખર્ચ જાહેરાત માટે કરેલ હતો. જે માહિતી ખાતા દ્વારા નહીં આપતા તે શાહ એન્ડ કંપની નામના પ્રાઈવેટ એજન્ટ મારફતે જાહેરાત આપવામાં આવેલ હતી. આ એજન્ટે સર્વિસ ટેક્ષ પણ વસુલ કરેલ છે.

સદર બાબતે જવાબદારેથી જરૂરી આધારસહ સ્પષ્ટતા થવી ઘટે ત્યાંસુધી રૂા.૧૦,૫૫,૦૪૯–૦૦ ઓડીટમાં વાંધાહેઠળ રાખેલ છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં.૨૫ નો જવાબ રજૂ થયેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા. ૧૦,૫૫,૦૪૯–૦૦

## પરિશિષ્ટ–૧૬

કે.શાહ એન્ડ કું. મારફત જાહેરાત આપી કરેલ ચૂકવણાંની વિગત દર્શાવતું પત્રક :

| અ.નં. | હિસાબી સદર | કરેલ ખર્ચ. રૂા. | વિભાગ/ કચેરી |
|---|---|---|---|
| ૧ | ૨૩૨૩૦૦૦ | ૮૩,૨૦૩ | કોમ્પ્યુટર સેન્ટર |
| ૨ | ૨૪૩૮૦૦૦ | ૩૧,૪૪૪ | એચ.કે.સેન્ટર |
| ૩ | ૨૮૨૮૦૦૦ | ૬૦,૩૦૧ | ડી.સી. |
| ૪ | ૪૬૦૪૦૦૦ | ૮,૮૦,૧૦૧ | કાર્યાલય |
| | કુલ.....રૂા... | ૧૦,૫૫,૦૪૯ | |

**ફકરા નંબર: ૪૨** કાનૂની ખર્ચ કરવા બાબત તેમજ તે અંગેનું રેકર્ડ રજૂ કરવા અંગે...

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬-૦૭ ના અન્વેષણ દરમ્યાન લેજરની ચકાસણી તેમજ વાઉચરોના ઓડીટ દરમ્યાન યુનિવર્સિટી ફંડના સદર ૪૫૦૩૦૦૦ લીગલ ખર્ચ ખાતે, અન્વેષણ વર્ષમાં રૂા. ૧૬,૬૧,૧૩૫-૦૦ નો ખર્ચ કરી ચૂકવણું કરવામાં આવેલ છે. જેની યોગ્ય ચકાસણી માટે નીચે દર્શાવ્યા મુજબ રેકર્ડ રજૂ કરવા વિનંતી છે.

(૧) વકીલોને નિમણૂંક આપવા અંગેના ઠરાવો, નિયમો તેમજ નિયત કરેલ ફીનું ધોરણ.

(૨) દાવા રજીસ્ટર.

(૩) લીગલ ચાર્જીસ માટેની નીતિ-નિયમોની ફાઈલ.

(૪) ઓડીટ વર્ષ દરમ્યાન ઉપસ્થિત થયેલ કેસ અને નિકાલ થયેલ કેસોની વિગત.

(૫) સને ૨૦૦૬-૦૭ ના વર્ષ અંતિત બાકી રહેલ કેસોની સંખ્યા.

ઓડીટ વર્ષ દરમ્યાન કાનૂની ખર્ચ પાછળ કરેલ કેસોની વિગત નીચે મુજબ છે. (નમૂનારૂપ કિસ્સાઓ નીચે પ્રમાણે છે.)

| અ.નં. | વાઉચર નંબર/ તારીખ | રકમ. રૂા. | નાણાં લેનારનું નામ | કેસ નંબર |
|---|---|---|---|---|
| (૧) | ૩૨૨૪/૧૬-૯-૦૬ | ૨,૨૫,૦૦૦-૦૦ | ડી.જી.કારીઆ | --- |
| (૨) | ૩૫૧૪/૩-૧૦-૦૬ | ૧૧,૦૦૦-૦૦ | નાણાંવટી & નાણાંવટી. | ૧૬૩૪૭/૨૦૦૫ |
| (૩) | ૩૫૧૩/૩-૧૦-૦૬ | ૨૨,૦૦૦-૦૦ | ---"--- | --- |
| (૪) | ૩૫૧૨/૩-૧૦-૦૬ | ૮,૦૦૦-૦૦ | વૈભવી નાણાંવટી. | ૮૪૦૯/૧૯૯૦ |
| (૫) | ૩૫૧૧/૩-૧૦-૦૬ | ૨૯,૫૦૦-૦૦ | એસ.એન.શેલત | ૨૦૪૦/૧૯૮૩ |
| (૬) | ૩૫૬૫/૫-૧૦-૦૬ | ૩૦,૦૦૦-૦૦ | ભરત દવે | ૪૧૧૫/૨૦૦૫ |
| | | ૩,૨૫,૫૦૦-૦૦ | | |

ઉપરોક્ત દર્શાવેલ નમૂનારૂપ કેસ તેમજ તે સિવાયના ઓડીટ વર્ષ સાથે સંકળાયેલ કેસો તેમજ અ.નં. ૧ થી ૫ ની વિગતે માંગેલ રેકર્ડ ઓડીટ સમક્ષ રજૂ કરવું.

સંસ્થા દ્વારા વકીલશ્રીઓની પેનલ નકકી કરી, કેસના પ્રકાર મુજબ ફી સર્વ સ્વિકૃત વ્યાજબી ધોરણ નકકી કરી એક સુવ્યવસ્થિત માળખું તૈયાર કરવા પણ ઓડીટનું સૂચન છે.

આ સિવાય કાનૂની ખર્ચ કરવા સાથે સંકળાયેલી કોઈપણ માહિતી કે રેકર્ડ હોય તો તે રજૂ કરવું.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૨૩ નો જવાબ રજૂ કરાયેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા. ૩,૨૫,૫૦૦--૦૦

ફકરા નંબરઃ ૪૩ વા.નં.૬૬૦૪/૭–૩–૦૭ રૂા. ૨૫,૦૦૦/– લીગલ ચાર્જ અંગેની અનિયમિતતા...

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ વર્ષ દરમ્યાન પસંદગીના વાઉચરોની ચકાસણી કરતાં રૂા. ૨૫,૦૦૦–૦૦ નો ખર્ચ લીગલ ખર્ચ ખાતે પાડવામાં આવેલ છે. જેની નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

કે.અચ.શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા સંચાલિત ચાર કોલેજોની U.G.C. દ્વારા U.G.C. Act 1956 ની સેકશન–૩ હેઠળ "સુમનદીપ વિદ્યાપીઠ" (ડીમ્ડ યુનિવર્સિટી) તરીકે માન્યતા અપાયેલ છે. આ ચાર કોલેજોને આ યુનિવર્સિટીમાંથી વિલગ્ન કરવા સંદર્ભે એડવોકેટશ્રી એસ.એન.શેલતનો અભિપ્રાય માંગેલ હતો. આ માટે તેઓનું તા.૨૪–૧–૦૭ થી રૂા. ૨૫,૦૦૦–૦૦ નું બીલ આવતાં જે મંજુર કરીને શ્રી શેલતને ચૂકવેલ છે. આ બાબતે નીચે જણાવેલ ઓડીટનોંધની આધારસહ પૂર્તતા થવી ઘટે.

(૧) વાઉચર સાથે શ્રી શેલતનું અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર સામેલ રખાયેલ નથી.

(૨) રૂા. ૨૫,૦૦૦–૦૦ ની રકમ કયા નિયમના આધારે નકકી કરેલ છે તપેની આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

(૩) શ્રી શેલત પાસેથી કેવો અભિપ્રાય મંગાવેલ છે. તેની વિગત પણ વાઉચર સાથે સામેલ રખાયેલ નથી. એડવોકેટનો અભિપ્રાય લેવો કેમ જરૂરી હતો? તેની આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

(૪) સદર ચૂકવણી અંગે શિક્ષણ કમિશનરશ્રીની મંજુરી મેળવેલ છે કે કેમ? તેની સ્પષ્ટતા થવી ઘટે.

(૫) નિયમોનુસાર કાર્યવાહી કરવાની હોય ત્યાં વકીલની સલાહ કોર્ટમાં કેસ થયેલ

ના હોય ત્યારે લેવાની હોય નહીં. પરંતુ યુનિવર્સિટી એક્ટ–સ્ટેચ્યુટ–ઓડીનન્સ તેમજ સરકારશ્રીના નિયમોની જોગવાઈને આધીન નિર્ણય લેવાનો રહે તેમ ઓડીટનું માનવું છે. વધુમાં, આસ અગત્યના કિસ્સાઓમાં ખાનગી વકીલની સુવિધા લેવાના સ્થાને ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી મારફતે કાયદા વિભાગનું માર્ગદર્શન પણ માંગી શકાયું હોત. તેમછતાં કરાયેલ ખર્ચ જે નિયમોને આધીન કરવામાં આવેલ હોય તેના આધારની પ્રમાણિત નકલ સહ સદર ખર્ચ સ્પષ્ટતા થતાં સુધી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૨૮ નો જવાબ રજૂ થયેલ છે. જે ઓડીટને માન્ય ન હોઈ ઉક્ત સ્પષ્ટતા થતાં સુધી ફકરો ચાલુ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂા. ૨૫,૦૦૦–૦૦

**ફકરા નંબર: ૪૪** લીગલ ચાર્જીસના ચૂકવણામાં જણાયેલ અનિયમિતતા અંગે...

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના વર્ષ ૨૦૦૬-૦૭ ના અન્વેષણ દરમ્યાન લેજર નં.૩ માં એકા. કોડ નં.૪૫૦૩૦૦૦ સામે લીગલ ચાર્જીસનો ખર્ચ રૂા.૧૬,૬૧,૧૩૫-૦૦ દર્શાવેલ છે. તે પૈકી નીચેની વિગતે નમૂનારૂપ વાઉચરની ચકાસણી કરતાં-

(૧) વા.નં.૩૮૬૬ તા.૧૭-૧૦-૦૬ શ્રી એમ.પી.જડીયા એકસ-રજી.ની ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી માટે ૫ સીટીંગ તા.૧૨-૯-૦૬, ૧૮-૯-૦૬, ૨૨-૯-૦૬, ૪-૧૦-૦૬ અને ૧૧-૧૦-૦૬ ની ફી ના રૂા. ૧૫,૦૦૦ × ૫= ૭૫,૦૦૦ તથા શ્રી એસ.એ.ભટ્ટ, કંટ્રોલર ઓફ એકઝામીનેશનના ત્રણ હીયરીંગ તા.૨-૯-૦૬, ૨૬-૯-૦૬ તથા ૫-૧૦-૦૬ ના રૂા. ૧૫,૦૦૦ × ૩ = ૪૫,૦૦૦ નો કલેઈમ મંજુર કરવા નિવૃત જસ્ટીસ શ્રી ડી.જી.કારીયાના પત્રના આધારે ચૂકવણું કરાયેલ છે તેજ પ્રમાણે-

(૨) વા.નં.૩૨૨૪ તા.૧૬-૯-૦૬

શ્રી એમ.પી.જડીયાની ઈન્કવાયરીના ૬ સીટીંગ તા.૧૯-૪-૦૬, ૨૭-૫-૦૬, ૧૦-૬-૦૬, ૩૦-૬-૦૬, ૧૫-૭-૦૬ તથા ૨-૮-૦૬ ના રૂા. ૧૫,૦૦૦ × ૬ = ૯૦,૦૦૦

શ્રી એસ.એ.ભટ્ટના તા.૩-૬-૦૬ થી ૨-૮-૦૬ સુધીના ૧૪ સીટીંગના રૂા. ૨,૧૦,૦૦૦ – ૭૫,૦૦૦ અગાઉ ચૂકવેલ (બાદ કરતાં) રૂા. ૧૪૩૫,૦૦૦ નું ચૂકવણું કરાયેલ છે.

(૩) વા.નં.૪૯૦૨ તા.૧૬-૧૨-૦૬

શ્રી એમ.પી.જડીયાની ૫ સીટીંગના તા.૧૪-૧૦-૦૬, ૧૧-૧૧-૦૬, ૧૬-૧૧-૦૬, ૨૧-૧૧-૦૬ તથા ૨૯-૧૧-૦૬ ના રૂા. ૧૫,૦૦૦ × ૫ = ૭૫,૦૦૦ તથા એસ.એ.ભટ્ટના ૫ સીટીંગના તા.૭-૧૧-૦૬, ૧૧-૧૧-૦૬,

૧૮–૧૧–૦૬, ૨૨–૧૧–૦૬, ૩૦–૧૧–૦૬ ના રૂા. ૧૫,૦૦૦ × ૫ = ૭૫,૦૦૦ નો ખર્ચ મંજૂર થયેલ છે.

ઉપરોક્ત દરેક વાઉચરમાં નિવૃત જસ્ટીસ શ્રી ડી.જી.કારીયાના પત્રમાં દર્શાવેલ તારીખે સીટીંગ થયેલ હોઈ ચૂકવણું કરવાનું જણાવેલ છે. જેના આધારે રજી.શ્રીની અનુક્રમે તા.૧૬–૧૦–૦૬, તા.૧૫–૯–૦૬, તઅ.૧૫–૧૨–૦૬ ની નોંધમાં જણાવેલ છે કે, તા.૧૯–૧૦–૨૦૦૩ ની E.C. ની સભાએ ઉકત રકમનો ખર્ચ મંજૂર કરવાની સત્તા કુલપતિશ્રીને આપેલ હોઈ ખર્ચ મંજૂર કરેલ છે. શિક્ષણ વિભાગ દ્વારા નકકી કરાયેલ ખાતાકીય તપાસ અધિકારીઓ પૈકીના કોઈ અધિકારીઓની તપાસ અધિકારી તરીકે નિમણૂંક ન કરતાં નિવૃત્ત જજશ્રી કારીયાની નિમણૂંક કરવા બાબતે કોઈ જસ્ટીફીકેશન ઓડીટને રજૂ કરેલ નથી. વધુમાં સરકારશ્રી દ્વારા નકકી કરાયેલ ફીનાં ધોરણ કરતાં અલગ ધોરણે ચૂકવણું કરવા બાબતે પણ કોઈ સ્પષ્ટીકરણ રજૂ કરેલ નથી. વાઉચરમાં અન્ય કોઈ માહિતી રજૂ થયેલ નથી અને નમૂનારૂપ ઉપરોકત ત્રણ વાઉચરોની ચકાસણી કરેલઈ હોઈ નીચે મુજબ મુદ્દાની પૂર્તતા થવી ઘટે.

(૧) નિવૃત જસ્ટીસ શ્રી ડી.જી.કારીયાના પત્રમાં જણાયેલ સીટીંગની તારીખો પ્રમાણિત કરાયેલ છે કે કેમ? ઓડીટને ખાત્રી થવી ઘટે.

(૨) શ્રી કારીયાને ચૂકવવાપાત્ર મહેનતાણું કઈ શરતો અને ધારા–ધોરણોના આધારે નકકી કરાયેલ છે તેની વિગત રજૂ થવી ઘટે.

(૩) વર્ષ ૨૦૦૬–૦૭ ના અંતે બાકી રહેલો કેસો અને વર્ષ દરમ્યાન દાવા કેટલા થયા તેની વિગત દર્શાવતું દાવા રજીસ્ટર ઓડીટને રજૂ થવું ઘટે.

(૪) સીટીંગ ફીના ચૂકવણાં માટે સરકારશ્રીના કાયદા વિભાગ સાથે જરૂરી પરામર્શ કરી નિયત દરે ચૂકવણું મંજૂર કરાયેલ હતું કે કેમ? આધારસહ માહિતી રજૂ થવી ઘટે.

(૫) શ્રી કારીયા દ્વારા કરાયેલ કામગીરી સંતોષકારક છે તે અંગેનું પ્રમાણપત્ર બીલમાં રજૂ થવું ઘટે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૭૭ નો જવાબ રજૂ થયેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા. ૧૬,૬૧,૧૩૫–૦૦

<u>ફકરા નંબરઃ ૪૫</u> યુનિવર્સિટી સ્પોર્ટસ ફીની આવક તથા ખર્ચ અંગેના હિસાબો બાબત...

---

યુનિવર્સિટીના ઓડીનન્સ નં.૧૫૧ સી અન્વયે ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદ સંલગ્ન તમામ કોલેજોના નોંધાયેલ વિદ્યાર્થીદીઠ દરેક સત્રના રૂા.૫–૦૦ લેખે સ્પોર્ટસ ફી વસુલ મેળવી, એકત્રિત ભંડોળનો ઉપયોગ યુનિવર્સિટી તરફથી યોજવામાં આવતી રમતગમત પ્રવૃત્તિઓના વિકાસ માટે કરવાનો રહે છે. આ યોજનાનો અમલ સને ૧૯૮૫–૮૬ ના શૈક્ષણિક વર્ષથી કરવામાં આવેલ છે. ત્યારથી ઓડીટ વર્ષ દરમ્યાન સદર હિસાબોમાં નીચે મુજબની પરિસ્થિતિ રહેવા પામેલ છે.

| | |
|---|---|
| મુખ્ય સદર– ૭૮૦૨૦૩૬ | ડી.પી.ઈ.સ્પોર્ટસ ફી. |
| ઉઘડતી સિલક– ૧–૪–૦૬ | ૧,૫૯,૩૫,૫૯૫–૩૪ |
| વર્ષ દરમ્યાન આવક. | ૨૨,૧૩,૬૯૯–૦૦ |
| કુલ... | ૧,૮૧,૪૯,૨૯૪–૩૪ |
| વર્ષ દરમ્યાન ખર્ચ. | ૪,૪૭,૯૩૯–૦૦ |
| બંધ સિલક તા.૩૧–૩–૦૭ | ૧,૭૭,૦૧,૩૫૫–૩૪ |

સદર આવક–ખર્ચ જોતાં નીચેની વિગતે ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૧) સને ૧૯૮૫–૮૬ થી અમલમાં આવેલ યોજનાનો મુખ્ય ઉદ્દેશ રમતગમતની પ્રવૃત્તિઓના વિકાસ અર્થે નાણાં એકઠા કરી વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરવાનો છે. પરંતુ પ્રતિવર્ષ ફી પેટે મળેલ આવકમાં વધારો થવા પામેલ અને વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરાયેલ જણાતી નથી.

અગાઉના વર્ષોમાં ઓડીટ અહેવાલમાં સદર બાબતે ઓડીટનોંધ આપવામાં આવેલ હોવા છતાં આવકમાં સતત વધારો થવા છતાં રમતગમતની પ્રવૃતિઓના વિકાસથી વિદ્યાર્થીઓ વંચિત રહેલ જણાય છે. સદર બાબતે જે હેતુ માટે ફી મેળવવામાં આવે છે તે હેતુ માટે કયા કારણસર ખર્ચ કરવામાં આવેલ નથી. તે અંગે જરૂરી સ્પષ્ટતા કરવી ઘટે.

(૨) યોજનાના સમયના વર્ષથી શરૂ કરી ડી.પી.ઈ. સ્પોર્ટ ફીની આવક સતત વધવા પામેલ છે. જયારે રમતગમતની પ્રવૃતિઓના વિકાસ પાછળ ખર્ચ થયેલ નથી. આમ, સદર પ્રવૃતિઓને અદ્યતન રીતે વિકસિત પ્રવૃતિ થઈ શકેલ ગણાય નહિં તથા નિયમિત રીતે મેળવેલ આવકના હિસાબો માટે જરૂરી દફતર નિભાવેલ ન હોઈ ઓડીટ દ્વારા આપેલ સુચનાઓ અંગે જરૂરી પૂર્તતા સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૩) સદર કોડ નીચે ઉત્તરોત્તર ખર્ચ કરતાં આવકમાં વધારો થતો રહેલ છે. તો ઉકત રકમ નિષ્ક્રિય રીતે યુનિવર્સિટી ફંડ ખાતે પડી રહેલ છે કે અન્ય ઉપયોગ કે ફીકસ ડીપોઝીટ કરવામાં આવેલ છે? તેની વિગત ઓડીટને રજૂ થવી ઘટે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૬૮ નો જવાબ રજુ થયેલ નથી.

ફકરા નંબરઃ ૪૬ યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમને માટે ફી પેટે મળેલી આવક અને તેના ખર્ચ પેટે જણાયેલ અનિયમિતતા અંગે...

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬-૦૭ ના ઓડીટ દરમ્યાન રજુ થયેલ હિસાબી દફતર જોતાં એકાઉન્ટ કોડ ૭૮૦૨૦૩૨ સદરે યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમો હેઠળ વર્ષ દરમ્યાન મળેલ આવક અને ખર્ચની વિગતો નીચે પ્રમાણે જોવા મળેલ હતી.

| | |
|---|---|
| તા.૧-૪-૦૬ની ઉઘડતી સિલક રૂા. | ૮૧,૨૪,૦૮૯-૪૨ |
| સને ૨૦૦૬-૦૭ દરમ્યાન આવક.રૂા. | ૩૯,૧૬,૮૯૩-૦૦ |
| કુલ...રૂા.. | ૧,૨૦,૪૦,૯૮૨-૪૨ |
| સને ૨૦૦૬-૦૭ દરમ્યાન ખર્ચ. | ૧૩,૫૪,૫૭૧-૦૦ |
| તા.૩૧-૩-૦૭ ની બંધ સિલક. | ૧,૦૬,૮૬,૪૧૧-૪૨ |

(૧) એકઝીકયુટીવ કાઉન્સીલની તા.૨૩-૫-૯૯ બાબત-૧૭ ઓર્ડિનન્સ-૧૫૦-સી માં કરવામાં આવેલ સુધારા યોજના જરૂરી ખર્ચને પહોંચી વળવા માટે સંલગ્ન કોલેજોનાં વિદ્યાર્થીદીઠ સત્ર દીઠ રૂા.૧૦-૦૦ વસુલાત મેળવી હિસાબમાં જમા લઈ જે તે પ્રવૃત્તિઓ અંગે ખર્ચ કરવાનો રહે છે.

હિસાબોની ચકાસણી કરતાં જણાયેલ હતું કે, મળેલ કુલ આવકના સંદર્ભે સાંસ્કૃતિક કાર્યક્રમો પાછળ કરેલ ખર્ચ ઓછો રહેવાને કારણે પ્રતિવર્ષ બચતમાં વધારો થયેલ હોવાનું જણાય છે. જેથી વર્ષના અંતે વણવપરાયેલ રકમો સિલકમાં જોવા મળેલ હતી. આમ જે હેતુ માટે આવક મેળવવામાં આવે છે તે હેતુ માટે તેનો ખર્ચ નહિં કરવા અંગે જવાબદારથી જરૂરી સ્પષ્ટતા થવી ઘટે.

(૨) વાર્ષિક અહેવાલ મુજબ સત્રદીઠ રૂા. ૧૦–૦૦ લેખે બે સત્રના રૂા.૨૦–૦૦ લેખે ૨૧૧૦૬૪ નોંધાયેલ વિદ્યાર્થીઓ મુજબ ગણતાં કુલ આવક રૂા.૪૨,૨૧,૨૮૦–૦૦ સંલગ્ન કોલેજો પાસેથી મેળવવાનાં રહે છે. તેમ છતાં ઓડીટ વર્ષમાં રૂા. ૩૯,૧૬,૮૯૩–૦૦ જમા થયેલ છે. તે જોતાં હજુ રૂા.૩,૦૪,૩૮૭–૦૦ ની રકમ કોલેજો પાસેથી વસુલ કરવાની બાકી રહે છે. આ રકમ સત્વરે કોલેજો પાસેથી વસુલ કરી જમાના આધારસહ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

(૩) નિયત થયેલ ધારાધોરણો મુજબ વિદ્યાર્થીઓ અને સંગઠિત સંલગ્ન કોલેજોમાંથી ફીની વસુલ થયેલ રકમો યુનિવર્સિટીના હિસાબમાં જમા થયેલ છે કે કેમ? તે અંગે જરૂરી દફતર નહિં નિભાવેલ હોવાથી ફીની વસુલાતપાત્ર રકમ ખરેખર થયેલ વસુલાત અને બાકી રહેલ વસુલાત અંગે ધોરણસરની ચકાસણી થઈ શકેલ નથી. હિસાબો અદ્યતન નિભાવી બાકી રહેલ રકમની જે તે કોલેજો પાસેથી સત્વરે વસુલાત કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

(૪) ઉકત કોડ હેઠળ ઉત્તરોત્તર ખર્ચ કરતાં આવકમાં વધારો થતો રહેલ છે. તો તે રકમ નિષ્ક્રિય રીતે યુનિવર્સિટી ફંડ ખાતે પડી રહેલ છે કે અન્ય ઉપયોગ કે ફીકસ ડીપોઝીટ કરવામાં આવેલ છે કે કેમ? તેની વિગત ઓડીટને રજૂ થવી ઘટે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૬૯ નો જવાબ રજૂ થયેલ નથી.

વસુલાતની રકમ રૂા. ૩,૦૪,૩૮૭–૦૦

ફકરા નંબર: ૪૭ એન્ડોવમેન્ટ ફંડનાં ફીકસ ડીપોઝીટ રજીસ્ટરની અનિયમિતતા અંગે...

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન એન્ડોવમેન્ટ ફંડનાં ફીકસ ડીપોઝીટ રજીસ્ટરની ચકાસણી કરતાં સામેલ પરિશિષ્ટ–૧૭ માં નમુનારૂપ ફકત એસ.બી.આઈ. ગુજરાત યુનિવર્સિટીમાં મુકેલ ફીકસ ડીપોઝીટની વિગતની અનિયમિતતા દર્શાવેલ છે. રજીસ્ટરમાં અન્ય બેંકની ફીકસ ડીપોઝીટની વિગત પણ ઉકત પરિશિષ્ટ અનુસાર જ અનિયમિત રીતે દર્શાવવામાં આવેલ હોઈ નીચે આપેલ ઓડીટ પેરાની આધારસહ પૂર્તતા કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

(૧) દરેક ફીકસ ડીપોઝીટ મૂકયાની નોંધ, રકમની નોંધ, વ્યાજદર, પાકતી મુદૃતે મળવાપાત્ર રકમ, પાકતી મુદૃત અને ફીકસ ડીપોઝીટ વટાવ્યાની તારીખ તથા મળેલ રકમની નોંધ કરી ફકી ઉકત રકમ કયારે, કયા દરે, મૂકવામાં આવેલ છે તેની નોંધ કરી શાખાધ્યક્ષ/ અધિકારીશ્રી દ્વારા નોંધ પ્રમાણિત કરવાની પ્રથા અમલમાં મૂકવી ઘટે.

(૨) હિસાબી રજીસ્ટરમાં પેન્સિલથી કરાયેલ નોંધમાં ગમે તે સમયે કોઈપણ વ્યકિત ફેરફાર કરી શકે અને કયારેક નાણાંકીય ગેરરીતિ થવાનો પણ સંભવ રહેલો હોઈ દરેક નોંધ પેનથી કરી સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરવાની રહે છે.

સમયાંતરે રજીસ્ટરની ખતવણીની ખરાઈ કરવા તથા જયારે અલગ–અલગ ફીકસ ડીપોઝીટ વટાવી એક જ બેંકમાં મૂકવામાં આવે ત્યારે કઈ ફીકસ ડીપોઝીટ કયારે વટાવી, કેટલું વ્યાજ અને મુદૃલ પરત

મળ્યા અને તે પૈકી કેટલી રકમ ફરી જમા કરાવી તેની સંપૂર્ણ વિગત જે તે ફીકસ ડીપોઝીટની સામે તથા રજીસ્ટરમાં બતાવી એન્ડોવમેન્ટ ફંડની કુલ ફીકસ ડીપોઝીટ, મુદ્દલ વ્યાજ અને બેંકની હકીકત દર્શાવતું પત્રક વર્ષાન્તે બનાવી અધિકારી દ્વારા ઉકત રકમ પ્રમાણિત કરી લેજરમાં દર્શાવેલ વિગત સાથે મેળવણું કર્યાનું પ્રમાણપત્ર આપવાની પ્રથા અપનાવવામાં આવે તો હિસાબોની ખરાપણાની ખાત્રી થઈ શકે.

(૩) ઓડીટપાત્ર દરેક નિભાવવામાં આવતા હિસાબી રજીસ્ટરોમાં સંસ્થાના રાઉન્ડ સીલનો સિકકો લગાવી, દરેક રજીસ્ટરને પાના નંબર આપી, સહીસિકકા રજીસ્ટરમાં ચડાવી તે અંગેની નોંધ દરેક રજીસ્ટરના છેલ્લા પાને કરી, નોંધ પ્રમાણિત કર્યા બાદ જ રજીસ્ટર ઉપયોગમાં લેવાની પ્રથા અપનાવી તે અંગેની ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૫૧ નો જવાબ રજૂ થયેલ નથી.

## પરિશિષ્ટ–૧૭

### એન્ડોવમેન્ટ ફંડના ફીકસ ડીપોઝીટ રજીસ્ટરની અનિયમિતતા

### એસ.બી.આઈ. ગુજરાત યુનિવર્સિટી પેજ નં.૧ થી ૬૧ ની વિગત. વર્ષ ૨૦૦૬–૦૭

| | F.D. A/C NO. | રકમ. રૂા. | મુકયા તારીખ | પાકતી તારીખ/ વ્યાજ દર | અનિયમિતતા. |
|---|---|---|---|---|---|
| ૧ | 01202060358 BH 362875 | ૩૫,૦૦,૦૦૦/– | ૧–૪–૦૬ | ૧–૪–૦૯ ૬.૨૫% | પેન્સિલથી રૂા.૭,૧૫,૬૯૦/– તથા વ્યાજ રૂા.૧,૭૪,૭૦૧/– દર્શાવેલ છે. વ્યાજ કયારે મળ્યું. રીવાઈઝડ F.D. કયાં કરી, કોઈજ વિગત રજી.માં દર્શાવેલ નથી. |
| ૨ | 01202060358 DX 598717 | ૬,૫૦,૦૦૦/– | ૧૨–૪–૦૬ | ૧૨–૪–૦૯ ૩૬ માસ | વ્યાજ દર દર્શાવેલ નથી. વ્યાજ રૂા.૧,૩૯,૪૦૧/– પેન્સિલથી લખેલ છે. કયારે વટાવી, કયાં મૂકી તેની કોઈ વિગત દર્શાવેલ નથી. |
| ૩ | 01202060358 FA 594966 | ૨,૦૦,૦૦૦/– | ૫–૯–૦૩ | ૫–૯–૦૬ ૬% | પેન્સિલથી વ્યાજ રૂા. ૩૯,૯૯૪/– દર્શાવેલ છે. "મા.વી.સી.ના આદેશથી વટાવી લીધી" તેમ લખેલ છે. કયારે વટાવી તે તારીખ દર્શાવેલ નથી. વટાવ્યા બાદ રકમ કયાં જમા કયારે કરી તે પણ દર્શાવેલ નથી. |
| ૪ | પાના નં.૩ થી નોંધ નંબરઃ ૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૩,૧૪,૧૫,૧૬,૨૩,૨૪,૨૬,૨ ૭,૨૮,૨૯,૩૦,૩૨, ૩૩, ૩૪, ૩૫,૩૬,૩૭,૩૮,૩૯,૪૦,૪૧,૪૨,૪૪,૪૫,૪૬,૪૭,૪૯,૫૧,૫૨,૫૩,૫૪,૫૫,૫૬,૫૭,૫૮,૫૯ પાના નં.૩૦ સુધીની દરેક નોંધમાં પેન્સિલથી વ્યાજની રકમ લખેલ છે અને મા.વી.સી.સા.ના આદેશથી વટાવી લીધી તેટલી નોંધ છે. પરંતુ કયારે વટાવી અને કેટલી રકમ કયાં મુકી તેની નોંધ કરવામાં આવેલ નથી. કોઈ નોંધ પ્રમાણિત કરેલ નથી. | | | | |
| ૫ | પાના નં.૩૦ માં "FDR Sr.No.60 to 123 સુધીની મા.વી.સી.સા.ના આદેશથી કાચી મુદૃતનીસ એફ.ડી. વટાવી લીધેલ છે. જેમાંથી તેમજ અન્ય બેંકોની વટાવી તે રકમ એમ ભેગી કરી નવી FDR રૂા. ૧,૫૦,૦૦,૦૦૦–૦૦ ની એસ.બી.આઈ. એસ.જી.હાઈવેમાં તથા રૂા.૨,૩૮,૦૦,૦૦૦–૦૦ ની F.D. C.B.I રીલીફ રોડ બ્રાંચમાં મુકેલ છે" તેવી પેન્સિલથી નોંધ થયેલ છે. | | | | |

**ફકરા નંબરઃ ૪૮** એન્ડોવમેન્ટ ફંડની રકમો લાંબા સમયથી વણવપરાયેલ બતાવવા બાબત...

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના એન્ડોવમેન્ટ ફંડમાં આપવામાં આવતી દાનની આવક તથા તેના ઉપર વ્યાજની આવકમાંથી મેડલ, ઈનામો, ચંદ્રકો વગેરે લાભાર્થીને આપવાનાં હોય છે. તથા આ ફંડનાં હિસાબો અલગ નિભાવવાનાં હોય છે. ગુજરાત યુનિવર્સિટીના સને ૨૦૦૬–૦૭ ના વર્ષનાં ઓડીટ દરમ્યાન લેજરની ચકાસણી કરતાં આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ–૧૮ ની વિગતે રૂા.૧,૨૧,૨૯,૩૪૯–૫૪ ની એન્ડોઉમેન્ટ ફંડની રકમ વણવપરાયેલ પડી રહેલ છે. સદરહુ રકમો લાંબા સમયથી વપરાયા વિનાની પડી રહેલ જણાય છે. અને દર વર્ષે રકમ આગળ ખેંચવામાં આવે છે. આમ જે તે દાતા તરફથી આપવામાં આવેલ દાનની રકમનો ઉપયોગ કરવામાં આવતો નથી. સદરહુ રકમનો ઉપયોગ નહિં કરવા બાબતે જરૂરી સ્પષ્ટતા કરી ઉપરોકત દાનની રકમનો ઉપયોગ થાય તેવો પ્રબંધ કરવો. જેથી દાન આપવા પાછળનો હેતુ ફળીભૂત થાય.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૩૦ નો જવાબ રજૂ થયેલ નથી. જેથી સદરહુ રકમના વપરાશ વગેરે સંબંધે કોઈ સ્પષ્ટ ખાત્રી થઈ શકી નથી. જયારે હવાલા નોંધ– લેજર તથા વાર્ષિક હિસાબોની વિગતો જોતાં પણ સદરહુ બાબતના હિસાબોની ઓડીટ દ્વારા ચકાસણી કે ખાત્રી થઈ શકેલ નથી. તો આગામી ઓડીટે યુનિવર્સિટીની હિસાબી પધ્ધતિ કયા નિયમોને આધીન અપનાવેલ છે. તેની આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

## પરિશિષ્ટ–૧૮

એન્ડોવમેન્ટ ફંડમાં વણવપરાયેલ પડી રહેલ રકમની વિગત દર્શાવતું પત્રકઃ

| ક્રમ | દાન મળ્યા તારીખ | દાતા સંસ્થાનું નામ/વિગત | રકમ. રૂા. |
|---|---|---|---|
| ૧ | ૧-૪-૧૯૯૪ | એન્ડોવમેન્ટ ફોર બીઝનેસ મેનેજમેન્ટ. | ૨૦,૪૮,૮૭૭.૪૮ |
| ૨ | ૧-૪-૧૯૯૪ | દામોદરદાસ ચેરીટેબલ ટ્રસ્ટ કોમ.બિલ્ડીંગ. | ૨,૮૫,૪૬૧.૧૫ |
| ૩ | ૧-૪-૧૯૯૪ | ટેક્ષટાઈલ કેમીસ્ટ્રી ઈન્સ્ટીટયુટ. | ૬૫,૭૭,૧૫૩.૫૬ |
| ૪ | ૧-૪-૧૯૯૪ | ઈન્ડસ્ટ્રીયલ એનાલીટીકલ કેમ.ઈન્સ્ટીટયુટ. | ૫,૦૧,૮૩૬.૫૩ |
| ૫ | ૧-૪-૧૯૯૪ | સરદાર વલ્લભભાઈ વાંચન કેન્દ્ર બિલ્ડીંગ. | ૩,૮૫,૨૦૬.૪૫ |
| ૬ | ૧-૪-૧૯૯૪ | એન્ડોવમેન્ટ ફોર ઈંગ્લીશ કલાસીસ. | ૯૫,૩૦૮.૦૩ |
| ૭ | ૧-૪-૧૯૯૪ | એન્ડોવમેન્ટ ફોર આઈ.એ.એસ. કલાસીસ. | ૨,૮૯,૧૧૪.૪૧ |
| ૮ | ૧-૪-૧૯૯૪ | એન્ડોવમેન્ટ ફોર મેનેજમેન્ટ કલાસીસ. | ૧,૮૨,૪૨૮.૮૦ |
| ૯ | ૧-૪-૧૯૯૪ | એન્ડોવમેન્ટ ફોર શિબિર. | ૩૨,૯૭૮.૦૧ |
| ૧૦ | ૧-૪-૧૯૯૪ | એચ.ભગવતી જોગ્રોફી સ્કુલ બિલ્ડીંગ. | ૯૦,૦૦૮.૦૩ |
| ૧૧ | ૧-૪-૧૯૮૬ | જયોતિ લીમીટેડ ઈકોનોમીકસ ટીચર્સ શિબિર. | ૫,૪૩૫.૦૦ |
| ૧૨ | ૧-૪-૧૯૮૬ | આશાભાઈ બાબરભાઈ લીકોડેરમા રીસર્ચ. | ૪,૧૩૦.૭૯ |
| ૧૩ | ૧-૪-૧૯૮૬ | સાયન્ટીફીક રીસર્ચ ઈન પોલીયેસ્ટર કેમી. | ૪,૫૦૦.૦૦ |
| ૧૪ | ૧-૪-૧૯૮૮ | એસ.વી.પટેલ યુનિ. ફોર હિમાલયા ટ્રેકીંગ. | ૬,૩૭૪.૪૦ |
| ૧૫ | ૧-૪-૧૯૯૩ | એસ.વી.પટેલ યુનિ. ફોર જંગલ પ્રવાસ. | ૨૦,૪૨૯.૬૧ |
| ૧૬ | ૧-૪-૧૯૮૬ | એમ.કોઠારી ટ્રસ્ટ સબ મીલ ટુ યુનિ.સ્ટુડન્ટસ. | ૫,૦૦૦.૦૦ |
| ૧૭ | ૧-૪-૧૯૮૬ | એચ.કે.ટ્રસ્ટ કેમેજમેન્ટ સેન્ટર બિલ્ડીંગ. | ૩,૦૧૧.૮૬ |

| ક્રમ | દાન મળ્યા તારીખ | દાતા સંસ્થાનું નામ/વિગત | રકમ. રૂા. |
|---|---|---|---|
| ૧૮ | ૧-૪-૧૯૯૬ | સ્વ.શ્રી જે.એચ.ઠાકોર સ્પોર્ટસ પ્રાઈઝ. | ૯,૯૯૦.૦૦ |
| ૧૯ | ૧-૪-૧૯૮૬ | ઈન્ડીયા સોશ્યોલોજી સોસાયટી. | ૨,૭૨૦.૦૦ |
| ૨૦ | ૧-૪-૧૯૯૪ | જીમ્નેશીયમ બિલ્ડીંગ ફંડ. | ૩,૩૪,૮૫૮.૮૦ |
| ૨૧ | ૧-૪-૧૯૯૪ | સ્વ.ડો.એન.એમ.શાહ સ્મારકનિધિ બુકસ. | ૩૬,૯૬૯.૯૨ |
| ૨૨ | ૧-૪-૧૯૮૬ | એડ ફોર એગ્રીકલ્ચર રીસર્ચ. | ૨,૪૫,૫૧૯.૬૧ |
| ૨૩ | ૧-૪-૧૯૮૬ | રાજમિત્ર બી.અમીન ટ્રસ્ટ એનસાઈકલોપડીયા. | ૩૧,૨૩૭.૫૧ |
| ૨૪ | ૧-૪-૧૯૮૬ | એસ.એન.કો.ઓ.બેંક વી.શાહ વી. સેન્ટર. | ૧૩,૯૧૭.૦૫ |
| ૨૫ | ૧-૪-૧૯૮૬ | એન.કે.ચેરીટેબલ ટ્રસ્ટ વી.શાહ. | ૧,૨૬,૩૭૫.૪૨ |
| ૨૬ | ૧-૪-૧૯૮૬ | ચીમનલાલ એમ.ટ્રસ્ટ એન્જી./રોડ ટ્રેનીંગ. | ૪,૯૫૧.૦૦ |
| ૨૭ | ૧-૪-૧૯૮૬ | ઈન્દુ મીકે.પ્રા.લી. રીસર્ચ ઈન ઈકો.એસટી. | ૫,૦૦૦.૦૦ |
| ૨૮ | ૧-૪-૧૯૮૬ | સી.ડોકટર એન્ડ કો રીસર્ચ ઈન સ્ટેસ્ટીકસ. | ૫,૦૦૦.૦૦ |
| ૨૯ | ૧-૪-૧૯૮૬ | ન્યુ કોમર્શિયલ લીમીટેડ વી.શાહ વી.કેન્દ્ર | ૩,૦૦૦.૦૦ |
| ૩૦ | ૧-૪-૨૦૦૫ | લાયન્સ કલબ ઓફ જોધપુર બ્લાઈન્ડ સ્ટુડન્ટસ. | ૨,૮૫૦.૦૦ |
| ૩૧ | ૧-૪-૧૯૯૪ | એ.જીટ્રસ્ટ શેઠ એ.જી.ધારાશાસ્ત્ર ભવન. | ૧,૩૮,૧૭૯.૦૦ |
| ૩૨ | ૧-૪-૧૯૯૬ | એલ.ડી.આસારપોટા ચેસ સ્પોર્ટસ. | ૪,૭૨૫.૦૦ |
| ૩૩ | ૧-૪-૧૯૯૦ | એસ.બી.આઈ. રીકલેમેશન પ્રોજે.ઈન્ટરેસ્ટ ઈન્કમ. | ૩,૦૦૦.૦૦ |
| ૩૪ | ૧-૪-૧૯૮૯ | રાઈતન પ્રાઈવેટ લીમીટેડ સુરેન્દ્રનગર. | ૨૫,૨૪૦.૦૦ |
| ૩૫ | ૧-૪-૧૯૮૭ | સ્વામિનારાયણ દ્વિશતાબ્દિ એન્ડોવમેન્ટ. | ૬૩,૫૯૭.૧૦ |
| ૩૬ | ૧-૪-૧૯૮૮ | રીસર્ચ પ્રોજેકટ આર.જે.કામા | ૧૬,૫૩૨.૬૫ |

| ક્રમ | દાન મળ્યા તારીખ | દાતા સંસ્થાનું નામ/વિગત | રકમ. રૂા. |
|---|---|---|---|
| ૧૮ | ૧-૪-૧૯૯૬ | સ્વ.શ્રી જે.એચ.ઠાકોર સ્પોર્ટસ પ્રાઈઝ. | ૯,૯૯૦.૦૦ |
| ૧૯ | ૧-૪-૧૯૮૬ | ઈન્ડીયા સોશ્યોલોજી સોસાયટી. | ૨,૭૨૦.૦૦ |
| ૨૦ | ૧-૪-૧૯૯૪ | જીમ્નેશીયમ બિલ્ડીંગ ફંડ. | ૩,૩૪,૮૫૮.૮૦ |
| ૨૧ | ૧-૪-૧૯૯૪ | સ્વ.ડો.એન.એમ.શાહ સ્મારકનિધિ બુકસ. | ૩૬,૯૬૯.૯૨ |
| ૨૨ | ૧-૪-૧૯૮૬ | એડ ફોર એગ્રીકલ્ચર રીસર્ચ. | ૨,૪૫,૫૧૯.૬૧ |
| ૨૩ | ૧-૪-૧૯૮૬ | રાજમિત્ર બી.અમીન ટ્રસ્ટ એનસાઈકલોપડીયા. | ૩૧,૨૩૭.૫૧ |
| ૨૪ | ૧-૪-૧૯૮૬ | એસ.એન.કો.ઓ.બેંક વી.શાહ વી. સેન્ટર. | ૧૩,૯૧૭.૦૫ |
| ૨૫ | ૧-૪-૧૯૮૬ | એન.કે.ચેરીટેબલ ટ્રસ્ટ વી.શાહ. | ૧,૨૬,૩૭૫.૪૨ |
| ૨૬ | ૧-૪-૧૯૮૬ | ચીમનલાલ એમ.ટ્રસ્ટ એન્જી./રોડ ટ્રેનીંગ. | ૪,૯૫૧.૦૦ |
| ૨૭ | ૧-૪-૧૯૮૬ | ઈન્દુ મીકે.પ્રા.લી. રીસર્ચ ઈન ઈકો.એસટી. | ૫,૦૦૦.૦૦ |
| ૨૮ | ૧-૪-૧૯૮૬ | સી.ડોકટર એન્ડ કો રીસર્ચ ઈન સ્ટેસ્ટીકસ. | ૫,૦૦૦.૦૦ |
| ૨૯ | ૧-૪-૧૯૮૬ | ન્યુ કોમર્શિયલ લીમીટેડ વી.શાહ વી.કેન્દ્ર | ૩,૦૦૦.૦૦ |
| ૩૦ | ૧-૪-૨૦૦૫ | લાયન્સ કલબ ઓફ જોધપુર બ્લાઈન્ડ સ્ટુડન્ટસ. | ૨,૮૫૦.૦૦ |
| ૩૧ | ૧-૪-૧૯૯૪ | એ.જીટ્રસ્ટ શેઠ એ.જી.પારાશાસ્ત્ર ભવન. | ૧,૩૮,૧૭૯.૦૦ |
| ૩૨ | ૧-૪-૧૯૯૬ | એલ.ડી.આસારપોટા ચેસ સ્પોર્ટસ. | ૪,૭૨૫.૦૦ |
| ૩૩ | ૧-૪-૧૯૯૦ | એસ.બી.આઈ. રીકલેમેશન પ્રોજે.ઈન્ટરેસ્ટ ઈન્કમ. | ૩,૦૦૦.૦૦ |
| ૩૪ | ૧-૪-૧૯૮૯ | રાઈતન પ્રાઈવેટ લીમીટેડ સુરેન્દ્રનગર. | ૨૫,૨૪૦.૦૦ |
| ૩૫ | ૧-૪-૧૯૮૭ | સ્વામિનારાયણ દ્વિશતાબ્દિ એન્ડોવમેન્ટ. | ૬૩,૫૯૭.૧૦ |
| ૩૬ | ૧-૪-૧૯૮૮ | રીસર્ચ પ્રોજેકટ આર.જે.કામા | ૧૬,૫૩૨.૬૫ |

| ક્રમ | દાન મળ્યા તારીખ | દાતા સંસ્થાનું નામ/વિગત | રકમ. રૂા. |
|---|---|---|---|
| ૩૭ | ૧-૪-૧૯૯૦ | ડોનેશન ફોર આર્ટીફીશીયલ રેઈનફોલ. | ૧૭,૧૩૪.૦૦ |
| ૩૮ | ૧-૪-૧૯૯૧ | જવાહરલાલ નહેરૂ શતાબ્દિ એન્ડોવમેન્ટ. | ૫,૦૦,૦૦૦.૦૦ |
| ૩૯ | ૧-૪-૨૦૦૫ | મીસે. એન્ડોવમેન્ટ/ડોનેશન. | ૧,૨૯૯.૨૩ |
| | | કુલ રકમ... રૂા... | ૧,૨૧,૨૯,૩૪૯.૫૪ |

**ફકરા નંબરઃ ૪૯.** **પરીક્ષા દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતી ટેક્ષી જેવા વાહનોનાં ચુકવણામાં જણાયેલ અનિયમિતતા...**

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬-૦૭ ના અન્વેષણ દરમ્યાન નમૂનારૂપ વાઉચરોની ચકાસણી કરતાં એકાઉન્ટ કોડ નં. ૩૫૨૪૦૦૨ માં વા.નં.૩૯૧૨/ તા.૧૮-૧૦-૦૬ રૂા.૧,૦૦,૫૯૨-૦૦ નું બીલ જોતાં સામેલ પરિશિષ્ટ-૧૯ ની વિગતમાં બહારગામ માટે જે ટેક્ષીઓ બોલાવવામાં આવેલ છે. તે લગભગ રાતના ૧૦.૦૦ વાગ્યાની આસપાસ યુનિવર્સિટી ખાતે અહાવેલ છે અને ત્યારબાદ તમામ ગાડીઓ ચાર કલાક કે તેથી વધુ સમય બાદ ઉપડેલ છે. એટલે કે ગાડી બોલાવ્યા બાદ ૫ થી ૬ કલાક સુધી કેમ્પસમાં પડી રહેલ છે. જેના કારણે તેને આખા દિવસનું વધારાનું ભાડું ચૂકવવાનું થાય છે. (રાતના ૧૦.૦૦ વાગે આવેલી ટેક્ષી ૧૨.૦૦ વાગ્યા બાદ બીજો દિવસ ગણે છે.) આ બાબતે નીચે મુજબની ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) ટેક્ષી રાત્રે ૧૨.૦૦ વાગ્યા પછી બોલાવવામાં આવેલ હોત તો ૧ દિવસનું ભાડું બચી શકત- આ બાબતે જવાબદારેથી સ્પષ્ટતા મેળવવી ઘટે.

(૨) નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંત અનુસાર સરકારી ખર્ચ પ્રજાના કરવેરામાંથી મેળવેલ નાણાંમાંથી થતો હોઈ ખરીદીમાં ચોકસાઈ, કરકસર અને જાગૃતતા રાખી કોઈપણ ખર્ચ કરવાનો થાય છે. સામેલ નમુનામાં દર્શાવેલ વિગતની ચકાસણી કરતાં સદંતર રીતે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતનું ખંડન કરી ઈજારદારને સ્પષ્ટ રીતે ફાયદો થાય તે રીતે ચૂકવણું કરવામાં આવ્યાનું ફલીત થાય છે.

(૩) ટેક્ષી બિનજરૂરી રીતે ૫ થી ૬ કલાક વહેલી બોલાવી મીનીમમ ૩૦૦ કી.મી. એક દિવસના વધારાનું ચૂકવણું કરી, ઈજારદારને ફાયદો કરાવેલ હોય તેમ જણાય છે. સામેલ પરિશિષ્ટના કોલમ નં.૪ ની વિગત જોતાં જો ટેક્ષી ૧૨.૦૦ વાગ્યા પછી બોલાવેલ હોત તો ૧ દિવસનો બિનજરૂરી ચૂકવણાંનો ખર્ચ સંસ્થાએ ભોગવવો ન પડત. જેથી વધુ ચૂકવાયેલી ટેક્ષી ભાડાની રકમ રૂા.૩૧,૧૮૫-૦૦ જવાબદાર પાસેથી વસુલ લઈ ઓડીટને તે અંગેની ખાત્રી કરાવવી ઘટે.

(કુલ ૨૧ દિવસ × ૩૦૦ કિ.મી. × ૪.૯૫ કી.મી.નો દર)

આમ, જવાબદારની આ બાબતે અંગત જવાબદારી નકકી કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

(૪) કરારની શરત નં.૬ માં યુનિવર્સિટી કાર્યાલયથી વાહન માલિકના સ્થળ લઈ જવા માટે ૧૦ કિ.મી.નું ભાડું અલગથી ગણવાનું રહેશે. ઉકત શરત નિયમ વિરૂધ્ધ ઈજારદારને ફાયદો થાય તેવી હોઈ ઓડીટ માન્ય રાખી શકાય નહીં. આ બાબતે આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

(૫) ટેક્ષીનો બહારગામ અથવા લોકલ પરીક્ષાનાં પ્રશ્નપત્ર પહોંચાડવા માટે ઉપયોગ કરવાનો હોય ત્યારે એક સ્થળથી બીજા સ્થળ સુધી પહોંચતાં રસ્તામાં આવતા પરીક્ષાના કેન્દ્રમાં પ્રશ્નપત્ર પહોંચાડવાની વ્યવસ્થા એકજ ટેક્ષી દ્વારા કરવામાં આવે છે કે દરેક કેન્દ્ર દીઠ અલગ-અલગ ટેક્ષીની વ્યવસ્થા કરવામાં આવે છે? તેની ચકાસણી ઓડીટને આધારસહ થઈ શકે તે માટે તેને સંલગ્ન રેકર્ડ રજૂ થવું ઘટે.

(૬) ઈજારદારને કયા પ્રકારની ટેક્ષી, કયારે, કેટલા વાગ્યે, કઈ તારીખે, કયા સમયે પહોંચાડવાની સુચના સંસ્થાએ કયારે આપેલ છે તેને લગતું કોઈ

રેકર્ડ ઓડીટને રજૂ થયેલ નથી. જો આ પ્રકારનું રેકર્ડ નિભાવવામાં આવેલ ના હોય તો ઈજારદારે, કઈ ટેક્ષી, કયારે મોકલી, અને કેટલા વાગ્યે મોકલી તેની ખરાઈ થઈ શકે નહીં. તો આ બાબતે જે રેકર્ડ નિભાવેલ હોય તે રજૂ થવું ઘટે.

(૭) ટેક્ષી કરારનો (કોન્ટ્રાકટનો) આખરી નિર્ણય લેવાની સત્તા E.C. દ્વારા વી.સી.ને અપાયેલ છે તે મુજબ ઉષાબેન પી.પુરોહિતને ટેક્ષી કરારનો કોન્ટ્રેકટ આપવામાં આવેલ છે. જે નિયમોનુસાર ગણી શકાય નહીં. ખરેખર કમીટીનાં સભ્યશ્રીઓએ ટેન્ડર પ્રક્રિયા, ઈજારદારોના રજૂ કરાયેલ ભાવો, શરતો અને ગાડીની ગુણવત્તા, ઈજારદારની સક્ષમતા વિગેરે પાસાની ચકાસણી કરી ચર્ચા વિચારણાના અંતે ઘટીત નિર્ણય સર્વાનુમતે અથવા બહુમતીથી લેવાવો જોઈએ. જે સંસ્થાના હિતમાં અને ઈજારદારને સોંપાયેલ જવાબદારી અને ફરજ માટે ઉચિત ગણી શકાય. પરંતુ સદરહુ બાબતનો નિર્ણય વી.સી.શ્રી દ્વારા જ કરાયેલ હોવાથી તેમજ શાખામાં પૂરતી વિગત દર્શાવતી માહિતી નિભાવવામાં આવેલ નથી અથવા તો ઓડીટને રજૂ કરાયેલ નથી. જેથી ટેક્ષી કયારે, કયા હેતુ માટે , કેટલા સમય માટે બોલાવી અને ઓર્ડર પ્રમાણે ઈજારદારે સેવા પૂરી પાડેલ હતી કે કેમ? તેની આધારસહ રેકર્ડ આધારીત ખાત્રી થઈ શકેલ નથી. જેથી રેકર્ડ રજૂ થતાં સુધી સને ૨૦૦૬–૦૭ ના લેજર કોડ નં.૩૫૨૪૦૦૨ મુજબ ટેક્ષીભાડાનું ખર્ચ રૂા. ૧,૦૨,૧૬,૭૬૦–૬૪ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૫૯ નો જવાબ રજૂ થયેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૧,૦૨,૧૬,૭૬૦–૬૪

## પરિશિષ્ટ–૧૯

## પરીક્ષા દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવેલ ટેક્ષી જેવા વાહનોનાં ચૂકવણામાં જણાયેલ અનિયમિતતાની વિગત દર્શાવતું પત્રકઃ

| અ. નં. | તારીખ | સેન્ટરનું નામ | ટેક્ષી નંબર | યુનિવર્સિટી ખાતે ટેક્ષી પહોંચ્યાનો સમય. | યુનિવર્સિટીથી ઉપડવાનો સમય. | યુનિવર્સિટી પરત આવ્યાનો સમય. | ગયા ત્યારથી પરત આવ્યા ત્યાં સુધીનું મીટર રીડીંગ. | કુલ કિ.મી | પરત આવ્યાની તારીખ | ગણેલ દિવસો અને થયેલ કલાક. | ચુકવેલ દર. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) |
| ૧ | ૩૦-૩-૦૬ | આદિપુર | ૯૨૦૯ | ૧૦.૦૦ | ૪.૦૦ | ૪.૦૦ | ૧૧૩૯૧૧ થી ૧૧૪૬૯૪ | ૭૮૩ | ૧-૪-૦૬ | દિન–૨, કલાક–૩૦ | ૪.૯૫ × ૯૦૦ |
| ૨ | --"-- | ડભોઈ | ૯૧૩૦ | ૧૦.૦૦ | ૨.૦૦ | ૧૧.૦૦ | ૧૦૦૬૦૭ થી ૧૦૦૯૨૮ | ૩૨૧ | ૩૧-૩-૦૬ | દિન–૨ | ૪.૯૫ × ૬૦૦ |
| ૩ | --"-- | દાહોદ | ૦૦૬૩ | ૧૦.૪૫ | ૧.૦૦ | ૧૨.૧૫ | ૩૨૯૫૭ થી ૩૩૩૯૮ | ૪૪૧ | --"-- | દિન–૨, કલાક–૨૫.૩૦ | ૪.૯૫ × ૬૦૦ |
| ૪ | --"-- | ગોધરા | ૨૮ | ૧૧.૩૦ | ૧.૩૫ | ૧૧.૩૦ | ૨૭૫૦૧ થી ૨૭૭૯૨ | ૨૯૧ | --"-- | દિન–૨, કલાક–૨૩.૩૫ | ૪.૯૫ × ૬૦૦ |
| ૫ | --"-- | સાવલી | ૯૮૪૭ | ૧૦.૦૦ | ૩.૧૫ | ૧.૧૫ | ૩૮૩૪૦૮ થી ૩૮૩૬૮૯ | ૨૮૧ | --"-- | દિન–૨, કલાક–૨૭.૧૫ | ૪.૯૫ × ૬૦૦ |
| ૬ | --"-- | ડાકોર | ૮૩૩૭ | ૧૦.૦૦ | ૪.૦૦ | ૧૦.૧૫ | ૧૨૮૦૫૭ થી ૧૨૮૨૩૫ | ૧૭૮ | --"-- | દિન–૨, કલાક ૨૪.૧૫ | ૪.૯૫ × ૬૦૦ |
| ૭ | --"-- | નડિયાદ | ૮૯૪૩ | ૧૦.૦૦ | ૪.૧૫ | ૭.૩૦ | ૧૨૩૯૭૦ થી ૧૨૪૧૨૨ | ૧૫૨ | --"-- | દિન–૨, કલાક–૨૧.૩૦ | ૪.૯૫ × ૬૦૦ |
| ૮ | ૩૧-૩-૦૬ | આદિપુર | ૭૦૭૩ | ૧૧.૧૫ | ૪.૦૦ | ૧.૦૦ | ૧૦૯૮૨૫ થી ૧૧૦૬૩૦ | ૮૦૫ | ૨-૪-૦૬ | દિન–૩, કલાક–૨૮ | ૪.૯૫ × ૯૦૦ |
| ૯ | --"-- | [illegible] | ૯૫૪૧ | ૧૦.૦૦ | ૨.૪૫ | ૧૧.૦૦ | ૫૫૫૦૫ થી ૫૫૮૬૨ | ૩૫૭ | ૧-૪-૦૬ | દિન–૨, કલાક–૨૫ | ૪.૯૫ × ૬૦૦ |
| ૧૦ | --"-- | દાહોદ | ૯૯૪૬ | ૧૧.૩૦ | ૨.૨૦ | ૧૨.૩૦ | ૫૧૧૩૮ થી ૫૧૫૭૩ | ૪૩૫ | --"-- | દિન–૨, કલાક–૨૫ | ૪.૯૫ × ૬૦૦ |

| | (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | ૩૧-૩-૦૬ | ગોધરા | ૯૩૯૦ | ૧૦.૦૦ | ૨.૩૫ | ૧૧.૪૫ | ૮૨૮૩૨ થી ૮૩૧૪૫ | ૩૧૩ | ૧-૪-૦૬ | દિન-૨, કલાક-૨૮ | ૪.૯૫ × ૬૦૦ |
| ૧૨ | --"-- | સાવલી | ૮૧૨૭ | ૧૦.૦૦ | ૩.૦૦ | ૧૦.૧૫ | ૨૨૨૫૫૩ થી ૨૨૨૭૯૮ | ૨૪૫ | --"-- | દિન-૨, કલાક ૨૬ ૧૫ | ૪.૯૫ × ૬૦૦ |
| ૧૩ | --"-- | ડાકોર | ૮૨૦૩ | ૧૦.૦૦ | ૪.૧૦ | ૧૦.૧૫ | ૧૫૩૬૩૨ થી ૧૫૩૮૪૭ | ૨૧૫ | --"-- | દિન-૨, કલાક-૨૪ | ૪.૯૫ × ૬૦૦ |
| ૧૪ | --"-- | નડિયાદ | ૮૫૦૨ | ૧૦.૦૦ | ૪.૩૦ | ૯.૩૦ | ૧૫૮૭૧૬ થી ૧૫૮૮૫૫ | ૧૩૯ | --"-- | દિન-૨, કલાક-૨૩.૩૦ | ૪.૯૫ × ૬૦૦ |
| ૧૫ | ૨-૪-૦૬ | આદિપુર | ૮૩૩૭ | ૧૦.૦૦ | ૪.૦૦ | ૩.૩૦ | ૧૨૮૯૨૯ થી ૧૨૯૬૯૦ | ૭૬૧ | ૪-૪-૦૬ | દિન-૩, કલાક-૨૯.૩૦ | ૪.૯૫ × ૬૦૦ |
| ૧૬ | --"-- | ડભોઈ | ૯૧૩૦ | ૧૦.૦૦ | ૨.૩૦ | ૧૧.૧૦ | ૧૦૧૦૪૪ થી ૧૦૧૩૬૫ | ૩૨૧ | ૩-૪-૦૬ | દિન-૨, કલાક-૨૫.૧૦ | ૪.૯૫ × ૬૦૦ |
| ૧૭ | --"-- | દાહોદ | ૯૨૦૯ | ૧૦.૦૦ | ૧.૦૫ | ૧૨.૦૦ | ૧૧૫૨૪૮ થી ૧૧૫૭૧૫ | ૪૬૭ | --"-- | દિન-૨, કલાક-૨૬ | ૪.૯૫ × ૬૦૦ |
| ૧૮ | --"-- | ગોધરા | ૯૯૪૫ | ૧૧.૦૦ | ૧.૪૫ | ૧૧.૦૦ | ૩૧૧૦૪૬ થી ૩૧૧૩૬૨ | ૩૨૬ | --"-- | દિન-૨, કલાક-૨૪ | ૪.૯૫ × ૬૦૦ |
| ૧૯ | --"-- | સાવલી | ૯૮૪૭ | ૧૦.૦૦ | ૪.૦૦ | ૧૨.૦૦ | ૩૯૩૭૫૧ થી ૩૯૩૯૯૨ | ૨૪૧ | --"-- | દિન-૨, કલાક-૨૫ | ૪.૯૫ × ૬૦૦ |
| ૨૦ | --"-- | ડાકોર | ૮૨૦૩ | ૧૧.૦૦ | ૩.૪૦ | ૧૦.૩૦ | ૧૫૩૮૫૫ થી ૧૫૪૦૫૫ | ૨૦૦ | --"-- | દિન-૨, કલાક-૨૩.૫૦ | ૪.૯૫ × ૬૦૦ |
| ૨૧ | --"-- | નડિયાદ | ૮૯૪૩ | ૧૦.૦૦ | ૪.૧૦ | ૧૧.૦૦ | ૧૨૪૨૩૮ થી ૧૨૪૩૬૫ | ૧૨૭ | --"-- | દિન-૨, કલાક-૨૪ | ૪.૯૫ × ૬૦૦ |

(કુલ-૨૧ દિવસ × ૩૦૦ કિ.મી. × ૪.૯૫ કિ.મી.નો દર)

**ફકરા નંબરઃ ૫૦** **પરીક્ષાની આવક મર્યાદા કરતાં પરીક્ષાખર્ચ વધુ થવા બાબત...**

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬-૦૭ ના વાર્ષિક હિસાબોના અન્વેષણ દરમ્યાન આવક-જાવકના હિસાબો જોતાં પરીક્ષાની કુલ આવક રૂા.૬,૧૭,૮૬,૭૯૭-૦૦ સામે પરીક્ષા અંગેનો કુલ ખર્ચ રૂા.૬,૭૩,૬૬,૮૭૧-૦૨ થવા પામેલ હતો. આમ, આવક કરતાં ખર્ચ રૂા.૫૫,૮૦,૦૭૪-૦૨ વધુ થવા પામેલ હતો. જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે. જેની પૂર્તતા થવા વિનંતી.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ તા.૧૬-૬-૯૧ ના ક્રમાંકઃ ૧૩૯૦-૩૨૧-(૧)(૪૦-૯૨) ગ અન્વયે પરીક્ષા અંગેના ખર્ચ આવકની મર્યાદામાં કરવા અંગે જરૂરી સૂચનાઓ આપેલ હોવા છતાં ચાલુ વર્ષે પણ પરીક્ષાનો ખર્ચ આવક કરતાં વધારે એટલે કે રૂા.૫૫,૮૦,૦૭૪-૦૨ જેટલો વધારે થવા પામેલ છે. અગાઉના છેલ્લા ચાર વર્ષના ઓડીટ અહેવાલમાં પણ આ બાબતે તકેદારી રાખવા સૂચનો આપવામાં આવેલ. તેમછતાં, યુનિવર્સિટી દ્વારા આ બાબતે કોઈ નક્કર પગલાં ભરવામાં આવેલ હોય તેમ જણાતું નથી. જે તે વર્ષ દરમ્યાન પરીક્ષાની આવક વધવાને બદલે ખર્ચના પ્રમાણમાં ઘટવા પામેલ છે અને ખર્ચા પ્રતિવર્ષ વધવા પામેલ જણાય છે. જે અંગે અનુદાન ફાળવતી વખતે પણ ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી દ્વારા પરીક્ષાની આવક વધારવા આગ્રહ રાખવામાં આવેલ છે. તેમ છતાં યુનિવર્સિટી દ્વારા કોઈ કાર્યવાહી થયાનું રેકર્ડ પરથી ફલિત થતું નથી. જે ધ્યાને લઈ જરૂરી પગલાં લઈ ઓડીટને જાણ કરાવવી ઘટે.

અગાઉના વર્ષોમાં પરીક્ષાની આવક કરતાં પરીક્ષાનો ખર્ચ પ્રતિવર્ષ વધુ રહેવા પામેલ જણાય છે. નીચે જણાવેલ વિગતો જોતાં અગાઉ આ બાબતે ઓડીટ દ્વારા સૂચન થયેલ હોવા છતાં ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કોઈ નક્કર પગલાં

ન ભરવા બાબતે જે તે જવાબદાર પાસેથી સ્પષ્ટતા થવી ઘટે. આ અંગે હાથ ધરાયેલ કાર્યવાહીની ઓડીટને આધાર સહીત ખાત્રી કરાવવી ઘટે. સરકારશ્રીની કરકસરની નીતિને ધ્યાને લઈ પરીક્ષા ખર્ચમાં પણ ઘટાડો કરી નકકર પગલાં ભરવા અંગે ઓડીટનું સૂચન છે.

| વર્ષ | પરીક્ષાફીની આવક. રૂા. | પરીક્ષા ખર્ચ.રૂા. | તફાવત રૂા. |
|---|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૫,૨૬,૦૪,૬૨૨-૦૦ | ૪,૭૧,૨૧,૭૭૯-૧૭ | + ૫૪,૮૨,૮૪૩-૮૩ |
| ૨૦૦૫-૦૬ | ૫,૨૯,૪૨,૧૫૮-૧૫ | ૫,૪૯,૭૨,૮૪૭-૯૦ | - ૨૦,૩૦,૬૮૮-૨૫ |
| ૨૦૦૬-૦૭ | ૬,૧૭,૮૬,૭૯૭-૦૦ | ૬,૭૩,૬૬,૮૭૧-૦૨ | - ૫૫,૮૦,૦૭૩-૯૮ |

વધુમાં સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી નિભાવ ગ્રાંટમાં અમાન્ય ખર્ચ બંધ કરવાની શરત રાખવામાં આવેલ છે તેમ છતાં યુનિવર્સિટી દ્વારા પરીક્ષાભથ્થું તથા ઓવરટાઈમ જેવા અમાન્ય ખર્ચા કરવાના ચાલુ રાખવાને કારણે પણ પરીક્ષાની આવક કરતાં ખર્ચ વધુ થાય છે. જે બંધ કરવા જરૂરી છે અને જો પરીક્ષાના સમય મર્યાદાવાળા કામ માટે જો ઓવરટાઈમ ચૂકવવો જ પડે તેમ હોય તો આ અંગે સરકારશ્રીમાં રજુઆત કરી, મંજુરી મેળવી, આ અંગે ખાસ ગ્રાંટ મેળવી પરીક્ષા ખર્ચની આવક સામે જમા લેવાય તો પરીક્ષાની આવક મર્યાદામાં ખર્ચ થઈ શકે અને યુનિવર્સિટીની વાર્ષિક ખાદ્ય પણ ઘટાડી શકાય તો આ અંગે જરૂરી કાર્યવાહી કવા ઓડીટનું સૂચન છે.

સંસ્થાએ પ્રા.વાંધા નંબરઃ ૮૮ નો જવાબ આપેલ નથી.

**ફકરા નંબર: ૫૧** **ગુણ ચકાસણી અને પુનઃમુલ્યાંકન ફીની આવકમાં મળેલ અરજીઓના સંદર્ભે તફાવત તથા પરિણામો અને ગુણ સુધરતાં કરવાની વસુલાત બાબત...**

---

સંસ્થાના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબ/ અહેવાલની ચકાસણી કરતાં ગુણ ચકાસણી અને પુનઃમુલ્યાંકન અંગેની ફી પેટે નીચે મુજબ વિગતો જાણવા મળેલ હતી.

વાર્ષિક હિસાબ ૨૦૦૬–૦૭ મુજબ મળેલ ફીની વિગત

ગુણ ચકાસણી માટેની ફીની રકમ... રૂા. ૭,૭૨,૭૪૧/–

પુનઃ મુલ્યાંકન માટેની ફીની રકમ... રૂા. ૧૮,૩૪,૫૪૬/–

વાર્ષિક અહેવાલ મુજબ...

(૧) ઉત્તરવહીઓની ગુણ ચકાસણી માટે આવેલ અરજીઓ–૧૩૫૫૧
ગુણ સુધારવાની સંખ્યા– ૨૪૭
પરિણામ સુધારવાની સંખ્યા–૨૪

(૨) ઉત્તરવહીઓનાં પુનઃ મુલ્યાંકન માટે અહેવાલ અરજીઓ–૫૦૮૩
ગુણ સુધારવાની સંખ્યા– ૫૭૦
પરિણામ સુધારવાની સંખ્યા– ૩૩૬

યુનિવર્સિટીના નિયમો મુજબ ગુણ ચકાસણી ફીના દરેક વિષય દીઠ રૂા.૫૦–૦૦ તથા પુનઃ મુલ્યાંકન ફીના રૂા. ૨૫૦–૦૦ લેખે આવક થવી જોઈએ. જે અંગે નીચે મુજબના મુદ્દાઓ બાબતે આધારસહ સ્પષ્ટતા કરવા વિનંતી છે.

(૧) ગુણ ચકાસણી માટે કુલ ૧૩૫૫૧ અરજીઓ મળેલ જેના રૂા. ૫૦–૦૦ લેખે કુલ આવક રૂા. ૬,૭૭,૫૫૦–૦૦ થાય. જ્યારે ઉપર દર્શાવ્યા મુજબ આવક રૂા.૭,૭૨,૭૪૧–૦૦ થાય છે. આમ, રૂા. ૯૫,૧૯૧–૦૦ ના તફાવત બાબતે સ્પષ્ટતા કરી ઓડીટને જાણ કરવી ઘટે.

(૨) પુનઃ મુલ્યાંકન ફીની વાર્ષિક આવક રૂા.૧૮,૩૪,૫૪૬–૦૦ સામે આવેલ અરજીઓની સંખ્યાના ધોરણે રૂા. ૨૫૦–૦૦ લેખે ગણતાં કુલ રૂા.૧૨,૭૦,૭૫૦–૦૦ આવક થાય છે. આમ રૂા.૫,૬૩,૭૯૬–૦૦ ના તફાવત અંગે સ્પષ્ટતા કરી ઓડીટને જાણ કરવી ઘટે.

(૩) માહિતીમાં દર્શાવેલ વિગતે ગુણ સુધારવા તથા પરિણામ સુધાર્યા અંગેના કેસોમાં અરજદારની વસુલ લીધેલ ફી પરત કરવાની રહે છે. જે રકમ કોને, કેટલી પરત ચૂકવવામાં આવેલ જેનું દફતર મુજબનું પત્રક તૈયાર કરી ઓડીટને આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં.૫૭ નો જવાબ રજૂ થયેલ નથી.

**ફકરા નંબરઃ ૫૨** ઉત્તરવહીઓની ગુણ ચકાસણી અને પુનઃ મુલ્યાંકનમાં ધ્યાને આવેલ ભૂલો માટે દંડનીય રકમ વસુલ કરવા બાબત...

---

સંસ્થાના સને ૨૦૦૬-૦૭ ના વાર્ષિક અહેવાલની ચકાસણી કરતાં તેમાં જણાવેલ વિગત મુજબ ઉત્તરવહીઓની ગુણ ચકાસણીમાં ગુણ સુધારવાની કુલ સંખ્યા ૨૪૭ અને પુનઃમુલ્યાંકન ગુણ સુધારાની કુલ સંખ્યા ૫૭૦ એમ કુલ ૮૧૭ કિસ્સામાં ક્ષતિઓને કારણે ગુણ સુધારવાનો અને પરિણામ સુધારવાનો અનુક્રમે ૨૪ અને ૩૩૬ મળી કુલ ૩૬૦ કેસો બનવા પામેલ હતા.

ગુજરાત યુનિવર્સિટી એકઝીકયુટીવ કાઉન્સીલની અનુમતિએ માર્ચ/એપ્રિલ-૧૯૮૭ થી અમલમાં આવેલ મહેનતાણાના દર મુજબ એકઝામીનર્સ, પેપરસેટર વગેરેને પરીક્ષાના કામ સબબ ચૂકવણાં કરવાનાં થાય છે. SCALE OF REMUNERATION OF EXAMINER ACT ની બુકલેટ ભાગ-૧ માં દર્શાવ્યા મુજબ પાના નં.૧૧ ની નોંધ પેનલ્ટી ઓફ કમીટીંગ મીસ્ટેકની જોગવાઈ મુજબ ઉપર મુજબના કુલ ૮૧૭ કિસ્સામાં પેપર ચકાસણી વખતની ભૂલોના કારણે ગુણ સુધારવાના કેસો બનવા પામેલ છે. જે મુજબ પેપર સેટર્સ, એકઝામીનર્સ, માર્કશીટ વગેરેને લગતા મહેનતાણાનાં ચુકવણા કરવામાં આવેલ હોય તેમાંથી ફકત જોગવાઈ મુજબ પેનલ્ટીની વસુલાત કરવાની રહે છે. જો તે મુજબ આવી પેનલ્ટીની વસુલાત કરવામાં આવેલ હોય તો કોની પાસેથી, કેટલી વિગતેની વસુલાત કરવામાં આવી તેની આધારસહ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે. જો આવી પેનલ્ટીની વસુલાત કરવામાં આવી ન હોય તો કુલ ૮૧૭ કિસ્સાઓમાં કેવા પ્રકારની ભૂલો થઈ અને કોના દ્વારા ભૂલો થયેલ હતી તેની વિગત સાથેનું પત્રક તૈયાર કરી સાધનિક રજીસ્ટર/ રેકર્ડ સાથે ખરાઈ કરવા, વસુલ કરવાપાત્ર રકમનું પત્રક બનાવી ખરાઈ અર્થે ઓડીટમાં સત્વરે રજુ કરવા જણાવવામાં આવે છે. તેમજ નોંધમાં જણાવ્યા

મુજબ એક ભૂલ, બે ભૂલ અને ત્રણ ભૂલોની વિગતે પેનલ્ટી નકકી કરવાપાત્ર હોઈ ઉપર મુજબનું પત્રક બનાવી ઓડીટમાં રજુ કરવા સત્વરે ઘટીત કાર્યવાહી થવા ઓડીટ અનુરોધ છે.

ઉપરોકત વિગત જોતાં ૮૧૭ ભૂલો ધ્યાને આવેલ છે. અને એક ભુલ દીઠ લઘુત્તમ રૂા. ૫૦/- પેનલ્ટીની જોગવાઈ છે. તે ધ્યાને લેતાં વસુલ કરવાપાત્ર રકમ રૂા.૪૦,૮૫૦/- સંબંધિત પરીક્ષક /સમીક્ષક પાસેથી વસુલ કરેલ છે કે કેમ? તે અંગે સ્પષ્ટતા થવી ઘટે. જો વસુલાત થયેલ ના હોય તો તે અંગેની કાર્યવાહી કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

ગુણ ચકાસણી અને પુનઃમુલ્યાંકનની કાર્યવાહી કર્યા બાદ આવી ગંભીર બેદરકારી/ ભુલ માટે જે કર્મચારી જવાબદાર હોય તેમને શિક્ષાત્મક તથા પેનલ્ટી અંગેની જે સજા/ નોટીસ/ખુલાસો માંગવામાં આવેલ હોય તેની માહિતી તથા ફાઈલ ઓડીટને રજુ થવી ઘટે.

સંસ્થા દ્વારા હા.મા.નં.૫૮ નો જવાબ રજૂ થયેલ નથી.

વસુલાતની રકમ રૂા .૪૦,૮૫૦/-

**ફકરા નંબર: ૫૩ કુલપતિશ્રીના નિવાસસ્થાને LCD TV ખરીદી અંગેની અનિયમિતતા અંગે....**

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના વર્ષ ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન વાઉચરોની ચકાસણી કરતાં વાઉચર નંબર:૨૯૩૦/૧–૬–૦૬ થી રૂા.૮૩,૫૦૦–૦૦નું ગુજરાત યુનિવર્સિટીના મા.શ્રી કુલપતિશ્રીના નિવાસસ્થાન માટે એક નંગઃ LCD TV ક્રિષ્ના માર્કેટીંગ , વસ્ત્રાપુર, અમદાવાદ પાસેથી ખરીદી કરવામાં આવેલ છે. જેની નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૧૦૯૮/૭૦૪/(૫૮)/ઝ–૧ તા.૯–૯–૧૯૯૮ થી સરકારી ખર્ચમાં કરકસર કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમ છતાં મા.શ્રી કુલપતિશ્રીના નિવાસસ્થાને આવો લકઝુરીયસ ખર્ચ કરવામાં આવેલ છે. તો આવો ખર્ચ કરવા માટે સરકારશ્રીની મંજુરી મેળવેલ છે કે કેમ? સ્પષ્ટતા થવી ઘટે.

(૨) આ અગાઉ મા.કુલપતિશ્રીના નિવાસસ્થાને T.V. કે LCD ખરીદ કરવામાં આવેલ હતું કે કેમ? જેની માહિતી ઓડીટને રજૂ થવી ઘટે. આવા લકઝુરીયસ ખર્ચાઓ કરવાની સખ્ત મનાઈ હોવા છતાં આવા ખર્ચ કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૩) વર્ષ ૨૦૦૬–૦૭ માં અગાઉના વી.સી.એ જયારે હોદ્દો છોડયો ત્યારે તેમના નિવાસસ્થાનનું ફર્નિચર અને વર્ષ ૨૦૦૬–૦૭ માં નવા વી.સી.એ ચાર્જ સંભાળ્યો તે દરમ્યાન જે ખરીદી નિવાસસ્થાને કરાવેલ હોય તેની વિગત દર્શાવતું ડેડસ્ટોક રજીસ્ટર ઓડીટને રજૂ થવું ઘટે. વી.સી.ના નિવાસસ્થાને કરાયેલ ઓડીટ વર્ષ દરમ્યાનની ખરીદી તથા અગાઉના વી.સી. હોદ્દા ઉપર હતા ત્યારનું તથા અન્ય કરાયેલ ખરીદીની વિગત તેમજ તેનો ઉપયોગ તથા ડેડસ્ટોક રજીસ્ટરમાં જમા કર્યાની વિગત ઓડીટે રજૂ થવી ઘટે.

(૪) ખરીદી કર્યા અગાઉ ઉકત ખર્ચની બજેટમાં જોગવાઈ થયેલ હતી કે કેમ? ખરીદી મંજૂર કર્યાની ફાઈલ ઉપરની મંજુરી તથા ખરીદીના મંજુરી હુકમની પ્રમાણિત નકલ ઓડીટને રજૂ થવી ઘટે. ખરીદીના બીલમાં ખરીદી મંજુર કર્યાનો કાર્યાલય આદેશ સામેલ રાખવા વિનંતી.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં.૧૩ નો જવાબ રજૂ થયેલ નથી. વી.સી.શ્રીના નિવાસસ્થાને ઓડીટવર્ષમાં તેમજ અગાઉના વી.સી.શ્રીએ હોદ્દા ઉપર હોય તે વર્ષોમાં તેઓશ્રીના નિવાસસ્થાને જે ખરીદી– ખર્ચા થયેલ હોય તેની વિગત તેમજ જયારે વી.સી.શ્રી બદલાઈને બીજા વી.સી.શ્રી રહેવા આવે ત્યારે અગાઉની ખરીદી કરાયેલ સાધનસામગ્રીની શું વ્યવસ્થા કરવામાં આવેલ હતી તેની રેકર્ડ આધારીત સ્પષ્ટતા ઓડીટને થવી ઘટે.

વાંધા હેઠળ રૂ. ૮૩,૫૦૦–૦૦

**<u>ફકરા નંબર: ૫૪</u>** **ટેક્ષીકાર ઈજારદારના ચૂકવાયેલ એડવાન્સના હિસાબોમાં જણાયેલ અનિયમિતતા બાબત...**

(કોડ નંબર: ૯૩૨૩૦૦૦ પરીક્ષા વિભાગ)

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬-૦૭ ના વર્ષના હિસાબોના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ પરીક્ષાઓના કામકાજ માટે પેટ્રોલ તથા ડીઝલ ટેક્ષીઓ ભાડે રાખવાનો કોન્ટ્રાકટ શ્રીમતી ઉષાબેન પુરોહિતને આપેલ હતો. અને અન્વેષણ વર્ષમાં તેમને નીચેની વિગતોએ એડવાન્સ આપવામાં આવેલ હતું.

| અ. નં. | વિગત | આપેલ એડવાન્સની રકમ રૂા. | રીમાર્કસ. |
|---|---|---|---|
| ૧ | અન્વેષણ વર્ષ દરમ્યાન એડવાન્સ. | ૨૧,૦૪,૫૦૦-૦૦ | |
| ૨ | અગાઉના વર્ષનું એડવાન્સ સરભર કરવાનું બાકી. | ૧૧,૩૪,૪૪૦-૦૦ | |
| ૩ | કુલ એડવાન્સ.... | ૩૨,૩૮,૯૪૦-૦૦ | |
| ૪ | અન્વેષણ વર્ષમાં સરભર કરેલ એડવાન્સ. | ૨૪,૭૩,૮૦૦-૦૦ | |
| ૫ | સરભર કરવાનું બાકી એડવાન્સ. | ૭,૬૫,૧૪૦-૦૦ | |

ઉકત બાબતે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૧) ઉકત વિગતો જોતાં સંસ્થાએ ઓડીટ વર્ષમાં આ સાથેના પરિશિષ્ટ-૨૦ ની વિગતે શ્રીમતી ઉષાબેન પુરોહિતને રૂા.૨૧,૦૪,૫૦૦/- એડવાન્સ (પેશગી) આપવામાં આવેલ હતી અને ઓડીટ વર્ષ અગાઉની સરભર કરવાની બાકી પેશગી રૂા.૧૧,૩૪,૪૪૦-૦૦ હતી. અને વર્ષ દરમ્યાન રૂા.૨૪,૭૩,૮૦૦-૦૦ ની પેશગી સરભર કરતાં રૂા. ૭,૬૫,૧૪૦-૦૦ જેટલી માતબર એડવાન્સની રકમ સરભર કરવાની બાકી રહેતી હતી.

એડવાન્સ રજીસ્ટરમાં અગાઉના વર્ષથી જે એડવાન્સના વિગતવાર હિસાબ રજૂ થવા/ વસુલાત થવી બાકી હોય તેવી દરેક આઈટમને નવા વર્ષના રજીસ્ટરમાં આગળ ખેંચવાની રહે છે. જેથી વર્ષ દરમ્યાન આપેલ એડવાન્સ અને વસુલાત સરભર એડવાન્સના હિસાબોની ધોરણસરની ખરાપણાની ખાત્રી થઈ શકે. તો આવા એડવાન્સના હિસાબો વિગતવાર નહીં કરવા અંગે જવાબદારશ્રી તરફથી સ્પષ્ટતા કરી વર્ષ દરમ્યાન અપાયેલ તેમજ સરભર થયેલ એડવાન્સના વાઉચર નંબર, તારીખ તથા રકમની વિગત સહીત નોંધ કરી માસના અંતે રજીસ્ટરમાં માસિક તારીજ કાઢીને તેનો હિસાબ મેળ કરી અન્વેષણને ખાત્રી કરાવવી ઘટે.

(૨) ચૂકવાયેલ એડવાન્સના આગલા વર્ષનો વિગતવાર હિસાબ ખેંચવામાં આવેલ નથી તેમજ અન્વેષણ દરમ્યાન ધ્યાને આવેલ છે કે, આ મહત્વની બાબત પ્રત્યે નિષ્ક્રિયતા અને નિષ્કાળજી સેવાયેલ છે. અન્વેષણ વર્ષમાં અગાઉનું ચૂકવાયેલ એડવાન્સ સરભર કરવાના રૂા.૧૧,૩૪,૪૪૦–૦૦ જેટલી રકમની એડવાન્સ મેળવનારાઓએ તેના વિગતવાર હિસાબ આગળ ખેંચવાની કાળજી કરેલ નહતી. તેમજ એડવાન્સ મેળવનારાઓની અનુચિત તરફેણ કરી આપેલ નાણાંનો વિગતવાર હિસાબ અથવા પરત વસુલાત માટે તકેદારી દાખવવી જોઈએ તેટલી તકેદારી સંસ્થાએ દાખવેલ નહતી. જેના કારણે રૂા.૭.૬૫ લાખના હિસાબ સરભર થયેલ ન હતા. આમ, ઘણી મોટી રકમનો હિસાબમેળ ન થવો તે કામગીરીની નિષ્ક્રિયતા સ્પષ્ટ થાય છે. જે બાબતે જવાબદારશ્રી તરફથી સ્પષ્ટતા થવી ઘટે.

(૩) અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારશ્રીના નાણાંકીય નિયમો–૧૯૭૧ માં નિયમ–૧૮૬ મુજબ જે તે હેતુ માટે મંજુર કરવામાં આવેલ પેશગી (એડવાન્સ) જે તે હેતુ પૂરો થયેથી મોડામાં મોડી ત્રણ માસની અંદર સરભર/ ભરપાઈ કરવાનું ઠરાવેલ છે. પરંતુ સરકારશ્રીના નિયમોની ઉપેક્ષા

કરવામાં આવેલ છે. વધુમાં આટલી મોટી માતબર રકમ (એડવાન્સ રૂપે) લેજરોમાં બાકી ખેંચવામાં આવેલ હતી. પરંતુ કઈ રકમ કયા બીલની બાકીમાં છે તે વિગત આગળના વર્ષોની ખેંચેલ નથી. હિસાબોની જે પરિસ્થિતિ છે તેમાં નાણાંકીય ગેરરીતિ/ ઉચાપતને અવકાશ છે. આ સ્થિતિ સુધારવા સક્રિય પગલાં સમયસર ભરવાની ખાસ જરૂર છે એવું ઓડીટનું માનવું છે.

(૪) વા.નં.૨૯૨૨ તા.૧–૯–૨૦૦૬ થી રૂા.૨,૫૮૮–૦૦ ની રકમ ફાઈનલ બીલમાંથી આવકવેરા પેટે કપાત કરેલ હતી. તો આ રકમ સરકારશ્રીમાં કયારે જમા કરાવી તેની રેકર્ડ આધારીત ખાત્રી કરાવવી ઘટે.

(૫) ઓડીટ વર્ષના અંતે કુલ રૂા.૭,૬૫,૧૪૦–૦૦ એડવાન્સની રકમ સરભર કરવાની બાકી રહેલ છે. તે રકમ કયારે, કયા બીલની સામે, કેટલી રકમ એડજસ્ટ કરાયેલ છે અને કેટલી રકમ બાકી છે તેની વિગતવાર સમરી બનાવી ઓડીટને બાકી એડવાન્સનું અને એડજસ્ટમેન્ટ થયેલ રકમનું પત્રક રજૂ થવું ઘટે.

ગુજરાત યુનિવર્સિટીના તા.૨૦–૭–૨૦૦૬ ના પત્ર નંબરઃ હિસાબ સ્ટોર્સ ૧૪૩૧૨/૨૦૦૬ ના ટેક્ષી કરાર અંગેના/ (૧) કરારની કલમ નં.૧૯ પ્રમાણે એડવાન્સની રકમના હિસાબો જે તે પરીક્ષાઓ પૂરી થયા બાદ દિન–૧૫ માં રજૂ કર્યા બાદ જ બીજા એડવાન્સ આપવામાં આવશે. (૨) કરારની કલમ (૨૨) માં શરતોનું પાલન કરવાની જવાબદારી ઉષાબેન પી.પુરોહિત તથા યુનિવર્સિટીની અસરપરસ રહેશે.

ઉપરોકત કરારની સંપૂર્ણ અવગણના થયેલ હોવાનું ઓડીટનું માનવું છે. તો આ બાબતે જવાબદારની જવાબદારી નકકી કરી કરેલ કાર્યવાહીની જાણ ઓડીટને કરવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૧૮ નો જવાબ રજૂ કરાયેલ છે. પરંતુ ફકરા નં.૧ થી ૫ માં જણાવેલ વિગતે રેકર્ડ આધારીત ખાત્રી કરાવેલ નથી. પરીક્ષકોને મોટા પ્રમાણમાં એ.સી.ટેક્ષી પૂરી પાડવામાં આવે છે. તેઓ તદ્દન ઓછા કી.મી.ની મુસાફરી કરતાં હોવા છતાં મીનીમમ ૨૫૦ કિ.મી.નું ભાડું ટેક્ષી ઈજારદારને ચૂકવવામાં આવે છે. આમ ઈજારદારને ટેક્ષીનો પડતર ખર્ચ ઘણો ઓછો થતો હોઈ એડવાન્સ મોટા પ્રમાણમાં ચૂકવાતું હોઈ સંસ્થાના પૈસે જ ઈજારદારનો ધંધો ચાલતો હોય તેવો નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંત વિરૂધ્ધનો ખર્ચ ટેક્ષી એડવાન્સનો તથા ટેક્ષી ખર્ચનો થઈ રહેલ હોવાનું ઓડીટે અનુભવેલ હોઈ આ બાબતે ટેક્ષીખર્ચના હિસાબોની આપના દ્વારા અંગત રીતે ચકાસણી થવા તથા ખર્ચ નિયંત્રણ અંગે આવશ્યક તકેદારી રાખવા ઓડીટ અનુરોધ છે.

વસુલાત રૂા. ૨,૫૮૮-૦૦
સદરઃ ૮૬૫૮ સસ્પે.એકા. ઈન્કમટેક્ષ.
વાંધા હેઠળ રકમ રૂા. ૭,૬૧,૧૯૦/-

## પરિશિષ્ટ–૨૦

પરીક્ષાઓનાં કામકાજ અંગે ટેક્ષીકાર ઈજારદારને ચૂકવાયેલ એડવાન્સ(પેશગી) અંગેનું પત્રકઃ–

| અનુ. નંબર | વિગત. | વાઉચર નંબર/ તારીખ | રકમ. રૂા. | રીમાર્કસ. |
|---|---|---|---|---|
| ૧ | શ્રી યુ.પી.પુરોહિત | ૧૧૭/૫-૪-૦૬ | ૧,૧૬,૦૦૦-૦૦ | |
| ૨ | શ્રી યુ.પી.પુરોહિત | ૧૪૭૭-૪-૦૬ | ૫૦,૦૦૦-૦૦ | |
| ૩ | શ્રી યુ.પી.પુરોહિત | ૨૧૦/૧૨-૪-૦૬ | ૬૪,૦૦૦-૦૦ | |
| ૪ | શ્રી યુ.પી.પુરોહિત | ૨૫૦/૧૫-૪-૦૬ | ૧૫,૮૦૦-૦૦ | |
| ૫ | શ્રી યુ.પી.પુરોહિત | ૨૭૫/૧૭-૪-૦૬ | ૨૨,૩૦૦-૦૦ | |
| ૬ | શ્રી યુ.પી.પુરોહિત | ૨૭૬/૧૭-૪-૦૬ | ૬૯,૦૦૦-૦૦ | |
| ૭ | શ્રી યુ.પી.પુરોહિત | ૮૭૩/૯-૫-૦૬ | ૫૭,૦૦૦-૦૦ | |
| ૮ | શ્રી યુ.પી.પુરોહિત | ૧૦૫૯/૨૩-૫-૦૬ | ૬૩,૬૦૦-૦૦ | |
| ૯ | શ્રી યુ.પી.પુરોહિત | ૧૩૨૩/૨-૬-૦૬ | ૧,૮૩,૦૦૦-૦૦ | |
| ૧૦ | શ્રી યુ.પી.પુરોહિત | ૧૯૬૪/૧૧-૭-૦૬ | ૨૪,૭૦૦-૦૦ | |
| ૧૧ | શ્રી યુ.પી.પુરોહિત | ૨૦૫૧/૧૭-૭-૦૬ | ૬૬,૦૦૦-૦૦ | |
| ૧૨ | શ્રી યુ.પી.પુરોહિત | ૨૮૦૬/૩૦-૮-૦૬ | ૨,૦૦,૦૦૦-૦૦ | |
| ૧૩ | શ્રી યુ.પી.પુરોહિત | ૩૮૨૯/૧૬-૧૦-૦૬ | ૬૦,૦૦૦-૦૦ | |
| ૧૪ | શ્રી યુ.પી.પુરોહિત | ૩૯૨૫/૧૯-૧૦-૦૬ | ૧,૫૦,૦૦૦-૦૦ | |
| ૧૫ | શ્રી યુ.પી.પુરોહિત | ૪૦૯૨/૧-૧૧-૦૬ | ૭૨,૮૦૦-૦૦ | |
| ૧૬ | શ્રી યુ.પી.પુરોહિત | ૪૨૭૦/૧૦-૧૧-૦૬ | ૪૫,૦૦૦-૦૦ | |
| ૧૭ | શ્રી યુ.પી.પુરોહિત | ૪૫૪૪/૩૦-૧૧-૦૬ | ૧,૦૦,૦૦૦-૦૦ | |
| ૧૮ | શ્રી યુ.પી.પુરોહિત | ૪૯૬૩/૨૬-૧૨-૦૬ | ૨૦,૦૦૦-૦૦ | |
| ૧૯ | શ્રી યુ.પી.પુરોહિત | ૪૯૬૭/૨૬-૧૨-૦૬ | ૧૭,૪૦૦-૦૦ | |
| ૨૦ | શ્રી યુ.પી.પુરોહિત | ૫૫૭૮/૧૮-૧-૦૭ | ૧,૩૫,૦૦૦-૦૦ | |
| ૨૧ | શ્રી યુ.પી.પુરોહિત | ૫૬૭૦/૨૪-૧-૦૭ | ૧૦,૬૦૦-૦૦ | |

| અનુ. નંબર | વિગત. | વાઉચર નંબર/ તારીખ | રકમ. રૂા. | રીમાર્કસ. |
|---|---|---|---|---|
| ૨૨ | શ્રી યુ.પી.પુરોહિત | ૫૭૧૯/૨૮-૧-૦૭ | ૧૫,૭૦૦-૦૦ | |
| ૨૩ | શ્રી યુ.પી.પુરોહિત | ૬૨૮૧/૨૧-૨-૦૭ | ૧૨,૦૦૦-૦૦ | |
| ૨૪ | શ્રી યુ.પી.પુરોહિત | ૬૬૦૭/૭-૩-૦૭ | ૩૪,૦૦૦-૦૦ | |
| ૨૫ | શ્રી યુ.પી.પુરોહિત | ૬૬૧૮/૭-૩-૦૭ | ૪,૩૪,૦૦૦-૦૦ | |
| ૨૬ | શ્રી યુ.પી.પુરોહિત | ૬૮૫૨/૨૧-૩-૦૭ | ૩૧,૯૦૦-૦૦ | |
| ૨૭ | શ્રી યુ.પી.પુરોહિત | ૭૮૧૩/૩૧-૩-૦૭ | ૩૪,૭૦૦-૦૦ | |
| | | | ૨૧,૦૪,૫૦૦-૦૦ | |

**ફકરા નંબર: ૫૫** **ઈજારદાર પાસેથી નિયમોનુસાર ડીપોઝીટ જમા નહીં લેવા અંગે તથા નિયમ કરતાં ઓછી રકમના સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરવા અંગે...**

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન એસ્ટેટ વિભાગના ઈજારદાર દ્વારા કરાયેલ કામના રજી.ની ચકાસણી કરતાં આ સાથે સામેલ પરિશિષ્ટ–૨૧માં જણાવેલ વિગત પ્રમાણે વેપારી પાસેથી જુદા જુદા કામો કરાવવામાં આવેલ છે. પરંતુ વેપારી/ ઈજારદાર પાસેથી નિયમોનુસાર ડીપોઝીટ લીધાનું તથા કરાર નિયત રકમના સ્ટેમ્પ પેપર ઉપર કર્યાનું જણાતું નથી. સરકારશ્રીના નિયમોનુસાર કુલ કામની કિંમતની ૫% ડીપોઝીટ ઈજારદાર પાસેથી વસુલ લઈ ડીપોઝીટની રકમના ૮% ની કિંમતના સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરવાની શરતો ઈજારદારને કામ સોંપવાના પત્રમાં દર્શાવવાની રહે છે. પરંતુ પરિશિષ્ટમાં જણાવેલ વિગત પ્રમાણે ઈજારદારે કુલ રૂા. ૯૦૦–૦૦ ની કિંમતના સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરેલ છે. નિયમોનુસાર રૂા. ૪,૫૭,૫૮૫–૦૦ ની કિંમતના સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરવો જોઈએ. જો સરકારશ્રીના કોઈ નિયમોનુસાર સ્ટેમ્પ કરારફી ઓછી ચૂકવવા કોઈ છૂટછાટ ઈજારદારને મળવાપાત્ર હોય તો તેના આધારની પ્રમાણિત નકલ ઓડીટને રજૂ થવી ઘટે. અન્યથા ઓછી વસુલ લીધેલ રકમની રૂા.૪,૫૬,૬૮૫–૦૦ સ્ટેમ્પ કરારની વસુલાત કરી સરકારશ્રીના સ્ટેમ્પ સદરે ૦૦૩૦ માં રકમ જમા કરાવી ઓડીટને રેકર્ડ આધારીત ખાત્રી કરાવવી ઘટે.

(૨) ડીપોઝીટની રકમ નિયમોનુસાર વેપારી/ ઈજારદાર પાસેથી નહીં મેળવવા બદલ આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

(૩) ઈજારદારને કરેલ ચૂકવણાનાં બીલોમાંથી ઈન્કમટેક્ષ કેટલો વસુલ લઈ કયારે જમા કરાવેલ છે તેની વિગત આધારસહ રજૂ કરવા વિનંતી.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૬૭ નો જવાબ રજૂ કરેલ નથી.

વસુલાતની રકમ રૂા. ૪,૫૬,૬૮૫–૦૦

## પરિશિષ્ટ –૨૧

એસ્ટેટ વિભાગ દ્વારા સને ૨૦૦૬–૦૭ ના વર્ષ દરમ્યાન થયેલ કામોની વિગત તથા ઓછી જમા કરાયેલ ડીપોઝીટ તથા ઓછા સ્ટેમ્પ કરારની વિગત દર્શાવતું પરિશિષ્ટ.....(વર્ષ ૨૦૦૬–૦૭ માં કામ પૂર્ણ)

| અનુ. નંબર | કામની કુલ રકમ. રૂા. | કામની વિગત– સમય કોન્ટ્રાકટરનું નામ (કામ સોંપ્યા તારીખ) | જમા લીધેલ ડીપોઝીટ. રૂા. | ખરેખર જમા લેવાપાત્ર ડીપોઝીટ. રૂા. | કરાર કરેલ સ્ટેમ્પ પેપરની કિંમત. રૂા. | ખરેખર કરાર જે કિંમતના સ્ટેમ્પ પેપર ઉપર કરવાનો થાય તેની કિંમત. રૂા. | વસુલાતની રકમ. રૂા. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૪,૯૮,૪૩૫ | નવી કેન્ટિન બિલ્ડીંગ મે.ગુજરાત કન્સ્ટ્રકશન કું. (૯–૨–૨૦૦૫ થી) | ૪૯,૯૬૯ | ૧,૨૪,૯૨૦ | ૧૦૦ | ૧૦,૦૦૦ | ૯,૯૦૦ |
| ૨ | ૨૦,૦૨,૬૬૨ | પોષ્ટ ઓફીસ અને કેડીટ યુનિ. સો. મે.જયવિજય કન્સ્ટ્રકશન કું. (૬–૭–૦૫ થી) | ૪૦,૦૪૪ | ૧૦૦,૧૪૦ | ૧૫૦ | ૮,૦૧૦ | ૭,૮૬૦ |
| ૩ | ૨૪,૪૯,૯૭૬ | માઈક્રો બાયોલોજી બિલ્ડીંગ મે.પટેલ ફાઉ. (૬૧૬૧૦૫) | ૪૯,૦૦૦ | ૧,૨૨,૫૦૦ | ૧૫૦ | ૪,૮૦૦ | ૪,૬૫૦ |
| ૪ | ૨૯,૧૭,૦૫૦ | સેનેટ હોલ રીનોવેશન મે.સામવિત બિલ્ડકેર. | ૨૫,૦૦૦ | ૧,૪૫,૮૫૦ | ૧૦૦ | ૧૧,૬૭૦ | ૧૧,૫૭૦ |
| ૫ | ૮,૮૨,૦૦,૯૯૪ | મે.ઉદય બિલ્ડકોન પ્રા.લી. ૨૪–૯–૦૫ | ----- | ૪૪,૧૦,૦૫૦ | ૧૦૦ | ૩,૫૨,૮૦૦ | ૩,૫૨,૭૦૦ |
| ૬ | ૬૨,૭૯,૫૩૨ | હોમ સાયન્સ બિલ્ડીંગ મે.પટેલ કન્સ્ટ્રકશન કું. ૧૭–૩–૦૫ | ----- | ૩,૧૩,૯૭૬ | ૧૦૦ | ૨૫,૧૨૦ | ૨૫,૦૨૦ |
| ૭ | ૪૬,૪૬,૩૨૬ | ડીફેન્સ સ્ટડીઝ બિલ્ડીંગ મે.સીવીલ ઓર્ગેનાઈઝર્સ (૧૭–૫–૦૫) | ----- | ૨,૩૨,૩૧૬ | ૧૦૦ | ૧૮,૫૮૫ | ૧૮,૪૮૫ |
| ૮ | ૬૬,૫૦,૦૦૦ | જીઓલોજી બિલ્ડીંગ મે.ગુજસત કન્સ્ટ્રકશન કું. ૧–૬–૦૬ | ----- | ૩,૩૨,૫૦૦ | ૧૦૦ | ૨૬,૬૦૦ | ૨૬,૫૦૦ |
| | ૧૧,૫૬,૪૪,૯૭૫ | | | | ૯૦૦ | ૪,૫૭,૫૮૫ | ૪,૫૬,૬૮૫ |

**ફકરા નંબર: ૫૬** **સાફ સફાઈ અંગેનો કોન્ટ્રાકટ આપવામાં તેમજ સફાઈ ખર્ચના ચૂકવણાંમાં જણાયેલ અનિયમિતતા બાબત...**

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન લેઝર કોડ નં.૫૭૦૪૦૦૦ હેઠળ યુનિ.ના અલગ અલગ વિભાગ અને યુનિ. કેમ્પસના માળી મજુર તથા સફાઈ અંગેનો ખર્ચ રૂા.૧૦,૬૧,૬૩૮–૦૦ દર્શાવવામાં આવેલ છે. જેની નમુનારૂપ વાઉચરોની ચકાસણી કરતાં ,

"સંવિત બિલ્ડકેર" ને વર્ષ ૨૦૦૪–૦૫ થી સમયાંતરે મુદ્દત વધારી તા.૩૧–૭–૨૦૦૬ સુધી ઉકત નીચે નમૂનારૂપ દર્શાવેલ વિગતે ચૂકવણું કરાયેલ છે. વા.નં.૬૬૩ તા.૩૦–૪–૨૦૦૬ રૂા. ૮૧,૪૬૦/–

૨૬ સ્વીપર × ૨૧૪૦

૫ માળી × ૨૮૦૦

૨ પટાવાળા × ૨૧૪૦ + સર્વિસટેક્ષ , આરીતે દર માસે ચૂકવણું કરવામાં આવેલ હતું. ત્યારબાદ તા.૧–૮–૨૦૦૬ થી યુનિ.ના બિલ્ડીંગ અને ભવનોનો હાઉસ કીપીંગનો કોન્ટ્રાકટર શકિત સેનેટરી માર્ટને પત્ર નંબર: એસ્ટેટ/૨૮૦૭૦૬/૨૦૦૬ તા.૨૮–૭–૨૦૦૬ થી આપેલ છે. પરંતુ ઓર્ડરમાં નકકી કરાયેલ શરતોની નકલ તેમજ શરતો પ્રમાણે કામગીરી થયા અંગેનું પ્રમાણપત્ર બીલમાં સામેલ કરાયેલ નથી. જેથી ચૂકવણાંની યથાર્થતા ચકાસી શકાયેલ નથી. તો આ બાબતે નીચે દર્શાવેલ મુદ્દાની સ્પષ્ટતા થવી ઘટે.

(૧) શકિત સેનેટરી માર્ટને સોંપાયેલ કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા કે ભાવપત્રક મંગાવેલ હોય તો તેની આધારસહ માહિતી/ સંલગ્ન ફાઈલ ઓડીટને રજૂ થવી ઘટે.

(૨) કામગીરી અંગેની નકકી કરાયેલ શરતો અને કરારની પ્રમાણિત નકલ રજૂ થવી ઘટે.

(૩) કયા કયા સ્થળે સાફસફાઈ અંગેની કઈ કઈ કામગીરી, કુલ કેટલી વ્યકિત દ્વારા કરવામાં આવેલ છે અને કામગીરી સંતોષકારક કરવામાં આવેલ છે કે કેમ? તે અંગેનું પ્રમાણપત્ર સંલગ્ન કામગીરીની દેખરેખ રાખનાર અધિકારીશ્રીનું ચૂકવણાં બીલમાં સામેલ કરાયેલ નથી. તેમજ બીલની પાછળ સહી કરનારનો હોદ્દો દર્શાવેલ નથી. જેથી કામગીરીની યથાર્થતાની ચકાસણી થયા અંગેની ઓડીટને ખાત્રી કરાવવી ઘટે. ચૂકવણાં બીલમાં ઉકત વિગત અંગેનું પ્રમાણપત્ર રજૂ થવું ઘટે.

(૪) તા.૧–૮–૨૦૦૬ થી દર માસે ઉકત કંપનીને ઓડીટ વર્ષ દરમ્યાન રૂા.૫૬,૦૦૦/– નું સાફસફાઈ અંગેનું ચૂકવણું કરવામાં આવતું હોવાછતાં નીચે દર્શાવેલ વિગતે વિશેષ ચૂકવણું કરવામાં આવેલ છે. જેનું ભાવપત્રક મંગાવ્યા સિવાય વહીવટી મંજુરી લીધા સિવાય– કામગીરીની સમીક્ષા થયા સિવાય નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંત વિરૂધ્ધ ચૂકવણું થયાનું જણાતું હોઈ ખર્ચની યથાર્થતા અંગે અંગત રસ લઈ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

| | વા.નં./ તારીખ. | વી.સી.શ્રી ની નોંધ ઉપર મંજુરી લીધી તારીખ. | કામગીરીની વિગત. | ચૂકવણું શકિત સેનેટરી માર્ટ સ.મં.ને. |
|---|---|---|---|---|
| ૧ | ૪૩૩૧/ ૧૫–૧૧–૦૬ | ૨–૧૧–૦૬ | તા.૬–૯–૦૬ તથા તા.૧૮–૯–૦૬ થી તા.૨૮–૯–૦૬ ટ્રેકટર ચલાવ્યા અંગેની સાફસફાઈની કામગીરી. | ૩૨,૦૦૦–૦૦ |
| ૨ | ૬૬૦૨/ ૭–૩–૦૭ | ૧–૨–૦૭ | યુનિ.ભવનોના આગળ પાછળના ઢગલા, પત્થર વિ. ખસેડવા અંગેની સફાઈ કામગીરી. તા.૨૦–૧–૦૭ થી તા.૩–૨–૦૭ સુધીની. | ૪૯,૫૦૦–૦૦ |

| | વા.નં./ તારીખ | વી.સી.શ્રી ની નોંધ ઉપર મંજુરી લીધી તારીખ. | કામગીરીની વિગત. | ચૂકવણું શકિત સેનેટરી માર્ટ સ.મં.ને. |
|---|---|---|---|---|
| ૩ | ૬૯૦૫/ ૨૨-૩-૦૭ | ૩-૩-૦૭ | (૧) તા.૪-૨-૦૭ થી તા.૧૮-૨-૦૭ સાફસફાઈ માટે કચરો ભરવા ટ્રેકટર બોલાવેલ તેના. રૂા.૪૫,૦૦૦/- (૨) તા.૧૨-૨-૦૭ થી તા.૧૧-૩-૦૭ એક માસના કંપાઉન્ડની સફાઈના. રૂા. ૨૫,૦૦૦/-. | ૭૦,૦૦૦-૦૦ |
| ૪ | ૪૩૩૨/ ૧૫-૧૧-૦૬ | ૬-૧૧-૦૬ | ૧૯-૧૦-૦૬ વી.સી.શ્રીના બંગલે ખાળકૂવો ભરાયો હતો તે ટેન્કર દ્વારા પાણી ખેંચવાના. | ૨,૪૦૦-૦૦ |
| | | | કુલ..........રૂા....... | ૧,૫૩,૯૦૦-૦૦ |

આગળ દર્શાવ્યાનુસાર ક્રમ નં. ૧ થી ૪માં કુલ રૂા.૧,૫૩,૯૦૦-૦૦ નું થયેલ કામ ભાવપત્રક સિવાય રજુઆતના આધારે સ્થળ ઉપર કયા પ્રકારની કામગીરી, કયા સ્થળે થયેલ હતી અને કેવા સંજોગોમાં રેગ્યુલર સાફસફાઈનો કોન્ટ્રાકટ આપેલ હોવાછતાં રૂા. ૧,૫૩,૯૦૦-૦૦ જેવો જંગી ખર્ચ એકસ્ટ્રા કરવામાં આવેલ છે. તેની સ્પષ્ટતા થવી ઘટે. આ સિવાય ઓડીટ વર્ષ દરમ્યાન રૂા. ૯,૦૦૦-૦૦ માળી મજુરનું પણ એકમાસ પ્રમાણે કયા આધારે ચૂકવણું કરાયેલ છે તેની સ્પષ્ટતા થવી ઘટે.

યુનિ.ના મહેકમમાં માળી-સફાઈ કર્મચારીની કેટલી જગા મંજુર કરવામાં આવેલ છે. તેની આધારસહ માહિતી રજૂ થવી ઘટે. તેમજ ઉપર દર્શાવેલ વિગતે કરાયેલ ખર્ચ નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંત સાથે સુસંગત જણાતા ના હોઈ આ બાબતે અંગત રસ લઈ નિયમોનુસાર કામગીરીની સમીક્ષા કરી તે અંગેના ચૂકવણા બીલમાં સક્ષમ સત્તાધિકારીશ્રીએ બીલની પાછળ પ્રમાણપત્ર આપી હોદ્દાના સહી સિકકા દર્શાવી કલેઈમ મંજુર કરવા ઓડીટ અનુરોધ છે. વાંધાની પૂર્તતા થતાં

સુધી રૂા. ૧,૫૩,૯૦૦–૦૦ નો ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે. પરંતુ આમ, કમ્પાઉન્ડની સફાઈના એક માસના રૂા. ૨૫,૦૦૦–૦૦ (તા.૧૨–૨–૦૭ થી તા.૧૧–૩–૦૭) માળીના રૂા. ૯૦૦૦ થી ૧૮૦૦૦ એક માસના ચૂકવણાં ટેન્ડર પ્રક્રિયા કે સ્પર્ધાત્મક ભાવપત્રક મેળવ્યા સિવાય કરવામાં આવેલ હોઈ ઓડીટ વર્ષના સમયનું સમગ્ર ચૂકવણું આધારસહ સ્પષ્ટતા થતાં સુધી રૂા. ૧૦,૬૧,૬૩૮–૦૦ નું વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વાંધા નં.૮૭ નો જવાબ આપેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા. ૧૦,૬૧,૬૩૮–૦૦

**<u>ફકરા નંબર: ૫૭</u>** **ખાનગી સીકયુરીટીનો ખર્ચ મંજૂર કરવા બાબતે તેમજ એસ્ટેટ વિભાગના જનરલ વર્ક રજીસ્ટરમાં દર્શાવેલ અનિયમિત ખર્ચ બાબતે...**

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬-૦૭ ના ઓડીટ વર્ષ દરમ્યાન નમૂનારૂપ વાઉચરોની ચકાસણી કરતાં વા.નં.૩૫૦/૨૦-૪-૨૦૦૬ રૂા.૨,૨૬,૧૪૨-૦૦ નો ખર્ચ ટોપ સીકયુરીટી લી.નો નીચે દર્શાવેલ વિગતે પાડેલ છે.

| | ખર્ચ કોડ નંબર | સદરની વિગત | રકમ. રૂા. |
|---|---|---|---|
| (૧) | ૪૬૨૩૦૦૦ | K.S.School Exp. | ૬૧,૨૨૯-૫૦ |
| (૨) | ૭૭૧૨૦૦૦ | E.R.D.F | ૩૦,૬૧૪-૭૫ |
| (૩) | ૩૫૨૪૦૦૧ | Exam Misc. Exp. | ૩૦,૬૧૪-૭૫ |
| (૪) | ૫૭૦૧૦૦૧ | Estate Rep.etc. Resi. | ૧,૦૩,૬૮૩-૦૦ |
| (૫) | ૪૫૦૪૦૦૦ | Income tax. | - ૪,૯૭૪-૦૦ |
| | | કુલ...રૂા... | ૨,૨૧,૧૬૮-૦૦ |

ઉપરોકત બિલની વિગત ચકાસતાં ટોપ સીકયુરીટીના તા.૩૧-૩-૨૦૦૬ ના (કુલ ૭ બીલનો સરવાળો રૂા.૨,૨૧,૧૬૮ + રૂા. ૪,૯૭૪ ઈન્કમટેક્ષના) કલેઈમનું ચૂકવણું તા.૨૦-૪-૨૦૦૬ ના બીલથી કરવામાં આવેલ છે. ટોપ સીકયુરીટીના તા.૩૧-૩-૨૦૦૬ ના સાત બીલોની ચકાસણી ઓડીટ દ્વારા થઈ શકેલ નથી. કારણકે, ચૂકવાણં બીલમાં તે અંગેની કોઈ વિગત રજૂ થયેલ નથી. તો નીચે દર્શાવેલ મુદ્દાઓની પૂર્તતા થવી ઘટે.

(૧) યુનિવર્સિટી દ્વારા ખાનગી સીકયુરીટીનો કોન્ટ્રાકટ કેટલી વ્યકિત માટે અને કયા સ્થળની સલામતી માટે કરવામાં આવેલ છે. તેમજ કોન્ટ્રાકટમાં નકકી કરાયેલ ટર્મ્સ એન્ડ કંડીશન શું હતી? તેની પ્રમાણિત નકલ ઓડીટને રજૂ

થવી ઘટે.

(૨) યુનિ. કેમ્પસ્‌ના મકાનો તથા કુલપતિશ્રીના નિવાસ સ્થાને કાયમી ચોકીદારની નિમણૂંક હોવા છતાં મોટી સંખ્યામાં ખાનગી સીકયુરીટીની નિમણૂંક માટેની સંખ્યા કયા માપદંડથી કઈ જરૂરીયાતના આધારે કયા સત્તામંડળની મંજૂરીથી નકકી કરવામાં આવેલ છે. તેની આધારસહ માહિતી ઓડીટને રજૂ થવી ઘટે.

(૩) અલગ-અલગ કોડ નીચે એકજ બાબતનો ખર્ચ વહેંચી દેવાના કારણે વર્ષ દરમ્યાન કુલ ખાનગી સીકયુરીટીનો કેટલો ખર્ચ સંસ્થાએ ભોગવેલ છે તેની ચકાસણી થઈ શકેલ નથી.

(૪) કાયમી ચોકીદારને વન ડે સેલેરીનો લાભ આપવામાં આવેલ છે તથા એક દિવસના આરામ પછી ચાર કલાકની ફરજ આપી શકવાથી રાત્રે ઉંઘયા સિવાય ફરજ બજાવી શકે તેવી વી.સી.શ્રીની નોંધ તથા કાયમી ચોકીદારોને જાહેર રજાઓમાં આરામ આપવાનો આદેશ કરેલ છે. તથા વન-ડે સેલેરીના ચુકવણાં યુનિ. દ્વારા કરવામાં આવે છે. તે તદ્દન સરકારશ્રીના નિયમો વિરૂધ્ધના સંસ્થા દ્વારા કરેલ કાયમી ચોકીદારની ડયુટીના નિયમો તથા ચૂકવણાં છે. કાયમી ચોકીદારની નિમણુંકની શરતોમાં વન ડે સેલેરી તથા જાહેર રજામાં આરામ આપવાની જોગવાઈ તથા એક દિવસના આરામબાદ ચાર કલાકની ફરજ જેવી કોઈ જોગવાઈ સરકારશ્રી તરફથી અથવા અન્ય કોઈ સત્તામંડળ દ્વારા થયેલ હોય તો તેના હુકમની પ્રમાણિત નકલ ઓડીટને રજૂ થવી ઘટે. વર્ષ ૨૦૦૫-૦૬ ના વર્ષનો ખર્ચ ૨૦૦૬-૦૭ ના વર્ષમાં પાડવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે. જે તે નાણાંકીય વર્ષના ખર્ચ બીજા નાણાંકીય વર્ષમાં પાડવાથી હિસાબોની યથાર્થતા ચકાસી શકાયેલ નથી.

(૫) કેમ્પસ્માં દિવસ દરમ્યાન કયા કયા સ્થળે સીકયુરીટી પોઈન્ટ ગોઠવાયેલ હતા અને રાત્રિ દરમ્યાન કેટલા સ્થળે સીકયુરીટી પોઈન્ટની વ્યવસ્થા હતી તેની રેકર્ડ આધારીત ખાત્રી થવી ઘટે.

(૬) કાયમી ચોકીદારની જવાબદારી અને ફરજ કયાં કયાં કેટલી નકકી કરાયેલ છે તેમજ ખાનગી સીકયુરીટીની વ્યવસ્થા તથા સંખ્યા નકકી કરવામાં આવેલ હોય તેની રેકર્ડ આધારીત ખાત્રી ઓડીટને થવી ઘટે.

(૭) સીકયુરીટીના કોડ નીચે ખરેખર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે જેવો કે વન ડે સેલેરી– ખાનગી સીકયુરીટી તથા કાયમી ચોકીદારનો પગાર તેની ચકાસણી અલગ–અલગ સદરે ખર્ચ પાડેલ હોવાથી થઈ શકેલ નથી. તો જે તે વિભાગ દ્વારા ઉકત વ્યવસ્થાની નિભાવણી થતી હોય તે વિભાગમાં ઉપરોકત માહિતી દર્શાવતું રજીસ્ટર નિભાવવા તથા આગામી ઓડીટે તે અંગેની ખાત્રી કરાવવા ઓડીટ સૂચન છે. કોડ નં: ૫૭૦૧૦૦૧ એસ્ટેટ રીપેર્સ ઈટીસી રેસીડેન્શીયલ સદર નીચે રૂા.૨૨,૦૩,૫૬૧–૦૦ ની રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે. કારણકે, ઉકત સદર નીચે સીકયુરીટીનો ખર્ચ તેમજ અન્ય પરચુરણ ખર્ચ પણ જરૂરી પ્રમાણપત્ર અને ત્રણ ભાવપત્રક સિવાય જ કરવામાં આવેલ હોઈ સમગ્ર રકમ યોગ્ય પૂર્તતા થતાં સુધી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૮૧ નો જવાબ રજુ થયેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા. ૨૨,૦૩,૫૬૧–૦૦

**<u>ફકરા નંબર: ૫૮</u>** **યુનિવર્સિટીની દુકાનો– મકાનો ભાડે આપવા અંગે તથા વાહનોની લોગબુક–હીસ્ટ્રીશીટ રજૂ થવા અંગે...**

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન એસ્ટેટ વિભાગ તરફથી રજૂ કરાયેલ યુનિવર્સિટીના દુકાન–મકાન વિગેરે ભાડાની પહોંચના રજી.ની ચકાસણી કરતાં નીચેની વિગતે સંસ્થાને ભાડાની આવક દર માસે અથવા તો ત્રિમાસિક દરે થાય છે.

(૧) દુકાન નં. ૧ થી ૫ નું વાર્ષિક ભાડું દુકાન દીઠ રૂા. ૧૪,૪૦૦/– મળે છે.

(૨) ઈન્ફલીમ્બનેટ કવાટરલી માટેના ત્રિમાસિક લેકચર હોલનું ભાડું દા.ત.૧–૪–૨૦૦૬ થી ૩૦–૬–૨૦૦૬ રૂા. ૨,૫૭,૫૦૦–૦૦ મળે છે.

(૩) એસ.બી.આઈ.ના મકાનનું ભાડું ૧ માસનું રૂા. ૪૦,૦૦૦/– મળે છે.

(૪) પોષ્ટ ઓફીસનું ભાડું ૧ માસનું રૂા. ૭૫/– મળે છે.

આ બાબતે નીચે મુજબના મુદ્દાની આધારસહ પૂર્તતા થવી ઘટે.

(૧) યુનિવર્સિટીની સ્થાવર મિલ્કતનું રજીસ્ટર તથા તે પૈકી જે મિલ્કતો ભાડાપટ્ટે આપેલ છે તેના લીઝ એગ્રીમેન્ટ– ભાડાના એગ્રીમેન્ટની પ્રમાણિત નકલ ઓડીટને રજૂ થવી ઘટે.

(૨) ભાડા કરારની લીઝ એગ્રીમેન્ટની ફાઈલ તથા ભાડા વધારવા માટેની સત્તા અને ભાડું વધારવામાં આવેલ હોય તેના હુકમની નકલ તથા ફાઈલ ઓડીટને રજૂ થવી ઘટે.

(૩) રજૂ કરાયેલ રજી.માં કયારથી કઈ દુકાન ભાડે આપેલ છે. તેની કોઈ વિગત દર્શાવેલ નથી. કોઈ નોંધ પ્રમાણિત કરાયેલ નથી. સહીસિકકા રજી.માં નોંધ કર્યાનું પ્રમાણપત્ર નથી. નિયમોનુસાર રેકર્ડ નિભાવવા ઘટીત કાર્યવાહી થવી ઘટે. માંગેલ માહિતી તાત્કાલિક ઓડીટને રજૂ થવી ઘટે.

એસ્ટેટ વિભાગને પ્રા.વાંધા નં.૨૦ તા.૧૫-૧૧-૨૦૧૦ થી ઓડીટને જરૂરી માહિતી પૂરી પાડવા જણાવેલ છે. પરંતુ આજદિન સુધી અમુક માહિતી મળેલ છે. જે પૈકી નીચેની માહિતી તાત્કાલિક રજૂ થવા વિનંતી છે.

(૧) યુનિવર્સિટીમાં કુલ કેટલા વાહનો કયારથી હતા તેની વિગત.

(૨) દરેક વાહનોની લોગબુક તથા હીસ્ટ્રીશીટ તથા મરામતનું રજી.

(૩) કયા વાહન કયા અધિકારીના હવાલે સોંપવામાં આવેલ છે તેની વિગત ઓડીટને રજૂ થવી ઘટે.

(૪) જૂના વાહનો કન્ડમ કરવામાં આવેલ હોય તો તેની માહિતી ઓડીટને રજૂ થવી ઘટે.

ઉપરોકત માહિતી તાત્કાલિક ઓડીટને રજૂ થવી ઘટે. સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૭૬ નો જવાબ રજૂ થયેલ નથી.

**<u>ફકરા નંબરઃ ૫૯</u>** **ત્રણ ભાવપત્રક મેળવ્યા સિવાય કરવામાં આવેલ ખર્ચ–ખરીદીની અનિયમિતતા બાબત...**

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન એસ્ટેટ વિભાગ તરફથી રજૂ કરાયેલ જનરલ વર્ક રજીસ્ટર, ઈલેકટ્રીક વર્ક રજીસ્ટર, તથા પરચુરણ ખર્ચના વાઉચરની ચકાસણી કરતાં સામેલ રાખેલ પત્રકમાં નમૂનારૂપ રૂા. ૨૦,૦૦૦/– કરતાં વધુ ખર્ચના બીલોની વિગત દર્શાવેલ છે. તે સિવાય રૂા.૨૦,૦૦૦/– ની અંદરના મોટા પ્રમાણમાં ખર્ચના વાઉચરો છે. પરંતુ નમૂનારૂપ બીલની વિગત પત્રકમાં દર્શાવેલ હોઈ તે સિવાયના અન્ય બીલોમાં પણ નીચે દર્શાવેલ વિયતોનુસાર ખર્ચના બિલોમાં અનિયમિતતા જણાયેલ હોઈ આ બાબતે આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

(અ) પત્રકમાં દર્શાવેલ નમૂનારૂપ દરેક બીલમાં તથા તે સિવાયના રજીસ્ટરમાં નોંધાયેલ બીલોમાં ત્રણ ભાવપત્રક મેળવી ખરીદી કરવામાં આવેલ નથી. સરકારશ્રીના નિયમોનુસાર રૂા.૫૦૦/– ઉપરની કોઈપણ ખરીદી ત્રણ ભાવપત્રક મેળવ્યા સિવાય કરી શકાય નહીં.

(૨) સરકારશ્રીનાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસપીએ/૧૦૯૫/૨૩૩૬(૯૭)ચ તા.૨૩–૯–૯૭ માં દર્શાવ્યાનુસાર કેટેગરી "અ" સંસ્થાઓ પાસેથી રૂા. ૪૦,૦૦૦/– સુધીની ખરીદી ભાવપત્રક મેળવ્યા સિવાય થઈ શકે. તેમજ "બ"કક્ષાની સંસ્થા હોય તો રૂા. ૪૦,૦૦૦/– સુધીની ખરીદી ત્રણ ભાવપત્રકો મેળવીને થઈ શકે.

(૩) રૂા. ૪૦,૦૦૦/– થી રૂા. ૨,૦૦,૦૦૦/– સુધીની ખરીદી ટચૂકડી જાહેરાત આપી ટેન્ડર મેળવીને કરી શકાય. તેમજ રૂા. ૨,૦૦,૦૦૦/– ઉપરની

ખરીદી વર્તમાનપત્રમાં વિગતવાર જાહેરખબર આપીને ટેન્ડર મેળવી કરવાની રહે છે. પરંતુ જયારે જેલ ખાતા દ્વારા ખરીદી કરવાની હોય ત્યારે ઉકત નાણાંકીય મર્યાદા લાગુ પડશે નહીં.

(૪) તા.૧–૭–૧૯૯૯ ના ઠરાવથી સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે, કેટેગરી "અ" ધરાવતી સંસ્થામાંથી રૂા. ૪૦,૦૦૦/– ની મર્યાદા પ્રતિમાસ માટે છે અને પ્રત્યેક આઈટમ દીઠ રૂા. ૧૦,૦૦૦/– ની મર્યાદા નકકી કરેલ છે.

(૫) નાણાં વિભાગના તા.૧૭–૧૧–૨૦૦૩ ના નોટીફીકેશનમાં જણાવ્યાનુસાર રૂા.૨૦,૦૦૦/– થી રૂા.૨,૦૦,૦૦૦/– સુધીની ખરીદી માટે C.S.P.O ની માન્યસૂચિમાં હોય તેવા વેપારી પેઢીઓને પૂછાવવું.

ઉપર દર્શાવ્યાનુસાર વખતોવખત સરકારશ્રી દ્વારા ખરીદપધ્ધતિ નકકી કરવામાં આવે છે. તે સિવાય નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંત અનુસાર સરકારી ખરીદીના નાણાં એ પ્રજાના કરવેરામાંથી મેળવેલ નાણાં હોઈ ખરીદીમાં ચોકસાઈ, કરકસર અને જાગૃતતા રહે તે માટે સરકારશ્રીની નિયત કરાયેલ પધ્ધતિનુસાર જો ખરીદી– ખર્ચ કરવામાં આવે તો આર્થિક રીતે પોષણક્ષમ ભાવથી બજારમાંથી ખરીદી થઈ શકે.

(બ) ગુજરાત યુનિવર્સિટીમાં દર્શાવેલ બીલોની ચકાસણીમાં સરકારશ્રીના ઉકત નિયમોનું ઉલ્લંઘન થયાનું જણાયેલ હોઈ આ બાબતે ત્વરીત ઘટીત પગલાં લઈ નિયમોનુસાર ખરીદ પધ્ધતિ અપનાવવા ઓડીટ અનુરોધ છે.

આ બાબતે સંલગ્ન શાખાના કર્મચારી સાથે ચર્ચા કરવામાં આવતાં તેઓના જણાવ્યાનુસાર "વી.સી.શ્રીને આ પ્રકારના ખર્ચ કરવાની સત્તા છે." આ બાબતે જણાવવાનું કે, કોઈપણ પ્રકારના ખર્ચ કરવાની સત્તા હોવી એ અલગ બાબત છે અને

સરકારશ્રીની-ખરીદ પધ્ધતિ અનુસાર ખરીદી કરવા નિયમો ઘડાયેલ હોઈ તેને અનુસરવાની દરેક સરકારી કચેરી કે સંસ્થા બંધાયેલ હોઈ અનિયમિત રીતે કરાયેલ ખરીદીનો ખર્ચ વાંધા હેઠળ રાખવો તેવું ઓડીટનું માનવું છે. જેથી આ બાબતે આધારસહ સ્પષ્ટતા થવી ઘટે. આવી રીતે ત્રણ ભાવપત્રક મેળવ્યા સિવાય કરાયેલ દરેક ખર્ચ–ખરીદી વાંધા હેઠળ રાખવાપાત્ર હોઈ આ પ્રકારના કુલ ખર્ચની વિગત ઓડીટને મળી શકવામાં ન હોઈ નમૂનારૂપ રકમ જ દર્શાવેલ છે. તો ત્રણ ભાવપત્રક મેળવ્યા સિવાય કરાયેલ ખરીદીની વિગત ઓડીટને રજૂ થવી ઘટે.

પરિશિષ્ટ–૨૨માં દર્શાવેલ રકમ ફકત નમૂનારૂપ જ છે. ખરેખર કન્ટીજન્સી ખર્ચ યુનિવર્સિટીનો મોટાભાગનો ત્રણ ભાવપત્રક મંગાવ્યા સિવાય જ કરવામાં આવેલ હોઈ પરિશિષ્ટમાં બધી વિગત દર્શાવવી શકય નથી. ભવિષ્યમાં સરકારશ્રીની ખરીદ પધ્ધતિનુસાર જ ખરીદી અંગેની કાર્યવાહી થવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૪૮ નો જવાબ રજૂ થયેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૧૧,૮૭,૯૨૫–૦૦

## પરિશિષ્ટ–૨૨

ત્રણ ભાવપત્રક –ટેન્ડર પ્રક્રિયા સિવાય કરાયેલ ખર્ચ– ખરીદીની વિગત દર્શાવતું પરિશિષ્ટ.... સને ૨૦૦૬–૦૭

| અનુ. નંબર | વા.નં./ તારીખ. | રકમ. રૂા. | વિગત. |
|---|---|---|---|
| ૧ | ૧૩૭૨/ ૬-૬-૨૦૦૬ | ૩૬,૦૬૪-૦૦ | એકાઉન્ટ વિભાગમાં ૧૫૦/૧૫૦ લીટર વોટરકુલર ખરીદ્યું – વોલ્ટાસ લીમીટેડ. |
| ૨ | ૧૫૫૩/ ૧૯-૬-૨૦૦૬ | ૪૯,૦૦૦-૦૦ | પરીક્ષા વિભાગમાં ૧૦ નંગ સ્ટોરવેલ ખરીદ્યા. ADULT TRAINING CENTRE. |
| ૩ | ૧૯૮૪/ ૧૨-૭-૨૦૦૬ | ૩૬,૦૬૫-૦૦ | ગુજ.યુનિ. સરદાર પટેલ વાંચન કેન્દ્ર ખાતે ૧ નંગ વોટર કુલર ખરીદી કરી. |
| ૪ | ૨૨૨૮/ ૨૪-૭-૨૦૦૬ | ૩૬,૬૧૮-૦૦ | ગુજ.યુનિ.માં કુલપતિશ્રીની કેબીનમાં ક્લોઝ સર્કિટ કેમેરા મુકયા તથા વાયરીંગ કરાવ્યું. |
| ૫ | ૩૨૦૪/ ૧૫-૯-૨૦૦૬ | ૩૬,૦૬૫-૦૦ | લાઈફ સાયન્સ વિભાગમાં ૧૫૦–૧૫૦ લીટર વોટર કુલર ખરીદ્યું. |
| ૬ | ૩૦૫૩/ ૭-૯-૨૦૦૬ | ૭૮,૭૧૦-૦૦ | યુનિ. મહિલા છાત્રાલય પાછળની દિવાલ સુરક્ષાની દ્રષ્ટિએ ઉંચી કરાવવા– વિપુલ પંડયા. |
| ૭ | ૩૩૦૮/ ૨૫-૯-૨૦૦૬ | ૩૮,૧૫૧-૦૦ | રૂમ નંબર ૩૦,૩૧ રીનોવેશન ખર્ચ. શ્રી ચિત્રા ઈન્ટીરીયર પ્રા.લી. |
| ૮ | ૩૫૬૮/ ૫-૧૦-૨૦૦૬ | ૩૬,૦૬૫-૦૦ | કોમર્સ વિભાગ ખાતે ૧૫૦–૧૫૦ લીટર વોટર કુલરની ખરીદી કરી. |
| ૯ | ૩૫૬૯/ ૫-૧૦-૨૦૦૬ | ૭૪,૦૦૫-૦૦ | કે.જી.બાસ્તાવાલા, લેડીઝ–બોયઝ હોસ્ટેલમાં ગાદલા–ઓશિકા ભાડે મંગાવ્યા. |
| ૧૦ | ૩૯૪૩/ ૨૭-૧૦-૨૦૦૬ | ૨૦,૩૪૬-૦૦ | રૂષિતા એન્ટરપ્રાઈઝ ગુજ.યુનિ. ગેટ માટે GUJARAT UNIVERSITY ESTD. 1949 લેટર બનાવ્યા તેના ચૂકવ્યા. |
| ૧૧ | ૪૨૨૯/ ૭-૧૧-૨૦૦૬ | ૩૬,૦૬૫-૦૦ | સ્ટેરસ્ટીક વિભાગમાં ૧ નંગ ૧૫૦–૧૫૦ લીટર વોટરકૂલર ખરીદી કરી. |

| અનુ. નંબર | વા.નં./ તારીખ. | રકમ. રૂા. | વિગત. |
|---|---|---|---|
| ૧૨ | ૪૩૩૧/ ૧૫-૧૧-૨૦૦૬ | ૩૨,૦૦૦-૦૦ | શકિત સેનેટરી માર્ટ સહકારી મંડળી લી. ચોમાસાની રૂતુ દરમ્યાન ભવનોમાં ઉગેલ ઘાસ નીકાળવાના ચૂકવ્યા. |
| ૧૩ | ૪૫૪૨/ ૩૦-૧૧-૨૦૦૬ | ૨૫,૦૦૦-૦૦ | ક્રિષ્ના ફોનમાં કુલપતિશ્રીના નિવાસે પીલો, સોફા, કવરો વગેરે ખરીદી કરી. |
| ૧૪ | ૪૨૬૩/ ૧૦-૧૧-૨૦૦૬ | ૪૩,૫૩૭-૦૦ | પ્રવિણકુમાર કાંતીલાલ ઓડ, યુનિ. કેમ્પસ્ પરની ગંદકીની સફાઈ કરવાના ચૂકવ્યા. |
| ૧૫ | ૫૦૧૨/ ૨૮-૧૨-૨૦૦૬ | ૨૦,૧૯૩-૦૦ | પ્રોટેકટ ઈલેકટ્રીકલ્સ યુનિ. પાણીની ટાંકી પાસે બનાવેલ નવા બોર માટે ઈલે. સામાનની ખરીદી. |
| ૧૬ | ૫૪૮૩/ ૧૬-૧-૨૦૦૭ | ૨૬,૩૧૪-૦૦ | ચિત્રા ઈન્ટીરીયર પ્રા.લી. રૂમ નંબરઃ ૩૩ એકેડેમીક વિભાગમાં પાર્ટીશન, કલરકામ કરાવ્યું તેના ચૂકવ્યા. |
| ૧૭ | ૫૫૭૭/ ૧૮-૧-૨૦૦૭ | ૫૬,૫૦૦-૦૦ | અંધજન મંડળ પરીક્ષા વિભાગમાં O.R. મુકવા ૧૦ નંગ સ્ટીલ લાયબ્રેરી કબાટ ખરીદી કરી. |
| ૧૮ | ૫૬૪૯/ ૨૩-૧-૨૦૦૭ | ૨૦,૪૦૦-૦૦ | વિપુલ પંડયા– ગુજ. યુનિ. માં કુલપતિશ્રીના નિવાસે જમણી–ડાબી બાજુએ દિવાલ બનાવવાની ચૂકવણી. |
| ૧૯ | ૫૯૬૦/ ૨-૨-૨૦૦૭ | ૪૮,૮૮૦-૦૦ | શ્રી ચિત્રા ઈન્ટીરીયર પ્રા.લી. D.E.E. લો ભવન ખાતે પાર્ટીશન બનાવ્યા તેનું ચૂકવણું કર્યું |
| ૨૦ | ૫૯૯૦/ ૩-૨-૨૦૦૭ | ૨૧,૦૦૦-૦૦ | પંચાલ ફેબ્રીકેશન– ગુજ.યુનિ. ટાવર ઉપર નીયોન લાઈટના અક્ષરો લગાવવાના ચૂકવ્યા. |
| ૨૧ | ૬૬૦૩/ ૭-૩-૨૦૦૭ | ૩૧,૮૪૨-૦૦ | વિપુલ પંડયા– યુનિ. કારગીલ પાર્કમાં સ્પ્રીકલનું કામ કરાવ્યું તેના ચૂકવ્યા. |
| ૨૨ | ૬૬૦૫/ ૭-૩-૨૦૦૭ | ૨૩,૦૦૦-૦૦ | વિપુલ પંડયા– યુનિ. નવા કન્ઝ્યુમર્સ સ્ટોર્સ ખાતે રેમ્પ અને ઓટો બનાવવાના ચૂકવ્યા. |
| ૨૩ | ૬૭૮૫/ ૧૫-૩-૨૦૦૭ | ૪૧,૭૭૬-૦૦ | વિપુલ પંડયા– યુનિ.ની ઓવરહેડ ટાંકી પાસે આવેલ પંપ રૂમમાં રીપેરીંગ ખર્ચના ચૂકવ્યા. |

| અનુ. નંબર | વા.નં./ તારીખ. | રકમ. રૂા. | વિગત. |
|---|---|---|---|
| ૨૪ | ૬૯૦૯/ ૨૨-૩-૨૦૦૭ | ૨૪,૦૮૦-૦૦ | NAAC માટેની કામગીરી માટેનું ચૂકવણું કર્યું. |
| ૨૫ | ૬૯૦૭/ ૨૨-૩-૨૦૦૭ | ૬૨,૬૫૦-૦૦ | સાંઈનાથ કન્સ્ટ્રકશન એસ્ટેટ થી રોલવાલા તરફ પેવર બ્લોક બનાવ્યું તેના ચૂકવ્યા. |
| ૨૬ | ૭૦૧૧/ ૨૫-૩-૨૦૦૭ | ૩૫,૦૦૦-૦૦ | મહાવીર એન્ડ મહાવીર સેકશન ઓફીસર માટે ૨૦ નંગ રીવોલ્વીંગ ચેર ખરીદી તેના ચૂકવ્યા. |
| ૨૭ | ૭૦૯૧/ ૨૯-૩-૨૦૦૭ | ૨૦,૦૦૦-૦૦ | મહાકાળી ફલાવર માર્ટ, યુનિ.માં નં.૫૯ માં પદવીદાન સમારંભે ડેકોરેશન કરવાના ચૂકવ્યા. |
| ૨૮ | ૩૧૦૮/ ૧૨-૯-૨૦૦૬ | ૩૫,૦૦૦-૦૦ | કુલપતિશ્રીના માટે મોબાઈલ લાવ્યા તેના ચૂકવ્યા. |
| ૨૯ | ૨૫૯૨/ ૫-૮-૨૦૦૬ | ૩૨,૨૦૯-૦૦ | વિદ્યા તથા વિદ્યાવૃત્તના છાપકામના ચંદ્રિકા પ્રિન્ટરીને ચૂકવ્યા. |
| ૩૦ | ૨૯૩૧/ ૧-૯-૨૦૦૬ | ૮૩,૫૦૦-૦૦ | કુલપતિશ્રીના નિવાસ સ્થાને એક નંગઃ LCD TV ખરીદ્યું. |
| ૩૧ | ૨૯૮૯ ૪-૯-૨૦૦૬ | ૧૨,૯૯૦-૦૦ | કુલપતિશ્રીના નિવાસસ્થાને એક સેમસંગ મ્યુઝીક સીસ્ટમ ખરીદ કર્યું. |
| ૩૨ | ૩૩૬૨/ ૩૦-૯-૨૦૦૬ | ૧૪,૯૦૦-૦૦ | ક્રિષ્ના માર્કેટીંગ નટરાજ આટા મેકરની ખરીદી કરી –કુલપતિશ્રીના નિવાસસ્થાન માટે. |
| | | ૧૧,૮૭,૯૨૫-૦૦ | |

**<u>ફકરા નંબર: ૬૦</u>** **વિગતવાર ખર્ચના વાઉચરમાં સાધનિક રેકર્ડ રજૂ નહીં થવા બાબત...**

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનાં વર્ષ ૨૦૦૬–૦૭ નાં અન્વેષણ દરમ્યાન નમૂનારૂપ વાઉચરોની ચકાસણી કરતાં ખર્ચ કોડ નં.૪૧૦૧૦૨૨ વાઉચર નંબર: ૭૪૧૧ તા.૩૧–૩–૨૦૦૭ રૂા. ૫૧,૮૭૫–૦૦ ની વિગત ચકાસતાં ઉકત વાઉચરનાં ખર્ચ પેટે રૂા. ૬૫,૦૦૦–૦૦ એડવાન્સ સી.યુ.શાહ કોલેજને N.S.S.ના સેમિનાર માટે ચૂકવેલ હતા. જે પૈકી રૂા. ૫૧,૮૭૫–૦૦ નો ખર્ચ થયેલ છે. જેનાં ખર્ચના વિગતવાર બીલની ચકાસણી કરતાં નીચે મુજબ ખર્ચની વિગત બીલમાં દર્શાવેલ છે.

| | | |
|---|---|---|
| (૧) | રૂા. ૨૫,૯૪૦–૦૦ | ભોજન અને વ્યવસ્થા. |
| (૨) | રૂા. ૧૫,૬૫૫–૦૦ | સ્ટેશનરી અને બેનર ખર્ચ. |
| (૩) | રૂા. ૯,૭૮૦–૦૦ | વાહનખર્ચ. |
| (૪) | રૂા. ૫૦૦–૦૦ | ઓડીટ ફી.(પહોંચ નં.૦૧૩૧૬૬/૧૯–૩–૦૭) |
| (૫) | રૂા. ૧૩,૧૨૫–૦૦ | વધેલા નાણાં પરત જમા. |
| કુલ.... | રૂા. ૬૫,૦૦૦–૦૦ | |

ઉપરોકત બાબતે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) વિગતવાર બીલમાં ખર્ચનાં પેટા વાઉચર સામેલ કરેલ નથી. નિયમ પ્રમાણે રૂા.૧,૦૦૦/– કરતાં વધુ રકમનાં વાઉચર બીલમાં રજૂ કરવા ઘટે.

(૨) ભોજન વ્યવસ્થા કેટલી વ્યક્તિ માટે કરાયેલ તેમજ વ્યકિતદીઠ ભોજન ખર્ચ કેટલો કરાયેલ છે? તે દર્શાવેલ નથી. જે સંસ્થા/ વ્યકિતને ચૂકવણું કરાયેલ હોય તેની પહોંચ તથા ખર્ચનું વાઉચર નથી જે રજુ થવું ઘટે.

(૩) સ્ટેશનરી અને બેનર ખર્ચ તથા વાહનખર્ચનાં વાઉચર તથા ખર્ચની વિગત

તેમજ ત્રણ ભાવપત્રક મંગાવી, ખર્ચ કરાયેલ છે કે કેમ? તે અંગે ઓડીટને ખાત્રી કરાવવી ઘટે. બીલમાં "ઉક્ત કલેઈમનું ચૂકવણું અગાઉ થયેલ નથી." તે મતલબનું પ્રમાણપત્ર રજૂ થવું ઘટે.

(૪) જે પ્રોગ્રામ માટે ખર્ચ કરાયેલ હોય તેની વિગત સાથે સંપૂર્ણ ખર્ચની વિગત દર્શાવતો ખર્ચ મંજુરીનો આદેશ સત્તાધિકારીશ્રીની સહી સાથેનો સામેલ રાખવો.

(૫) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા કઈ પધ્ધતિથી ઓડીટ કરવામાં આવે છે? સંસ્થા દ્વારા સી.એ.ની પેનલ નકકી કરવામાં આવેલ છે કે કેમ? સી.એ.નો રિપોર્ટ વાઉચરમાં સામેલ કરાયેલ નથી. યુનિ.દ્વારા સી.એ.ની ફીનું ધોરણ નકકી કરવામાં આવેલ છે કે કેમ? આધારસહ રેકર્ડ આધારીત ખાત્રી આગામી ઓડીટે થવી ઘટે.

ગુજરાત યુનિવર્સિટીનાં રજૂ થતાં ખર્ચનાં વાઉચરોમાં જરૂરી પ્રમાણપત્રો ઉપાડ અધિકારીશ્રી દ્વારા આપવા જરૂરી હોઈ નીચે દર્શાવેલ પ્રથા અપનાવવા ઓડીટ અનુરોધ છે.

(૧) અગાઉ આ બીલનું ચૂકવણું થયેલ નથી.

(૨) સદર ખર્ચ યુનિવર્સિટીને સંલગ્ન કામ અર્થે જ કરેલ છે.

(૩) ખરીદીને લગતો ખર્ચ હોય તો ખર્ચની કિંમત પ્રમાણે ટેન્ડર પ્રક્રિયા, ત્રણ ભાવપત્રક મંગાવી ખર્ચ કર્યાનું પ્રમાણપત્ર આપવું.

(૪) વસ્તુ ખરીદી કરેલ હોય તો વાઉચર પાછળ માલની ગુણવત્તા અંગેનું/ ખરીદી રજીસ્ટરમાં તેની નોંધ કર્યાનું વગેરે પ્રમાણપત્રો હોવા જોઈએ.

(૫) કોઈપણ ખર્ચ અંગે સક્ષમ સત્તાધિકારીનો વિગતવાર ખર્ચ, મંજુરીનો કાર્યાલય આદેશ બીલમાં સામેલ રાખવો.

(૬) રૂા. ૧,૦૦૦/– થી ઉપરના અસલ વાઉચર બીલમાં સામેલ રાખવા.

(૭) વાઉચરમાં "PASS FOR PAYMENT RS.--------------" નો શેરો

સત્તાધિકારીશ્રીની સહીથી પ્રમાણિત કરવો.

(૮) વાઉચરનું ચૂકવણું થયા બાદ તેમાં "PAID & CANCELLED" નો શેરો કરવો. જેથી ભવિષ્યમાં ઉકત વાઉચરનો બીજી વખત ગેરઉપયોગ થવાની શકયતા નિવારી શકાય.

ઉપર દર્શાવેલ વાઉચર નંબરઃ ૭૪૧૧/૩૧–૩–૨૦૦૭ જે નમૂનારૂપ કિસ્સો છે. વાંધાની પૂર્તતા થતાં સુધી તે ખર્ચ રૂા. ૫૧,૮૭૫–૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં.૩૬ નો જવાબ રજૂ કરાયેલ નથી. I/C પ્રોગ્રામ કો–ઓર્ડીનેટર NSS ગુ.યુનિ.નો ખુલાસો રજૂ કરાયેલ છે. વા.નં૭૪૧૧/ તા:૩૧–૩–૨૦૦૭ નો ફકત નમૂનારૂપ દર્શાવેલ હોઈ સંસ્થા દ્વારા રજૂ થતા દરેક કન્ટીજન્સી ખર્ચમાં ફકરામાં દર્શાવેલ વિગત પ્રમાણે કાર્યવાહી થવા તથા યોગ્ય ખુલાસો આગામી ઓડીટે થવા માટે ફકરો ચાલુ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રકમ રૂા. ૫૧,૮૭૫–૦૦

**<u>ફકરા નંબર: ૬૧</u>** **લાઈટબીલની ચૂકવણીમાં જણાયેલ અનિયમિતતા...**

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન માહેઃ ૧૦/૨૦૦૬ ના વાઉચરોનું ઓડીટ કરતાં ધ્યાનમાં આવેલ છે કે, વાઉચર નં.૩૯૧૦/ તા.૧૮–૧૦–૨૦૦૬ રકમ રૂા. ૩,૯૨૦–૦૦ જે લાઈટબીલની ચૂકવણીનું વાઉચર છે. તેમાં સામેલ રાખેલ લાઈટબીલોની રકમની યાદીની ચકાસણી કરતાં તેનો સરવાળો રૂા.૩,૮૯૦–૦૦ થવા જાય છે. જયારે વાઉચર મુજબ રકમની ચૂકવણી રૂા. ૩,૯૨૦–૦૦ કરેલ છે. આમ રૂા. ૩૦–૦૦ ની વધુ ચૂકવણી થયેલ છે. જે જવાબદારેથી વસુલ લઈ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં.૨૬ નો જવાબ રજૂ થયેલ નથી.

વસુલાતપાત્ર રકમ રૂા. ૩૦–૦૦

ફકરા નંબર: ૬૨ વાઉચરમાં જણાયેલી અનિયમિતતા બાબતે...

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનાં સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન વાઉચરની ચકાસણી કરતાં નીચે જણાવ્યા મુજબની કેટલીક અનિયમિતતાઓ ધ્યાને આવેલ છે.

(૧) વા.નં.૫૯૬૮/ તા.૨–૨–૨૦૦૭ રૂા. ૪૦,૫૩૨–૦૦

વાઉચરમાં બી.ડી.આર્ટસ્ કોલેજ, અમદાવાદને સને ૧૯૯૯–૨૦૦૦ ના એમ.એ.ના ખર્ચના ચૂકવ્યા તેમ દર્શાવેલ છે.

પરંતુ વાઉચર ઉપરથી સ્પષ્ટ થતું નથી કે કયા પ્રકારના ખર્ચ માટે સદર રકમ ચૂકવવામાં આવી છે? વળી, ૧૯૯૯–૨૦૦૦ ના ખર્ચ માટે લગભગ ૮ વર્ષ જેટલા લાંબા સમયગાળા બાદ ચૂકવણું કરવા બદલ ઓડીટને સ્પષ્ટતા થવી ઘટે.

(૨) વા.નં.૬૧૧૧/ તા.૯–૨–૨૦૦૭ રૂા.૨,૮૦૦–૦૦

વાઉચરની વિગતમાં જણાવ્યા મુજબ કે.એસ.સ્કૂલ પાસે બગીચો તૈયાર કરવા માટે ખાતર મંગાવેલ તેનો ખર્ચ છે.

ઉપરોક્ત વાઉચર રૂા. ૨,૮૦૦–૦૦ નું છે. જ્યારે કેશબુકમાં રૂા.૩,૦૦૦–૦૦ દર્શાવેલ છે. એટલે કે, કેશબુકમાં રૂા.૨૦૦–૦૦ નો વધુ ખર્ચ દર્શાવેલ છે.

(૩) વા.નં.૬૧૧૫/ તા.૯–૨–૨૦૦૭ રૂા.૭,૮૧૪–૦૦

વાઉચરમાં જણાવેલી વિગત અનુસાર પરીક્ષાની કામગીરી દરમ્યાન ચા–પાણીના ખર્ચ કરેલ છે. પરંતુ તેમાં વ્યક્તિદીઠ કેટલો ખર્ચ કરેલ છે તે દર્શાવેલ નથી. કર્મચારી/ અધિકારીની સંખ્યા કે સદર ખર્ચ અંગેની મર્યાદા બાબતે કોઈ ઉલ્લેખ

કરેલ નથી. ખર્ચ અંગેની સત્તામર્યાદા કેટલી નકકી થયેલ છે તેનો ઉલ્લેખ ખર્ચના બીલમા દર્શાવવો જરૂરી છે. કર્મચારીને પરીક્ષાભથ્થું કે ઓવરટાઈમ આપવામાં આવતો હોઈ સદર ખર્ચ કયા નિયમને આધારે થયેલ છે? તેની સ્પષ્ટતા થવી ઘટે.

(૪) નીચે દર્શાવેલ વાઉચરો કાઉન્ટર કલેકશનના વાઉચર છે. જે સક્ષમ અધિકારીશ્રી દ્વારા મંજુર કરાયેલ નથી. જે ઘણીજ ગંભીર બાબત હોઈ જવાબદારેથી જવાબદારી નકકી થવી ઘટે.

| | વા.નં./ તારીખ | રકમ. રૂા. |
|---|---|---|
| એ) | ૬૩૯૦/૨૮–૨–૦૭ | ૨,૨૮,૯૮૨–૦૦ |
| બી) | ૬૩૯૧/૨૮–૨–૦૭ | ૧,૧૦,૭૭૩–૦૦ |
| સી) | ૬૩૯૨/૨૮–૨–૦૭ | ૧૦,૭૩,૧૮૫–૦૦ |
| ડી) | ૬૩૯૩/૨૮–૨–૦૭ | ૭,૨૫,૬૫૮–૦૦ |

સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં.૨૭ નો જવાબ રજૂ થયેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા. ૨૧,૮૯,૭૩૫–૦૦

**<u>ફકરા નંબરઃ ૬૩</u>** **એસ્ટેટ વિભાગ તરફથી રૂબરૂમાં માંગવામાં આવેલ રેકર્ડ સમયમર્યાદામાં નહીં રજૂ થવા બાબત ...**

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદનું સને ૨૦૦૬–૦૭ નું તા.૧૩–૯–૨૦૧૦ થી ચાલુ થયેલ છે. તે દરમ્યાન ખર્ચના વાઉચરનું ઓડીટ કરતાં એસ્ટેટ વિભાગ દ્વારા ખર્ચના વાઉચરને સંલગ્ન ખર્ચની ફાઈલ તથા આનુસાંગિક રેકર્ડની માંગણી ઓડીટર દ્વારા કરવામાં આવેલ હતી. પરંતુ એક યા બીજા કારણોસર ઓડીટને રેકર્ડ પૂરૂં પાડવામાં આવેલ નથી. આ બાબતે શાખાના વડા તેમજ રજીસ્ટ્રારશ્રીનું ધ્યાન દોરવા છતાં કોઈ રેકર્ડ ઓડટીટ માટે ઉપલબ્ધ કરાવેલ નથી. ઓડીટરને સમયમર્યાદામાં પૂરી કરવાની ઓડીટની કામગીરી અધૂરી રહે છે અને રેકર્ડ વિલંબથી અને નહીં રજૂ કરવાના કારણે ઓડીટનું સાતત્ય જળવાતું નહીં હોઈ રજૂ કરાયેલ રેકર્ડની ખાત્રી માટે નીચે દર્શાવેલ રેકર્ડ તેમજ ખર્ચના વાઉચરોને સંબંધિત માંગણી કરેલ રેકર્ડ સત્વરે રજૂ થવા ઘટીત કાર્યવાહી થવા ઓડીટ અનુરોધ છે.

(૧) વર્ષ ૨૦૦૬–૦૭ ના વાર્ષિક અહેવાલના પાના નંબરઃ ૩૯૮–૩૯૯ માં એસ્ટેટ વિભાગ દ્વારા કુલ–૨૧ કામો કર્યાની વિગતો દર્શાવેલ છે જે પૈકી–
ઓડીટને રજૂ કરવાના રેકર્ડની વિગતઃ

(૧) ફર્નિચર ખરીદી– રીપેરીંગ કામની વિગત કોન્ટ્રાકટર–ટેન્ડર પધ્ધતિ અનુસાર કરાવેલ હતો કે કેમ? ખર્ચ મંજુરી તથા પાર્ટીને સોંપાયેલ કામગીરીની કાર્યવાહીને લગતી ફાઈલ રજૂ થવી ઘટે.

(૨) ટેલિફોન/મોબાઈલ ફોન કોને કોને ફાળવવામાં આવેલ છે તેમજ ખર્ચની મર્યાદા નકકી કર્યાનો આધાર તથા વર્ષ દરમ્યાન કરાયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક.

(૩) પાણીના બોર, ઓવરહેડ ટાંકી, સેન્ટ્રિફયુગલ પંપ, અંડર ગ્રાઉન્ડ ટાંકીના નિભાવ અંગે ખાનગી કંપનીને કોન્ટ્રાકટ અપાયેલ છે કે છૂટક કામગીરી કરાયેલ છે તેની સ્પષ્ટતા સાથે વર્ષ ૨૦૦૬–૦૭ માં કરાયેલ ખર્ચની મંજુરી તથા વિગત આધારસહ ઓડીટને રજૂ થવી ઘટે. કામગીરી કઈ પાર્ટીને કયા આધારે સોંપવામાં આવેલ છે તે અંગેની વિગત દર્શાવતી ફાઈલ રજૂ થવી ઘટે.

(૪) સફાઈ કામદારને અપાયેલ કોન્ટ્રાકટને લગતી ફાઈલ–કોન્ટ્રાકટ મંજુર કર્યાની વિગત– ચૂકવવાના દર અને નકકી કરાયેલ ટર્મ્સ એન્ડ કંડીશનની વિગત.

(૫) જુદા જુદા વિભાગો માટે ઉતરાવેલ વિમા અંગેની પોલિસીઓની પેમેન્ટની ફાઈલ.

(૬) વોટરકૂલર, મોટરકાર, એરકન્ડીશનર, એરકૂલરના મેઈન્ટેનન્સના કોન્ટ્રાકટની ફાઈલ. મોટરકાર કુલ કેટલી– યુનિ.ના સાધનોની લોગબુક, હીસ્ટ્રીશીટ તથા નિભાવણી–મરામતનું ખર્ચ રજીસ્ટર તથા વાહનોની વિગત દર્શાવતું રજીસ્ટર.

(૭) નવમી પંચવર્ષિય યોજનાના મકાનોના બાંધકામ અંગેની વહીવટી મંજુરી, બાંધકામના કોન્ટ્રાકટ આપવા અંગે કરાયેલ ટેન્ડર પ્રક્રિયા– ખર્ચ , મંજુરી– બાંધકામની ચકાસણી સર્ટી. માપપોથી, ચૂકવણાં અંગેની ટર્મ્સ એન્ડ

કંડીશન અને બાંધકામની થયેલ કામગીરીની નોંધ સ્થાવર મિલ્કતના રજીસ્ટરમાં ચડાવ્યાની વિગત સાથેનું રજીસ્ટર ખર્ચની વિગત દર્શાવતું રજીસ્ટર ઓડીટને રજૂ થવું ઘટે.

(૮) એસ્ટેટ વિભાગ દ્વારા આનુષાંગિક કમિટી (૧) હાઈપાવર કમિટી, (૨) બાંધકામ સમિતિ, (૩) કેન્ટીન સમિતિની કાર્યસૂચિની નકલ વર્ષ ૨૦૦૬–૦૭ તથા અગાઉના પાંચ વર્ષની નકલ ઓડીટને રજૂ થવી ઘટે.

(૯) ૧૦મા પ્લાનના અમલીકરણ કરવા માટે આર્કિટેકટ, સ્ટ્રકચરલ એન્જી.કન્સલ્ટન્ટ તથા કોન્ટ્રાકટરો માટેની કવોલીફીકેશનની કરેલ કાર્યવાહીની વિગત ઓડીટને રજૂ થવી ઘટે.

(૧૧) ૧૦ મા પ્લાન હેઠળ ઓડીટ વર્ષમાં કરાયેલ કામગીરી/ કરાવેલ ચૂકવણાં અને મંજુર કરાયેલ કામગીરીના ઈન્સ્પેકશન રિપોર્ટની ફાઈલ તથા રજીસ્ટર ઓડીટને રજૂ થવું ઘટે.

(૧૨) તથા (૧૩) નવા કન્વેન્શન સેન્ટર, એકઝીબીશન હોલનું બાંધકામ માટે આર્કિટેકટ, સ્ટ્રકચરલ એન્જી. કન્સલ્ટન્ટ, તથા કોન્ટ્રાકટરો તથા પ્રિ.એન્જી.ને સોંપાયેલ કામગીરી– કરાયેલ ટેન્ડર પ્રક્રિયા, નકકી કરાયેલ ટર્મ્સ એન્ડ કંડીશન તથા ઈલે.કામના અપાયેલ કોન્ટ્રાકટની ફાઈલ તથા કરાવેલ કામનું ઈન્સ્પેકશન તથા કરાયેલ ચૂકવણાં, મંજૂર કરાયેલ ચૂકવણાને લગતી ફાઈલ ઓડીટને રજૂ થવી ઘટે. કન્વેન્શન સેન્ટર અને એકઝીબીશન હોલને વાતાનુકૂલિત કરવા માટે કરાયેલ કોન્ટ્રાકટરની નિમણુંકની કાર્યવાહીની ફાઈલ.

(૧૫) નવા બનેલા મકાનો જેવા કે કેન્ટીન બિલ્ડીંગ, કન્ઝયુમર્સ સ્ટોર્સ,

માઈક્રોબાયોલોજી બિલ્ડીંગના પઝેશન લઈ એસ્ટેટ રજીસ્ટરમાં કરેલ નોંધ સાથેનું એસ્ટેટ રજીસ્ટર તથા સંતોષકારક થયેલ બાંધકામની વિગત સાથેનું થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન સર્ટી.ની ફાઈલ.

(૧૬) યુનિ.ના સેનેટ હોલ, લેડીઝ હોસ્ટેલ, તેમજ ઈએમઆરસી બિલ્ડીંગ રીપેરીંગ, રીનોવેશનના કામો માટે બહાર પાડેલ ટેન્ડર પ્રક્રિયાના વિગત– નકકી કરાયેલ કોન્ટ્રાકટ– કામની ચૂકવણાંની ટર્મ્સ કંડીશન તથા કામગીરી પૂર્ણ કર્યાના સર્ટી. સાથે મંજુર કરાયેલ ચૂકવણાંની ફાઈલ.

(૧૭) ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં રીનોવેશન બાંધકામ– ફર્નિચર ખરીદી, રોડ રીસર્ફીંગ, ડસ્ટબીન ખરીદી, રસ્તા રીપેરીંગ, ગાર્ડન ડેવલપીંગ, નવા ગેટ બનાવ્યા, ફર્નિચર ખરીદી, કોમ્પ્યુટર ખરીદી તથા ખરીદી કરાયેલ ફર્નિચર, કોમ્પ્યુટરના વિતરણની વિગત સાથેના તમામ રજીસ્ટરો, વહીવટી મંજુરી, ખર્ચ મંજુરી, બજેટની જોગવાઈ દર્શાવતું રેકર્ડ ઓડીટને સત્વરે રજૂ થવા ઘટીત કાર્યવાહી થવા ઓડીટ અનુરોધ છે.

(૧૮) સીકયુરીટી સ્ટાફની નિમણુંકની/ ખર્ચની મંજુરી અને અપાયેલ કોન્ટ્રાકટના ટેન્ડર પ્રક્રિયાની વિગતની ફાઈલ ઓડીટને રજૂ થવી ઘટે. સંસ્થા દ્વારા પ્રા.વાંધા નં. ૨૦ નો જવાબ રજૂ થયેલ નથી. પરંતુ પ્ર.વાંધામાં રેકર્ડ રજુ કરવા બાબતે જણાવેલ તેના અનુસંધાને ક્રમ નં. ૧ થી ૫, ૭ થી ૧૨ નું રેકર્ડ રજૂ કરેલ હતું. પરંતુ જે ફાઈલ રજૂ થયેલ હતી તેમાં નોટીંગ, ડ્રાફટીંગ, ઈન્ડેક્ષ તથા પેઈજ નંબર આપેલ નહીં હોવાથી કાંઈપણ માહિતી ક્રમાનુસાર ઓડીટને જોઈતી વિગત મળી શકેલ નથી. દા.ત.નવા કન્વેન્શન સેન્ટર, એકઝીબીશન હોલના બાંધકામ માટે આર્કિટેકટ– સ્ટ્રકચરલ એન્જી. કન્સલ્ટન્ટને કયા નિયમોના આધારે કામગીરી સોંપાયેલ છે તેમજ તેમને

ચૂકવવાનો દર કયા નિયમના આધારે નક્કી કરવામાં આવેલ છે તેની માહિતી ઉપલબ્ધ થયેલ નથી. હાઈ પાવર કમિટીએ આર્કિટેકટને મૂળ કામની કિંમતનાં ૬.૫% નું ચૂકવણું કરવા મંજુરી આપેલ છે. પરંતુ સરકારશ્રીમાં કે પી.ડબલ્યુ.ડી.માં આવી કોઈ જોગવાઈ છે કે કેમ? ૬.૫% નો દર કયા આધારે નક્કી કરાયેલ છે તેની વિગત જાણવા મળેલ નથી. ખર્ચની વહીવટી મંજુરી/ તાંત્રિક મંજુરી બજેટમાં તે અંગેની જોગવાઈ તથા થયેલ ખરેખર ખર્ચની વિગત તથા ચૂકવણું કયારે કયારે કયા વાઉચર નંબરના આધારે કેટલું કરાયેલ છે તેની સંપૂર્ણ વિગત નિભાવેલ રજીસ્ટરમાં દર્શાવવામાં આવેલ નથી. "આયોજન"ને ઉકત કામની સંપૂર્ણ જવાબદારી સોંપવા અંગે સરકારશ્રીની મંજુરી મેળવેલ છે કે કેમ? કરોડો રૂપિયાનું બાંધકામ કરવાનું હોય ત્યારે સરકારશ્રી/ શિક્ષણ વિભાગ/ બાંધકામ વિભાગ સાથે પરામર્શ કરવામાં આવતું હોય તેમ રેકર્ડની ચકાસણીમાં જાણવા મળેલ નથી. તેમજ હાઈપાવર કમિટી/ બાંધકામ કમિટીની મીટીંગમાં ઘણાં સભ્યોની ગેરહાજરી હોય છે ત્યારે સભ્યો દ્વારા કરાયેલ ચર્ચા–વિચારણાના અંતે બહુમતિથી નિર્ણય લેવાયા અંગેની ખાત્રી ઓડીટને થયેલ નથી. વારંવાર કમિટીના સભ્યો ગેરહાજર રહેલ હોય ત્યારે નિતીવિષયક નિર્ણયો કઈ પધ્ધતિ અનુસાર લેવાય છે તેનું રેકર્ડ ઓડીટને ચકાસણી અર્થે રજૂ થયેલ નથી.

રીપેરીંગ મેઈન્ટેનન્સ રૂા. ૨૨,૫૯,૬૮૩–૦૦

ફર્નિચર રીપેરીંગ. રૂા. ૮,૨૭,૨૬૩–૦૦

ફર્નિચર ખરીદી. રૂા. ૬,૮૧,૭૩૧–૦૦

કુલ. રૂા. ૩૭,૬૮,૬૭૭–૦૦નો ખર્ચ ઉપર મુજબની પૂર્તતા થતાં સુધી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા.વાંધા નં. ૨૦ માં દર્શાવેલ કામગીરીની નોંધ માલમિલ્કત રજીસ્ટરમાં કરવામાં આવેલ છે કે કેમ? તેની ખાત્રી માટે વારંવાર મૌખિક રીતે પણ રજીસ્ટર રજૂ કરવા જણાવેલ હોવા છતાં રજીસ્ટર રજૂ થયેલ નથી. કંપાઉન્ડ વોલ કરવામાં આવેલ છે. પરંતુ દાતા દ્વારા કરાયેલ કંપાઉન્ડ વોલ બાબતે એસ્ટેટ વિભાગ દ્વારા કોઈ માહિતી ઉપલબ્ધ થયેલ નથી. દાતા દ્વારા કઈ કંપાઉન્ડવોલ કયારે બનાવવામાં આવેલ છે તેમજ યુનિવર્સિટી દ્વારા કઈ કંપાઉન્ડવોલ બનાવેલ છે તેની ખાત્રી ઓડીટને થયેલ નથી. માલમિલ્કત રજીસ્ટર નહીં રજૂ કરવાના કારણે આ બાબતની ચકાસણી થઈ શકેલ નથી. જેથી આ બાબતે જવાબદારની જવાબદારી નકકી કરી થયેલ કાર્યવાહીની ઓડીટને જાણ થવી ઘટે. એસ્ટેટ વિભાગનું ખર્ચ વર્ગીકરણ રજીસ્ટર અદ્યતન નિભાવવામાં આવેલ છે કે કેમ? યુનિ.ના હિસાબો કયા નિયમના આધારે નિભાવવામાં આવેલ છે તેની રેકર્ડ આધારીત ખાત્રી ઓડીટને થયેલ નથી. જેથી કોઈપણ વિભાગ કે ભવનના ખર્ચની ખરાઈ લેજર કે કેશબુક સાથે થઈ શકેલ ના હોઈ આ બાબતે દરેક શાખા/ વિભાગ અને ભવનને હિસાબી રેકર્ડની અદ્યતન નિભાવણી કરવા નિયમોનુસાર સંસ્થા દ્વારા ઘટીત કાર્યવાહી થવા ઓડીટ અનુરોધ છે. દાતા દ્વારા કંપાઉન્ડવોલ બંધાવ્યાની રેકર્ડ આધારીત ખાત્રી થયેલ નથી. મૌખિક જાણકારી દ્વારા ઉકત હકીકત દર્શાવેલ હોઈ આ બાબતે રેકર્ડ આધારીત ઓડીટને માહિતી રજૂ થવી ઘટે.

223 234

## પ્રમાણપત્રો

(ક) સંસ્થાના હિસાબો અધૂરા હોવાથી તેમજ ઓડીટમાં સંબંધકર્તા રેકર્ડ રજુ નહીં થવાથી ઓડીટ રિપોર્ટમાં લેવાયેલ નોંધને લક્ષમાં લેતાં સાચા હોવાનું પ્રમાણિત થઈ શકે તેમ નથી.

(ખ) ઓડીટ વર્ષના વાર્ષિક હિસાબોની તારીજ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે. તેની હિસાબના ચોપડાઓ સાથે કસોટીરૂપ ચકાસણી કરતાં હિસાબોની નિભાવણી સંતોષકારક માલુમ પડેલ નથી. હિસાબોની જાળવણી માટે વધુ લક્ષ આપવાની ખાસ જરૂર છે. હિસાબો કયા નિયમના આધારે નિભાવવામાં આવે છે તેની ઓડીટને માહિતી મળેલ નથી. વાર્ષિક હિસાબ અને લેજરમાં દર્શાવેલ આવક/ ખર્ચના હિસાબોની ચકાસણી સંલગ્ન રેકર્ડ સાથે થઈ શકેલ નથી.

(ગ) ઓડીટ દરમ્યાન ૮૮ પ્રાથમિક વાંધાઓ પાઠવવામાં આવ્યા હતા. જેમાંથી યુનિવર્સિટીએ ૨૮ પ્રાથમિક વાંધાઓના જવાબ કરેલ નથી.

(ઘ) ઓડીટ અહેવાલ મળ્યા તારીખથી ચાર માસમાં તેની પૂર્તતા કરી જવાબો મોકલી આપવા વિનંતી છે.

(ચ) નાના વાંધાઓનું પત્રક નિભાવેલ નથી.

જિલ્લા સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ,
અમદાવાદ.

સહી/-
નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ ,
ગુજરાત રાજય,
ગાંધીનગર

**સ્વચ્છપ્રત પર નિરીક્ષકશ્રીની સહી છે.**

ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબના પત્રકમાં અને ગ્રાંટ પત્રકમાં દર્શાવેલ ઉઘડતી સિલક, મળેલ ગ્રાંટ, થયેલ ખર્ચ અને બંધ સિલકમાં આવતા તફાવતની વિગત દર્શાવતું

પત્રક.. વર્ષ ૨૦૦૬–૦૭

| ક્રમ | ગ્રાંટનો પ્રકાર | હિસાબી વિગતનો પ્રકાર | ઉઘડતી સિલક. રૂા. | મળેલ ગ્રાંટ. રૂા. | કુલ ગ્રાંટ.રૂા. | થયેલ ખર્ચ. રૂા. | બંધસિલક રૂા. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાત સરકાર | વાર્ષિક હિસાબ મુજબ. | ૧,૮૦,૪૧,૯૨૭-૦૦ | ૧૦,૧૧,૭૨,૮૦૬-૬૭ | ૧૧,૯૨,૧૪,૭૩૩-૬૭ | ૧૦,૪૫,૪૬,૯૩૮-૬૭ | ૧,૪૬,૬૭,૭૯૫-૯૬ |
| | | ગ્રાંટ રજીસ્ટર મુજબ. | ૫,૭૦,૫૧,૯૭૮-૬૪ | ૧૦,૧૧,૭૨,૮૦૬-૬૭ | ૪,૪૧,૨૦,૮૨૮-૦૩ | ૧૧,૫૮,૧૦,૦૩૩-૦૦ | (–) ૭,૧૬,૮૯,૨૦૫-૩૯ |
| | | તફાવત | (–) ૩,૯૦,૧૦,૦૫૧-૬૪ | ---નીલ--- | ૭,૫૦,૯૩,૯૦૫-૬૪ | ૧,૧૨,૬૩,૦૯૪-૭૫ | (–) ૫,૭૦,૨૧,૪૦૯-૪૩ |
| ૨ | કેન્દ્ર સરકાર | વાર્ષિક હિસાબ મુજબ. | ૬૩,૧૪,૬૩૪-૮૯ | ૧,૫૧,૧૩,૫૭૫-૩૩ | ૨,૧૪,૨૮,૨૧૦-૩૧ | ૮,૫૦,૯૯૮-૩૩ | ૨,૦૫,૭૭,૨૧૧-૯૭ |
| | | ગ્રાંટ રજીસ્ટર મુજબ. | ૪૯,૨૧,૮૫૩-૫૨ | ૧,૫૧,૧૩,૩૮૫-૬૩ | ૨,૦૦,૩૫,૬૧૮-૫૫ | ૮,૫૧,૧૮૮-૦૩ | ૧૪,૫૯,૩૩૪-૪૬ |
| | | તફાવત | ૧૩,૯૨,૭૮૧-૪૬ | (–) ૧૮૯-૭૦ | ૧૩,૯૨,૫૯૧-૭૬ | ૯,૧૮૯-૦૦ | ૧૪,૫૯,૩૩૪-૪૬ |
| ૩ | યુ.જી.સી. | વાર્ષિક હિસાબ મુજબ. | ૧૧,૦૨,૪૧,૭૭૭-૨૬ | ૨,૮૪,૧૫,૯૪૫-૦૦ | ૧૩,૮૬,૫૭,૭૨૨-૨૬ | ૭,૫૪,૭૩,૭૭૨-૭૨ | ૬,૩૧,૮૩,૯૪૯-૫૪ |
| | | ગ્રાંટ રજીસ્ટર મુજબ. | ૧૦,૪૮,૭૫,૫૬૮-૨૨ | ૨,૮૪,૧૫,૯૪૫-૦૦ | ૧૩,૩૨,૯૧,૫૧૩-૨૨ | ૭,૫૪,૯૫,૮૭૧-૭૨ | ૫,૭૭,૯૫,૬૪૧-૫૦ |
| | | તફાવત | ૫૩,૬૬,૨૦૯-૦૪ | ---નીલ--- | ૫૩,૬૬,૨૦૯-૦૪ | (–) ૨૨,૦૯૯-૦૦ | ૫૩,૮૮,૩૦૮-૦૪ |
| ૪ | અન્ય | વાર્ષિક હિસાબ મુજબ. | ૨૨,૯૦,૪૫૩-૮૮ | ૨૯,૧૧,૪૦૧-૦૦ | ૫૨,૦૧,૮૫૪-૮૮ | ૧૩,૪૪,૨૬૫-૦૦ | ૩૮,૫૭,૫૮૯-૮૮ |
| | | ગ્રાંટ રજીસ્ટર મુજબ. | ૨૨,૯૦,૪૫૩-૮૮ | ૪૧,૩૧,૪૦૧-૦૦ | ૬૪,૨૧,૮૫૪-૮૮ | ૧૩,૪૪,૨૬૫-૦૦ | (–) ૫૦,૭૭,૫૮૯-૮૮ |
| | | તફાવત | ---નીલ--- | (–) ૧૨,૨૦,૦૦૦-૦૦ | ૧૨,૨૦,૦૦૦-૦૦ | ---નીલ--- | (–) ૧૨,૨૦,૦૦૦-૦૦ |

# ગુજરાત યુનિવર્સિટી

## વાર્ષિક હિસાબ ૨૦૦૬–૦૭

## તા.૧–૪–૨૦૦૬ થી તા.૩૧–૩–૨૦૦૭ સુધીના આવક–ખર્ચના હિસાબો.

| આવક | રકમ. રૂા. | ખર્ચ | રકમ. રૂા. |
|---|---|---|---|
| પરીક્ષા ફીની આવક. | ૬૧૭૮૬૭૯૭-૦૦ | કર્મચારી વર્ગ ખર્ચ. | ૩૨૧૨૦૨૨૯-૪૮ |
| અન્ય ફીની આવક. | ૨૫૭૧૦૯૩૫-૫૦ | કુલપતિ તથા ઉપકુલપતિશ્રીના કાર્યાલય ખર્ચ. | ૬૯૯૩૨-૦૦ |
| પ્રકાશનોની આવક. | ૭૩૮૭૧૫૬.૬૫ | પરીક્ષાખર્ચ. | ૬૭૩૬૬૮૭૧-૦૨ |
| ગ્રાંટસની આવક.(પરિ.૧) | ૧૮૧૭૦૩૨૭૪-૭૨ | મુસાફરી ભથ્થા | ૭૩૯૪૬૪-૦૦ |
| પરચુરણ આવક. | ૧૨૫૫૭૦૬૯-૧૨ | મુદ્રણાલેખન સામગ્રી તથા ટપાલખર્ચ. | ૧૨૨૬૮૨૮-૨૦ |
| અનુસ્નાતક શિક્ષણકાર્ય. | ૧૬૧૨૯૩૧૬-૦૦ | સંશોધન માટેની ગ્રાંટ શિષ્યવૃતિ વિગેરે. | ૦૦.૦૦ |
| આરોગ્ય કેન્દ્ર આવક. | ૧૩૨૨૯-૦૦ | રમત ગમત અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ ખર્ચ. | |
| અતિથીગૃહ આવક. | ૯૭૦૦-૦૦ | (અ) રમતગમત વ્યાયામ શિક્ષણ પ્રવૃતિ ખર્ચ. | ૪૦૭૦૬૩-૫૦ |
| યુનિવર્સિટી છાત્રાલયો (પરિ.૩) | ૬૭૩૨૬૯-૦૦ | (બ) યુવક કલ્યાણ પ્રવૃતિ ખર્ચ. | ૮૬૪૭૯-૫૩ |
| જમીન આવક. | ૨૮૩૨૩૬૦-૦૦ | (ક) રાષ્ટ્રીય સેવા યોજના. | ૫૧૬૯૦૪-૦૦ |
| યુનિવર્સિટી મુદ્રણાલય (પરિ.૪) | ૬૫૪૯૪૬-૦૦ | (ડ) યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર ખર્ચ. | ૨૩૭૩૫૪-૯૮ |
| યુનિવર્સિટી ગ્રંથાલય(પરિ.૫) | ૪૬૨૦૦૪-૦૦ | (ઇ) અભ્યાસેતર શિક્ષણ પૂરક પ્રવૃતિ યુનિ. સપ્તાહ વિગેરે. | ૧૭૯૧૨૨-૦૦ |
| ગ્રંથાલય શાસ્ત્રભવન (પરિ.૧૩) | ૩૪૮૧૭૦-૦૦ | યુનિવર્સિટી પ્રકાશન તથા તે માટેની ગ્રાંટ. | ૫૮૬૫૨૧-૦૦ |
| યુનિ.કોમ્પ્યુટર સેન્ટરની આવક. (પરિ.૧૪) | ૪૮૮૭૧૩-૦૦ | વિમા અન્ય ખર્ચ તથા કાનૂની ખર્ચ. | ૩૫૮૭૩૭૪-૪૪ |
| પ્રોફેશનલ તાલીમ સેન્ટરની આવક (પરિ.૧૫) | ૨૭૮૫૪૫-૦૦ | બીજા કાર્યાલય ખર્ચ. | ૧૩૩૩૦૨૪૦-૫૧ |
| ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન આવક.(પરિ.૧૬) | ૬૭૮૫-૦૦ | બીજી સંસ્થાઓની સભાસદ ફી. | ૯૮૭૦૦-૦૦ |
| પત્રકારત્વ વિભાગ (પરિ.૧૭) | ૫૨૨૦૦-૦૦ | યુનિવર્સિટી શિક્ષણ અને સંશોધન. | ૭૧૦૧૪૪૬૮-૧૬ |
| આઈ.એ.એસ. તાલીમવર્ગની આવક. | ૦૦.૦૦ | યુનિવર્સિટી જમીન જાયદાદ. | ૬૬૫૪૬૨૧-૦૦ |
| માસ્ટર ઓફ ફીઝીકલ એજ્યુકેશન. | ૮૫૮૬૫-૦૦ | યુનિવર્સિટી છાત્રાલયો (પરિ.૩) | ૧૩૯૨૦૯૩-૭૭ |
| | | ગ્રાંટમાંથી ખર્ચ (પરિ.૨) | ૮૬૮૮૧૮૯૭-૭૨ |
| | | યુનિવર્સિટી મુદ્રણાલય (પરિ.૪) | ૪૫૨૬૭૧૧-૯૯ |
| કુલ આવક. | ૩૧૧૧૮૦૩૩૫-૫૯ | ઈનામો, શિષ્યવૃતિ,ચંદ્રકો વગેરેનું ખર્ચ. | ૦૦.૦૦ |
| | | યુનિવર્સિટી ગ્રંથાલય (પરિ.૫) | ૪૭૮૦૭૯૧-૬૮ |
| આવક કરતાં ખર્ચનો વધારો. | ૨૮૨૫૧૧૪-૧૧ | ગ્રંથાલય શાસ્ત્રભવન (પરિ.૧૩) | ૬૭૦૯૩૭-૨૬ |
| | | યુનિ. કોમ્પ્યુટર સેન્ટરની આવક (પરિ.૧૪) | ૪૫૩૩૩૦૭-૯૨ |
| | | પ્રોફેશનલ તાલીમસેન્ટરની આવક (પરિ.૧૫) | ૬૩૪૪૬૬-૨૫ |
| | | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન આવક (પરિ.૧૬) | ૫૫૫૮૧૯-૫૯ |
| | | પત્રકારત્વ વિભાગ(પરિ.૧૭) | ૪૭૫૦૨૮-૯૦ |
| | | આઈ.એ.એસ.તાલીમવર્ગનો ખર્ચ. | ૪૫૦૧૮૧-૭૫ |
| | | પેન્શન/ગ્રેજ્યુઈટી/રજાનું રોકડમાં રૂપાંતર વગેરે. | ૭૯૬૨૬૯૪-૦૦ |
| | | જન શિક્ષણ સંસ્થાનો ખર્ચ. | ૦૦.૦૦ |
| | | પ્રૌઢ શિક્ષણ ખર્ચ. | ૧૨૬૨૭૧-૦૦ |
| | | એસ.ટી.એસ.સી.સેલ ખર્ચ. | ૬૫૬૭૦૮-૦૫ |
| કુલ ખર્ચ રૂા. | ૩૧૪૦૦૫૪૭૯-૭૦ | કુલ ખર્ચ. રૂા. | ૩૧૪૦૦૫૪૭૯-૭૦ |

# ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદ.

## વાર્ષિક હિસાબ ૨૦૦૬–૦૭

### તા.૩૧મી માર્ચ–૨૦૦૭ નારોજનું સરવૈયું (સ્ટેટમેન્ટ ઓફ ફાઈનાન્સ)

| ફંડ તથા દેવા | રકમ રૂા. | રકમ રૂા. | મિલ્કત તથા લેણાં | રકમ રૂા. | રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| જનરલ ફંડ:- | | | કાયમી મિલ્કતો:- | | |
| છેલ્લા હિસાબ મુજબ | ૧૧૨૬૬૨૮૨-૦૮ | | પરિશિષ્ટ એક મુજબ. | | |
| વર્ષ દરમ્યાન ઉમેરો:- | | | છેલ્લા હિસાબ મુજબ | ૧૫૬૧૯૯૭૧૨-૭૬ | |
| ફર્નિચર, ઓફીસ ઈક્વીપમેન્ટ, વાસણો, પેસ, મશીનરી, લેબ ઈક્વીપમેન્ટ વિગેરે. | ૨૭૫૪૩૪-૦૦ | | વર્ષ દરમ્યાન ઉમેરો: | ૩૦૪૯૦૭-૦૦ | |
| | ૧૧૫૪૧૭૧૬-૦૮ | | | ૧૫૬૫૦૧૬૧૯-૭૬ | |
| બાદ:- | | | બાદ: વર્ષ દરમ્યાન ઘસારાના. | ૭૩૬૧૫૨૪૧-૧૨ | ૮૨૮૮૬૩૭૮-૬૪ |
| ઘસારાના | [illegible] | [illegible] | રોકાણો | | |
| | | | [illegible] | | ૨૦૦૦૦-૦૦ |
| કેપીટલ ફંડ: | | | કર્મચારી વિમા યોજના ફંડનું રોકાણ. | | ૧૭૦૦૦-૦૦ |
| છેલ્લા હિસાબ મુજબ | [illegible] | | બેંક અને બીજી પુરાંત: | | |
| વર્ષ દરમ્યાન ઉમેરો: | | | (૧) બેંક પુરાંત | ૨૮૯૦૯૪૮૮૫-૪૬ | |
| [illegible] | [illegible] | | (૨) રોકડ અને બીજી પુરાંતો. | ૨૫૮૬૧-૧૭ | |
| બાદ: | | | (૩) ટુંકી મુદતની ડીપોઝીટ. | ૪૮૨૭૦૦૪૯-૦૫ | |
| ઘસારાના | ૬૧૬૭૫૧-૦૦ | [illegible] | (૪) પોસ્ટ ઓફીસ એકા. નવરંગપુરા. | ૪૦૩૭-૯૬ | ૩૩૭૩૯૪૮૭૩-૬૪ |
| પુસ્તક ફંડ. | | | કાગળ એકાઉન્ટ | | ૭૫૯૮૪૩૮-૨૦ |
| છેલ્લા હિસાબ મુજબ. | ૫૯૨૧૨૩૬-૮૬ | | સ્ટીલ એકાઉન્ટ | | ૮૭૩૫-૮૫ |
| વર્ષ દરમ્યાન ઉમેરો | ૨૯૪૭૩-૦૦ | | સિમેન્ટ એકાઉન્ટ | | ૧૩૩૪૮૭-૪૩ |
| | ૫૯૫૦૭૦૯-૮૬ | | | | |
| બાદ: ઘસારાના | ૭૮૦૧૧૦-૦૦ | ૫૧૭૦૫૯૯-૮૬ | એડવાન્સ અને બીજા ખાતાં. | | ૧૧૩૫૧૮૦૨૫-૩૨ |
| બીજા ફંડો:- | | | | | ૫૪૧૫૭૬૮૯૫-૦૮ |
| પરિશિષ્ટ"એ" મુજબ. | ૧૫૦૧૪૯૬૧૧-૭૦ | | | | |
| વર્ષ દરમ્યાન ઉમેરો. | ૬૮૨૩૫૫૫૪-૫૦ | | આવક ખર્ચ એકાઉન્ટ | | |
| | ૨૧૮૩૮૫૧૬૬-૨૦ | | છેલ્લા હિસાબ મુજબ. | - ૩૪૫૪૨૫૮૧-૪૪ | |
| બાદ: [illegible] | ૩૫૪૦૭૭૪૮-૭૫ | ૧૮૨૯૭૭૪૧૭-૪૫ | ઉમેરો: | | |
| સરકારી ગ્રાંટ બાકી. | | | ચાલુ વર્ષે આવક કરતાં ખર્ચનો વધારો. | ૨૮૨૫૧૪૪-૧૧ | |
| (અ) રાજ્ય સરકારની ગ્રાંટ પરિશિષ્ટ-બી મુજબ. | ૧૪૬૬૭૭૯૫-૯૬ | | | - ૩૧૭૧૭૪૩૭-૩૩ | |
| (બ) મધ્યસ્થ સરકારની ગ્રાંટ પરિશિષ્ટ-સી મુજબ. | ૨૦૫૭૭૨૧૧-૯૮ | | ચાલુ વર્ષે એડજસ્ટ કર્યા. | ૦૦-૦૦ | - ૩૧૭૧૭૪૩૭-૩૩ |
| (ક) યુનિ.ગ્રાંટ કમિશન પરિશિષ્ટ-ડી મુજબ. | ૬૩૧૬૧૮૫૦-૫૪ | | | | |
| (ડ) અન્ય ગ્રાંટ પરિશિષ્ટ-ઈ મુજબ | ૩૮૫૭૫૯૭-૮૮ | ૧૦૨૨૬૪૪૪૮-૩૬ | | | |
| સસ્પેન્સ એકાઉન્ટ | | - ૨૭૯૭૩૬૮-૭૧ | | | |
| ડીપોઝીટ એકાઉન્ટ. | | ૧૪૫૫૧૧૬૭૪-૬૭ | | | |
| કર્મચારી વિમા યોજના ફંડ | | ૨૯૯૭૪-૩૭ | | | |
| | | ૫૦૮૮૫૯૪૫૭-૭૫ | | | ૫૦૮૮૫૯૪૫૭-૭૫ |

વર્ષ ૨૦૦૬-૦૭ના અન્વેષણ અહેવાલના અનુસંધાને વસુલાતપાત્ર, અમાન્ય અને વાંધા હેઠળ રકમોની

વિગત દર્શાવતું પત્રક :-

| અ.નં. | ફકરા નં. | વાંધા હેઠળ રકમ રૂ. | વસુલાતપાત્ર રકમ રૂ. | સરકારશ્રીમાં જમા કરાવવાપાત્ર રકમ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ૧૨ | - | ૧૦૫૭૯૩ | - |
| ૨ | ૧૩ | ૮૬૪૫ | | - |
| ૩ | ૧૪ | ૧૦૫૨૫૫૮ | ૫૭૭૨૧૬૯ | - |
| ૪ | ૧૫ | ૫૦૮૦૫૭૨ | - | - |
| ૫ | ૧૬ | ૪૨૩૦૦ | - | - |
| ૬ | ૧૭ | - | ૯૦૦૦ | - |
| ૭ | ૧૮ | - | ૩૧૭૩૮૨૨ | - |
| ૮ | ૨૩ | ૨૬૭૪૬૮૪૧ | - | - |
| ૯ | ૨૫ | ૯૧૩૨૬૨૮૫ | - | - |
| ૧૦ | ૨૯ | ૩૮૪૪૪૨૨ | - | - |
| ૧૧ | ૩૪ | - | ૮૦૩૫૯ | - |
| ૧૨ | ૩૬ | - | ૫૫ | - |
| ૧૩ | ૩૭ | ૧૮૬૪૫૭૫ | - | - |
| ૧૪ | ૩૮ | ૧૨૮૮૯૧૭૬.૩૦ | - | - |
| ૧૫ | ૩૯ | ૨૮૮૩૯૩૦૪ | - | - |
| ૧૬ | ૪૦ | ૧૧૧૧૩૦૦૦ | - | - |
| ૧૭ | ૪૧ | ૧૦૫૫૦૪૯ | - | - |
| ૧૮ | ૪૨ | ૩૨૫૫૦૦ | - | - |
| ૧૯ | ૪૩ | ૨૫૦૦૦ | - | - |
| ૨૦ | ૪૬ | - | ૩૦૪૩૮૭ | - |
| ૨૧ | ૪૯ | ૧૦૨૧૬૭૬૦.૬૪ | - | - |
| ૨૨ | ૫૨ | | ૪૦૮૫૦ | - |
| ૨૩ | ૫૩ | ૮૩૫૦૦ | - | - |
| ૨૪ | ૫૪ | ૭૬૧૧૯૦ | ૨૫૮૮ | - |
| ૨૫ | ૫૫ | ૪૫૬૬૮૫ | - | - |
| ૨૬ | ૫૬ | ૧૦૬૧૬૩૮ | - | - |
| ૨૭ | ૫૭ | ૨૨૦૩૫૬૧ | - | - |
| ૨૮ | ૫૯ | ૧૧૮૭૯૨૫ | - | - |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯ | ૬૦ | ૫૧૮૭૫ | - | - |
| ૩૦ | ૬૧ | - | ૩૦ | - |
| ૩૧ | ૬૨ | ૨૧૮૯૭૩૫ | - | - |
| ૩૨ | ૬૩ | ૩૭૬૮૬૭૭ | - | - |
| | | ૨૦૬૧૯૪૭૭૩ | ૯૪૮૯૦૫૩ | - |